

## ૪૩૬. આળસને ઉત્તેજન આપું નહીં.

આળસુ માણસ ઊભો હોય તો બેસી જાય અને બેઠો હોય તો સૂઈ જાય. જેવી આદત પાડીએ તેવી પડે છે. આજે દિવસે એક કલાક સૂતો હોઉં તો બીજે દિવસે બે કલાક કરું નહીં. એમ કોઈ રીતે પણ આળસને ઉત્તેજન આપું નહીં. પણ પુરુષાર્થને પ્રધાન કરી આળસને ઘટાડું.

**'આઠ દૃષ્ટિની સજ્ઝાયના અર્થ' માંથી :– આળસને ઉત્તેજન આપવાથી મરણ પામ્યા ગુરુ શિષ્યનું દૃષ્ટાંત –** ''કોઈ અન્યદર્શની ગુરુ-શિષ્ય બહુ આળસુ હતા. તેઓ નગરની બહાર એક મઢીમાં પડી રહેતા. ગામમાં એકાદ ઘેર ફરીને ભિક્ષા લાવે ને થોડું ઘણું જે મળે તેથી ઉદર પૂરણા કરે. પાસે ઓઢવા પાથરવાનું તો હોય જ ક્યાંથી? એવામાં પોષ માસના દિવસ આવ્યા ને ઠાર પડવા લાગ્યો. એક દિવસ ટાઢ બહુ પડી, તેથી તે ગુરુ શિષ્ય થરથર કંપતા ભિક્ષા જડી ન જડી એવે હાલે તુરત ગામમાંથી આવીને મઢીની અંદર પણ આળસને લીધે ગયા નહીં, એમ જ જીર્ણ વસ્ત્રે મુખ ઢાંકી બહાર આવી સૂઈ ગયા. પાછલી રાત્રે જાગ્યા ત્યારે નેત્ર ઉઘાડવા જેટલો પણ ઉદ્યમ કર્યા વિના ઢાંકેલ મુખે જ ગુરુએ પૂછ્યું કે હે શિષ્ય! ટાઢ ઘણી લાગે છે, માટે હું ઝુંપડીમાં છું કે બહાર છું? ત્યારે શિષ્ય જે ગુરુથી પણ વધારે અજ્ઞાની અને આળસુ હતો તે પણ બંધ નેત્રે ઢાંકેલે મુખે જ બોલ્યો કે આપણે ઝુપડીમાં છીએ. તેવામાં ટાઢથી બચવા કોઈ કૂતરો ગુરુ પાસે આવી સૂતો હતો તેનું પૂછડું ગુરુના હાથમાં આવવાથી તે બોલ્યા કે હે શિષ્ય, મને પૂછડું છે કે શું? ત્યારે શિષ્ય બોલ્યો કે એ તો તમારી કાછડીનો છેડો છે માટે હવે બોલ્યા વિના છાનામાના પડી રહો. એમ અજ્ઞાન ને આળસમાં ત્યાં જ સૂઈ રહેલા એ ગુરુ શિષ્ય પ્રાતઃકાળે હિમ પડવાથી ઠરીને મરણ પામ્યા.'' - (પૃ.૩૨)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''(૧) **આળસ** - આત્મામાં સ્થિર રહેવારૂપ ઉત્તમ લક્ષ છે, તેમાં ન રહેવા દે, વિઘ્ન કરે એવું આળસ છે. આળસુ હોય તે ઊભો હોય તો બેસી જાય અને બેઠો હોય તો સૂઈ જાય. આળસુ માણસ સામાન્ય કામ પણ ન કરી શકે, નવરો બેસી રહે કે સૂઈ રહે; તો પરમાર્થનું કામ તો ક્યાંથી કરી શકે?

(૨) **અનિયમિત ઊંઘ** - એ આળસ થવાનું કારણ છે. આળસુ માણસ ગમે ત્યારે ઊંઘે. રાત્રે નિયમિત બરાબર ઊંઘ ન આવે તો સુસ્તી રહ્યા કરે. એ સુસ્તી એ જ આળસ છે કે જેથી કામ કરવાનો ઉમંગ ન થાય, ઉદ્યમ ન થાય. કૃપાળુદેવે પુષ્પમાળામાં ૬ કલાકની ઊંઘ કહી છે.'' (પૃ.૨૧૭)

**'પૂ. શ્રી બ્રહ્મચારીજીની હસ્તલિખિત ડાયરી ૧૯ ક'માંથી :– આળસ**

**''રામ નામ કો આળસુ, ભોજનકું હોંશિયાર;**
**તુલસી ઐસે મનુષ્યકો, વાર વાર ધિક્કાર.**
**રાત ગમાયી સોય કર, દિવસ ગમાયા ખાય;**
**હીરાજન્મ અમોલ થા, કોડી બદલે જાય.**
**કબીર યહ મન લાલચી, સમજે નહિ ગમાર;**
**ભજન કરન કો આળસુ, ખાને કો હુશિયાર.** ૩
**મુફ્ત મનુષ્ય તન પાય કે, જો ન ભજત રઘુનાથ;**
**સો પીછે પસ્તાયેગો, બહોત ઘસેગો હાથ.''** ૪ (પૃ.૩૨)



**'બોધામૃત ભાગ-૧' માંથી :–** ''પૂજ્યશ્રી - (મુમુક્ષુઓને ઉદ્દેશીને) તમને એમ થાય છે કે અહીં આશ્રમમાં રહી બધો વખત નકામો જતો રહે છે, કંઈ થતું તો નથી?

મુમુક્ષુ — નકામું તો નથી લાગતું, પણ કંઈ થતું નથી એમ તો થાય છે.

પૂજ્યશ્રી — એમ થાય તો પુરુષાર્થ જાગે. નહીં તો આશ્રમમાં રહ્યા છીએ ને ? બધું થશે. એમ થઈ જાય. બહુ ઉતાવળ કરવાની નથી, તેમ પ્રમાદ પણ કરવાનો નથી. તરવારની ધાર જેવું છે. બહુ ઉતાવળ કરવા જાય તો અધીરજ આવી જાય. તેથી પુરુષાર્થ થાય નહીં. અહીં રહીને કષાયની ઉપશાંતતા વગેરે ગુણો પ્રગટાવવાના છે. આત્માના હિતને માટે અહીં રહ્યા છીએ એ લક્ષ રાખવો.'' (બો.૧ પૃ.૩૩૧)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–**

''આપને પરમપુરુષની દૃઢ શ્રદ્ધા છે તે જ આ ભવમાં પરમ પુરુષાર્થ પ્રેરનારી છે. શરીરથી જ કંઈ પુરુષાર્થ થાય એવું નથી. શ્રદ્ધા જ્યાં દૃઢ હોય છે ત્યાં જ ચિત્તની વૃત્તિ વળે છે, સ્થિર થાય છે, લીન થાય છે. તેથી વારંવાર પ.પૂ.પ્રભુશ્રીજી **'શ્રદ્ધા પરમ દુલ્લહા'** એમ કહેતા હતા.'' (બો.૩ પૃ.૭૨૧)

''ખરો પુરુષાર્થ તત્ત્વવિચારણારૂપ છેજી. વૈરાગ્ય અને દૃઢ જિજ્ઞાસા તેનો આધાર છે. પ્રાપ્ત સંયોગોમાં બની શકે તેટલો કાળ સદ્વાંચન, સદ્વિચાર, સદ્ભાવનામાં ગાળવો ઘટે છેજી. જે જે મુખપાઠે કર્યું છે તે તે બધાં વચનો મનનનો વખત માગે છે. યથાશક્તિ દરરોજ પા-અડધો કલાક બીજા વિચારો, બીજી પ્રવૃત્તિ બંધ કરી સત્પુરુષના એકાદ વાક્ય, કડી કે વિચારને આધારે પોતાના બળ પ્રમાણે ખીલવવા, વિસ્તારવા અને ઊંડા ઊતરીને સમજવા તથા આત્મભાવ તે વચનના આશય તરફ વાળવા પુરુષાર્થ હવે કર્તવ્ય છેજી.'' (બો.૩ પૃ.૨૩૩)

''પુરુષાર્થનું ફળ તરત ન જણાય તેથી ગભરાવું નહીં. કોઈ વખત જીવ બળવાન બને છે, તો કોઈ વખત કર્મ બળવાન બને છે. એમ લડાઈ તો ચાલતી જ રહી છે, પણ જીવ પુરુષાર્થ ન છોડે તો કર્મ મંદ થતાં પોતાનો પ્રભાવ પ્રગટાવવા જીવ પોતે સમર્થ થાય છેજી. ઘણી વખત નિરાશામાંથી અમર આશા જન્મે છે. પણ હતાશ થનારના ભાગ્યમાં તેનું ફળ હોતું નથી. 'હિંમતે મરદા તો મદદે ખુદા' એ કહેવત કહેવતરૂપ નથી પણ સાચી છે. કોઈ પણ પ્રસંગમાં હિંમત હારવા જેવું નથી.'' (બો.૩ પૃ.૪૧૫)

માટે આળસને ઉત્તેજન આપ્યા વગર પુરુષાર્થી બનું.

## ૪૩૭. સૃષ્ટિક્રમ વિરુદ્ધ કર્મ કરું નહીં.

છ દ્રવ્યોની બનેલી આ સૃષ્ટિ છે. તેમાં હું આત્મદ્રવ્ય છું. મારો ધર્મ માત્ર જોવા, જાણવાનો તથા સ્વભાવમાં સ્થિર રહેવાનો છે. તે ક્રમ છોડીને રાગદ્વેષાદિ વિરુદ્ધ કર્મ કરું નહીં. એમ ન થઈ શકે ત્યાં સુધી તેમ કરવાના ભાવ રાખું અને યથાશક્તિ રાગદ્વેષ ઘટાડવાનો પુરુષાર્થ કરું.

## ૪૩૮. સ્ત્રીશય્યાનો ત્યાગ કરું.

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય' :–** ''સ્ત્રીની શય્યામાં સૂવું નહીં.સ્ત્રી સાથે સૂવાથી શરીરનું બળ નાશ પામે છે.'' (પૃ.૮૩)

**'શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ - ૧૦'માંથી :– શાલિભદ્રનો સ્ત્રીશય્યાનો ત્યાગ**

**શાલિભદ્રનું દૃષ્ટાંત –** ''શાલિભદ્ર સંસારથી મુક્ત થવાના વિચારો કરતો હતો. તેવામાં તેના ધર્મમિત્રે આવીને વિજ્ઞપ્તિ કરી કે - 'ચતુર્જ્ઞાનધારી અને સુર અસુરોએ નમસ્કાર કરેલા જાણે મૂર્તિમાન્



ધર્મ હોય તેવા ધર્મઘોષ નામના મુનિ ઉદ્યાનમાં પધાર્યા છે.' તે સાંભળી શાલિભદ્ર હર્ષથી રથમાં બેસી ત્યાં આવ્યો. આચાર્યને તથા બીજા સાધુઓને વાંદીને આગળ બેઠો. સૂરિ દેશના આપી રહ્યા પછી તેણે પૂછ્યું કે, 'હે ભગવન્! કેવા કર્મથી રાજા મારા સ્વામી ન થાય? 'મુનિ બોલ્યા – 'જેઓ દીક્ષા ગ્રહણ કરે તેઓ આ બધા જગતના પણ સ્વામી થાય છે.' શાલિભદ્રે કહ્યું કે, 'જો એમ છે તો તો હું ઘેર જઈ મારી માતાની રજા લઈને દીક્ષા લઈશ.' સૂરિ બોલ્યા કે – ''ધર્મકાર્યમાં પ્રમાદ ન કરવો.'' પછી શાલિભદ્ર ઘેર ગયો અને માતાને નમસ્કાર કરીને કહ્યું કે, ''હે માતા! આજે શ્રી ધર્મઘોષસૂરિના મુખકમળથી મેં ધર્મ સાંભળ્યો છે કે, જે ધર્મ આ સંસારના સર્વ દુઃખથી મુકાવાના ઉપાયરૂપ છે.'' ભદ્રા બોલી કે – 'વત્સ! તેં ઘણું સારું કર્યું, કેમકે તું તેવા ધર્મી પિતાનો જ પુત્ર છું.' આ પ્રમાણે હર્ષથી શાલિભદ્રની પ્રશંસા કરી. પછી શાલિભદ્રે કહ્યું – 'કે માતા! જો એમ હોય તો મારી ઉપર પ્રસન્ન થઈને મને રજા આપો; હું વ્રત ગ્રહણ કરીશ. કારણ કે હું તેવા પિતાનો પુત્ર છું.' ભદ્રા બોલી : 'વત્સ! તારો વ્રત લેવાનો ઉદ્યમ યુક્ત છે, પણ તેમાં તો નિરંતર લોઢાના ચણા ચાવવાના છે. તું પ્રકૃતિમાં સુકોમળ છું અને દિવ્ય ભોગોથી લાલિત થયેલો છું, તેથી મોટા રથને નાના વાછરડાઓની જેમ તું શી રીતે વ્રતના ભારને વહી શકીશ?' શાલિભદ્ર બોલ્યો – 'હે માતા! ભોગલાલિત થયેલા જે પુરુષો વ્રતના કષ્ટને સહન કરે નહીં તેને કાયર સમજવા, માટે બધા કાંઈ તેવા હોતા નથી.' ભદ્રા બોલી – 'હે વત્સ! જો તારો એવો જ વિચાર હોય તો ધીમે ધીમે-થોડે થોડે ભોગનો ત્યાગ કરી મનુષ્યની મલીન ગંધને સહન કર કે જેથી તેવો અભ્યાસ પડે, પછી વ્રત ગ્રહણ કરજે. શાલિભદ્રે તે વચન સત્વર માન્ય કર્યું, અને તે દિવસથી દરરોજ એક એક સ્ત્રીને સમજાવી એક એક શય્યાને તજવા લાગ્યો. (પૃ.૧૫૯)

## ૪૩૯. નિવૃત્તિ સાધન એ વિના સઘળું ત્યાગું છું.

આત્માને સંસારના દુઃખોથી નિવૃત્ત થવાના સાધન સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ત્યાગ, ભક્તિ, સત્સંગ, વૈરાગ્ય, સમાધિ આદિ છે તેને ગ્રહણ કરું તથા પ્રવૃત્તિના સાધન આરંભ, પરિગ્રહ, ધન, કુટુંબાદિ છે, તે સર્વનો ત્યાગ કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :– સંયમ અર્થે નિવૃત્તિ કર્ત્તવ્ય**

**મૃગાપુત્રનું દૃષ્ટાંત –** ''નાના પ્રકારનાં મનોહર વૃક્ષથી ભરેલા ઉદ્યાનો વડે સુગ્રીવ એ નામે એક સુશોભિત નગર છે. તે નગરના રાજ્યાસન પર બલભદ્ર એ નામે એક રાજા થયો. તેની પ્રિયવંદા પટરાણીનું નામ મૃગા હતું. એ પતિપત્નીથી બળશ્રી નામે એક કુમારે જન્મ લીધો હતો. મૃગાપુત્ર એવું એનું પ્રખ્યાત નામ હતું. જનકજનેતાને તે અતિ વલ્લભ હતા. એ યુવરાજ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં સંયતિના ગુણને પામ્યા હતા; એથી કરીને દમીશ્વર એટલે યતિમાં અગ્રેસર ગણાવા યોગ્ય હતા. તે મૃગાપુત્ર શિખરબંધ આનંદકારી પ્રાસાદને વિષે પોતાની પ્રાણપ્રિયા સહિત દોગુંદક દેવતાની પેરે વિલાસ કરતા હતા. નિરંતર પ્રમોદ સહિત મનથી વર્તતા હતા. ચંદ્રકાંતાદિક મણિ તેમજ વિવિધ રત્નથી પ્રાસાદનો પટશાળ જડિત હતો. એક દિવસને સમયે તે કુમાર પોતાના ગોખને વિષે રહ્યા હતા. ત્યાંથી નગરનું નિરીક્ષણ પરિપૂર્ણ થતું હતું. જ્યાં ચાર રાજમાર્ગ એકત્વને પામતા હતા એવા ચોકમાં ત્રણ રાજમાર્ગ એકઠા મળ્યા છે ત્યાં તેની દૃષ્ટિ દોડી. મહા તપ, મહા નિયમ, મહા સંયમ, મહા શીલ અન મહા ગુણના ધામરૂપ એક શાંત તપસ્વી સાધુને ત્યાં તેણે જોયા. જેમ જેમ વેળા થતી જાય છે, તેમ તેમ તે મુનિને મૃગાપુત્ર નીરખી નીરખીને જુએ છે.



એ નિરીક્ષણ ઉપરથી તે એમ બોલ્યા : હું જાણું છું કે આવું રૂપ મેં ક્યાંક દીઠું છે. અને એમ બોલતાં બોલતાં તે કુમાર શોભનિક પરિણામને પામ્યા. મોહપટ ટળ્યું ને ઉપશમતા પામ્યા. જાતિસ્મૃતિજ્ઞાન પ્રકાશિત થયું. પૂર્વિત જાતિની સ્મૃતિ ઊપજવાથી તે મૃગાપુત્ર, મહા રિદ્ધિના ભોક્તા, પૂર્વના ચારિત્રના સ્મરણને પણ પામ્યા. શીઘ્રમેવ તે વિષયને વિષે અણરાચતા થયા; સંયમને વિષે રાચતા થયા. માતાપિતાની સમીપે આવીને તે બોલ્યા કે ''પૂર્વભવને વિષે મેં પાંચ મહાવ્રતને સાંભળ્યાં હતાં. નરકને વિષે જે અનંત દુઃખ છે તે પણ મેં સાંભળ્યાં હતાં. તિર્યંચને વિષે જે અનંત દુઃખ છે તે પણ મેં સાંભળ્યાં હતાં. એ અનંત દુઃખથી ખેદ પામીને હું તેનાથી નિવર્તવાને અભિલાષી થયો છું. સંસારરૂપી સમુદ્રથી પાર પામવા માટે હે ગુરુજનો! મને તે પાંચ મહાવ્રત ધારણ કરવાની અનુજ્ઞા દો.''

કુમારનાં નિવૃત્તિથી ભરેલાં વચનો સાંભળીને માતાપિતાએ ભોગ ભોગવવાનું આમંત્રણ કર્યું. આમંત્રણ-વચનથી ખેદ પામીને મૃગાપુત્ર એમ કહે છે કે ''અહો માત! અને અહો તાત! જે ભોગોનું તમે મને આમંત્રણ કરો છો તે ભોગ મેં ભોગવ્યા. તે ભોગ વિષફળ - કિંપાકવૃક્ષનાં ફળની ઉપમાથી યુક્ત છે. ભોગવ્યા પછી કડવા વિપાકને આપે છે. સદૈવ દુઃખોત્પત્તિનાં કારણ છે. આ શરીર છે તે અનિત્ય અને કેવળ અશુચિમય છે, અશુચિથી ઉત્પન્ન થયું છે; જીવનો એ અશાશ્વત વાસ છે; અનંત દુઃખનો હેતુ છે; રોગ, જરા, અને ક્લેશાદિકનું એ શરીર ભાજન છે; એ શરીરને વિષે હું કેમ રતિ કરું? બાળપણે એ શરીર છાંડવું છે કે વૃદ્ધપણે એવો જેનો નિયમ નથી, એ શરીર પાણીના ફીણના બુદ્‌બુદ જેવું છે એવા શરીરને વિષે સ્નેહ કેમ યોગ્ય હોય? મનુષ્યત્વમાં એ શરીર પામીને કોઢ, જ્વર વગેરે વ્યાધિને તેમજ જરામરણને વિષે ગ્રહાવું રહ્યું છે તેમાં હું કેમ પ્રેમ બાંધુ?

જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગનું દુઃખ, મરણનું દુઃખ, કેવળ દુઃખના હેતુ સંસારને વિષે છે. ભૂમિ, ક્ષેત્ર, આવાસ, કંચન, કુટુંબ, પુત્ર, પ્રમદા, બંધવ એ સકળને છાંડીને માત્ર ક્લેશ પામીને આ શરીરથી અવશ્યમેવ જવું છે. જેમ કિંપાકવૃક્ષનાં ફળનું પરિણામ સુખદાયક નથી, એમ ભોગનું પરિણામ પણ સુખદાયક નથી. જેમ કોઈ પુરુષ મહા પ્રવાસને વિષે અન્નજળ અંગીકાર ન કરે એટલે કે ન લે અને ક્ષુધાતૃષાએ કરીને દુઃખી થાય તેમ ધર્મના અનાચરણથી પરભવને વિષે જતાં તે પુરુષ દુઃખી થાય, જન્મજરાદિકની પીડા પામે. મહા પ્રવાસમાં પરવરતાં જે પુરુષ અન્નજળાદિક લે તે પુરુષ ક્ષુધાતૃષાથી રહિત થઈ સુખને પામે, એમ ધર્મનો આચરનાર પુરુષ પરભવ પ્રત્યે પરવરતાં સુખને પામે; અલ્પ કર્મરહિત હોય; અશાતા વેદનીય રહિત હોય. હે ગુરુજનો! જેમ કોઈ ગૃહસ્થનું ઘર પ્રજ્વલિત થાય છે, ત્યારે તે ઘરનો ધણી અમૂલ્ય વસ્ત્રાદિકને લઈ જઈ જીર્ણ વસ્ત્રાદિકને છાંડી રહેવા દે છે, તેમ લોક બળતો દેખીને જીર્ણ વસ્ત્રરૂપ જરામરણને છાંડીને અમૂલ્ય આત્માને તે બળતાથી (તમે આજ્ઞા આપો એટલે હું) તારીશ.'' (વ.પૃ.૪૯) તેમ હું પણ આરંભ પરિગ્રહનો ત્યાગ કરી નિવૃત્તિના સાધન રત્નત્રયને મેળવું.

## ૪૪૦. મર્મલેખ કરું નહીં.

હૃદયને દુઃખ આપે એવા મર્મવાળા કાગળ લખવાથી અથવા મર્મભેદક વચનો બોલવાથી સામા માણસને આઘાત લાગી જાય અથવા મૃત્યુ પણ થઈ જાય એવા મર્મલેખ કરું નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૩'માંથી :— કોઈને હણવા કૂટલેખ લખું નહીં**

**સુજાત શેઠનું દૃષ્ટાંત —** ''ચંપાનગરીમાં ધર્મઘોષ નામે મંત્રી હતો. તેની સ્ત્રીઓ ત્યાંના



નગરશેઠ સુજાતશ્રેષ્ઠીનું સ્વરૂપ જોઈ મોહ પામી હતી. તેથી એકદા તે મંત્રીની એક સ્ત્રી, સુજાતશેઠનો વેષ લઈને દાસીઓની સાથે ક્રીડા કરતી હતી. તે જોઈ ધર્મઘોષ મંત્રી પરમાર્થ (ખરીવાત) જાણ્યા વિના તે શેઠ ઉપર દ્વેષ કરવા લાગ્યો. એક વખતે તેણે શેઠના નામથી કૂટ લેખ લખ્યો. તેમાં એવું દર્શાવ્યું કે સુજાતશેઠ વિક્રમ રાજાને લખે છે કે ''અમારી આ વિજ્ઞપ્તિ ધ્યાનમાં લઈ તમારે અહીં સત્વર આવવું. હું અમારા રાજાને પ્રપંચથી મારી તમને રાજ્ય અપાવીશ.'' આવો કૂટ લેખ પોતે લખી ગુપ્તચર મારફત પકડાયેલો છે એમ કહીને પોતાના રાજાને બતાવ્યો. રાજાએ ક્રોધથી સુજાતશેઠને મારી નાખવા માટે કાંઈક મિષ કરીને ચંદ્રધ્વજ રાજા પાસે મોકલ્યો અને તેની સાથે એક લેખ લખી આપ્યો. ચંદ્રધ્વજ રાજા તે લેખ વાંચી, સુજાતશેઠને નિર્દોષ જાણી વિચારવા લાગ્યા કે 'અહો! ચંપાપતિએ આવું અયોગ્ય કાર્ય મને કેમ બતાવ્યું? આ શ્રેષ્ઠી તો નિઃસ્પૃહ જણાય છે.' પછી તે વાતનો નિશ્ચય કરી તેણે પોતાની પુત્રી સુજાતશેઠને આપી. નવોઢા (મુગ્ધા) સ્ત્રીના સંયોગથી (વૃદ્ધ) શ્રેષ્ઠી રોગી થઈ ગયો. શેઠને રોગી જોઈ તેની પત્ની આત્મનિંદા કરવા લાગી. તે સાંભળી શ્રેષ્ઠી બોલ્યો - 'હે સ્ત્રી! શોક શા માટે કરે છે? એમાં તારો દોષ નથી, મારા કર્મનો જ દોષ છે.' તે સાંભળી તેણીને વૈરાગ્ય થયો. દીક્ષા લઈ અનશનવડે મૃત્યુ પામી દેવી થઈ. ત્યાંથી અહીં આવી તેણે સુજાતશ્રેષ્ઠીને કહ્યું કે - 'હે શ્રેષ્ઠી! તમારાં ધર્મવચનો અંગીકાર કરી હું આવા પદને પામી છું, તેથી હવે કોઈ કાર્ય હોય તો કહો. સુજાતે કહ્યું - 'મારું કલંક ઉતારો.' પછી તે દેવીએ શ્રેષ્ઠીને વિમાનમાં બેસાડી ચંપાનગરીના વનમાં મૂક્યા અને ચંપાનગરી ઉપર શિલા વિકુર્વી ચંપાપતિને ઉદ્યાનમાં બોલાવ્યો. તે ત્યાં આવીને સુજાતશ્રેષ્ઠીને નમ્યો. દેવીએ પૂર્વનો સર્વ વૃત્તાંત રાજાને જણાવ્યો. તે સાંભળી રાજાએ ક્રોધથી ધર્મઘોષ મંત્રીને દેશપાર કર્યો અને સુજાતશેઠને મોટા ઉત્સવ સાથે ઘેર લાવ્યા. અનુક્રમે સુજાતશ્રેષ્ઠીએ પણ દીક્ષા લીધી.'' (પૃ.૯૫)

એમ કદી મર્મલેખ કરું નહીં.

## ૪૪૧. પર દુઃખે દાઝું.

બીજાના દુઃખ જોઈ આપણા અંતરમાં કરુણાભાવ હોય તો દુઃખ થયા વિના રહે નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''પરહિત એ જ નિજહિત સમજવું, અને પરદુઃખ એ પોતાનું દુઃખ સમજવું.'' (વ.પૃ.૪) યથાશક્તિ તે દુઃખ નિવારવાનો પ્રયત્ન કરું.

**'બોધામૃત ભાગ-૨'માંથી :–**

**અનાજના ભંડાર ભરેલા અને લોકો ભૂખે મરે એ ઠીક નથી**

**દામાજી પંતનું દૃષ્ટાંત –** ''દક્ષિણમાં એવા એક દામાજી પંત નામે સંત થઈ ગયા. તેઓ રાજ્યમાં અન્નભંડાર ઉપર દેખરેખ રાખતા. તે વખતે રાજાઓ ગણોતના (જમીનના ભાડાના) બદલામાં અનાજ ઉઘરાવતા, તે ભરી રાખતા. બહુ મોટા અન્નભંડાર હતા. દામાજી પંત સંત હતા અને ભગવાન પર અડગ શ્રદ્ધા હતી. એક વખતે રાજ્યમાં દુકાળ પડ્યો અને અનાજ વગર લોકો ભૂખે મરવા લાગ્યા. એમને થયું કે આ બધું અનાજ અહીં પડ્યું છે અને લોકો ભૂખે મરે છે, તે ઠીક નથી. એટલે એમણે બધાને એમાંથી અનાજ આપવા માંડ્યું અને વિચાર્યું કે જે થવાનું હશે તે થશે. થોડા જ વખતમાં અનાજના ભંડાર ખાલી થઈ ગયા. રાજાને ખબર પડી એટલે એમને પકડી મંગાવવા સિપાઈઓ મોકલ્યા. સિપાઈઓ એમને બેડીઓ પહેરાવી લાવવા લાગ્યા. રસ્તામાં મંદિર આવ્યું એટલે દામાજીએ કહ્યું મને ભજન કરી લેવા દ્યો. સિપાઈઓએ એમને મંદિરમાં ભજન કરવા દીધું. આ બાજુ એક માણસ રાજા પાસે આવ્યો



અને કહ્યું કે દામાજીએ જે અનાજ લોકોને આપી દીધું છે તેના જે પૈસા થાય તે હું આપી દઉં છું. રાજાને પૈસા મળી ગયા એટલે દામાજીને છોડી મૂકવાની આજ્ઞા કરી. એટલામાં દામાજીને લઈને સિપાઈઓ આવી પહોંચ્યા. રાજાએ એમને ત્યાં જ છૂટા કર્યા અને પૂછ્યું કે તમારા વતી પૈસા કોણ આપી ગયું? દામાજી એકદમ ખેદ કરી બોલ્યા કે મારે માટે ભગવાનને તસ્દી લેવી પડી એ ઠીક ન થયું. ત્યારથી રાજા પણ ભગવાનનો ભક્ત થયો.'' (બો.૨ પૃ.૫૫)

**''દીન દુઃખી જીવોં પર મેરે, ઉરસે કરુણાસ્રોત બહે''** (નિત્યક્રમ પૃ.૧૭)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :– જગડુશાહની દાન આપવામાં ઉદારતા**

**જગડુશાહનું દૃષ્ટાંત –** ''જગડુશાહ નામના શ્રાવકે દુકાળના વખતમાં વિસલરાજાને આઠ હજાર મુંડા, હમીરરાજાને બાર હજાર મુંડા અને દિલ્લીના સુલતાનને એકવીશ હજાર મુંડા ધાન્ય આપ્યું હતું. સો મણ ધાન્યનો એક મુંડો કહેવાય.

તે દુકાળના વખતમાં જગડુશાહે ૧૧૨ દાનશાળાઓ સ્થાપી હતી. દરરોજ પ્રભાતકાળે જગડુશાહ જે ઠેકાણે બેસીને યથેષ્ટ દાન આપતા હતા, ત્યાં કોઈ લજ્જાવાન કુલીન સ્ત્રીઓ વગેરે પ્રગટપણે દાન લઈ શકે નહીં, તેમને ગુપ્તપણે દાન આપવા સારું એક પડદો બાંધી રાખવામાં આવતો હતો કે જેથી તેઓ તેમાં હાથ નાખીને દાન લઈ શકે. એક દિવસ વિસલરાજા પોતાના ભાગ્યની પરીક્ષા કરવા માટે વેષ બદલીને એકલો ત્યાં ગયો અને પડદામાંથી હાથ લાંબો કર્યો. જગડુશાએ શુભ લક્ષણવાળો હાથ જોઈને વિચાર્યું કે ''જગતના મનુષ્યોને માનવા લાયક કોઈ રાજાનો આ હાથ છે; હાલમાં દૈવયોગે તે આવી સ્થિતિ પામેલો જણાય છે; માટે તે જીંદગી પર્યંત સુખી થાય તેમ હું કરું.'' એ પ્રમાણે વિચારીને પોતાના હાથની આંગળીમાંથી મણિરત્નજડિત મુદ્રિકા (વીંટી) કાઢીને હાથમાં મૂકી. તે જોઈને રાજા આશ્ચર્ય પામ્યો. ક્ષણવાર પછી વળી તેણે ડાબો હાથ પડદામાંથી લાંબો કર્યો, એટલે જગડુશાએ તે હાથમાં પણ બીજી વીંટી આપી. તે બન્ને મુદ્રિકા લઈને વિસલરાજા પોતાના મહેલમાં ગયો.


બીજે દિવસે જગડુશાને બોલાવીને ''આ શું છે?'' એમ કહી તે બન્ને મુદ્રિકા બતાવી. તે જોઈને જગડુશા બોલ્યા કે - ''કાગડાઓ સર્વત્ર કાળા જ હોય છે, પોપટો સર્વત્ર લીલા જ હોય છે, સુખી પુરુષોને સર્વત્ર સુખ જ હોય છે અને દુઃખી પુરુષોને સર્વત્ર દુઃખ હોય છે.''

આ પ્રમાણે સાંભળીને ખુશી થયેલા રાજાએ જગડુશાનો પ્રણામ નિષેધ કરીને તેને હાથી ઉપર બેસાડી તેને ઘેર મોકલ્યો. આ પ્રમાણે ધાર્મિકપણું અનુકંપા દાન વડે જ શોભે છે. એ ત્રીજું અનુકંપા દાન કહ્યું. (પૃ.૨૬) એમ પરદુઃખે દાઝી સ્વપરનું કલ્યાણ કરું.

**'શ્રી ચંદ્રરાજાના રાસ'માંથી :–**

**સુદર્શનાનું દૃષ્ટાંત –** ભરુચ નગરના જંગલમાં એક ઝાડ ઉપર એક સમળીએ બચ્ચાઓને જન્મ આપ્યો. એક વાર તે ખાવાનું મેળવવા મ્લેચ્છના પાડામાં ગઈ. ત્યાંથી ભક્ષ્ય લઈ આવતાં પાડાના માલિકે બાણથી તેને વીંધી નાખી. તે માંડ માંડ પોતાના વૃક્ષ સુધી આવી. પણ વૃક્ષ ઉપર ચઢી શકી નહીં. તે બચ્ચાઓને જોઈ અને બચ્ચાઓ તેને જોઈ આક્રંદ કરવા લાગ્યા. ભાગ્યોદયે ત્યાં વિહાર કરતાં મુનિ આવી ચઢ્યા. સમળીની આવી દુર્દશા જોઈ તેને ઉપદેશ આપી મંત્ર સ્મરણ સંભળાવ્યું. સ્મરણ મંત્રના પ્રભાવે તે સમળી ત્યાંથી દેહ છોડી સિંહલદ્વીપ જે આજે શ્રીલંકા કહેવાય છે ત્યાંના રાજા ચંદ્રગુપ્તની પુત્રીરૂપે અવતરી.

# શેઠ જગડુશાહ




① દુષ્કાળમાં અન્નદાન વિષે જગડુશાહને મુનિનો ઉપદેશ

② દાનશાળા

③ વિસલરાજા વગેરેને ધાન્યના મુંડા આપવાનો આદેશ કરતા જગડુશાહ

④ કચ્છના અન્ન ભંડારોમાંથી અન્ન લઈ જતા વિસલ રાજા વગેરેના માણસો


સુદર્શના
નમો અરિહંતાણં
સુદર્શનાને મંત્ર સાંભળતાં થયેલ
જાતિસ્મરણજ્ઞાન
સાધુ જીવન ગાળતી સુદર્શના
સમળીને
મંત્ર સંભળાવતા મુનિ
સમળી વિહાર જિન મંદિર, ભરુચ



એકદા રાજસભામાં રાજા પોતાની પુત્રી સાથે બેઠેલા છે. ત્યાં ઋષભદત્ત નામનો સાર્થવાહ રાજાને ભેટણું ધરવા આવ્યો. તેને અચાનક છીંક આવી ત્યારે હમેશની જેમ 'नमो अरिहंताण' એ પદનો ઉચ્ચાર કર્યો. તે સાંભળી રાજાની પુત્રી વિચારવા લાગી કે આ શબ્દ તો મેં ક્યાંય સાંભળ્યા છે. એમ વિચારતાં વિચારતાં જાતિસ્મરણજ્ઞાન થયું. જેથી પૂર્વભવ નિહાળ્યો.


પછી પિતાની આજ્ઞા લઈ પુત્રી ભરુચ આવી. પોતે જ્ઞાનમાં જોયું હતું તે ઝાડ જોઈ વિશેષશ્રદ્ધા થઈ. મુનિ મહાત્માઓના સત્સંગ અર્થે પછી અહીં જ રહેવા લાગી. બારવ્રતો લઈ સાધુજીવન ગાળવા લાગી. ભરુચમાં વીસમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીએ પોતાના પૂર્વભવના મિત્ર અશ્વ(ઘોડા)ને પ્રતિબોધ પમાડ્યો હતો, એમ મુનિવરો પાસે સાંભળી તેણીએ—ભરુચમાં એક ભવ્ય જિન મંદિર બંધાવ્યું. અને પોતાના પૂર્વભવની સ્મૃતિ જાળવવા **'શકુનિકા વિહાર'** એવું મંદિરનું નામ રાખ્યું. તેમાં મુનિસુવ્રત ભગવાનની મૂર્તિ સ્થાપીને પ્રતિદિન ભાવપૂર્વક તે પ્રભુપૂજન કરવા લાગી. અંતે સમાધિપૂર્વક દેહ ત્યાગી ઈશાન દેવલોકમાં મહર્દિક દેવપણે ઉત્પન્ન થઈ. એમ પરદુઃખે દાઝી ઉપકાર કરવાનું પરિણામ ઉત્તમ આવ્યું.

## ૪૪૨. અપરાધી પર પણ ક્ષમા કરું.

મને કોઈ દુઃખ આપે, તો તે મારા પૂર્વકર્મનો જ દોષ છે એમ જાણી અપરાધી પર પણ ક્ષમા કરું.

એક સોનીએ મેતાર્યમુનિનો ભયંકર અપરાધ કર્યો, મરણાંત ઉપસર્ગ કર્યો. છતાં મુનિએ તેના પ્રત્યે ક્ષમા જ રાખી, ક્રોધ ન કર્યો. એ પુરુષોની કેવી અદ્ભુત સમતા, ક્ષમા અને ધીરજ; તે સદા પ્રશંસનીય છે.

**'ઉપદેશમાળા'માંથી :– મરણાંત ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ ક્ષમા**



**મેતાર્યમુનિનું દૃષ્ટાંત –** મેતાર્યમુનિ વિહાર કરતાં કરતાં એક દિવસ માસક્ષમણને પારણે રાજગૃહ નગરમાં ભિક્ષાને માટે ભમતાં એક સોનીને ઘેર જઈને ધર્મલાભ આપ્યો. ત્યારે તે સોની, શ્રેણિક રાજાની આજ્ઞાથી જિનભક્તિને અર્થે ઘડેલા એકસો આઠ સોનાના જવ બહાર મૂકીને ઘરમાં ગયો. તે સમયે કોઈ એક ક્રૌંચ પક્ષી ત્યાં આવી તે સર્વ જવ ગળી ગયો. મેતાર્યમુનિએ તે જોયું અને ક્રૌંચ પક્ષી પણ ઊડીને એના આંગણામાં જ ઝાડ પર જઈને ઊંચે બેઠું. સોની બહાર આવ્યો અને મુનિને વહોરાવ્યા પછી જવ નહીં જોવાથી સાધુને તે વિષે પૂછ્યું. સાધુએ વિચાર કર્યો કે 'જો હું પક્ષીનું નામ લઈશ તો આ સોની તેને મારી નાખશે.' તેથી દયાને લીધે મૌન ધારણ કરીને ઊભા રહ્યા. સાધુઓને તે યોગ્ય જ છે.

સાધુને વારંવાર પૂછતાં છતાં પણ જવાબ ન દેવાથી 'આ ચોર છે' એમ માની સોનીએ ક્રોધવશ થઈ લીલા ચામડાથી તેમનું માથું વીંટીને તેમને તડકામાં ઊભા રાખ્યા.



પછી તડકાને લીધે કઠણ થયેલું આર્દ્ર ચામડું ખેંચાવાથી નસોના ખેંચાણને લીધે તે સાધુનાં બન્ને નેત્રો બહાર નીકળી આવ્યાં, તેથી ઘણું દુઃખ ઉત્પન્ન થયા છતાં પણ તેમણે તેના ઉપર રોષ આણ્યો નહીં. ક્ષમાના ગુણથી સઘળાં કર્મનો ક્ષય કરી ત્યાંજ કેવળજ્ઞાન પામીને મેતાર્યમુનિ મોક્ષે પધાર્યા. તે સમયે લાકડાનો બોજો પડવાથી ઉત્પન્ન થયેલા શબ્દના ભયથી વ્યાકુળ થયેલા પેલા પક્ષીએ સઘળા જવો વમી નાખ્યા. તે જવોને જોઈ ભય પામેલો સોની વિચાર કરવા લાગ્યો કે 'અરે! મેં બહુ ખરાબ કામ કર્યું! મેં શ્રેણિક રાજાના જમાઈ મેતાર્ય નામના મુનિને હણ્યા. જો રાજા આ વાત જાણશે તો જરૂર મારો સહકુટુંબ નાશ કરશે.' પછી ભયના માર્યા તેણે પરિવાર સહિત મહાવીર સ્વામી પાસે જઈને ચારિત્ર ગ્રહણ કર્યું. ચારિત્ર પાળી, પાપની આલોચના કરીને તે સદ્ગતિએ ગયો. એ પ્રમાણે અન્ય મુનિઓએ પણ ક્ષમા રાખવી એવો આ કથાનો ઉપદેશ છે.



## ૪૪૩. અયોગ્ય લેખ લખું નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'ના આધારે :–** કોઈ પાપ બુદ્ધિવાળો અયોગ્ય લેખ લખે પણ જેનું પુણ્ય બળવાન હોય તેને તે સવળું પરિણમે છે.

**દામનક શેઠપુત્રનું દૃષ્ટાંત – પુણ્યબળે અવળા લેખ પણ સવળા પરિણમે.** રાજગૃહી નગરમાં મણિકાર શેઠને એક પુત્ર થયો. તેનું નામ દામનક રાખ્યું. એ આઠ વર્ષનો થયો ત્યારે મારીના ઉપદ્રવથી સર્વ કુટુંબ નાશ પામ્યું. તેથી તે પણ રોગના ભયથી ઘરમાંથી નાસી ગયો. નગરીમાં ફરતાં ફરતાં સાગરદત્ત શેઠને ત્યાં નોકરીમાં રહ્યો.

એ શેઠને ત્યાં બે મુનિ ગોચરી માટે પધાર્યાં. દામનકને જોઈ મોટા મુનિએ બીજા મુનિને કહ્યું કે આ શેઠનો સેવક આ ઘરનો સ્વામી થશે. એ વાત ભીંતના ઓથે રહેલા સાગરદત્તશેઠે સાંભળી લીધી. તેથી શેઠને બહુ દુઃખ થયું.

પછી શેઠે ચંડાળને બોલાવી બહાનું કરી દામનકને મારવા માટે તેને આપ્યો. પણ ચંડાળને એનું સુંદર રૂપ જોઈ દયા આવી. તેથી તેની ટચલી આંગળી કાપીને તેને કહ્યું કે તું અહીંથી નાસી જા. તે નાસી જઈ બીજા ગામે આ શેઠનું ગોકુળ હતું ત્યાં જ ગયો. જે ગોકુળનો રક્ષપાળ હતો તેણે આનો વિનય જોઈ પોતાના પુત્ર તરીકે રાખ્યો. તે યુવાન થયો. એક દિવસ શેઠ પોતાના ગોકુળમાં આવ્યો ત્યારે છેદેલી આંગળીવાળા દામનકને જોઈ ઓળખી લીધો. તેથી શેઠે પોતાના પુત્ર ઉપર કાગળ લખીને દામનકને મોકલ્યો કે ''આ કાગળ લાવનારને વગર વિલંબે તરત જ વિષ આપજે. તેમાં કાંઈપણ સંદેહ કરીશ નહીં.'' દામનક રાજગૃહી પહોંચ્યો. પણ થાકને લીધે બગીચામાં સૂઈ ગયો. તેટલામાં સાગરદત્તની પુત્રી વિષા ત્યાં આવી. તે દામનકના રૂપથી મોહિત થઈ, અને પાસે પડેલ કાગળ પિતાની મુદ્રાવાળો જોઈને વાંચ્યો. તો તેમાં આવનારને વિષ આપજે એમ લખેલું હતું, ત્યાં તેણીએ વિષને બદલે વિષા કરી દીધું. તે હર્ષિત થઈ પોતાને ઘેર ગઈ.



ત્યાં થોડીવારે દામનક કાગળ લઈને ઘેર આવ્યો. તે વાંચીને સમુદ્રદત્તે પોતાની બહેનને તરત જ મુહૂર્ત લઈ તેની સાથે પરણાવી દીધી. શેઠ ઘરે આવ્યા અને વિષાના લગ્નની વાત જાણીને ખેદ પામ્યા. હવે પણ મારી પુત્રી ભલે વિધવા થાય પણ એને મરાવવો એમ વિચારી ચંડાલને બોલાવીને મારવાનો હુકમ કર્યો. રાત્રે એ મંદિરે આવશે ત્યારે મારી નાખવો એમ નક્કી કર્યું. પછી શેઠે દામનકને કહ્યું કે તારે રાત્રે મંદિરે પૂજાની સામગ્રી લઈને જવું. મંદિરે જતાં રસ્તામાં સાળો મળ્યો. તેણે કહ્યું : તમે ન જાઓ, હું જઈને આવું છું; એમ કહી શેઠનો પુત્ર સમુદ્રદત્ત ગયો. ચંડાળોએ મંદિરમાં પેસતાં જ તેને મારી નાખ્યો. એ સાંભળીને શેઠનું હૃદય ફાટી ગયું અને તે પણ મૃત્યુ પામ્યો. પછી દામનક એ ઘરનો સ્વામી થયો.

પૂર્વે પોતે માંસ અને મદિરાનો નિયમ સદ્ગુરુ ભગવંત પાસે લીધો હતો. તેનું આ ભવમાં ફળ મળ્યું. પૂર્વભવમાં દુષ્કાળના વખતમાં કુટુંબીઓના કહેવાથી તે માંડ માંડ જાળ લઈને માછલાં પકડવા ગયો પણ એક પણ માછલું પકડી ન શક્યો. બીજે દિવસે એક પકડાયું તેની પાંખ તુટી ગઈ. તે જોઈને તેને બહુ દુઃખ થયું અને છોડી મૂક્યું; અને ઘરે આવી કુટુંબીઓને કહ્યું કે મારાથી આવું કામ કદી થશે નહીં. એમ કહી તેણે અનશન લઈ લીધું. ત્યાંથી મરીને આ દામનક થયો. પૂર્વભવમાં માછલીની એક પાંખ તૂટવામાં તે નિમિત્ત બન્યો તેથી આ ભવમાં એની ટચલી આંગળી કપાઈ ગઈ.

આ પ્રમાણે ગુરુ પાસેથી પોતાનો પૂર્વભવ સાંભળી દામનક વિશેષ ધર્મની રુચિવાળો થયો. અનુક્રમે તે મરણ પામી દેવલોકે ગયો. ત્યાંના સુખ ભોગવી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ ક્રમે કરીને સિદ્ધિપદને પામશે. (પૃ.૧૫૭) આમ કોઈને દુઃખ આપવા અયોગ્ય લેખ લખું નહીં.

## ૪૪૪. આશુપ્રજ્ઞનો વિનય જાળવું.

જેની બુદ્ધિ તીક્ષ્ણ છે, હાજર જવાબી છે, જવાબ આપવામાં જેને વિચાર પણ કરવો પડતો નથી તેવા આશુપ્રજ્ઞનો વિનય જાળવું.

**વજસ્વામીનું દૃષ્ટાંત –** વજસ્વામી પાંચ વર્ષની વયે ઘોડીયામાં સૂતા સૂતા જ અગ્યાર અંગ ભણી ગયા. કેવી એમની તીવ્ર બુદ્ધિ હશે. આઠ વર્ષની વયે ગુરુએ તેમને આચાર્ય પદવી આપી. જ્ઞાનમાં વૃદ્ધ હોવાથી મોટા મોટા મુનિઓ પણ એમનો વિનય કરતા હતા.

**બોધામૃત ભાગ-૩'માંથી :–** '' 'આશુપ્રજ્ઞ' શબ્દનો અર્થ આપે પૂછ્યો છે તેનો અર્થ એમ સમજાય છે કે જે પૂર્વના આરાધક જીવને આ ભવમાં સામાન્ય જનો કરતાં વિશેષ પ્રજ્ઞા એટલે બુદ્ધિ પ્રાપ્ત થઈ છે અને મોક્ષમાર્ગ શું? આત્મા શું? શું ગ્રહણ કરવા યોગ્ય છે? શું તજવા યોગ્ય છે? તેવા પ્રશ્નોનો નિકાલ જેને સહેજે થઈ જાય છે એવા મોક્ષમાર્ગે ચાલતાં બુદ્ધિશાળી સ્વ-પરને ઉપકારી મહાપુરુષ પરમકૃપાળુદેવ જેવા 'આશુપ્રજ્ઞ' કહેવા યોગ્ય છેજી. જેને સહજમાત્રમાં ભેદવિજ્ઞાન પ્રગટ થાય તેવી બુદ્ધિ હોય, જેને પ્રશ્નોના ઉત્તર શાસ્ત્રોમાં ખોળવા, શોધવું પડતું નથી, પણ પ્રશ્ન પૂછતાં પહેલાં જેને ઉત્તર સૂઝી આવે એવી આચાર્યને યોગ્ય જેની બુદ્ધિ હોય તેને 'આશુપ્રજ્ઞ' કૃપાળુદેવે કહ્યા હોય તેવું સમજાય છેજી. એવા પ્રજ્ઞાવંત જીવોના સહવાસથી આપણને શંકા-સમાધાનનું નિમિત્ત બને છે, મોક્ષમાર્ગમાં મદદ મળે છે અને નિઃશંક થવાનું બને છે. તેથી તેમનો વિનય આપણને હિતકારી જાણી પરમકૃપાળુદેવે વિનય જાળવવાનું કહેલું જણાય છેજી. પૂર્વનાં ઘણા પુરુષાર્થના ફળરૂપે તે મહાપુરુષે જે શક્તિ પ્રગટ કરી છે તે



આપણને માત્ર વિનય જેવા નજીવા સાધનથી ઉપકારનું કારણ બને છે. અનેક પ્રકારના ગૂંચવાડામાંથી આપણને બચાવી સીધા મોક્ષમાર્ગ ઉપર લાવી શકે તેવી શક્તિ તેમનામાં હોય છે. ઉત્તરાધ્યયન શાસ્ત્રમાં પહેલું અધ્યયન વિનય વિષે છે તેનું આરાધન કરનાર ક્રમે મોક્ષે જાય છે એમ પણ તે જ શાસ્ત્રમાં છે. 'વિનય ધર્મનું મૂળ છે.'' (પૃ.૧૦૭)

પરમકૃપાળુદેવની નાની ઉંમર હોવા છતાં અનેક ભવની સાધનાના બળે ઉત્તમ જ્ઞાનીપુરુષ હોવાથી પ.પૂ.પ્રભુશ્રીજી કે પૂ.શ્રી સોભાગભાઈ પણ તેમનો વિનય કરતા હતા.

## ૪૪૫. ધર્મકર્તવ્યમાં દ્રવ્ય આપતાં માયા ન કરું.

ધર્મના કામમાં ધન આપતા માયા કરું નહીં. જેમકે મંદિરના કામમાં પૈસા આપવા પડશે એમ વિચારી કહે કે અમારી પાસે આટલા ક્યાં પૈસા છે કે મંદિરમાં આપીએ; વગેરે બહાના કાઢીને માયા કરી ધન આપે નહીં. એમ ધર્મ કર્તવ્યમાં દ્રવ્ય આપતાં માયા કરું નહીં.

**'બોધામૃત ભાગ-૩'માંથી :– ધર્મકાર્યમાં તન મન ધનથી યથાશક્તિ ભાગ લઉં**

''એક પુરાણી દંતકથા સ્મૃતિમાં આવવાથી લખું છું તે વિષે સર્વ વિચાર કરીને પોતાનાથી બને તેટલું પોતાનું હિત કરવા ચૂકશો નહીં.

**એક રાજાનું દૃષ્ટાંત –** એક રાજા હતો. તેણે પોતાની રાજધાનીમાં રહેતા અમીર ઉમરાવોને કોઈ ઉત્સવના પ્રસંગે જમવા આમંત્રણ આપ્યું. પરંતુ તેમને ડર લાગ્યો કે રાજાના આમંત્રણમાં જઈશું તો તે કોઈ કીમતી વસ્તુ માગશે તો આપવી પડશે એમ વિચારી દરેકે કંઈને કંઈ બહાનું કાઢી પરગામ જવાનું નક્કી કર્યું. રાજાએ રસોઈ તથા વરઘોડાની તૈયારી કરાવી છતાં કોઈ અમીર ઉમરાવ કે તેમના પરિવારમાંથી જણાયા નહીં તેથી નગરજનોને રાજાએ કહેવરાવ્યું કે બધા સામાન્ય માણસોને વરઘોડામાં આવવાનું તેમ જ રાજાને ત્યાં જમવાનું આમંત્રણ છે તેથી લોકો રાજી થઈ વરઘોડામાં જવા લાગ્યા. પરંતુ કેટલાક લોકો ફાટેલાં અને કાળાં કપડાં પહેરી આવ્યા હતા તેમને વરઘોડાની શોભા બગાડનારા છે એમ જાણી રાજાએ કેદમાં પૂર્યા. બીજા બધાને જમાડી વિદાય કર્યા.

આ સાદી દંતકથામાં જણાવ્યા પ્રમાણે ઉમરાવો ન આવ્યા તો બીજા બધાને ઉત્તમ જમણનો લાભ મળ્યો, તેમ પૂર્વના પુણ્યને લઈને જેમને વિશેષ લક્ષ્મી મળી છે તેવા મોટા શેઠિયા ધામણ રાજમંદિરના કામમાં ભાગ ન લે તો સામાન્ય ત્યાંના રહેનારને ઉત્તમ જમણની પેઠે તેમને માટે કરેલી રસોઈ આરોગવાનો લાભ મળી ગયો છે એમ જાણી પોતાની પાસે જે સારાં કપડાંરૂપ યથાશક્તિ સામગ્રી હોય તે ધારણ કરીને વરઘોડામાં જવું અને એ મહા કલ્યાણકારી પુણ્યના કામમાં બને તેટલો ટેકો કરવો. તેથી મોટા માણસોને મળવાનો લાભ આપણને અનાયાસ મળી જશે. પણ મેલાં કપડાં પહેરીને જનારથી રાજા નાખુશ થયા ને તેમને કેદમાં પૂર્યા, તેમ તે કામ કરતાં મન મેલાં રાખનારને હાનિ થવાનો સંભવ છે એમ જાણી ઉજ્જ્વળ અંતઃકરણે જો કામ કરવા લાગશો તો શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના મંદિરનું ઉત્તમ પુણ્યદાયક કામ કરવાને સદ્ભાગી થશો. ફરી ફરી આવાં કામ થતાં નથી અને જ્યાં સુધી તેમાં ભક્તિ કરનારા લાભ લેશે ત્યાં સુધી તેમાં મદદ કરનારને પુણ્યનો હિસ્સો મળ્યા કરશે. આવા સત્કાર્યમાં પોતાના ઘરનાં કામ કરતાં વધારે કાળજી રાખવી ઘટે છેજી. કાવિઠામાં કાળજી રાખીને કામ કરનાર મુમુક્ષુઓએ કેવું પ્રભાવનાયોગ્ય દેરાસર કરાવ્યું તે દરેકની નજર આગળ ખડું છે. માત્ર સંપ અને સાચા દિલની લાગણીથી કામ કરનારને



પોતાનું અને ઘણા જીવોનું હિત થાય તેવું કામ સદ્ભાગ્યે મળી આવ્યું છે તે આપણા જીવતાં કરી લેવું. એવો ઉત્સાહ દરેક મુમુક્ષુના મનમાં વસતાં એ કામ તો રમતમાં થઈ જવા જેવું છેજી. પરમાર્થના કામમાં મન પાછું પડે તે પોતાના હિતમાં હાનિ કરવા તુલ્ય છે એમ સમજી આવેલા અવસરનો પૂરેપૂરો લાભ લઈ લેવા આગળ થવું, તત્પર થવું. આમાં કોઈને કહેવું ન પડે તેમ પોતાનું હિત સમજી દરેકે પોતાના આત્માના ઉદ્ધાર માટે લોભ, સ્વાર્થ અને સુખશીળિયો સ્વભાવ તજવો ઘટે છેજી. બને તેટલું ઘસાઈ છૂટવું. જાત મહેનતથી થશે તેટલું બીજા કશાથી નહીં બને. 'પારકી આશ સદા નિરાશ.'' (પૃ.૨૨૪)

## ૪૪૯. નમ્ર વીરત્વથી તત્ત્વ બોધું.

નમ્રતાપૂર્વક શૂરવીરપણે ભગવાને કહેલા નવતત્ત્વાદિ કે છ પદ વગેરેનો જિજ્ઞાસુને બોધ કરું.

**મનસુખભાઈ કીરતચંદના પ્રસંગમાંથી :–**

**શ્રી દુલ્લભજીનું દૃષ્ટાંત –** અહંભાવરહિતપણે નમ્રતાથી શૂરવીરપણે જિજ્ઞાસુને તત્ત્વનો બોધ કરું કે જેથી સામા વ્યક્તિને સચોટ અસર કરી જાય. ''મોરબીમાં કીરતચંદભાઈ સાથે પોસ્ટઑફિસમાં કૃપાળુદેવ, મનસુખભાઈ વગેરે બેઠા હતા. ત્યાં કારકુન તરીકે એક મોરબીના દુલ્લભજી હતા. તેને બીડી પીવાની તલપ થઈ. એ બીડી સળગાવવા જતા હતા ત્યાં તો કૃપાળુદેવે પુછ્યું કે પાઈની કેટલી બીડી આવે? તેણે કહ્યું : ચાર. ત્યારે કૃપાળુદેવે કહ્યું : તો પા પાઈની એક બીડી થઈ. એવી પા પાઈની બીડી માટે હજાર રૂપિયાના રોજવાળો બેરિસ્ટર પણ પોતાને વેચે અર્થાત્ તલપ થતાં આકુળ-વ્યાકુળ થઈ જાય. શ્રી દુલ્લભજી ઉપર આ વચનોની સચોટ અસર થઈ અને તેણે બીડી એકદમ ફેંકી દીધી તથા ફરી નહીં પીવાની પણ પ્રતિજ્ઞા કરી.'' એવું જ્ઞાનીપુરુષના બોધમાં વીરત્વ છે.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૧'માંથી :– કહેલું ન સમજાય તેનો હું શિષ્ય થાઉં**

**શ્રી હરિભદ્રસૂરિનું દૃષ્ટાંત –** ચિત્રકૂટ (ચિતોડગઢ) માં હરિભદ્ર નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે ચૌદ વિદ્યામાં નિપુણ હતો, સર્વ શાસ્ત્રાર્થને જાણનાર હતો, તેથી જાણે પોતાનું પેટ ફાટી જાય તેવી બીક રાખતો હોય તેમ પોતાના પેટપર લોઢાનો પાટો બાંધી રાખતો હતો અને 'જો હું કોઈનું બોલેલું ન સમજું તો હું તેનો શિષ્ય થાઉં' એવી પ્રતિજ્ઞા કરીને તે ફરતો હતો. એકદા તે નગરમાં ફરતો હતો તેવામાં યાકિની નામની સાધ્વીના મુખથી તેણે આ પ્રમાણેની એક ગાથા સાંભળી –

''चक्किदुगं हरिपणगं, पणगं चक्कीण केसवो चक्की ।
केसव चक्की केसव, दुचक्की केसि अ चक्की अ'' ।।१।।

**ભાવાર્થ –** ''પ્રથમ બે ચક્રવર્તી, પછી પાંચ વાસુદેવ, પછી પાંચ ચક્રી, પછી એક વાસુદેવ, પછી એક ચક્રી, પછી એક કેશવ (વાસુદેવ) પછી એક ચક્રી પછી એક કેશવ, પછી બે ચક્રી, પછી એક કેશવ અને પછી એક ચક્રી એ પ્રમાણે બારચક્રી અને નવ વાસુદેવ આ ચોવીશીમાં થયેલા છે.

આ ગાથા સાંભળીને તેનો અર્થ નહીં સમજવાથી તે હરિભદ્રે સાધ્વી પાસે જઈને કહ્યું કે 'હે માતા! આ શું ચિકચિક કરો છો? સાધ્વીએ જવાબ આપ્યો કે 'જે નવું હોય તે ચિકચિક શબ્દ કરે છે; પરંતુ આ તો જૂનું છે.' તે સાંભળીને હરિભદ્રે વિચાર્યું કે 'અહો! આ સાધ્વીએ મને ઉત્તર આપતાં જ જીતી લીધો.' પછી તેણે સાધ્વીને કહ્યું કે 'હે માતા! આ ગાથાનો અર્થ મને કહો.' ત્યારે તે બોલ્યા કે મારા ગુરુ તમને તેનો



અર્થ કહેશે.' તેણે પૂછ્યું કે 'તે ગુરુ ક્યાં છે? ત્યારે સાધ્વી તેને લઈને ગુરુ પાસે ગયા. ત્યાં દેરાસર હતું, તેની અંદર પ્રથમ તેઓ ગયા. ત્યાં શ્રી વીતરાગ દેવની મૂર્તિ જોઈને હરિભદ્રે સ્વયમેવ સ્તુતિ કરી કે –

''वपुरेव तवाचष्टे, भगवन् वीतरागताम्
न हि कोटरसंस्थेऽग्नौ, तरुर्भवति शाड्वलम् '' ।।१।।

**ભાવાર્થ –** ''હે ભગવાન! તમારુ શરીર જ (મૂર્તિજ) તમારા વીતરાગપણાને બતાવી આપે છે; કેમ કે વૃક્ષના કોટરમાં જો અગ્નિ રહેલો હોય તો તે વૃક્ષ નવપલ્લવ દેખાય જ નહીં.''

એ પ્રમાણે સ્તુતિ કરીને તે ગુરુ પાસે ગયો. ગુરુને નમન કરીને તેણે ગાથાનો અર્થ પૂછ્યો, ત્યારે ગુરુએ તેનો નમ્રતાપૂર્વક અર્થ કહ્યો. એટલે પ્રથમ પ્રતિજ્ઞાથી બંધાયેલા તે હરિભદ્રે ગુરુ પાસે દીક્ષા લીધી. ત્યાં તેણે જૈનશાસ્ત્રોનો અભ્યાસ કર્યો; તેથી તેનું સમકિત દૃઢ થયું. અનુક્રમે તેને યોગ્ય જાણી ગુરુએ આચાર્યપદ આપ્યું. (પૃ.૧૧૮)

એમ નમ્ર વીરત્વથી ગુરુએ તત્ત્વ બોધ્યું તો હરીભદ્ર બ્રાહ્મણ જિન દીક્ષા ગ્રહણ કરીને જૈન ધર્મના પ્રભાવક આચાર્ય બન્યા.

## ૪૪૭. પરમહંસની હાંસી કરું નહીં.

પરમહંસ એટલે જેને કંઈ જોઈતું નથી એવા નિઃસ્પૃહ મહાત્મા હોય તેમની હાંસી કરે તો અનંત સંસાર વધી જાય. એવા પરમહંસને શ્રીપાળ રાજાએ પૂર્વભવમાં પાણીમાં ઝબોળ્યા હતા તેથી આ ભવમાં સમુદ્રમાં પડવું પડ્યું. તથા આ સાધુ તો ડુંબ જેવા છે તેથી આપણને અપશુકન થયા એમ કહેવાથી આ ભવમાં તેમને 'ડુંબ'નું પણ કલંક આવ્યું અને કેટલાય દુઃખ ભોગવવા પડ્યા. વિશેષ કર્મો ભોગવવા પડત પણ રાણીના કહેવાથી પૂર્વભવમાં મુનિને પાછા ખમાવ્યા. પશ્ચાત્તાપ કર્યો હતો. તોય આ ભવમાં કોઢ રોગની વેદના વગેરે દુઃખો ભોગવવા પડ્યા. જ્યારે આવા ઉત્તમ પુરુષોની ભક્તિ કરવામાં આવે તો અનંત સંસારનો નાશ થઈ જાય. માટે પરમહંસની કદી હાંસી કરું નહીં.

**'શ્રી આનંદઘનજીના જીવનચરિત્ર'માંથી :– મહાત્માની હાંસીનું ફળ**

**શ્રી આનંદઘનજીનું દૃષ્ટાંત –** ધીમે ધીમે દશા વધતાં આનંદઘનજી આત્માની મસ્તીમાં જ રહેવા લાગ્યા. વેશ ને ગચ્છનો મોહ ઓછો થઈ ગયો. માન અપમાનનાં કૃત્રિમ ધોરણો પણ તે ભૂલી ગયા ને બધી દશામાં એક સરખો આનંદ લેવા લાગ્યા.

માણસો તેમને અવધૂત-યોગી તરીકે ઓળખવા લાગ્યા.

એક દિવસ શાહજાદાએ તેમની મશ્કરી કરી. ''કેમ, સાંઈબાવા! મફતની રોટી પચાવવા જંગલમાં ઘૂમો છો કે? જુવાનીમાં છકેલા આ મુસલમાન ઘોડે સ્વારે મશ્કરીમાં પૂછ્યું. તેને મન સઘળા સાધુ સંતો અને ફકીરો ઢોંગી હતા. મફતના માલમલીદા ખાઈ પૃથ્વીને ભાર રૂપ થનાર હતા.

''ના ભાઈ! ખુદાને ઢૂંઢનારો હું તો માત્ર ખુદાનો અદનો સેવક છું.'' મેલા ઘેલા અને વિચિત્ર છતાં તેજસ્વી લાગતા અવધૂત આનંદઘનજીએ જવાબ આપ્યો.

''અહાહાહા ખુદા? ખુદા વળી છે જ ક્યાં? અને હોય તો પણ તમારા જેવા જોગટાઓને મળતો હશે? તે ઉદ્ધત યુવાને છોકરવાદીપણાનું પ્રદર્શન કર્યું.



''અય મદોન્મત જુવાન! સાધુ સંતોની હાંસી કરવાનું પરિણામ સારું નથી આવતું. માટે ડાહ્યો થઈ ગુપચુપ તારે માર્ગે ચાલ્યો જા.''

''વાહ! તમે તો ભારે ચબરાક ને પાણીવાળા લાગો છો. મહારાજ કાંઈ જાદુ બાદુ કરી હેરાન ન કરતા હો!'' આનંદઘનજીની મશ્કરી કરતાં તે બોલ્યો.

શા માટે બાલચેષ્ટા કરે છે? સંતો અને ફકીરોને પજવીને તું શું સાર કાઢીશ?''

''અય સાંઈબાબા! જોયા જોયા, તમારા જેવા સંત ને ફકીરો. તમે મને શું કરવાના હતા? તમારા જેવા સેંકડોને મેં સીધા કરી દીધા છે સમજ્યા? મને ઓળખો છો? હું દીલ્હીના તખ્તે તાજનો શાહજાદો (બાદશાહનો પુત્ર) તમારાથી થાય તે કરી લો.''

''હું મારે માર્ગે જાઉં છું. તેમાં શા માટે દખલ કરે છે? તું શાહજાદો હોય કે ખુદ બાદશાહ હોય તેની મને કાંઈ પરવાહ નથી.''

''હં પરવાહ નથી? આમ કહી તે વધુને વધુ મશ્કરી કરવા લાગ્યો. આનંદઘનજીએ મનમાં વિચાર કર્યો કે ધનસત્તા ને જોબનથી અંધ બનેલ આ શાહજાદો એમ માનવાનો નથી. અન્ય સાધુ સંતોને પણ તે રીતે હમેશાં પજવતો હશે માટે તેને જરા પરચો બતાવવો જોઈએ જેથી ભવિષ્યમાં કોઈનું નામ ન લે.

આમ વિચારી તેમણે પોતાનો જમણો હાથ ઊંચો કર્યો અને બોલ્યા : ''બાદશાહકા બેટા ખડા રહે.''

અધધધ! આ શો ચમત્કાર! એમના મુખમાંથી શબ્દો નીકળતાં જ શાહજાદાનો ઘોડો એકાએક અટકી પડ્યો. ગમે તેટલા ચાબુક મારવા છતાં ઘોડો ન હાલી શકે કે ન ચાલી શકે.

ઘોડાની પીઠ પર શાહજાદો પણ ચોંટી ગયો. ઊંચો નીચો થવા ઘણાંય ફાંફા મારે પણ ચસ્કાય શાનું! કલાક થયો, બે કલાક થયા, ત્રણ કલાક થયા એટલે શાહજાદાના અંગરક્ષકો તેને શોધવા નીકળ્યા. આવીને જુએ તો શાહજાદો ને ઘોડો બંને સ્થિર થઈ ગયા છે. કારણ પૂછતાં શાહજાદે જણાવ્યું કે એક યતિની મશ્કરી કરતાં આ દશા થઈ છે અને તે તો 'બાદશાહકા બેટા ખડા રહે' એમ કહી ઉત્તર તરફ ચાલ્યા ગયા છે. એ હકીકત સાંભળી સૈનિકોએ પોતાના ઘોડા તે દિશામાં મારી મૂક્યા. તપાસ કરતાં તેમની નજરે એક ભાંગી તૂટી ગુફા પડી.



ત્યાં જઈ અંદર જુએ છે તો કોઈ મહાત્મા પદ્માસન લગાવીને ધ્યાન ધરી રહ્યા છે. એમના મુખ પર કોઈ અજબ પ્રકારની રોશની ઝળકી રહી છે. તેમને જોતાં જ પેલા સૈનિકોને લાગ્યું કે શાહજાદાએ જેમની છેડતી કરી હતી તેજ આ મહાત્મા હોવા જોઈએ. તેઓ ઘણી જ નમ્રતાથી યતિની પાસે ગયા. સાષ્ટાંગ પ્રણામ કરી તેમની આજુબાજુ બેસી ગયા. મહાત્માનું ધ્યાન પુરુ થયું ને આંખો ઊઘડી ને આજુબાજુ સિપાઈઓને જોઈ તે બોલ્યા :

'વત્સો! શાહજાદા પાસેથી આવ્યા લાગો છો. કહો શું સમાચાર છે.' મહાત્માના અવાજમાં



અદ્‌ભુત મીઠાશ હતી. કોઈ ગેબી ફિરસ્તો બોલતો હોય તેવું ક્ષણભર સૈનિકોને લાગ્યું. પોતાના અંતરની વાત મહાત્મા શી રીતે કળી ગયા તે તેમને ન સમજાયું.

''પ્રભો! શાહજાદો અને તેનો ઘોડો ચોંટી ગયા છે. હાલત ઘણી જ કફોડી છે. તેની અજ્ઞાનતા બેવકૂફી તરફ ન જોતાં તેના પર અનુગ્રહ કરો, તેને પુરતી શિક્ષા થઈ ચૂકી છે.''

''શાહજાદા પર અનુગ્રહ જ છે. તેને કહેજો કે સાધુ સંતોની ફરી કોઈ દિવસ છેડતી ન કરે. જાવ આનંદઘનનો બોલ છે કે બાદશાહકા બેટા ચલેગા.''

ધન્ય પ્રભો! આપનો અમારા પર મોટો અહેશાન થયો. એમ કહી નમસ્કાર કરી તેઓ ગુફાની બહાર નીકળ્યા. મારતે ઘોડે આવીને જુએ છે તો શાહજાદો ચાલવા લાગેલો. આ ચમત્કાર જોઈ સઘળા અજબ થઈ ગયા. આનંદઘનજી વિષે લોકોમાં ઘણી ઘણી વાતો ચાલતી પણ તેમનો પ્રત્યક્ષ અનુભવ ઘણા થોડાને જ થતો. આ બનાવથી લોકોમાં ભારે સનસનાટી ફેલાતી ગઈ અને તેમના વિષે તરેહ તરેહની વાતો ચાલવા લાગી. (પૃ.૬)

## ૪૪૮. આદર્શ જોઉં નહીં.

આદર્શ એટલે અરીસો. અરીસામાં જોવાથી પોતાના રૂપનો જીવને મોહ થાય કે હું રૂપાળો છું અથવા હું સુંદર કેમ દેખાઉં તેના માટે પ્રયત્ન કરે. તેથી પરમકૃપાળુદેવ કહે છે કે અરીસામાં જોઉં નહીં.

**શ્રી સાકરબેનનું દૃષ્ટાંત –** પ.પૂ.પ્રભુશ્રીજીના સમયમાં બ્રહ્મચારી બહેન શ્રી સાકરબેન અગાસ આશ્રમમાં અવારનવાર આવતા. પૂ. પ્રભુશ્રીજીના દેહત્યાગ પછી બે વર્ષે કાયમ માટે આશ્રમમાં આવીને રહ્યા હતાં. તેમણે નક્કી કર્યું હતું કે મારે અરીસો જોવો નહીં. તેથી જીવનપર્યંત એમણે અરીસામાં મોઢું જોયું નહોતું.

## ૪૪૯. આદર્શમાં જોઈ હસું નહીં.

અરીસામાં જોઈને હસવું તે મોહ વૃદ્ધિનું કારણ છે. આ કાળમાં મોહ બહુ વધ્યો છે. ઘરમાં અનેક અરીસા નખાવે. તે બધા મોહ પોષવાના સાધનો છે. અરીસામાં નીરખી નીરખીને જુએ અને મોહ પામે. શરીર ઉપરની મૂર્ચ્છા ઘટાડવા એને બહુ નીરખું નહીં કે એની બહુ સુશ્રુષા કરું નહીં. આત્મજ્ઞાની મુનિઓ તો એ શરીરની બિલકુલ સંભાળ લેતા નથી.

## ૪૫૦. પ્રવાહી પદાર્થમાં મોઢું જોઉં નહીં.

પાણી વગેરે પ્રવાહી પદાર્થમાં મોઢું જોવાથી પણ દેહભાવ પોષાય કે હું કેવો રૂપાળો છું વગેરે. માટે કોઈ પ્રવાહી પદાર્થમાં પણ મોઢું જોઉં નહીં.

## ૪૫૧. છબી પડાવું નહીં.

અરીસામાં મોઢું જોવું, પાણીમાં મોઢું જોવું કે ફોટો પડાવવો એ બધા મોહભાવ અથવા દેહભાવ પોષવાના કારણો છે. ફોટો પડાવ્યા પછી તેને ફ્રેમમાં મઢી હૉલમાં કે રૂમમાં મૂકે. હરતાં ફરતાં જુએ અને જે દેહ પોતાનો નથી એવા દેહની આકૃતિ જોઈને રાજી થાય અને મોહ કરી કર્મ બાંધે. માટે આ દેહની છબી પડાવવાનો મોહ રાખું નહીં.

## ૪૫૨. અયોગ્ય છબી પડાવું નહીં.

વર્તમાનમાં લોકો લગ્ન વગેરેના પ્રસંગોમાં એકબીજાને મોહ વધે એવા અયોગ્ય રીતે ફોટાઓ



પડાવે છે અને મોહને પોષે છે. ટેલીવીઝનમાં પણ અયોગ્ય રીતે ફોટાઓ લઈ આખી દુનિયાને બતાવે. તેથી જગતવાસી જીવો પણ મોહાંધ બની રહે છે. માટે પરમકૃપાળુદેવ કહે છે કે ફોટાઓનો મોહ ન છૂટતો હોય, તો પણ અયોગ્ય રીતે છબી પડાવું નહીં.

## ૪૫૩. અધિકારનો ગેરઉપયોગ કરું નહીં.

કોઈપણ જાતનો આપણને અધિકાર મળ્યો હોય તો વિચારવું કે મારાથી સ્વાર્થવશ કોઈ અન્યાય તો થતો નથી. સજ્જનોની રક્ષા અને દુર્જનને શિક્ષા એ ન્યાયીપુરુષનો ધર્મ છે. અધિકારનો ગેર ઉપયોગ થવાથી સંસારની વૃદ્ધિ થાય છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''અધિકારથી પરતંત્રતા કે અમલમદ અને એથી જુલમ, અનીતિ, લાંચ તેમજ અન્યાય કરવા પડે છે કે થાય છે; કહો ત્યારે એમાંથી મહત્તા શાની થાય છે? માત્ર પાપજન્ય કર્મની. પાપી કર્મ વડે આત્માની નીચ ગતિ થાય છે; નીચ ગતિ છે ત્યાં મહત્તા નથી પણ લઘુતા છે.'' (વ.પૃ.૬૯)

''ઐશ્વર્ય પ્રાપ્ત થતાં તેને ધક્કો મારીને પાછું કાઢું કે 'આ મારે જોઈતું નથી; મારે આને શું કરવું છે?' કોઈ રાજા પ્રધાનપણું આપે તોપણ પોતે લેવા ઇચ્છે નહીં.'મારે એને શું કરવું છે? ઘરસંબંધીની આટલી ઉપાધિ થાય તો ઘણી છે.' આવી રીતે ના પાડે; ઐશ્વર્ય પદની નિરિચ્છા છતાં રાજા ફરી ફરી આપવા ઇચ્છે તેને લીધે આવી પડે, તો તેને વિચાર થાય કે 'જો તારે પ્રધાનપણું હશે તો ઘણા જીવોની દયા પળાશે, હિંસા ઓછી થશે, પુસ્તકશાળાઓ થશે, પુસ્તકો છપાવાશે.' એવા ધર્મના કેટલાક હેતુ જાણીને વૈરાગ્યભાવનાએ વેદે તેને ઉદય કહેવાય. ઇચ્છાસહિત ભોગવે અને ઉદય કહે તો તે શિથિલતાના અને સંસાર રઝળવાના હેતુ થાય.'' (વ.પૃ.૬૯૫)

**નમુચિ મંત્રીનું દૃષ્ટાંત – દુષ્ટ બુદ્ધિ મંત્રીએ સત્તાનો દુરુપયોગ કર્યો.** હસ્તિનાપુરમાં પદ્મોત્તર રાજા ચક્રવર્તી હતા. તેમનો મંત્રી નમુચિ દુષ્ટ બુદ્ધિનો હતો. તે એકવાર લડાઈ કરીને જીત મેળવી આવ્યો. તેથી ખુશ થઈ રાજાએ વરદાન માંગવા જણાવ્યું. તે તેણે થાપણ રાખ્યું. હવે સાતસો મુનિઓ પોતાના ગુરુ સુવ્રતાચાર્ય સાથે આ નગરમાં આવ્યા જાણી પૂર્વનું વેર વાળવા તેણે રાજા પાસે વરદાનમાં સાત દિવસ માટેનું રાજ્ય માંગ્યું. ત્યારે પદ્મોત્તર રાજા વચનબદ્ધ હોવાથી તે આપવું પડ્યું. તેણે રાજ્ય સત્તાનો દુરુપયોગ કરી આ સાધુઓને કહ્યું કે તમે મારા રાજ્યમાંથી ચાલ્યા જાઓ. એમણે કહ્યું અમે ચોમાસું બેસી જવાથી વિહાર કરી શકીએ એમ નથી. નમુચિને કોઈપણ રીતે એમને મારવાનો ઇરાદો હતો. તેથી એક મુનિએ લબ્ધિધારી એવા વિષ્ણુકુમાર મુનિ પાસે જઈ આ બધી વાત કરી. તેમણે આવીને તે ઉપસર્ગ દૂર કર્યો હતો. એમ મળેલ અધિકારનો દૂર ઉપયોગ કરું નહીં પણ સદ્ઉપયોગ કરી બીજાને સુખી કરું.

પહેલાના વખતમાં રાજા, મંત્રી વગેરે છૂપા વેશે રાત્રે ગામમાં ફરતા અને પોતા વિષે કે રાજ્યસંબંધી લોકોનો શો અભિપ્રાય છે અથવા શું ચાલી રહ્યું છે તે જાણતા, અને કોઈ દુઃખી હોય તેને મદદ કરતા; પણ સત્તાનો ગેર ઉપયોગ કરતા નહીં.

## ૪૫૪. ખોટી હા કહું નહીં.

મારાથી કરી શકાય એવા કામની જ હા કહું. નહીં તો ખોટી હા ભરું નહીં. વચન આપીને તે ન



કરવાથી પોતાની કિંમત ઘટે અને સામા માણસને પણ દુઃખનું કારણ થાય. માટે ખોટી હા કહું નહીં.

## ૪૫૫. ક્લેશને ઉત્તેજન આપું નહીં.

ક્લેશના નિમિત્ત બની આવે તો પણ તેને ઉત્તેજન આપું નહીં. જેમકે ચાર જણ બેઠા હોય. ત્યાં કોઈ નવીન વ્યક્તિ આવીને ગમે તેમ બોલી જાય, તે વખતે જેના કષાય તીવ્ર હોય તે ક્લેશને ઉત્તેજન આપી મોટું રૂપ કરી દે. બીજાને વળી થોડો ક્લેશ થાય કે આણે આમ કહેવું ન જોઈએ. ત્રીજાને એમ પણ થાય કે એણે કહ્યું એમાં આપણું શું બગડી ગયું, એનું જ મોઢું ખરાબ થયું અને ચોથાને કે જેના કષાય ઘણા મંદ હોય તેને એમ થાય કે ભગવાન એને શાંતિ આપે જેથી એ પણ સુખી થાય. એમ હું પણ વિચારીને ક્લેશને ઉત્તેજન આપું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''કોઈપણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી.''

''પૃથ્વી સંબંધી ક્લેશ થાય તો એમ સમજી લેજે કે તે સાથે આવવાની નથી; ઊલટો હું તેને દેહ આપી જવાનો છું; વળી તે કંઈ મૂલ્યવાન નથી. સ્ત્રી સંબંધી ક્લેશ, શંકા ભાવ થાય તો આમ સમજી અન્ય ભોક્તા પ્રત્યે હસજે કે તે મળમૂત્રની ખાણમાં મોહી પડ્યો, (જે વસ્તુનો આપણે નિત્ય ત્યાગ કરીએ છીએ તેમાં) ધન સંબંધી નિરાશા કે ક્લેશ થાય તો તે ઊંચી જાતના કાંકરા છે એમ સમજી સંતોષ રાખજે; ક્રમે કરીને તો તું નિઃસ્પૃહી થઈ શકીશ.'' (વ.પૃ.૧૬૫)

''જે વસ્તુનુ માહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી.'' (વ.પૃ.૩૭૮)

**'ઉપદેશામૃત'માંથી :–** ''પ્રભુશ્રી - કોઈએ ગાળ દીધી. એક કહે, મને ગાળ લાગતી નથી; અને બીજો કહે, મને ગાળ લાગી, અને મારામારી કરી. ગાળ ક્યાં લાગવાની હતી? એકે અજ્ઞાનભાવ કર્યો તેથી અજ્ઞાની કહેવાયો; બીજાએ જ્ઞાનભાવ કર્યો તેથી જ્ઞાની કહેવાયો. ફેરવવાનું શું છે? સમજણ. એકે દેહને પોતાનો માન્યો, ઘર કુટુંબ પોતાનું માન્યું. 'મારું' કહેવા છતાં તેનું થયું નથી, થતું નથી, માત્ર માન્યું છે તેથી અજ્ઞાની કહેવાયો. તે માન્યતા જેને ન હોય તે જ્ઞાની કહેવાય. બેય આત્મા. એકને જ્ઞાની કહ્યો, એકને અજ્ઞાની કહ્યો. વિચારી જુઓ, આત્મા ક્યાં રહ્યો છે? માન્યતા ફેરવવાની છે, શ્રદ્ધા કરવાની છે. કરોડો રૂપિયા મળે તેથી પણ સમજણ વધારે કિંમતની છે. સત્સંગથી સમજણ ફરે છે. તેની કિંમત કહેવાય તેવી નથી. રૂપિયા મળ્યા તે સાથે આવવાનાં નથી; સમજણ સાથે આવે છે. તેની કિંમત અપાર છે. તે કરી લેવાની છે.'' (પૃ.૪૫૦)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''ક્લેશનાં કારણો નિર્મૂળ કરવા તરફ દરેક મુમુક્ષુએ લક્ષ રાખવા યોગ્ય છેજી. કુટુંબમાં, મંડળમાં, ગામમાં, નાતમાં, દેશમાં જેમ ક્લેશ ઓછો થાય તેમ કરવાની વૃત્તિ રાખવાથી ધર્મ પ્રગટવાનું કારણ બને છેજી. પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ નાસિકના બોધમાં છેલ્લી એ જ શિખામણ દીધી છે - ''સંપ રાખવો અને સત્સંગ કરવો.'' (પૃ.૩૫૨)

**'ધર્મામૃત'માંથી :– ભયંકર ક્લેશિત પરિણામવાળા જીવો નરકે જાય**

**ગોપવતીનું દૃષ્ટાંત –** ગોપવતી બહુ દુષ્ટ સ્વભાવની હતી. તેના પતિ સિંહબલે તેને પૂછ્યા વિના સિંહસેન ચૌધરીની પુત્રી સુભદ્રા સાથે બીજું લગ્ન કર્યું. આથી ગુસ્સે થઈને ગોપવતી રાત્રે સુભદ્રાને ત્યાં જઈ તેનું માથું કાપીને સંતાડી રાખ્યું. પછી સિંહબલ સુભદ્રાના મરણથી બહુ ઉદાસ રહેવા લાગ્યો



ત્યારે એક દિવસ ગોપવતીએ ચિડાઈને તેની થાળીમાં સુભદ્રાનું માથું લાવીને નાખ્યું, તે જોઈને ભય પામી સિંહબલ નાસવા લાગ્યો, તેની પાછળ દોડતી ગોપવતીએ ભાલો મારીને તેને પણ મારી નાખ્યો. (પૃ.૧૫૪)

**'દૃષ્ટાંતશતક'માંથી :–** કેટલાક પુરુષો સ્ત્રીજિત હોય છે. તેઓ સ્ત્રીઓના ખેલ ન સમજીને તેમનાં મીઠાં વચનથી ભોળવાઈ જાય છે અને પછી જેમ નચાવે તેમ નાચે છે. આવા સ્ત્રીવશ પુરુષો મિત્રતા કરવા યોગ્ય નથી; કેમકે સ્ત્રીના કહેવાથી કયે વખતે શું કરશે એનો કાંઈ નિયમ નથી. ગમે તેવું અઘટિત કાર્ય તેઓ પોતાની ઇચ્છા વગર પણ સ્ત્રીની ઇચ્છાને આધીન થઈને કરે છે. બીજી એક વાત પણ આ દૃષ્ટાંત પરથી ફલિત થાય છે કે, ખરાબ સ્ત્રીઓ પોતાના સ્વાર્થ માટે પોતાના ધણીને, મિત્ર, ભાઈ, બહેન અને ટૂંકમાં બધા જ સંબંધીઓ સાથે હરકોઈ પ્રકારે વેર કરાવે છે અને હરકોઈ બહાને તેના કાનમાં ઝેરના ટીપાં નાખ્યા જ કરે છે. આમ ક્લેશના કારણો ઊભા કરીને પોતાના ધણીને ઘણીવાર ભારે અગવડમાં મૂકી દે છે અને પોતાનું પણ નુકસાન કરે છે. માટે સ્ત્રીના મોહમાં પડી ક્લેશના કારણોને ઉત્તેજન આપું નહીં. (પૃ.૮૮)

**'જૈન હિતોપદેશ ભાગ-૧'માંથી :–** કલહ એ કેવળ દુઃખનું જ મૂળ છે. જે ઘરમાં નિત્ય ક્લેશ થાય છે, ત્યાંથી લક્ષ્મી પણ દૂર થઈ જાય છે. માટે બનતા સુધી ક્લેશ થવા દેવો નહીં, છતાં થયો તો તેને વધવા નહીં દેતાં સમાવી દેવો. નાનાએ મોટાની ક્ષમા માગવી, છતાં નાના માન મૂકીને ક્ષમા માગે નહીં તો મોટાએ પોતે જઈ નાનાને ખમાવવો, જેથી લઘુને શરમાઈને અવશ્ય ખમવું અને ખમાવવું પડે. ક્લેશને નિવારવાની ''ક્ષમાપના'' કે ખામણા કરવારૂપ જિન શાસનની નીતિ અતિ ઉત્તમ છે. જેઓ તે મુજબ વિવેકથી વર્તે તેમને સર્વત્ર સુખ છે અને જેઓ તેથી વિરુદ્ધ વર્તે તેમને સર્વત્ર દુઃખ છે. (પૃ.૭૧)

## ૪૫૬. નિંદા કરું નહીં.

જે પોતાને મોટા માને તે પરની નિંદા કરે. માટે કોઈની નિંદા કરું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''પરનિંદા એ જ સબળ પાપ માનવું. (વ.પૃ.૧૪)

**'પૂ.શ્રી બ્રહ્મચારીજીની હસ્તલિખિત ડાયરી ૧૯ ક'માંથી -**

**''પરનિંદા પરનારી અરૂ, પરદ્રવ્યનકી આશ;**
**છોડી તીનો બાતકું, ભજો એક અવિનાશ.**
**કંચન તજવો સુલભ હૈ, સુલભ ત્રિયા કો નેહ;**
**નિંદા સ્તુતિ ત્યાગવો, તુલસી દુર્લભ એહ.**
**લેનેકું હરનામ હૈ, દેનેકું અન્ન દાન;**
**તરનેકું આધીનતા, બુડનેકું અભિમાન.''** (પૃ.૩૨)

## ૪૫૭. કર્તવ્ય નિયમ ચૂકું નહીં.

પ્રતિદિન કરવા યોગ્ય નિયમ લીધો હોય તે ચૂકું નહીં. જેમકે દિવસમાં ૧૫ મિનિટ વાંચન કરવાનો કે અમુક ભક્તિ કરવાનો નિયમ લીધો હોય તો તે આપણું કર્તવ્ય સમજી કદી ચૂકું નહીં. અથવા સાત વ્યસન કે સાત અભક્ષ્યનો અથવા કંદમૂળનો કે રાત્રિભોજન આદિના ત્યાગનો નિયમ લીધો હોય તો તેને દૃઢતાપૂર્વક પાળું. પણ કર્તવ્ય નિયમ ચૂકું નહીં.



**નાના બાળકનું દૃષ્ટાંત – કર્તવ્ય નિયમ પ્રત્યે ટેકનું ફળ.** પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના વખતમાં એક નાનો છોકરો ત્રણ પાઠ અને માળાનો નિયમ લઈને ગયો. તે રોજ નિત્ય નિયમ કરતો હતો. એક દિવસ સવારમાં વહેલો ઊઠી શિયાળો હોવાથી ચૂલા પાસે આવીને બેઠો. પછી ત્રણ પાઠ અને માળા કરી. માએ પૂછ્યું કે કેમ આજે આટલી વહેલી ભક્તિ કરી. બાળકે કહ્યું : મારા મનમાં એમ થયું કે આજે હમણાં જ ભક્તિ કરી લઉં. એમ કહી પાછો સૂઈ ગયો. થોડીવાર પછી એની માએ બોલાવ્યો પણ બોલે જ નહીં. પાસે જઈને જોયું તો એનો દેહ છૂટી ગયો હતો. એમ જેને નિયમ પ્રત્યે આદર સદ્ભાવ છે તથા કર્તવ્ય નિયમ ચૂકતા નથી, તેને અંત સમયે રહસ્યભૂત મતિ પ્રગટ થાય છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''સવારમાં ઊઠી ઈર્યાપથિકી પ્રતિક્રમી રાત્રિ-દિવસ જે કંઈ અઢાર પાપસ્થાનકમાં પ્રવૃત્તિ થઈ હોય, સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્ર સંબંધી તથા પંચપરમપદ સંબંધી જે કંઈ અપરાધ થયો હોય, કોઈપણ જીવ પ્રતિ કિંચિત્માત્ર પણ અપરાધ કર્યો હોય, તે જાણતાં અજાણતાં થયો હોય, તે સર્વ ક્ષમાવવા, તેને નિંદવા, આત્મમાંથી તે અપરાધ વિસર્જન કરી નિઃશલ્ય થવું. રાત્રિએ શયન કરતી વખતે પણ એ જ પ્રમાણે કરવું.

શ્રી સત્પુરુષનાં દર્શન કરી ચાર ઘડી માટે સર્વ સાવદ્ય વ્યાપારથી નિવર્તી એક આસન પર સ્થિતિ કરવી. તે સમયમાં 'પરમગુરુ' એ શબ્દની પાંચ માળાઓ ગણી બે ઘડી સુધી સત્શાસ્ત્રનું અધ્યયન કરવું. ત્યાર પછી એક ઘડી કાયોત્સર્ગ કરી શ્રી સત્પુરુષોનાં વચનોનું તે કાયોત્સર્ગમાં રટણ કરી સદ્વૃત્તિનું અનુસંધાન કરવું. ત્યાર પછી અડધી ઘડીમાં ભક્તિની વૃત્તિ ઉજમાળ કરનારાં એવા પદો (આજ્ઞાનુસાર) ઉચ્ચારવાં. અડધી ઘડીમાં 'પરમગુરુ' શબ્દનું કાયોત્સર્ગરૂપે રટણ કરવું, અને 'સર્વજ્ઞદેવ' એ નામની પાંચ માળા ગણવી.'' (વ.પૃ.૬૭૪)

આપણા માટે પ.પૂ.પ્રભુશ્રીજીએ દીર્ઘદૃષ્ટિથી અગાસ આશ્રમમાં ભક્તિસ્વાધ્યાયના કર્તવ્ય નિયમની યોજના કરી છે, તેમાં ઉપરોક્ત નિત્યનિયમ સમાઈ જાય છે માટે તે ચૂકું નહીં; પણ યથાશક્તિ આરાધું.

## ૪૫૮. દિનચર્યાનો ગેરઉપયોગ કરું નહીં.

સવારના ઊઠીને વિચારે કે આજે મારે સમયનો દુરઉપયોગ કરવો નથી. સાંજે પોતાની દિનચર્યા તપાસે કે આજે મેં શું શું કર્યું? ક્યાં ક્યાં ગયો? ત્યાં ન ગયો હોત તો ચાલત કે નહીં? તથા દિનચર્યાની નોટ રાખી તેમાં પોતે આખા દિવસમાં શું શું કર્યું તેની નોંધ રાખે તો ખબર પડે કે આજના દિવસનો ગેરઉપયોગ થયો છે કે નહીં?

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''ચક્રવર્તીની સમસ્ત સંપદા કરતાં પણ મનુષ્યભવની એક પળ પણ વિશેષ મૂલ્યવાન છે. એવા મનુષ્યભવના રત્નખચિત આભૂષણ જેવા દિવસોના દિવસો ઉપરાઉપરી ચાલ્યા જાય છે, પણ જીવને તેનો સદુપયોગ કરી લેવાનું સુઝતું નથી એ વારંવાર વિચારવા જેવું છે. આવા ને આવા દિવસો સદાય રહેતા નથી એમ જાણ્યા છતાં, વૃદ્ધાવસ્થા, રોગ અને મરણનું અવશ્ય આવવું છે એમ જાણ્યા છતાં જીવને વિચાર સરખો નથી આવતો કે પૂર્વપુણ્યની કમાણીને લીધે અત્યારે આ મનુષ્યભવની પ્રાપ્તિ થઈ, ઉત્તમ કુળમાં જન્મ થયો, ધારે તો ઘણો પુરુષાર્થ કરી શકે તેવી શરીર, મન, વચન, ધન, ધર્મ આદિની શુભ જોગવાઈ મળી છે. નિરોગ અવસ્થા અને જુવાનીની સાથે લગી જોગવાઈ ફરી ફરી પ્રાપ્ત થતી નથી.'' (બો.૩ પૃ.૪૨)



"પાઘડીને છેડે કસબ" એવી કહેવત છે તેમ અનાદિકાળના પરિભ્રમણમાં આ મનુષ્યભવ પ્રાપ્ત થયો છે તે મહા દુર્લભ વસ્તુ છે. તેની કિંમત જીવને સમજાઈ નથી તેથી ગમે તેમ આ જીંદગીની અમૂલ્ય પળો જીવ વેડફી ઉરાડી દે છે. તેમ ન બને માટે પરમકૃપાળુદેવે પ્રથમ જ પુષ્પમાળા-૬૫માં જણાવ્યું છે કે "વખત અમૂલ્ય છે, એ વાત વિચારી આજના દિવસની ૨,૧૬,૦૦૦ વિપળનો ઉપયોગ કરજે." વળી એક પત્રમાં જણાવ્યું છે કે ચક્રવર્તીની સમસ્ત સંપદા કરતાં મનુષ્યભવનો એક સમય વિશેષ મૂલ્યવાન છે, પણ જો તે દેહાર્થે ગાળવામાં આવે તો ફૂટી બદામની કિંમતનો પણ નથી. આટલો બધો ભાર દઈને તે પરમકૃપાળુ પ્રભુએ આપણને ચેતાવ્યા છે કે પૈસા પાછળ ચિત્ત દોડાવી પશુ સમાન જીવન ગાળવું સમજુ માણસને પાલવે તેમ નથી. ઉપર જણાવ્યું છે તેમ રત્નચિંતામણિ જેવી ૨,૧૬,૦૦૦ વિપળનો વેપાર દરરોજ આ ભવમાં મનુષ્યને કરવાનો છે, તો તેની આગળ લક્ષાધિપતિનો પણ હિસાબ નથી. મોક્ષનું સાધન કરવા અર્થે આ મનુષ્યભવ છે એમ જેને સમજાયું હોય તેને નકામો વહી જતો કાળ કેટલો વસમો લાગે? લાખો રૂપિયા વેપારમાં જેને ખોટ આવી હોય અને જેમ ખાવું, પીવું, ગમ્મત કરવી તેને ન ગમે તેમ જેના દિલમાં વૈરાગ્યની જાગૃતિ હોય તેને આ મનુષ્યભવ કેવા પ્રકારે ગાળવો જોઈએ અને કેવી રીતે આજ સુધી કાળ વહ્યો ગયો અને હવે કેમ તેનો દુરુપયોગ ઘટાડવો તેની ચિંતવનામાં તેને તુચ્છ ઇંદ્રિયાધીન સુખોમાં કેમ ગોઠે? કેમ આ ઇંદ્રજાલ જેવા ઠગારા જગતમાં ગમ્મત લાગે ?" (બો.૩ પૃ.૫૧)

"અઢાર પાપસ્થાનક તમને મુખપાઠ તો હશે, પણ રોજ લક્ષ રાખીને દિવસે થયેલા દોષો તેને અનુસરીને જોઈ જવાનો અભ્યાસ રાખશોજી. દરેક દોષ વખતે આખા દિવસના ભાવો પ્રત્યે નજર નાખી જવાનું બનશે એટલે અઢાર વખત દિવસના કાર્યો તપાસવાનો પ્રસંગ આવશે તો દિવસે દિવસે ભાવ સુધરતા જવાનો સંભવ છેજી. જેને પોતાનું જીવન સુધારવું છે તેને તો પરમકૃપાળુદેવનાં વચનામૃત સર્વોપરી સહાય કરનાર છેજી." (બો.૩ પૃ.૬૪૩)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** "મૂઢ પુરુષો - જેને મોહ વિશેષ છે તેથી ધર્મ પ્રત્યે મૂઢ બેભાન જેવા છે. તેઓને સમયની કંઈ પડી નથી. તેઓ અમુક વખત ખાવામાં, અમુક વખત કમાવવામાં, અમુક વખત ઊંઘવામાં અને બાકી વખત રહે તો ચાર પ્રકારની વિકથા તથા રંગરાગ એટલે મોજશોખ વગેરેમાં ગુમાવી દે છે. તેથી તેઓને અધોગતિ કે જ્યાં ધર્મ કર્તવ્ય ન થાય એવી ગતિમાં જવું પડે છે." (પૃ.૧૧૧)

"૨૦ ઘડી=૮ કલાક ઘણા ખરા લોકો નિદ્રામાં ગાળે છે. રાત્રે ૧૦ થી ૬ સામાન્યપણે નિદ્રાકાળ હોય છે. બાકીની ૪૦ ઘડી ઉપાધિ, ટેલટપ્પા વગેરેમાં ગાળે છે, મૂઢના જેવું પ્રવર્તન થાય છે. મોટા ભાગના માણસો હાલમાં આ પ્રમાણે વખત ગાળે છે. તેમાંથી બે ચાર ઘડી જો ધર્મકર્તવ્ય માટે કાઢે તો એનું પરિણામ ઘણું સારું આવે." (પૃ.૧૧૧)

## ૪૫૯. ઉત્તમ શક્તિને સાધ્ય કરું.

જ્ઞાનાવરણીય કર્મ ક્ષય થવાથી આત્માની અનંતજ્ઞાન શક્તિ પ્રગટ થાય છે. દર્શનાવરણીય કર્મ ક્ષય થવાથી અનંતદર્શનરૂપ આત્મશક્તિ પ્રગટ થાય છે. વેદનીય કર્મ ક્ષય થવાથી અવ્યાબાધરૂપ આત્મશક્તિ પ્રગટે છે. મોહનીય કર્મ ક્ષય થવાથી અનંતસુખરૂપ આત્મશક્તિ પ્રગટ થાય છે. નામકર્મ ક્ષય થવાથી અમૂર્તિરૂપ દિવ્યશક્તિ પ્રગટ થાય છે. ગોત્રકર્મ ક્ષય થવાથી અટલ અવગાહનારૂપ આત્મશક્તિ પ્રગટે છે.



આયુષ્યકર્મ ક્ષય થવાથી અક્ષયસ્થિતિરૂપ આત્મશક્તિ પ્રગટ થાય છે. અંતરાયકર્મ ક્ષય થવાથી અનંત દાન શક્તિ પ્રગટે છે. આત્મામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય આદિ શક્તિઓ રહેલી છે. તેને પ્રગટ કરવા માટે ભક્તિ, સ્વાધ્યાય વગેરેનો પુરુષાર્થ કરું. એમ આત્માની જે અનંત શક્તિઓ છે તેને સાધ્ય એટલે પ્રાપ્ત કરવા માટે હમેશાં પ્રયત્નશીલ રહું. ગજસુકુમાર જેવા પોતાની આત્મશક્તિને બે ઘડીમાં સાધ્ય કરી કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા. તે નીચે મુજબ —

**'શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૮'માંથી :— ગજકુમારની ઉત્તમ ક્ષમા**

**ગજસુકુમારનું દૃષ્ટાંત —** દેવકી બોલ્યાં - હે કૃષ્ણ! તમે બાળપણામાં નંદને ઘેર મોટા થયા, અને તમારા અગ્રજ છ સહોદર નાગસાર્થવાહને ઘેર ઉછર્યા; મેં તો સાતમાંથી એક પુત્રને પણ બાલ્યકાળમાં લાલિત કર્યો નહીં; તેથી હે વત્સ! બાળકનું લાલનપાલન કરવાની ઇચ્છાવાળી હું પુત્રને ઇચ્છું છું.

માતાનાં આવાં વચન સાંભળી 'હું તમારો મનોરથ પૂરો કરીશ' એમ કહી કૃષ્ણે સૌધર્મ ઇંદ્રના સેનાપતિ નૈગમેષી દેવની આરાધના કરી. દેવ પ્રત્યક્ષ થઈને બોલ્યો - 'હે ભદ્ર! તમારી માતાને આઠમો પુત્ર થશે, પણ જ્યારે તે યુવાવસ્થા પામશે ત્યારે દીક્ષા લેશે.' તેના આ પ્રમાણેના કથન પછી સ્વલ્પ વખતમાં એમ મહર્દ્ધિક દેવ સ્વર્ગમાંથી ચ્યવીને દેવકીના ઉદરમાં ઉત્પન્ન થયો, અને સમય આવતાં પુત્રરૂપે અવતર્યો. તેનું ગજસુકુમાર નામ પાડ્યું. જાણે બીજા કૃષ્ણ હોય તેવા એ દેવ સમાન પુત્રનું દેવકી લાલનપાલન કરવા લાગ્યાં. માતાને અતિ વ્હાલો અને ભ્રાતાને પ્રાણ સમાન કુમાર બન્નેના નેત્રરૂપ કુમુદને ચંદ્રરૂપ થયો. અનુક્રમે યૌવનવયને પામ્યો એટલે પિતાની આજ્ઞાથી દ્રુમ રાજાની પુત્રી પ્રભાવતીને પરણ્યો. વળી સોમશર્મા બ્રાહ્મણની ક્ષત્રિયાણી સ્ત્રીથી ઉત્પન્ન થયેલી સોમા નામની કન્યાને પણ જો કે તે ઇચ્છતો ન હતો તોપણ માતા અને ભ્રાતાની આજ્ઞાથી પરણ્યો. તેવામાં શ્રી નેમિનાથ પ્રભુ ત્યાં સમવસર્યા. તેમની પાસે સ્ત્રીઓ સહિત જઈને ગજસુકુમારે સાવધાનપણે ધર્મ સાંભળ્યો, તેથી અપૂર્વ વૈરાગ્ય ઉત્પન્ન થતાં બંને પત્નીઓ સહિત માતા પિતાની આજ્ઞા મેળવીને તેણે પ્રભુની પાસે દીક્ષા લીધી. જ્યારે ગજસુકુમારે દીક્ષા લીધી ત્યારે તેના વિયોગને નહીં સહન કરી શકતા એવા તેના માતાપિતાએ અને કૃષ્ણ પ્રમુખ ભાઈઓએ ઊંચે સ્વરે રૂદન કર્યું.

જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે ગજસુકુમાર મુનિ પ્રભુની આજ્ઞા લઈ સાંયકાળે સ્મશાનમાં જઈને કાયોત્સર્ગધ્યાને રહ્યા. તેવામાં કાંઈક કારણે બહાર ગયેલા સોમશર્મા બ્રાહ્મણે તેમને દીઠા. તેમને જોઈ તે સોમશર્માએ ચિંતવ્યું કે, 'આ ગજસુકુમાર ખરેખરો પાખંડી છે, તેનો આવો વિચાર છતાં માત્ર વિટંબના કરવાને એ દુરાશય મારી પુત્રીને પરણ્યો હતો.' આમ ચિંતવી એ મહા વિરોધી બુદ્ધિવાળા સોમશર્માએ અતિ ક્રોધાયમાન થઈને માથા ઉપર ચીકણી માટીની પાળ કરી તેમાં ધખધખતા અંગારા ભર્યાં; પરંતુ સમભાવ પરિણામી ગજસુકુમારને કિંચિત્‌માત્ર પણ ક્રોધ કે દ્વેષ હૃદયમાં જન્મ પામ્યો નહીં. પણ સવળું લીધું કે મને મોક્ષની પાઘડી બંધાવી. તે ભાવોના ફળસ્વરૂપ કૈવલ્યજ્ઞાન પામી તેઓ મોક્ષે સિધાવ્યા. 'ગજસુકુમારની નામાંકિત ક્ષમા કેવો વિશુદ્ધ બોધ કરે છે!'

## ૪૬૦. શક્તિ વગરનું કૃત્ય કરું નહીં.

જે કામ કરવાની મારી શક્તિ નથી તે કામ હાથમાં લઉં નહીં. પોતાની શક્તિ, સમય અને



સાથીદારનો વિચાર કરીને જ કામ હાથમાં લઉં. અહંકારમાં આવી જઈ હું કરી લઈશ એમ કહે પણ પછી પસ્તાવાનું થાય અને હાંસી થાય તેવા કામ કરું નહીં.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''આપનો પત્ર મળ્યો. એકલે હાથે બધો બોજો ઉપાડવાનું થતું હોય તો પોતાની શક્તિ વિચારી તે કામ હાથ ધરવું. કામ સારું હોય તોપણ શક્તિ વિચારીને કરવું.'' (પૃ.૫૮૨)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :– ''મર્યાદા ઉપરાંત કામ** – પોતાની શક્તિ હોય તેના કરતાં વધારે કામ હોય તે મર્યાદા ઉપરાંત કામ. પોતાથી થઈ શકે એનાથી વધારે કામ હોય તો પણ ચિત્ત સ્થિર ન રહે. બે કામ વચ્ચે વિચારનો અવકાશ રાખવો. એક કામ પછી તરત બીજું કામ ન કરવું. નવરા રહેવું એમ કહેવું નથી, પણ પરમાર્થ માટે અવકાશ રાખવો. એકથી ચાલે તો બે દુકાન ન કરે. મર્યાદાથી અધિક વ્યવહારકામ ન રાખે. જે કામ માટે જન્મ્યા છીએ તેનો વિચાર રહેવો જોઈએ.'' (પૃ.૨૩૩)

**'દૃષ્ટાંતશતક'માંથી :–**

**રાજકુમારીનું દૃષ્ટાંત – શક્તિ વિચારી પગલું ભરું.** એક રાજાને અતિ સુંદર અને વિદ્યા વગેરે ગુણોથી યુક્ત એક જ પુત્રી હતી. તે કુંવરીએ એવું વ્રત ધારણ કર્યું કે, જે કોઈ મારી પૂછેલી સમસ્યાનો અર્થ કહે તેની સાથે જ લગ્ન કરીશ. તે સમસ્યા આ પ્રમાણે હતી.

**''હુતો તિ વારી ખાજે, ન હુતો વારી ખાજે;**
**એ હરિયાલીનો અર્થ કહે, તેને રાજાની પુત્રી છાજે.''**

રાજાએ પણ પુત્રીના કહેવા પરથી એમ પ્રસિદ્ધ કર્યું કે 'જે કોઈ આ સમસ્યાનો અર્થ બરાબર કરી આપે, તેને મારી સર્વાંગસુંદર કુંવરી પરણાવવા ઉપરાંત અર્ધું રાજ્ય પણ આપું; પરંતુ રાજકુમારી સાથે વિવાદ કર્યા છતાં પણ સમસ્યાનો અર્થ ખરો ન કરી શકે તેને શૂળીએ ચઢાવું.'

એ વાત જાણીને બે સાહસિક તરુણ પુરુષોએ સમસ્યાનો અર્થ રાજકન્યા પાસે જઈ કરી બતાવવાની પ્રતિજ્ઞા કરી. રાજાએ તેમ કરવાની આજ્ઞા આપી. કુંવરીની સમસ્યા સાંભળી તેમણે પોતાની બુદ્ધિ પ્રમાણે તેના અર્થ અનેક પ્રકારે બેસાડવા પ્રયત્ન કર્યો પણ બન્નેમાંથી એક પણ સમસ્યાનું સમાધાન કરી શક્યા નહીં. તેથી રાજાએ તે બન્નેને શૂળીએ ચઢાવ્યા. આમ પોતાની શક્તિ જાણ્યા વગર કૃત્ય કરવા સાહસ કરું નહીં. (પૃ.૬૪)

## ૪૬૧. દેશકાળાદિને ઓળખું.

કયો દેશ છે? આર્ય છે કે અનાર્ય. તેમજ આત્માની અનંત શક્તિને પ્રાપ્ત કરવા માટે દેશકાળ અનુકૂળ છે કે નહીં? ભારત દેશ તે આર્ય દેશ છે. તથા પાંચમા આરાના અંતસુધી ભગવંતે આત્માર્થ માટે દેશકાળ અનુકૂળ કહ્યો છે. તેમજ સત્પુરુષનો યોગ પણ મળ્યો છે, માટે સત્પુરુષની આજ્ઞા આરાધી દેશકાળાદિને અનુકૂળ એવી સામગ્રીનો ઉપયોગ કરી આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''દેશકાળાદિ જો અનુકૂળ છે તો ક્યાં સુધી છે? એનો ઉત્તર કે શેષ રહેલું સૈદ્ધાંતિક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, સામાન્યમતથી કાળભાવે એકવીશ હજાર વર્ષ સુધી રહેવાનું. તેમાંથી અઢી સહસ્ત્ર ગયાં, બાકી સાડા અઢાર હજાર વર્ષ રહ્યાં; એટલે પંચમ કાળની પૂર્ણતા સુધી કાળની અનુકૂળતા છે. દેશકાળ તે લઈને અનુકૂળ છે.'' (વ.પૃ.૧૧૬)



**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''જ્ઞાન થવાને અનુકૂળ દેશ, કાળ અત્યારે છે? ઉપર કહ્યું તેમ કર્મભૂમિમાં પણ આર્યભૂમિ જેમાં છે એવો આ ભારત દેશ અનુકૂળ છે. આ પંચમકાળમાં મતિ, શ્રુત, અવધિ થઈ શકે. પણ પરમાવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન આ ક્ષેત્રે પરંપરામ્નાયથી જોવામાં આવતા નથી. એ રીતે કાળ પરિપૂર્ણ અનુકૂળ નથી. તો પણ આત્મજ્ઞાન થવા માટે તો દેશ કાળ અનુકૂળ છે.'' (પૃ.૧૮૪)

## ૪૬૨. કૃત્યનું પરિણામ જોઉં.

કાર્યની શરૂઆત કરતા પહેલાં તેનું શું પરિણામ એટલે ફળ આવશે તે પ્રથમ વિચારું. જેથી પસ્તાવાનો સમય ન આવે.

ઝેર ખાઈશ તો તેનું ફળ મરણ આવશે. તેમ ક્રોધ કરીશ તો તેનું ફળ દુઃખ આવશે. માન કરીશું તો તેનું ફળ હલકી ગતિ થશે. માયા કરીશ તો તેનું ફળ તિર્યંચગતિ વગેરે આવશે અને લોભ કરીશ તો તેનું ફળ નરક આદિ ગતિઓમાં રઝળવું પડશે વગેરે દરેક કાર્ય કરતા પહેલાં જ તેના ફળનો વિચાર કરું કે જેથી દુઃખના કારણો ઊભા થાય નહીં.

મુનિએ વિચાર્યું કે હું વેશ્યાને ત્યાં જઈશ તો લોકો મારી નિંદા કરશે. એ કૃત્યનું પરિણામ ભયંકર આવશે એમ વિચારી ત્યાં જવાનું માંડી વાળ્યું. એ વિષે પરમકૃપાળુદેવ જણાવે છે —

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''કોઈ મુનિ વિષય-ઇચ્છાથી વેશ્યાશાળામાં ગયો; ત્યાં જઈને તેને એમ થયું કે 'મને લોક દેખશે તો મારી નિંદા થશે. માટે અહીંથી પાછું વળવું.' એટલે મુનિએ પરભવનો ભય ગણ્યો નહીં, આજ્ઞાભંગનો પણ ભય ગણ્યો નહીં, તો ત્યાં લોકલાજથી પણ બ્રહ્મચર્ય રહે તેવું છે તે માટે ત્યાં લોકલાજ ગણી પાછો ફર્યો, તો ત્યાં લોકલાજ રાખવી એમ કહ્યું છે, કેમકે આ સ્થળે લોકલાજનો ડર રાખવાથી બ્રહ્મચર્ય રહે છે, જે ઉપકારક છે.'' (વ.પૃ.૭૦૨)

**'બોધામૃત ભાગ-૨'માંથી :–** ''હું કરું છું એનું ફળ શું આવશે? એનો વિચાર કરી પગલું મૂક. ફળ ખરાબ આવશે એમ લાગે તો ન કરવું. જ્ઞાનીની આજ્ઞા વગર જે કંઈ કરે તે બધું ઊંધું જ થાય છે.'' (પૃ.૧૭)

## ૪૬૩. કોઈનો ઉપકાર ઓળવું નહીં.

કરેલા ઉપકારને કદી ઓળવું નહીં. એના જેવો બીજો કોઈ મોટો દોષ જણાતો નથી.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''કૃતઘ્નતા જેવો એક્કે મહા દોષ મને લાગતો નથી.'' (વ.પૃ.૧૫૮)

''અહો! મને તો કૃતઘ્ની જ મળતા જણાય છે, આ કેવી વિચિત્રતા છે!'' (વ.પૃ.૧૫૭)

**'શ્રીપાળ રાજાનો રાસ'માંથી :– કરેલા ઉપકારને ઓળવવાથી ધવળશેઠ નરકે ગયો**

**ધવળશેઠનું દૃષ્ટાંત –** ધવળશેઠને મિત્રોએ કહ્યું –તમે ચિંતિત જણાઓ છો, તમારું દુઃખ અમને કહો તો તેનો ઉપાય વિચારીને તમને ચિંતાથી મુક્ત કરીએ. ત્યારે ધવળશેઠે શરમ છોડીને મનમાં ચિંતવેલ હતું તે કહ્યું. તે સાંભળીને મિત્રો કહેવા લાગ્યા કે - અરે શેઠ! ધિક્કાર છે! તમે આ શું બોલ્યા!

વળી પરસ્ત્રીગમન જેવું બીજું કોઈ પાપ નથી. એનાથી તો ભવોભવમાં ડૂબી મરવાનું છે. તથા આ શ્રીપાળકુંવર તો જગતમાં કેવડાના વૃક્ષની જેમ અન્યનો ઉપકારી છે. તથા એનો આટલો બધો પ્રભાવ તમે પ્રત્યક્ષ જોયો છે તો તેને કેમ મરાય? કલ્પવૃક્ષની શાખાને કુહાડીથી કેમ છેદાય?



આ કુંવરે જ તમને એક વખત બબ્બરરાજાના હાથથી અને બીજી વખત કનકકેતુ રાજાના હાથથી, એમ બબ્બે વખત છોડાવ્યાં છે, તથા એ સાથે હતો તેથી તમારો માલ સામાન અને ધન બધું બચી ગયું છે. વળી એણે જ તમારા થંભી ગયેલા વહાણ આગળ આવીને ચલાવી આપ્યાં છે. માટે આના જેવો પુરુષરત્ન તો જગતમાં બીજે ક્યાંય મળશે નહીં. જો આના ઉપર દ્રોહ કરીને તેનું બુરું ચિંતવશો તો આયુષ્ય પૂર્ણ નહીં થયે છતે ક્યાંક મરી જશો! વળી એને એના ભાગ્યથી બધી ઋદ્ધિ મળી છે, તેમાં આટલી બધી દુર્બુદ્ધિ તમારે ગળે કેમ વળગી છે.

છેવટે બીજા મિત્રની સલાહથી શ્રીપાળકુંવરને ધવળશેઠે સમુદ્રમાં નાખી દીધો. ઉપકારનો બદલો અપકારરૂપે આપી તે સાતમી નરકે ગયો. માટે કોઈના કરેલા ઉપકારને કદી ઓળવું નહીં.

ભગવાન મહાવીર પાસે ગોશાળે તેજો લેશ્યા શીખી અને પાછી ભગવાન ઉપર જ તે મૂકી. એમ ઉપકારનો બદલો અપકાર આપે તે કૃતઘ્ની કહેવાય.

**'કલ્પસૂત્ર'માંથી :– કૃતઘ્ની બની તેજોલેશ્યા મૂકી તો તે પોતાને જ બાળનાર થઈ**

**ગોશાળાનું દૃષ્ટાંત –** ગોશાળો ક્રોધથી ધમધમતો જ હતો. તેણે આવતાવેંત જ પ્રભુને ઉદ્દેશી આક્ષેપક વાણીમાં કહ્યું કે :– ''અરે કાશ્યપ! તું એમ કેમ બોલ્યા કરે છે કે આ ગોશાળો તો મંખલીનો પુત્ર છે. તે તારો શિષ્ય તો ક્યારનોય મરી ગયો. હું તો છેક જુદો જ માણસ છું તેની તને ખબર નહીં હોય. અલબત્ત, આ શરીર ગોશાળાનું છે પણ તે તો મેં પરિષહ સહન કરવાને ખાતર પસંદ કર્યું છે. ગોશાળાનું શરીર પરિષહો વેઠવામાં ઠીક કામ આવશે એમ ધારીને જ મેં તે શરીરને મારું પોતાનું બનાવ્યું છે, બાકી હું પોતે કંઈ મંખલિપુત્ર ગોશાળો નથી.!''

ગોશાળાની તોછડાઈ અને અમર્યાદા જોઈ સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ નામના બે સાધુઓ ભગવાનનું આ રીતે અપમાન થતું જોઈ ન શક્યા. તેઓ વચમાં ઉત્તર આપવા જતા, ગોશાળે તેજ વખતે તેજોલેશ્યા છોડી બન્ને સાધુને બાળી નાખ્યા. સાધુઓ તો કાળ કરી સ્વર્ગે ગયા.

પ્રભુએ પોતાની અતિ શાંત, મૃદુ અને હિતકારક વાણીમાં ગોશાળાને સંબોધી કહ્યું કે - ''કોઈ માણસ ચોરી કરતાં પકડાઈ જાય અને તે વખતે કીલ્લો, પર્વત કે ગુફા જેવું છુપાવાનું સ્થાન ન મળતાં પોતાની આંગળી કે મોઢું કોઈ તણખલા નીચે સંતાડવાનો પ્રયત્ન કરે તો શું તે છુપાવી શકે? તારો બચાવ



પણ બરાબર તેવો જ છે. તું તે જ ગોશાળો છે, તું બીજો કોઈ જ નથી. ખોટી રીતે શા માટે તારા આત્માને છૂપાવે છે?'' આવી રીતે સમભાવપૂર્વક યથાસ્વરૂપ કહેવા છતાં તે દુરાત્માએ ક્રોધ કરી ભગવંત ઉપર પણ તેજોલેશ્યા મૂકી. પરંતુ એવા દુરાત્માની, તેજોલેશ્યા પ્રભુ જેવા મહા પ્રતાપી, તપસ્વી અને સંયમી પુરુષને શી અસર કરે? તેજોલેશ્યા પ્રભુની આસપાસ ત્રણવાર પ્રદક્ષિણા દઈ, પાછી ગોશાળાના શરીરમાં જ દાખલ થઈ ગઈ. તેનું આખું શરીર અંદરથી દાઝવા લાગ્યું અને તેથી સાત દિવસ સુધી ભયંકર વેદના વેઠી સાતમી રાત્રીએ તે મરણને શરણ થયો. (પૃ.૬૬)

કોઈએ આપણા ઉપર ઉપકાર કર્યો હોય તેને કદી ભૂલું



નહીં. પણ પોતે કોઈનું ભલુ કર્યું હોય તે ભૂલી જવા કહ્યું. જેમ ચંદન વૃક્ષને કોઈ કાપે તો તે કાપનારને પણ સુગંધ જ આપે. એવો સ્વભાવ સત્પુરુષોનો હોય છે.

**'જૈન હિતોપદેશ'માંથી :–** કૃતજ્ઞી માણસ કરેલા ઉપકારને કદાપિ વિસરતો નથી, જે ઉપકારને વિસરે છે તે કૃતઘ્ની કહેવાય છે. વળી ઉપકારીનું પણ ઊલટું અહિત કરવા ધારે તેને મહા કૃતઘ્ન સમજવો. માતા, પિતા, સ્વામી અને ધર્મગુરુના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી, છતાં કૃતજ્ઞ માણસ તેમની બનતી અનુકૂળતા સાચવી, તેમને ધર્મકાર્યમાં સહાયભૂત થવા પૂરતો પ્રયત્ન કરે તો કદાપિ અનૃણી થઈ શકે. સર્વજ્ઞ ભાષિત સત્યધર્મ પમાડનાર ગુરુનો ઉપકાર સર્વોત્કૃષ્ટ છે, સુવિનીત શિષ્ય તેમની પવિત્ર આજ્ઞાને અનુસરવા પૂર્ણ કાળજી રાખે છે; તેથી વિરુદ્ધ વર્તનાર ગુરુદ્રોહી-મહાપાપી ગણાય છે. (પૃ.૫૬)

ઉત્તમ માણસો અવગુણ ઉપર પણ ગુણ કરે છે. મધ્યમ માણસો સામાએ ગુણ કર્યો હોય તો પોતે પણ વખતે પોતાથી બનતો બદલો વાળવા ધારે છે. પરંતુ અધમ માણસો તો કર્યા ગુણનો લોપ કરે છે. આવી અધમ વૃત્તિવાળા અજ્ઞાની અવિવેકીજનો કરતાં કૂતરાં પણ સારાં ગણાય છે, કે જેઓ કિંચિત્ માત્ર ભોજનના બદલામાં પોતાની પૂછડી હલાવી ખુશ થઈ પોતાનું કૃતજ્ઞપણું જાહેર કરી ઘરની રાતદિવસ ચોકી કરે છે. કૃતઘ્ન માણસો શ્વાન કરતાં પણ હલકા ગણાય છે. એમ સમજી કૃતજ્ઞતાને આદરી કાંઈ પણ ધર્મ આરાધન કરી માનવપણું સાર્થક કરું. અન્યથા માતાની કુખને લજવી ભૂમિને કેવળ ભારરૂપ થયા એમ માનું. કૃતજ્ઞી એવા વિવેકી રત્નોની માતા રત્નકુક્ષી કહેવાય છે. આવું ન્યાયનું રહસ્ય સમજી સ્વપર હિતકારી એવા કરેલા ઉપકારને કદી ઓળવું નહીં. (પૃ.૬૫)

## ૪૬૪. મિથ્યા સ્તુતિ કરું નહીં.

કોઈની ગુણ વગર સ્તુતિ એટલે પ્રશંસા કરું નહીં.

ભોજરાજાના દરબારમાં એક ધનપાળ નામના કવિ હતા. તે દૃઢ જૈનધર્મી હતા. તેમણે આદિનાથ ભગવાનનું ચરિત્ર રચ્યું. તેમાં ભગવાનના ગુણગાન અર્થે સ્તુતિ આવે. તે સાંભળી ભોજરાજા બોલ્યો કે તેવી સ્તુતિ તું મહાદેવની કર. તેના વિષે ધનપાળ કવિ જણાવે છે –

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૧'માંથી :– મિથ્યાદેવની સ્તુતિ કદી કરું નહીં**

**ધનપાળકવિ તથા તિલકમંજરીનું દૃષ્ટાંત –** એકદા ધનપાળનું ચિત્ત વ્યગ્ર જોઈને ભોજરાજાએ તેનું કારણ પૂછ્યું, ત્યારે તે બોલ્યો કે "હું હાલમાં યુગાદીશનું ચરિત્ર રચું છું, તેથી મન તેમાં વ્યસ્ત રહે છે." પછી તે ચરિત્ર પૂર્ણ થયું ત્યારે રાજાએ તેનું શ્રવણ કરવા માંડ્યું. તેનો અત્યદ્ભુત રસ સાંભળતા રાજાએ વિચાર્યું કે " આનો અર્થરૂપ રસ ભૂમિ પર ન પડો." એમ ધારીને તે પુસ્તકની નીચે એક મોટો સુવર્ણનો થાળ રખાવ્યો. એવી રીતે તે ચરિત્રના રસનું પાન કરતાં તે રાજાને રાત દિવસની પણ ખબર પડી નહીં. તે ચરિત્ર પૂર્ણ સાંભળ્યા પછી રાજાએ ધનપાલને કહ્યું કે "હે પંડિત! જો તું આ ગ્રંથમાં અયોધ્યાનગરીને સ્થાને અવંતિ નગરી, ભરતચક્રીને સ્થાને મારું નામ અને આદીશ્વરને સ્થાને મહાદેવનું નામ સ્થાપન કરે, તો હું તને એક કરોડ સોનામહોર આપું" તે સાંભળીને ધનપાળ બોલ્યો કે –

"હે રાજા! મેરુ પર્વત અને સરસવના કણમાં, હંસ અને કાગડામાં તથા ગધેડા અને ગરુડમાં જેટલું અંતર છે તેટલું અંતર (અનુક્રમે) અવંતિ, તું અને મહાદેવ તથા અયોધ્યા, ભરત અને આદીશ્વરમાં છે."



તે સાંભળીને અતિ ક્રોધયુક્ત થઈ રાજા બોલ્યો કે ‘‘અરે ધનપાળ! આવાં વચન બોલતાં તારી જિહ્વાના સહસ્ત્ર કકડા કેમ ન થયા? તે સાંભળી ધનપાળ નિઃશંકપણે બોલ્યો કે —

‘‘બે મુખવાળા, નિરક્ષર અને લોહમતિવાળા હે નારાચ (ત્રાજવું) અમે તને કેટલું કહીએ! તે ચણોઠીની સાથે સુવર્ણને તોળ્યું! તે કરતાં તું પાતાળમાં કેમ ન ગયો?’’



આ પ્રમાણે પોતાની નિંદા સાંભળીને રાજાએ અતિ ક્રોધથી તે ગ્રંથને બાળી નાખ્યો.

ધનપાળ રાજાના ભયથી અને ગ્રંથના નાશથી ઉદ્વેગ પામી શોકસહિત ઘેર આવ્યો. ત્યાં તેની તિલકમંજરી નામની પુત્રીએ પૂછ્યું કે ‘‘હે પિતા! તમે આજ શોકાતુર કેમ છો?’’ ત્યારે પંડિતે તેને સર્વ વૃત્તાંત કહ્યું. પુત્રી બોલી ‘‘હે પિતા! ફિકર કરો નહીં, મારે મુખે તે આખો ગ્રંથ છે, આપ લખી લ્યો.’’ તે સાંભળીને હર્ષ પામી પંડિતે તે ગ્રંથ લખી લીધો અને પુત્રીના નામની યાદગીરી માટે તેણે તે ગ્રંથનું નામ તિલકમંજરી રાખ્યું. પછી રાજાના ભયથી ધનપાળ પોતાના કુટુંબ સહિત અન્ય ગ્રામે જઈને રહ્યો.



એકદા ભોજરાજાની સભામાં કોઈ પંડિતે આવી સર્વ વિદ્વાનોનો પરાજય કર્યો; તેથી ખેદ પામીને રાજાએ જાતે જઈ ધનપાળને મનાવી આદરસત્કારપૂર્વક પોતાની નગરીમાં આણ્યો. ધનપાળને આવેલો સાંભળતાંજ તે વિદેશી પંડિત ભય પામીને રાત્રિને સમયે ગુપ્ત રીતે નાસી ગયો. લોકમાં જૈનધર્મની ઘણી પ્રશંસા થઈ. ધનપાળ રાજાની પાસે સુખેથી રહ્યો અને ધર્મનું આરાધન કરી અંતે સ્વર્ગે ગયો.

‘‘દ્રવ્યથી મિથ્યાત્વીઓનો પરિચય છતાં પણ ભાવથી પાપસંગના નાશની સ્પૃહાવાળા ધનપાળે સર્વ દોષરહિત સમકિતને દૃઢ ધારણ કર્યું. (પૃ.૭૭)

મરણાંત ભયને પણ ગણ્યા વિના રાજાના કહેવાથી મિથ્યાદેવની સ્તુતિ ધનપાળે કરી નહીં, તેમ સમકિતને દૃઢ કરવા પ્રયત્ન કરું.

## ૪૬૫. ખોટા દેવ સ્થાપું નહીં.

રાગદ્વેષથી યુક્ત તે સર્વ ખોટા દેવ છે. રાગદ્વેષ રહિત વીતરાગ તે જ સાચા દેવ છે. માટે ખોટા દેવની સ્થાપના કરું નહીં. તેથી મિથ્યાત્વ ગાઢ થાય છે.

**‘શ્રી યશોવિજયજી કૃત ચોવીશીના અર્થ’માંથી :–** ‘‘હું અડગ શ્રદ્ધાથી કહું છું કે હવે પછી શ્રી વીતરાગ પ્રભુ વિના અન્ય કોઈપણ દેવની પૂજા-સેવા-આરાધના ક્યારે પણ કરવાનો નથી. હૃદય પ્રેમથી ભરેલા આવા ઉદ્‌ગારો તેમના સાચા સમ્યક્ત્વની પ્રાપ્તિ સૂચવે છે. એવા જીવને ધર્મરંગ અસ્થિમજ્જામાં પરિણમેલો હોય છે. તેના રગેરગમાં ધર્મના અંગે અપૂર્વ વિર્યોલ્લાસ પ્રગટ દેખાય છે.



એવા જીવો આત્મજાતિના પુરુષાર્થમાં આવી પડતાં અનેક વિઘ્નોને દૂર કરી અલ્પકાળમાં સિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે.

સુખ દુઃખ માત્ર કર્મના જ વિપાકો છે. એ હકીકતને માનનારા છતાં કેટલાએક જૈન ભાઈઓ જરા કષ્ટ કે આપત્તિ પ્રાપ્ત થયે ગભરાઈ જઈ મનોબળને નબળું કરી-હિંમત ગુમાવી બેસી અન્ય ગમે તે દેવ દેવી સંબંધી ગમે તે પ્રકારની માન્યતા સ્વીકારવા તૈયાર થઈ જાય છે અને તેમ કરીને પોતાના જૈનત્વને ભૂલી જાય છે. એવાઓએ આ હકીકત ઉપરથી ધડો લઈ બહુ સમજવા જેવું છે. આવે વખતે માત્ર એટલું જ ધ્યાનમાં રાખવું જોઈએ કે જો પુણ્યોદય હશે તો કોઈ કાંઈપણ કષ્ટ આપવા સમર્થ નથી અને પાપોદય હશે તો કોઈપણ દેવ કે દેવી તેના ફળ-પરિણામને રોકવા શક્તિમાન નથી. આમ વિચારી શ્રદ્ધામાં શિથિલ ન થતાં ધર્મનું સવિશેષ સેવન કરવું કે જેથી અશુભનો ઉદય સર્વથા નાશ પામી જીવનું કલ્યાણ થાય.''

**'સમાધિસોપાન'માંથી :–** ''સૂર્ય, ચંદ્ર, મંગલ આદિ ગ્રહોને સોના-રૂપાના બનાવી ગળામાં પહેરવા, ગ્રહ નડે નહીં માટે દાન દેવું, ઉત્તરાયણ,વ્યતિપાત, સોમવતી અમાસ માની દાન કરવું, સૂર્ય ચંદ્રને અર્ઘ્ય આપવું, ઊમરો પૂજવો, સાંબેલું પૂજવું, વિનાયક નામે ગણેશ પૂજવા, દીવાની જ્યોતિ પૂજવી, દેવની બાધા રાખવી, જટા કે ચોટલી રાખવી, દેવતાને ભેટ મૂકવાના કરારથી પોતાનાં સંતાન જીવશે એમ માનવું, છોકરા દેવે આપ્યાં એમ માનવું, પોતાને લાભ થાય કે કાર્ય સફળ થાય માટે એવી વિનંતી કરવી કે જો મારાં સંતાનનો રોગ મટી જશે કે મને સંતાન પ્રાપ્ત થશે કે આટલો મને લાભ થશે કે શત્રુનો નાશ થઈ જશે તો હું તમને છત્ર ચઢાવીશ, મકાન બનાવીશ કે આટલું ધન ભેટમાં મૂકીશ એવી શરત કરીને દેવતાને લાંચ આપીને કાર્ય સફળ થવાની ઇચ્છા રાખવી, રાતે જાગરણ કરવું, અપવિત્ર દેવીને પૂજવી, શીતળા પૂજવી, લક્ષ્મી-પૂજન કરવું, સોનું રૂપું પૂજવું, ખડિયો પૂજવો, પશુની પૂજા કરવી, અન્નની, જળની પૂજા કરવી, શસ્ત્ર પૂજવા તથા અગ્નિને દેવ માનીને પૂજવો એ લોકમૂઢતા છે. તે બધું મિથ્યાદર્શનના પ્રભાવથી શ્રદ્ધાનું વિપરીતપણું છે, તે ત્યાગવા યોગ્ય છે.'' (પૃ.૧૬૦)

''જે રાગી, દ્વેષી, કામી, ક્રોધી, લોભી, શસ્ત્ર આદિ સહિત, મિથ્યાત્વ સહિત છે તેમનામાં સમ્યક્ધર્મ નથી હોતો, તેથી કુદેવ છે તે અનાયતન છે.'' (પૃ.૧૬૧)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :– પુણ્ય વગર કોઈ દેવ પણ આપી શકે નહીં**

**ભોગસારનું દૃષ્ટાંત –** કાંપિલ્યપુરમાં ભોગસાર નામે બાર વ્રતને ધારણ કરનારો શ્રાવક રહેતો હતો. તેણે શ્રી શાંતિનાથ સ્વામીનો પ્રાસાદ કરાવ્યો હતો. ત્યાં હમેશાં નિષ્કામ ભાવથી તે ભગવાનની ત્રણ કાળ ભક્તિપૂર્વક પૂજા કરતો. એકદા તેની સ્ત્રી આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામી. ત્યારે ''તે સ્ત્રી વિના ઘરનો નિર્વાહ ચાલશે નહીં'' એમ માની તે બીજી સ્ત્રી પરણ્યો. તે સ્ત્રી સ્વભાવે અતિ ચપળ હતી, તેથી ગુપ્ત રીતે ધન એકઠું કરીને જુદી ગાંઠ કરવા લાગી અને પોતાની ઇચ્છા પ્રમાણે ખાવા પીવા લાગી. અનુક્રમે શ્રેષ્ઠીનું સર્વ ધન નાશ પામ્યું, તેથી તે બીજા ગામમાં રહેવા ગયો. પણ બન્ને પ્રકારની જિનપૂજા કદી ભૂલતો નહીં. તેમાં પણ ભાવ પૂજા તો હમેશાં ત્રિકાળ કરતો. એકદા તેની સ્ત્રીએ તથા બીજા લોકોએ તેને કહ્યું કે ''હે શ્રેષ્ઠી! નિગ્રહ કે અનુગ્રહરૂપ ફળને નહીં આપનાર એવા વીતરાગ દેવને તમે શા માટે ભજો છો? તેની ભક્તિ કરવાથી તો ઊલટું તમને પ્રત્યક્ષ દારિદ્ર પ્રાપ્ત થયું. માટે હનુમાન, ગણપતિ, ચંડિકા, ક્ષેત્રપાળ વિગેરે પ્રત્યક્ષ દેવોની સેવા કરો, કે જેથી તેઓ પ્રસન્ન થઈને તત્કાળ ઇચ્છિત તો પૂર્ણ કરે.''



આ પ્રમાણે સાંભળીને શ્રેષ્ઠીએ વિચાર કર્યો કે ''અહો! આ લોકો પરમાર્થના અજાણ છે અને મોહરૂપી મદિરાનું પાન કરેલું હોવાથી ગમે તેમ બોલે છે. પૂર્વ જન્મનાં ન્યૂન પુણ્ય કરીને આ જન્મમાં સંપૂર્ણ પુણ્યનું ફળ ભોગવવાની સ્પૃહા કરે છે, તે સર્વ મિથ્યાત્વની મૂઢતાનું ચેષ્ટિત છે. અહીં હનુમાન, ગણેશ વિગેરે દેવો શું ન્યાલ કરી દે છે? 'જેવું વાવીએ તેવું જ લણાય છે.' તેમાં કોઈનો દોષ નથી. પરંતુ સંસારનાં દુઃખોનું વિસ્મરણ કરવા માટે પરમાત્માનું સ્મરણ અહર્નિશ કરવું જોઈએ. કેમકે વીતરાગના ગુણો સંભાર્યા વિના સંસારનો મોહ કેમ નાશ પામે? મિથ્યાત્વમાં મગ્ન થયેલા મૂઢ પુરષોને ધિક્કાર છે, કે જેઓ સાંસારિક ઇચ્છા પૂર્ણ કરવા માટે પ્રથમ અથવા પૂર્ણ થયા પછી પરમાત્માની સ્તુતિનાં વાક્યો વડે સ્તુતિ કરે છે કે 'અહો! આ ભગવાન સત્ય છે. તેણે મારું કાર્ય તરત પાર પાડ્યું. મારાં પુત્રપુત્રીના વિવાહાદિક સંબંધો ક્યાંયથી પણ લાવીને મેળવી આપ્યા. કેટલાએક એમ પણ બોલે છે કે 'પરમેશ્વરે આ યુદ્ધમાં મને મોટો યશ આપ્યો.' ઇત્યાદિ પોતપોતાના સાંસારિક કાર્યોમાં મિથ્યા પ્રભુનો પ્રયત્ન માને છે.'' આમ વિચારીને શ્રેષ્ઠીએ પોતાના મનમાં જરા પણ અણગમો ધારણ કર્યો નહીં. માટે ધનાદિની ઇચ્છાએ ખોટા દેવની કદી સ્થાપના કરું નહીં. (પૃ.૨૪૯)

## ૪૬૬. કલ્પિત ધર્મ ચલાવું નહીં.

પોતાની અજ્ઞાન બુદ્ધિ વડે કલ્પના કરીને ધર્મ સ્થાપી, તેને ચલાવું નહીં. એમ કરવાથી સંસારમાં મહા મોહનીય કર્મ બાંધી પોતે બૂડે અને બીજાને પણ બુડાડે, તેવું કરું નહીં.

**છ દર્શન ઉપર દૃષ્ટાંત** – ''છ જુદા જુદા વૈદ્યોની દુકાન છે. તેમાં એક વૈદ્ય સંપૂર્ણ સાચો છે. તે તમામ રોગોને, તેના કારણને અને તે ટાળવાના ઉપાયને જાણે છે. તેનાં નિદાન, ચિકિત્સા સાચાં હોવાથી રોગીનો રોગ નિર્મૂળ થાય છે. વૈદ્ય કમાય છે પણ સારું. આ જોઈ બીજા પાંચ કૂટવૈદ્યો પણ પોતપોતાની દુકાન ખોલે છે. તેમાં સાચા વૈદ્યના ઘરની દવા પોતા પાસે હોય છે, તેટલા પૂરતો તો રોગીનો રોગ દૂર કરે છે અને બીજી પોતાની કલ્પનાથી પોતાના ઘરની દવા આપે છે, તેથી ઊલટો રોગ વધે છે; પણ દવા સસ્તી આપે છે એટલે લોભના માર્યા લોક લેવા બહુ લલચાય છે અને ઊલટા નુકસાન પામે છે.

આનો ઉપનય એ જે, સાચો વૈદ્ય તે વીતરાગ દર્શન છે; જે સંપૂર્ણ સત્ય સ્વરૂપ છે. તે મોહ, વિષયાદિને, રાગદ્વેષને, હિંસા આદિને સંપૂર્ણ દૂર કરવા કહે છે, જે વિષયવિવશ રોગીને મોંઘા પડે છે, ભાવતાં નથી; અને બીજા પાંચ કૂટવૈદ્યો છે, તે કુદર્શનો છે; તે જેટલા પૂરતી વીતરાગના ઘરની વાતો કરે છે, તેટલા પૂરતી તો રોગ દૂર કરવાની વાત છે, પણ સાથે સાથે મોહની, સંસાર વૃદ્ધિની, મિથ્યાત્વની, હિંસા આદિની ધર્મ બહાને વાત કરે છે તે પોતાની કલ્પનાની છે અને તે સંસારરૂપ રોગ ટાળવાને બદલે વૃદ્ધિનું કારણ થાય છે. વિષયમાં રાચી રહેલ પામર સંસારીને મોહની વાતો તો મીઠી લાગે છે, અર્થાત્ સસ્તી પડે છે, એટલે કૂટવૈદ્યો તરફ ખેંચાય છે, પણ પરિણામે વધારે રોગી થાય છે.

વીતરાગ દર્શન ત્રિવૈદ્ય જેવું છે, અર્થાત્ (૧) રોગીનો રોગ ટાળે છે (૨) નીરોગીને રોગ થવા દેતું નથી અને (૩) આરોગ્યની પુષ્ટિ કરે છે અર્થાત્ (૧) જીવનો સમ્યગ્દર્શન વડે મિથ્યાત્વ રોગ ટાળે છે, (૨) સમ્યગ્જ્ઞાન વડે જીવને રોગનો ભોગ થતાં બચાવે છે અને (૩) સમ્યક્ચારિત્ર વડે સંપૂર્ણ શુદ્ધ ચેતનારૂપ આરોગ્યની પુષ્ટિ કરે છે.'' (વ.પૃ.૬૭૭)



## ૪૬૭. સૃષ્ટિ સ્વભાવને અધર્મ કહું નહીં.

સૃષ્ટિમાં એટલે જગતમાં ઋતુઓના પરિવર્તન, ગર્મી કે ઠંડી વગેરે જે કંઈ પણ થાય છે તે બધા સૃષ્ટિના ધર્મ છે. કાળ પ્રમાણે સૃષ્ટિના નિયમો ચાલે છે. માટે તેને અધર્મ કહું નહીં.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** '' **'એક ભેદે નિયમ એ જ આ જગતનો પ્રવર્તક છે'** - જગતનો પ્રવર્તક ઈશ્વર નથી એમ આગળ કહ્યું હતું તેમાં શંકા થાય, તે સર્વના ખુલાસારૂપ આ વાક્ય છે. એક ભેદે—એક અપેક્ષાએ દરેક પદાર્થમાં જે ધર્મો છે તે પ્રમાણે પ્રવર્તે છે. જેમ ગોળ ગળ્યો લાગે, લીંબડો કડવો લાગે એમ જગતમાં નિયમ સર્વત્ર દેખાય છે. તેથી કોઈ જગતકર્તારૂપે ઈશ્વરની જરૂર નથી. નિયમને લઈને જગત પ્રવર્તે છે. ચાવી પ્રમાણે ઘડિયાળ ચાલે તેમ નિયમો પ્રમાણે જગત ચાલે છે. તેમ પુણ્ય પાપ કર્મ પણ તેના નિયમ પ્રમાણે ચાલે છે. '' આ તો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણરાગ ઇત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત કારણ (નિયમ)ને લઈને રહ્યા છે.'' (૨૧-૧) અહીં મુખ્યપણે કર્મના નિયમો વિષે કહેવું છે. આખો કર્મગ્રંથ નિયમો જ બતાવે છે. અમુક ભાવ કરવાથી અમુક કર્મ બંધાય, તે ભોગવવાનાં અમુક સ્થાન હોય ઇત્યાદિ નિયમ છે. દરેક વસ્તુમાં જે ગુણો હોય તે નિયમથી પરિણમે છે.''

**''ફળદાતા ઈશ્વર તણી, એમાં નથી જરૂર;**
**કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર.**
**તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;**
**ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ.''** -(પૃ.૨૨૩)

માટે સૃષ્ટિના પરિવર્તનશીલ સ્વભાવને અધર્મ કહું નહીં.

## ૪૬૮. સર્વ શ્રેષ્ઠ તત્ત્વ લોચનદાયક માનું.

અનાદિકાળથી અજ્ઞાનરૂપ અંધકારમાં પડેલા પ્રાણીને વીતરાગ પુરુષો દ્વારા ઉપદિષ્ટ સર્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞાનને લોચનદાયક એટલે જ્ઞાનરૂપ નેત્ર આપનાર માનું. જે વડે હિતાહિતનું ભાન થાય, સુખદુઃખનું સાચું જ્ઞાન થાય તથા સંસારના ઘોર અજ્ઞાનરૂપ અંધકારમાંથી નીકળી અનંત આત્મપ્રકાશસ્વરૂપ એવા કેવળજ્ઞાનને જીવ પામી શકે.

**''મહાદેવ્યાઃ કુક્ષિરત્નં, શબ્દજીતરવાત્મજમ્;**
**રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચન દાયકમ્.''**

**ભાવાર્થ** - મહાદેવી એવાં દેવમાતાની કૂખે જન્મેલા રત્નરૂપ તથા ભાષા ઉપર જેનો કાબૂ છે એવા સાક્ષાત્ સરસ્વતીરૂપ અને રવજીભાઈના પુત્ર શ્રીમદ્ રાજચંદ્રદેવને હું નમસ્કાર કરું છું. કારણ કે, મને તત્ત્વલોચન એટલે આત્માને ઓળખવાની આંખ દેનાર (સમજણ આપનાર) તેઓ છે.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર'ના આધારે :– સર્વશ્રેષ્ઠ તત્ત્વ વીતરાગ પ્રણીત ધર્મ**

**પુષ્પચૂલાનું દૃષ્ટાંત –** એક નગરમાં પુષ્પકેતુ નામે રાજા હતો. તેની રાણી પુષ્પવતીને પુત્ર પુત્રી સાથે જોડકું જન્મ્યું. તેમનાં નામ પુષ્પચૂલ તથા પુષ્પચૂલા પાડ્યાં. બન્ને વચ્ચે અત્યંત પ્રેમ હોવાથી રાજાએ યુક્તિથી પ્રધાન વગેરેની સમ્મતિ લઈને ભાઈબેનના જ લગ્ન કરી દીધા. આ બધું જોઈને રાજાની રાણી પુષ્પવતીને સંસારનું સ્વરૂપ વિચિત્ર ભાસ્યું અને વૈરાગ્ય પામી દીક્ષા લઈ લીધી. અંતે સમાધિમરણ કરીને તે દેવલોકે ગઈ. ત્યાંથી પોતાની પુત્રી પુષ્પચૂલા જે હમણાં રાણી છે તેને દીક્ષા અપાવવા માટે સ્વપ્નમાં



ભયંકર નરકનું વાસ્તવિક સ્વરૂપ દેખાડ્યું. તે વાત તેણીએ પુષ્પચૂલ રાજાને કરી. ત્યારે રાજાએ બૌદ્ધમત વગેરેના સાધુઓને બોલાવી નરકનું સ્વરૂપ પૂછ્યું. તેના જવાબમાં નરકને ગર્ભાવાસના કેદખાના જેવું કહ્યું. પણ રાણીને તે બરાબર લાગ્યું નહીં. તેથી અગ્નિકાપુત્ર આચાર્યને બોલાવીને પૂછ્યું. તેમણે સાત નરકોનું વર્ણન કર્યું. ત્યારે રાણી બોલી કે શું આપને પણ મારા જેવું સ્વપ્ન આવ્યું છે? ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું કે ના અમને સ્વપ્ન આવ્યું નથી પણ ભગવાનના કહેલા આગમ વડે તે સર્વ જાણીએ છીએ. આગમ એ તત્ત્વલોચન છે. તેના વડે સર્વ જણાય છે. પુષ્પચૂલાને બીજે દિવસે દેવલોકનું સ્વપ્ન એની માતાએ દેખાડ્યું. તે વિષે પણ અગ્નિકાપુત્ર આચાર્યને પૂછ્યું ત્યારે એનું પણ આબેહૂબ વર્ણન કરવાથી રાણીને એ વાત બેસી ગઈ.

પછી શું કરવાથી નરકે જવાય? શું કરવાથી દેવલોકે જવાય? વગેરે રાણીના પૂછવાથી શ્રી ગુરુએ કહ્યું કે વિષયસેવનાદિકથી નરકે જવાય. શ્રાવકધર્મ તથા મુનિધર્મ આરાધવાથી સ્વર્ગે કે મોક્ષે જવાય. એ સાંભળી પુષ્પચૂલાએ રાજાની આજ્ઞા લઈ ગુરુ પાસે દીક્ષા લઈ લીધી. અંતે કેવળજ્ઞાન પામી મોક્ષ મેળવ્યો. આ બધો પ્રભાવ તત્ત્વજ્ઞાનનો છે. તત્ત્વજ્ઞાનરૂપ લોચન એટલે આંખથી ત્રણે લોકમાં શું શું છે તે સર્વ જાણી શકાય છે. માટે સર્વજ્ઞ પ્રણીત આગમને અને શ્રી ગુરુ ઉપદિષ્ટ તત્ત્વને લોચનદાયક માનું.

## ૪૬૯. માનતા માનું નહીં.

કોઈ દેવી દેવતાની માનતા માનું નહીં. કોઈ એવી માન્યતા કરે કે જો મારે છોકરો થશે તો છોકરાના ભારોભાર કેસર ચઢાવીશ અથવા તમારા દર્શન કરવા આવીશ. અથવા તેને વાળ રાખીશ. પછી તે કુળદેવી આગળ જઈ ઉતરાવે એવી માનતાઓ જીવો અજ્ઞાનવશ કરે છે.

ઘણા લોકો લક્ષ્મી મળશે એમ માની લક્ષ્મીને પૂજે, કોઈ પદ્માવતી વગેરેની માનતા રાખી એક પગ ઉપર ઊભા રહી માળા ગણે, છતાં એમની સ્થિતિ એવીને એવી જોવામાં આવે છે.

મારે સારી કમાણી થશે તો તમને નારિયેળ ચઢાવીશ, સુખડી ચઢાવીશ. પણ એ બધું કર્મને આધીન થાય છે. કર્માનુસાર નહીં થતું હોય તો ભગવાન મહાવીરનો બોધેલો કર્મ સિદ્ધાંત મિથ્યા ઠરે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''દેવદેવીની તુષમાનતાને શું કરીશું? જગતની તુષમાનતાને શું કરીશું? તુષમાનતા સત્પુરુષની ઇચ્છો.'' (વ.પૃ.૧૫૭)

**''શ્રી રણછોડભાઈ ધારશીભાઈ ધર્મપુરના પ્રસંગ'માંથી :–**

**એક વયોવૃદ્ધનું દૃષ્ટાંત –** ''એકવાર મોરબીમાં એક વયોવૃદ્ધ જેના પ્રત્યે મને આદરભાવ હતો. તેમણે ગોંડલ કોઈ નિમિત્તે કુળદેવીના માન્યતાએ જવાનું નક્કી કર્યું. ત્યારે કૃપાળુદેવે તેમને વાર્યા અને જણાવ્યું કે તેમાં કંઈ બીજું થાય તો તેનું જોખમ બધું અમારે શિરે રાખીએ છીએ. છતાં એ ભાઈને કુળદેવીની માન્યતાએ જવાનું થયું. તેથી તેઓ હેરાન થયા હતા. આ વાત પાછળથી તેમને સમજાઈ હતી.''

**'શ્રી યશોવિજયજી કૃત ચોવીશીના અર્થ'માંથી :–** 'હે પ્રભુ! આપ વિના અન્ય દેવ મને જરાપણ પ્રિય લાગતા નથી. અન્ય દેવો તો ઊલટા મારી સેવાભક્તિની આશા રાખે છે; તેઓ મારી મનઃકામનાને શું પૂરી કરી શકે? એવું તેમનામાં સામર્થ્ય જ ક્યાં છે? તેથી મેં તો તારક તરીકે આપ સમર્થને જ સ્વીકાર્યા છે! આપને મૂકી અન્ય દેવને હું ક્યારે પણ આરાધવાનો નથી. આ મારી ખાસ હાર્દિક અને અચળ ટેક-પ્રતિજ્ઞા છે. જે પામરજનો અનેક પ્રકારની સાંસારિક આશાઓની પૂર્તિને માટે અનેક



દેવોને સેવે છે, તેઓના ઇષ્ટકાર્યોની સિદ્ધિ થતી નથી. માટે મોક્ષાર્થી જીવે પૂર્ણ પરીક્ષા કરીને, જે સર્વ દોષથી રહિત હોય તેવા એક સત્યદેવને જ ત્રિકરણયોગે પૂર્ણ શ્રદ્ધા રાખીને સેવવા જોઈએ.' **'વીતરાગ સમો દેવો ન ભૂતો ન ભવિષ્યતિ'** વીતરાગ સમાન કોઈ દેવ ત્રણેકાળમાં થયો નથી અને થશે પણ નહીં.

હે પ્રભુ! યથાર્થ દૃષ્ટિને અભાવે હું ખરા દેવને પ્રથમ ઓળખી શક્યો નહીં. મારી રાગીદ્વેષી દૃષ્ટિએ રાગીદ્વેષી દેવોમાં જ દેવપણું માન્યું અને તેથી મને ઘણું નુકસાન થયું.

કોઈ એવી માન્યતા કરે કે મારો ધંધો સારો ચાલશે તો તમારા દર્શન કરવા પગે ચાલીને આવીશ. આવી બધી માન્યતા કરવાથી મિથ્યાત્વ જે છોડવાનું છે તેજ વિશેષ ગાઢ થાય છે. આ મિથ્યાત્વ જ જીવને અનંત સંસાર રઝળાવનાર છે.

**એક દરિદ્રીનું દૃષ્ટાંત – નસીબમાં ન હોય તો આપેલું પણ રહે નહીં.** એક દરિદ્રીએ એક દેવ પાસે અઠ્ઠમ તપ કરીને ધન માંગ્યું. ત્યારે દેવે પ્રસન્ન થઈને કહ્યું કે તારા નસીબમાં નથી. પણ દરિદ્રીએ હઠ કરી તેથી દેવે એક કિંમતી રત્ન આપ્યું. તે લઈને વહાણમાં બેસી આગળ ચાલ્યો. રસ્તામાં એને કર્માનુસાર એવી મતિ સૂઝી કે આ પૂર્ણિમાની રાત્રિમાં આ રત્ન કેવું ચમકતું હશે એમ વિચારી ખુલ્લામાં આવી તે જોવા લાગ્યો. તેટલામાં તેના હાથમાંથી તે સમુદ્રમાં સરી પડ્યું. નસીબમાં ન હોય તો કોઈ આપી શકતું નથી, ગમે તેટલી માનતા કરો. નસીબ સીધું હોય તો જ્યાં હાથ નાખો ત્યાં ચરુ મળે, તેજપાળ, વસ્તુપાળને મળ્યા હતા તેમ. તેઓ પોતાના ધનને સુરક્ષિત રાખવા માટે ખાડો ખોદવા જતાં તેમાંથી વળી બીજા ચરુનાં ઘડા નીકળ્યા હતા. માટે સુખી થવા કોઈ દેવદેવીની માનતા માનું નહીં. પણ ભગવાને કહેલા કર્મ સિદ્ધાંત પર શ્રદ્ધા રાખી ભગવાનની ભક્તિ કરીને સત્કર્મ કર્યા કરું, જેથી સર્વ સુખની પ્રાપ્તિ થાય. સુખ પ્રાપ્તિનો એ જ ખરો ઉપાય છે.

## ૪૭૦. અયોગ્ય રીતે પૂજન કરું નહીં.

દેવ દેવીનું અયોગ્ય રીતે પૂજન કરું નહીં. જેમાં જીવોની હિંસા થાય એવું કોઈ પૂજન કરું નહીં.

**યશોધરરાજાનું દૃષ્ટાંત – કોઈના પણ આગ્રહથી કદી અયોગ્ય પૂજન કરું નહીં.** શ્રી યશોધર રાજા હતો. તેને દીક્ષા લેવાના ભાવ થયા. તેથી રાણીને દીક્ષાની વાત જણાવી. રાણીએ પણ ઉપરથી દીક્ષા લેવાના ભાવ દર્શાવ્યા, પણ અંતરમાં દીક્ષા લેવાના ભાવ નથી. કારણકે રાણીને રાજમહેલના રક્ષપાળ એવા કુબડા સાથે સંબંધ હતો.

રાત્રે યશોધર રાજાએ દુઃસ્વપ્ન દીઠું કે ''હું સફેદ રાજમહેલમાં સિંહાસન પર બેઠેલો છું, ત્યાંથી મારી માતા યશોધરાએ મને નીચે પાડી નાખ્યો. હું ગબડતો ગબડતો સાતમી ભૂમિ સુધી ગબડ્યો. મારી પાછળ મારી માતા પણ ગબડતી નીચે આવી. હું પછી પાછો ઊભો થઈ મેરુ પર્વત ઉપર ચઢી ગયો.''

જ્યારે યશોધર રાજા રાજસભામાં આવીને બેઠો ત્યાં માતા આવી. માતાને નમસ્કાર કરીને પોતાના દીક્ષાના ભાવ દર્શાવ્યા અને આ દુઃસ્વપ્નનું નિવેદન પણ કર્યું.

માતાએ કહ્યું કે અમંગળ સ્વપ્નને નિવારવા માટે વેદમાં કહ્યા પ્રમાણે પ્રથમ કુળદેવી આગળ કૂકડાનું માંસ મૂકી પૂજન કરીને શાંતિકર્મ કર. ત્યારે યશોધરે કાનમાં આંગળી નાખી સાંભળવાનું બંધ કર્યું અને માતાને કહ્યું કે હે માતા! શું જીવઘાતથી શાંતિકર્મ થાય? ''અભયદાન દેવાથી લાંબુ આયુષ્ય, સારું રૂપ, નિરોગીપણું પ્રાપ્ત થાય અને તે જન્માંતરમાં પણ સર્વ લોકમાં પ્રશંસાનું સ્થાન પામે છે.''



માતાનો આગ્રહ જોઈ યશોધર રાજા બોલ્યો ''હે માતાજી! જો હું તમને પ્રિય હોઉં તો દુર્ગતિના ખાડામાં ધકેલનાર આવી આજ્ઞા ન કરો અથવા હું પોતે જ મરી જાઉં અને મારા માંસ વડે કુલદેવતાનું અર્ચન કરો.'' એમ કહી મ્યાનમાંથી તલવાર ખેંચી ત્યારે માતાએ તેનો હાથ પકડી લીધો અને કહ્યું કે લોટનો કૂકડો બનાવી વધ કરીને પણ મારું વચન માન્ય કર. માતાના ઘણા આગ્રહથી તે વાત માન્ય કરી. પછી લોટનો કૂકડો કુળદેવી આગળ મૂક્યો. માતાની આજ્ઞાથી તેનો વધ કર્યો. પછી માતાએ માંસની કલ્પના કરી ખાવાની વાત કરી ત્યારે પણ આગ્રહથી રાજાએ તેમ કર્યું. તેથી ભવપરિભ્રમણ વધી ગયું.

બીજે દિવસે કુમારનો રાજ્યાભિષેક કરીને યશોધર રાજાએ દીક્ષાની તૈયારી કરી. નયનાવલીએ કહ્યું કે હે આર્યપુત્ર! આજે પુત્રના રાજ્યાભિષેકનું સુખ અનુભવો. કાલે આપણે દીક્ષા લઈશું.

હવે ભોજનના અંતમાં નયનાવલીએ પાચન ગોળીની સાથે તાલપૂટ વિષ આપી દીધું. તેથી થોડીવારમાં જ તે જડ જેવો થઈને નીચે પડ્યો. તે જોઈ પહેરગીરે વિષને હરવાવાળા વૈદ્યને બોલાવ્યો. તેટલામાં રાણીએ આવીને મોઢા ઉપર સાડીનો છેડો નાખી રાજાના કંઠને અંગૂઠા તથા આંગળીઓ વડે દબાવી મારી નાખ્યો. યશોધર રાજા મરીને મોર થયો. તથા તેની માતા પણ આર્તધ્યાન કરીને તે જ દિવસે મરીને કૂતરી થઈ. ત્યાંથી મરીને રાજા નોળિયો અને માતા સર્પ થઈ. ત્યાંથી મરીને રાજા રોહિત મત્સ્ય અને માતા સુસુમાર જળચર થઈ. ત્યાંથી મરીને રાજા બકરો અને માતા બકરી થઈ. બકરો મરીને પાછો પોતાની માતા બકરીને પેટે રાજા બકરો થયો. પછી રાજાનો જીવ પાછો બકરો અને માતા પાડો થઈ. પછી કૂકડો અને કૂકડી થયાં. તે ભવમાં મુનિ ભગવંત પાસે પૂર્વભવ સાંભળવાથી જાતિસ્મરણજ્ઞાન થયું અને શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. તે વખતે ગુણધર રાજાએ શબ્દભેદી બાણ મારવાથી કૂકડો કૂકડી બેય મરી ગયા અને ગુણધર રાજાના જ પુત્ર પુત્રી તરીકે ઉત્પન્ન થયાં. ગુણધર પૂર્વભવમાં રાજા યશોધરનો પુત્ર હતો. તે આજે પિતા થયો. મુનિ ભગવંતે ઉપદેશમાં પૂર્વભવ કહ્યાં તેથી જાતિસ્મરણજ્ઞાન થવાથી વૈરાગ્ય પામ્યા અને બન્નેએ દીક્ષા ગ્રહણ કરી. અહીંથી દેહ છોડી સ્વર્ગે ગયા. આમ અયોગ્ય પૂજનનું ફળ ઘોર દુઃખ પામ્યા.

યશોધર રાજાની પત્ની નયનાવલી, જેને કુબડા સાથે સંબંધ હતો તેથી રાજાને વિષ આપ્યું હતું; તે આ ભવમાં ઘણી વેદના ભોગવીને નરકે ગઈ. (જૈન કથાસાગર ભાગ-૩)

**'શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર'માંથી :— ગમે તેવી આપત્તિમાં પણ પૂજન છોડ્યું નહીં**

**અર્હન્નયનું દૃષ્ટાંત —** ચંપાપુરીનો નિવાસી અર્હન્નય નામે એક શ્રાવક વ્યાપાર કરવા માટે વહાણમાં બેસી સમુદ્રયાત્રા કરવા નીકળ્યો હતો. તે વખતે ઇંદ્રે દેવસભામાં એવી પ્રશંસા કરી કે 'અર્હન્નયના જેવો કોઈ દૃઢ શ્રાવક નથી.' તે સાંભળી ઈર્ષ્યાવાન થયેલા એક દેવતાએ સમુદ્રમાં આવી ક્ષણવારમાં મેઘાડંબર સાથે ઉત્પાતના જેવો પવન ઉત્પન્ન કર્યો. વહાણ ડૂબવાના ભયથી તેમાં બેઠેલા વ્યાપારીઓ પોતપોતાના ઇષ્ટદેવની માનતા કરવા લાગ્યા. તે વખતે અર્હન્નયે સમાધિસ્થ થઈ પચખાણ





કર્યું કે 'જો આ વિઘ્નમાં મારું મૃત્યુ થાય તો હવે મારે અનશન વ્રત (ચારે પ્રકારના આહારનો ત્યાગ) છે.' તે વખતે પેલા દેવે રાક્ષસરૂપે આકાશમાં રહીને કહ્યું કે 'હે અર્હન્નય! તું તારો ધર્મ છોડી દે ને મારું વચન માન; જો તું માનીશ નહીં તો આ વહાણને ઘડાની ઠીબની જેમ હું ફોડી નાખીશ અને પરિવાર સાથે તને આ જળજંતુઓનું ભક્ષ્ય કરીશ.' આટલું કહેતા પણ જ્યારે અર્હન્નય ધર્મથી ચલિત થયો નહીં, ત્યારે તે દેવે તેને ખમાવ્યો અને ઇંદ્રે કરેલી પ્રશંસા સંબંધી વાર્તા કહી સંભળાવી. પછી તે શ્રાવકને બે મનોહર દિવ્ય કુંડળની જોડી આપી, ઘોર મેઘ અને પવનાદિ દૂર કરી તે દેવ સ્વસ્થાનકે ગયો.

તેમ આપત્તિકાળે પણ સત્ધર્મ તજી અયોગ્ય રીતે વર્તન કે પૂજન કરું નહીં.

## ૪૭૧. રાત્રે શીતળ જળથી નાહું નહીં.

રાત્રે નાહવું તે લોહીથી નાહવા બરાબર છે. ઉનાળાના દિવસોમાં લોકો દુકાન કે નોકરીથી ઘેર આવી જમતા પહેલા સ્નાન પણ કરે. રાત્રે નાહવાથી બાથરૂમ વગેરેમાં સૂર્યાસ્તથી ઉત્પન્ન થયેલા સૂક્ષ્મ જીવો શાંતિથી બેઠા હોય તેની હિંસા થાય છે તથા જલકાય જીવોની પણ હિંસા થાય છે. માટે રાત્રે ઘરે આવી નાહવાની ટેવ રાખું નહીં.

**'મોક્ષમાળા વિવેચન'માંથી -**

''अस्तंगते दिवानाथे आपो रुधिर मुच्यते ।
अन्नं मांससमं प्रोक्तं मार्कण्डेयमहर्षिणा ॥''

''સૂર્ય આથમ્યા પછી પાણી લોહી જેવું કહેવાય છે અને અન્ન માંસ જેવું કહેવાય છે.'' એમ માર્કંડેય મહર્ષિ કહે છે.'' (પૃ.૬૯)

## ૪૭૨. દિવસે ત્રણ વખત નાહું નહીં.

ગૃહસ્થ હોવાથી શુદ્ધિ માટે એક વખત નાહવું પડે તો નહાય છે. બીજી વખત કોઈનું મરણ થયું હોય ત્યારે સ્મશાનમાં જવું પડે તો નહાય છે. પણ ત્રીજી વખત નાહું નહીં. તે શરીર ઉપર તીવ્ર રાગ સૂચવે છે. શરીરની શોભા કરવામાં જ વખત જતો રહે. ઉનાળામાં લોકો ત્રણ વખત પણ નહાય. એમ જો બહુ નાહવામાં જ વૃત્તિ રહે તો માછલા કે મગરમચ્છ થવું પડે કે જે સદા પાણીમાં જ પડ્યા રહે છે અર્થાત્ તિર્યંચનો અવતાર આવે છે.

## ૪૭૩. માનની અભિલાષા રાખું નહીં.

માનની ઇચ્છા રાખું નહીં. કારણ બીજા પાસે માનની અપેક્ષા રાખવી તે પરાધીનતા છે. કોઈ માન આપે તો કોઈ વળી નિંદા પણ કરે; આખું જગત કંઈ માન આપે નહીં. ભગવાન જેવાની પણ નિંદા કરનાર લોકો હતા અને સ્તુતિ કરનાર પણ હતા. દુનિયાના બે ન્યાય છે. આપણે માનની અપેક્ષા રાખ્યા વગર પોતાના આત્માનું કલ્યાણ કેમ થાય તે વિચારીને પ્રવર્તવું કે જેથી આપણને છૂટવાનું કારણ થાય. લોકો આપણને માન આપે એવો ગુણ પણ આપણામાં ક્યાં પ્રગટ્યો છે? સમ્યક્દર્શન વગર ખરી રીતે એક પણ ગુણ પ્રગટતો નથી.

જે માનની ઇચ્છા રાખે તેને માન ન મળે ત્યારે તે બીજાની નિંદા કરે છે. પોતે સારો દેખાડવાની



કોશિશ કરે એના કરતાં સારો બનવાની કોશિશ કરતો હોય તો સારો બની જાય. માનની ઇચ્છા ન હોય તે બીજામાંથી ગુણ જુએ અને ગ્રહણ કરે. એમ કરતાં ગુણોનો ભંડાર થઈ જાય. શ્રી કૃષ્ણ જેવા ગમે ત્યાંથી પણ ગુણ ગ્રહણ કરતા હતા.

**'પ્રજ્ઞાવબોધ'માંથી** – **''જગમાં સર્વના શિષ્ય થવા સદ્‌ગુરુ ઇચ્છતા,**
**રાજચંદ્ર પ્રભુ એવા તેમને પ્રણમું સદા. ૧**
**દાસત્વ સર્વનું ઇચ્છે મુમુક્ષુનું વિશેષ જે,**
**તેનામાં માનને સ્થાન ક્યાંથી? જ્યાં ન પ્રવેશ છે. ૨**
**'પાપમૂલ અભિમાન' પ્રસિદ્ધ જગમાં અતિ,**
**નિષ્પાપી નિરભિમાની વિનયાન્વિત સન્મતિ.'' ૩**

**'મોક્ષમાળા વિવેચન'માંથી :– ''આપવડાઈ** – પોતાની પ્રશંસા પોતે કરે તે આપવડાઈ. તે માનનો બીજો ભાઈ-બીજો પ્રકાર છે. માન હોય તેટલા પ્રમાણમાં આપવડાઈ કરે. માન વધારવા માટે પોતાના વખાણ કરે. જે ઉત્તમ હોય તે પોતાના વખાણ ન કરે. ક્વચિત્ અભિમાન રહિતપણે ખરી વાત પ્રસંગોપાત્ત કરે તેમાં આપવડાઈનો હેતુ નથી. પરંતુ હું સારો દેખાઉં? મને લોક કેમ વખાણે? એમ વિચારે ત્યાં પરમાર્થદૃષ્ટિ નથી.'' (પૃ.૨૧૯)

**'શ્રી જૈન હિતોપદેશક ભાગ-૧'માંથી :– આત્મપ્રશંસા કરવી નહીં**

''આત્મશ્લાઘા અથવા આપવડાઈ કરી ખુશી થવું, એ મહાન દોષ ગણાય છે. સજ્જન પુરુષો તો પરના પરમાણુ જેટલા ગુણોને પણ વખાણે છે અને પોતાના મેરુ જેવડા મોટા ગુણોને પણ કહેતા નથી. તો વિના ગુણે છલકાઈ જવું એ કેટલું ભૂલ ભરેલું છે તે વિચારવું. (પૃ.૫૯)

**પોતાના ગુણનો પણ ગર્વ કરવો નહીં** – ઉત્તમ પુરુષો ગુણનો ગર્વ કરતા નથી. એમ સમજીને કે ગર્વ કર્યાથી ગુણની હાનિ થાય છે. સંપૂર્ણ ગુણી જ્ઞાની, ધ્યાની કે મૌની સમુદ્રની પેરે ગંભીર હોય છે તે ગર્વ કરતાં નથી. ફક્ત અધૂરા હોય તે જ છલકાય છે. આપવડાઈ કરવા જતાં પરનિંદાનો પ્રસંગ આવે છે. પરનિંદાના મોટા પાતકથી, ગર્વ-ગુમાન કરનારનો આત્મા પાપકર્મથી લેપાઈ મલીન થાય છે. જેથી મૂળ ગુણોની પણ હાનિ થાય છે. તો નવા ગુણોની પ્રાપ્તિ વિષે શું કહેવું? તેથી સ્વમુખે આત્મશ્લાઘા કરી માનની અભિલાષા રાખું નહીં. (પૃ.૭૯)

## ૪૭૪. આલાપાદિ સેવું નહીં.

આલાપ એટલે વાર્તાલાપ. જેમાં કોઈનું અહિત થાય કે નુકસાન થાય અથવા ક્લેશ ઉત્પન્ન થાય. એવા વાર્તાલાપ કે વાતચીતો કરું નહીં.

**નારદમુનિનું દૃષ્ટાંત** – નારદ ઋષિએ ધાતકીખંડના ભરતક્ષેત્રમાં આવેલ અમરકંકા નગરીમાં જઈને પદ્મોત્તર રાજાને કહ્યું કે દ્રૌપદી જેવી કોઈ સુંદર સ્ત્રી આ દુનિયામાં નથી. તેથી તેણે દેવને આજ્ઞા કરી કે દ્રૌપદીને ઉપાડીને લઈ આવ. દેવ લઈ આવ્યો. પછી કૃષ્ણ તથા પાંચે પાંડવોએ ઘણું કષ્ટ વેઠી ધાતકીખંડમાં જઈ લડાઈ કરીને દ્રૌપદીને લઈ આવ્યા. માટે ક્લેશ ઉત્પન્ન થાય એવા આલાપ આદિ સેવું નહીં અથવા સંગીતના રાગરાગીણીઓના આલાપાદિ સેવું નહીં. કે જેથી જીવને મોહ થાય.



## ૪૭૫. બીજા પાસે વાત કરું નહીં.

ઘરની ખાસ વાત હોય તે બીજા પાસે કહું નહીં અથવા બીજા પાસે વ્યર્થ ગપ્પા ઉડાઉ કે નકામી વાતો કરું નહીં. એક બીજા સાથે વાતચીતો કરતાં બીજાની નિંદા થઈ જાય કે વિકથા કરવા બેસી જવાય. ખાવાપીવાની વાતો, રાજ્યની વાતો, દેશની વાતો કે સ્ત્રીકથા કરે; એમાં કર્મબંધ સિવાય બીજું હાથ ન આવે. કોઈને એવી ટેવ હોય કે થોડીવાર પણ બહાર જઈને વાતો ન કરે તો ચેન પડે નહીં. એમ આખી દુનિયાની વાતો મગજમાં ભરે તો આત્મહિત ક્યારે કરે?

## ૪૭૬. ટૂંકું લક્ષ રાખું નહીં.

સંસારી જીવોનું ટૂંકું લક્ષ હોય છે. આ ઘર મારું, આ પુત્ર મારો; બાકી બધા પરાયા, એવો જે લક્ષ, તે ટૂંકો લક્ષ છે. જ્યારે સત્પુરુષોને મન તો આખું વિશ્વ કુટુંબરૂપ છે.

''अयं निज परोमेति, गणना लघु चेतसाम्;
उदार चरितानाम्तु, वसुधैव कुटुम्बकम् ।''

અર્થ – આ મારું, આ પરાયું છે એવી ગણના ટુંકા માનસવાળાની છે. જ્યારે ઉદાર ચરિત્રવાળાને મન તો આખી પૃથ્વી કુટુંબરૂપ છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''મોટા આશ્ચર્યને પમાડનારાં એવા જળ, વાયુ, ચંદ્ર, સૂર્ય, અગ્નિ આદિ પદાર્થોના જે ગુણો તે સામાન્ય પ્રકારે પણ જેમ જીવોની દૃષ્ટિમાં આવતા નથી, અને પોતાનું જે નાનું ઘર અથવા જે કંઈ ચીજો તેને વિષે કોઈ જાતનું જાણે આશ્ચર્યકારક સ્વરૂપ દેખી અહંત્વ વર્તે છે, એ જોઈ એમ થાય છે કે લોકોને દૃષ્ટિભ્રમ - અનાદિકાળનો - મટ્યો નથી; જેથી મટે એવો જે ઉપાય, તેને વિષે જીવનું અલ્પ પણ જ્ઞાન પ્રવર્તતું નથી; અને તેનું ઓળખાણ થયે પણ સ્વેચ્છાએ વર્તવાની જે બુદ્ધિ તે વારંવાર ઉદય પામે છે; એમ ઘણા જીવોની સ્થિતિ જોઈ આ લોક અનંતકાળ રહેવાનો છે, એમ જાણો. (વ.પૃ.૩૩૬)

**'બોધામૃત ભાગ-૨'માંથી :–** ''જીવોની દૃષ્ટિ સંકુચિત થઈ ગઈ છે. મોટા આશ્ચર્યવાળા દરિયા, પવન, ચંદ્ર, સૂર્ય, અગ્નિ, તારા આદિના ગુણો જોવા જેવા છે, તેનું તો માહાત્મ્ય નથી અને પોતાનું નાનકડું ઘર, કે થોડા પૈસા હોય તેની પણ મહત્તા લાગે છે, તેનું અહંત્વ વર્તે છે. જીવને દૃષ્ટિ રાગ છે. જેમ છે તેમ જીવને જણાતું નથી. મોહથી જીવ અંધ થઈ ગયો છે. સત્સંગ, સત્પુરુષનું ઓળખાણ નથી. એ ભ્રાંતિ છોડવી હોય તો જ્ઞાનીને યોગે છૂટે.'' (પૃ.૯૩)

**'પૂ.શ્રી બ્રહ્મચારીજી જન્મ શતાબ્દી ગ્રંથ'માંથી :– સત્પુરુષને આખું વિશ્વ કુટુંબરૂપ**

**પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનું દૃષ્ટાંત –** એક વખતે પૂજ્યશ્રીના દીકરા જશભાઈના વહુ પરદેશથી આવેલા. તેઓ કહેવા લાગ્યા કે બાપુજી, એક વખત ઘેર ચાલો અને અમને જમીન વગેરે ન્યાયથી વહેંચી આપો. ત્યારે પૂ.શ્રી બ્રહ્મચારીજીએ કપાળે હાથ મૂકી કહ્યું : ''બધું વહેંચાયેલું જ છે, દરેકના પુણ્ય પ્રમાણે થાય છે.'' એમ જવાબ આપી જાણે જશભાઈના વહુ સાથે તેઓશ્રીને કંઈ સંબંધ જ ન હોય તેમ મોં ફેરવી મુમુક્ષુઓની સાથે સત્સંગ-બોધની વાતો કરવા લાગ્યા. તેમને મન તો આખું વિશ્વ કુટુંબરૂપ હતું. (પૃ.૩૭)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''લક્ષની બહોળતા – ખાવું પીવું એ ટૂંકું લક્ષ છે; નીચે ઢાળે જવું સહેલું છે; ઉત્તમ પુરુષો ઉત્તમ વસ્તુની ઇચ્છા કરે છે, અલ્પ તુચ્છ વસ્તુથી રાજી થતા નથી; મોક્ષ માટે



જન્મ્યા છીએ તેનો વિચાર કરવો તો લક્ષની બહોળતા થાય.'' (પૃ.૨૧૬)

## ૪૭૭. ઉન્માદ સેવું નહીં.

ઉન્માદ એટલે મોહની ઘેલછા અથવા ગાંડપણ. જેને ઘર્મની કંઈ પડી ન હોય, ઘર્મ પ્રત્યે અનાદર હોય એવા જીવો ઉન્માદને સેવે. માટે ઘર્મ પ્રત્યે આદરભાવ રાખી ઉન્માદને સેવું નહીં.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''**ઉન્માદ પ્રકૃતિ** – મન સમપણે ન રહે, નિરંકુશ થાય. ફાવે તેમ બોલે, ફાવે તેમ ફરે, ખાય, ઊંઘમાં પણ સ્વપ્ના આવે. એમ મન નિરંકુશ ન થવા દેવું. મન વિષયભોગમાં ચઢી ગયું તો ત્યાંથી પાછું વળે નહીં. ક્રોધાદિને લઈને ઉન્માદ થાય. ક્રોધાદિ કષાયોનું જોર વધી પડે ત્યારે મન વશ ન રહે. ન કરવાના વિચારો આવ્યા કરે, મનને ઉન્માર્ગે લઈ જાય. એવી ટેવ પડે તે ઉન્માદ પ્રકૃતિ કહેવાય. એ એક પ્રકારનું ગાંડપણ અથવા મનસ્વીપણું છે. ઘડી ઘડીમાં મિજાજ ખોઈ બેસે. કોઈ કહે તે સહન ન થાય.'' (પૃ.૨૧૭) એવો ઉન્માદ સ્વપરને દુઃખકારક હોવાથી સેવું નહીં.

## ૪૭૮. રૌદ્રાદિ રસનો ઉપયોગ કરું નહીં.

રૌદ્રરસ એટલે મારફાડ કરવામાં કે લડાઈ કરવામાં રસ આવે અથવા કોઈને મારી નાખે તો પણ દુઃખ ન થાય તે. અથવા બીજો શૃંગારરસ કે જેથી મોહ વધે અથવા બીભત્સરસ એટલે કોઈને ભય પમાડવો વગેરે આત્માને બંધન કરાવનાર રસનો ઉપયોગ કરું નહીં. પણ શાંતરસ, વીરરસ કે કરુણરસ આદિનો પ્રયોગ કરી આત્મહિત કરું.

## ૪૭૯. શાંતરસને નિંદું નહીં.

શાંતરસ આત્માને શાંતિ પમાડનાર હોવાથી મેળવું પણ તેની નિંદા કરું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''વીતરાગશ્રુત, પરમશાંતરસપ્રતિપાદક વીતરાગવચનોની અનુપ્રેક્ષા વારંવાર કર્તવ્ય છે. ચિત્તસ્થૈર્ય માટે તે પરમ ઔષધ છે.'' (વ.પૃ.૬૨૯)

માટે શાંતરસને નિંદુ નહીં, પણ ચિત્તસ્થિરતા માટે ઉત્કૃષ્ટ કારણ હોવાથી તેની પ્રશંસા કરું.

**'પ્રજ્ઞાવબોધ' માંથી :–** **''અહોહો! પરમ શ્રુત-ઉપકાર!**

**ભવિને શ્રુત પરમ આધાર. –ધ્રુવ.**

**પરમ શાંતિ પામ્યા તે નરને, નમું નિત્ય ઉલ્લાસે;**

**પરમ શાંતિરસ પ્રેમે પાયે, વર્તું તે વિશ્વાસે. અહોહો૦**

**અર્થ** – જે સત્પુરુષો પરમ શાંતિને પામ્યા છે, તે મહાત્માઓને હમેશાં બહુમાનપૂર્વક હૃદયનાં ઉલ્લાસભાવે એટલે ઉમળકાથી નમસ્કાર કરું. કેમકે પ્રભુ પરમ શાંતિરસને પ્રેમપૂર્વક પાવે છે. માટે તેમના દૃઢ વિશ્વાસે રહી આજ્ઞાપૂર્વક પ્રવર્તન કરું.

**''સત્શ્રુત શાંત રસે છલકાતું શાંત સરોવર જાણે,**

**શાંત રસ-હેતુએ સર્વે રસ ગર્ભિત પ્રમાણે'' અહોહો૦**

**અર્થ** – સત્શ્રુત એટલે ભગવાને બોધેલા સત્શાસ્ત્રો તે શાંતરસથી ભરપૂર ભરેલા છે. જેમ સરોવર પાણીથી છલકાતું હોય તેમ જાણે સત્શ્રુત પણ શાંતરસથી ઊભરાઈ રહ્યું છે. શાંતરસમાં બધા રસો સમાયેલા છે. કારણ શૃંગારરસનું વર્ણન કર્યું હોય તેમાં પણ મહાપુરુષોની દૃષ્ટિ તો શાંતરસમાં જ જીવને



લઈ જવાની હોય છે. જીવોની વૃત્તિ વિષય કષાયવાળી હોવાથી સીધી આત્માની વાત તેમના ગળે ઊતરે નહીં. તેથી રાજા રાણીની વાત કરે તો લોકોને તેમાં રસ પડે. પછી રાજાએ સંસારનું સ્વરૂપ દુઃખમય જાણીને તેનો ત્યાગ કર્યો, એ વાર્તા સાંભળીને ત્યાગની ભાવના જન્મે અથવા શૃંગારરસની લુબ્ધતાને કારણે લડાઈઓ કરીને મરી ગયા પણ શું સાથે આવ્યું; બધું અહીં જ પડ્યું રહ્યું વિગેરે વિચારો આવે. કરુણરસમાં જેમ બીજા જીવોની દયા ખાઉં છું તેમ મારા આત્માની દયા પણ મને ખાવી જોઈએ. એમ શાંતરસની પુષ્ટિ માટે બીજા સર્વ રસોનું વર્ણન જ્ઞાનીપુરુષોએ કર્યું છે.

**"ત્રિવિધ તાપથી બળતા જગને સત્શ્રુત શાંતિ આપે,**
**શાંત હૃદયના ઉદ્ગારો તે કળિમળ સર્વે કાપે." અહોહો૦**

**અર્થ** – આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ તાપથી બળતા જીવોને સત્શ્રુત શાંતિ આપે છે. જે એનો સ્વાધ્યાય કરે તેનો આત્મા શાંત થાય છે. હિતાહિતનું ભાન થાય છે. ગમે તેવા સંજોગોમાં પણ એને શાંતિનું કારણ થાય. સત્પુરુષોના શાંત હૃદયના ઉદ્ગારો જીવોના સર્વ પાપરૂપી મળને ધોનાર છે. (પૃ.૩૦)

**"પરમ શાંત રસ-પ્રતિપાદક જે વીતરાગની વાણી,**
**તે સત્શ્રુત, ઔષધ ઉત્તમ, દે ચિત્ત સ્થિરતા આણી." અહોહો૦**

**અર્થ** – પરમ શાંતરસનું પ્રતિપાદન કરનારી જે વીતરાગ પુરુષોની વાણી છે તે જ સત્શ્રુત છે. તે ચિત્તને સ્થિર કરવા માટે ઉત્તમ ઔષધ છે. સત્શાસ્ત્રો છે તે આત્માને શાંતરસનો અનુભવ કરાવનાર છે. એવા શાસ્ત્રોની નિંદા કરવી તે શાંતરસની જ નિંદા છે.

## ૪૮૦. સત્કર્મમાં આડો આવું નહીં. (મુ૦ગૃ૦)

કોઈપણ ઉત્તમ કાર્યમાં વિઘ્ન કરું નહીં. દાન, શીલ, તપ, ભાવ એમ ચાર પ્રકારે ધર્મ કહ્યો છે. દાન, શીલ, તપ, ભાવ ધર્મ આરાધવામાં કે પૂજા, ભક્તિ, સ્વાધ્યાયમાં અંતરાય કરું નહીં. અંતરાય કરવાથી આગામી ભવોમાં તે તે વસ્તુની પ્રાપ્તિ થતી નથી અને દુઃખના દિવસો દેખવા પડે છે. માટે સત્કર્મમાં આડો આવું નહીં પણ ઉત્તેજન આપું.

**'અંતરાયકર્મની પૂજાના અર્થ'માંથી :–**

**લીલાવતીનું દૃષ્ટાંત –** ઉત્તર મથુરામાં લીલાવતી નામની એક વણિક પુત્રી હતી. તે વિનયરત્ન નામના વ્યવહારિયાને પરણી. વિનયરત્નને જિનમતિ નામની પહેલી પત્ની હતી. જિનમતિ હમેશાં ભગવાનની પૂજા કરતી. બગીચાના સુંદર ફૂલોનો હાર બનાવી ભાવપૂર્વક પ્રભુના કંઠે સ્થાપન કરતી. શોખીન એવી લીલાવતીને એ રુચ્યું નહીં. તે પોતાના અંબોડા માટે કે હાર ગજરા માટે કે સેજમાં ફૂલો પાથરવા માટે જિનમતિને આગ્રહ કરતી. એક વાર જિનમતિએ પ્રભુ પૂજા માટે બનાવેલો હાર લીલાવતીએ ફેંકી દેવરાવ્યો; ત્યારે એ હાર તેને સર્પરૂપે દેખાયો. બીજી વાર અંબોડે વીંટ્યો તો ત્યાં સર્પનો ફુંફાડો સંભળાયો. જિનમતિનો પૂજા માટેનો હાર તે લીલાવતીને હળાહળ ઝેરવાળો સર્પ બની ગયો.

લીલાવતી ડરી ગઈ. તેને પોતાની ભૂલ સમજાઈ. અને શોક્યના ચરણમાં પડી. એકદા મુનિ મહાત્માનો સમાગમ થતા તેણીએ બધી વાત તેમને કહી. મહાત્માએ કહ્યું : પોતાને જે અતિ પ્રિય હોય તે પ્રભુ ચરણે અર્પણ કરવું ઘટે. ભક્તિભાવથી પ્રથમ અંતઃકરણને સુગંધમય કરીને એક પુષ્પથી પણ પ્રભુની



પૂજા કરીશ તોય તે કલ્યાણનું કારણ થશે; પણ અંબોડા, હાર, ગજરા વગેરે માટે એક પણ પુષ્પ કદી વાપરવું નહીં.

હવે લીલાવતી પ્રતિદિન પ્રભુની પૂજા કરવા લાગી. એનો ભાઈ ગુણધર પણ બેનના કહેવાથી પૂજા ભક્તિ કરવા લાગ્યો. અહીંથી દેહ છોડી લીલાવતી સુરપુરના રાજાની વિનયશ્રી નામે પુત્રી થઈ અને તેનો ભાઈ પદ્મપુરના રાજાને ત્યાં જય નામે કુમાર થયો. પૂર્વના સ્નેહના કારણે બન્નેના લગ્ન થયા. એક મુનિના ઉપદેશથી તેઓને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી જાણ્યું કે પૂર્વભવમાં પોતે ભાઈ-બહેન હતા, ને આ ભવે પતિ-પત્ની થયા છીએ. તેથી વૈરાગ્ય પામી બન્નેએ દીક્ષા લઈ પોતાનું કલ્યાણ સાધ્યું. પૂર્વે અજ્ઞાનવશ એમ ઘણા અંતરાયકર્મ બાંધ્યા. માટે હવે સત્કાર્ય કરવામાં ક્યાંય આડો આવું નહીં. (પૃ.૧૬)

**પૂજાસંચયમાંથી :–**

**કરપી ભૂંડો સંસારમાં રે, જેમ કપિલા નાર;**
**દાન ન દીધું મુનિરાજને રે, શ્રેણિકને દરબાર. કરપી૦૧**
**કરપી શાસ્ત્ર ન સાંભળે રે, તિણે નવિ પામે ધર્મ;**
**ધર્મ વિના પશુ પ્રાણિયો રે, છંડે નહીં કુકર્મ. કરપી૦૨**
**દાન તણા અંતરાયથી રે, દાનતણો પરિણામ;**
**નવિ પામે ઉપદેશથી રે, લોક ન લે તસ નામ. કરપી૦૩**

**અર્થ** — આ સંસારમાં કૃપણ મનુષ્ય અત્યંત ભૂંડો કહેવાય છે. જેમ કપિલા દાસી કે જેણે શ્રેણિક રાજાના દરબારમાં રાજાનો હુકમ થયા છતાં પણ મુનિરાજને દાન દીધું નહીં. દેવાની ચોખી ના પાડી.(૧)

કૃપણ મનુષ્યો શાસ્ત્રો સાંભળતા નથી. તેથી ધર્મ પામતા નથી. ધર્મ સાંભળવા જઈએ તો ગુરુ કાંઈક ખર્ચ કરવાનું બતાવશે, માટે ગુરુ પાસે જતા નથી, તેથી ધર્મ પામ્યા વિના તે પશુ-પ્રાણી જેવા રહે છે અને કુકર્મોને છાંડતા નથી. (૨)

પૂર્વે કોઈને દાન દેતાં અંતરાય કર્યો હોય તો આ ભવમાં દાનાંતરાયનો ઉદય થાય છે. તેવા મનુષ્યો ગુરુના ઉપદેશથી પણ દાન કરવાના ભાવને પામતા નથી. લોકો પ્રભાતમાં તેનું નામ પણ લેતા નથી. માટે હવે સારા કામોમાં અંતરાયરૂપ થાઉં નહીં. (૩) (પૃ.૧૪૦)

## ૪૮૧. પાછો પાડવા પ્રયત્ન કરું નહીં.

પોતાનું સારું દેખાડવા બીજાને હલકો પાડવા પ્રયત્ન કરું નહીં. તેમ કરવાથી ઈર્ષાભાવને લઈને આવતા ભવમાં પોતાનો સર્વત્ર પરાભવ થાય, કોઈ ભાવ પૂછે નહીં અથવા હલકા કુળમાં ઉત્પન્ન થવું પડે. માટે તેમ કરું નહીં. પણ કોઈના સદ્ગુણ જોઈને રાજી થાઉં.

**'જૈન હિતોપદેશ ભાગ-૧'માંથી :–** સદ્ગુણીને દેખી રાજી થવું એ પ્રમોદભાવ કહેવાય છે. ચંદ્રને દેખી ચકોર જેમ ખુશી થાય તથા મેઘની ગર્જના સાંભળી મયૂર જેમ નાચે, તેવો હર્ષ સદ્ગુણીના દર્શન માત્રથી ભવ્ય ચકોરને થવો જોઈએ. સામાના સદ્ગુણોની ખાત્રી થયા છતાં પણ તેમના પર દ્વેષ ધરવો એ દુર્ગતિનું જ દ્વાર છે. માટે કેવળ દુઃખદાયી એવી દ્વેષ બુદ્ધિને તજી દઈ સદા સુખદાયી એવી ગુણ બુદ્ધિ ધારણ કરીને વિવેકી હંસવત્ થવા ગુણવાનને દેખી પરમ પ્રમોદભાવ ધારણ કરું.



**'દૃષ્ટાંત શતક'માંથી :– બીજાને હલકો પાડનાર પોતાની હલકી વૃત્તિ બતાવે**

**ભૂંડ અને સિંહનું દૃષ્ટાંત –** એક વનમાં એક ભૂંડ અને સિંહનો ભેટો થયો. તે વખતે ભૂંડ સિંહને કહેવા લાગ્યો કે, હે સિંહ! તું આજે ઘણા દહાડે મળ્યો છે, માટે તને હું છોડવાનો નથી. માત્ર તારે છૂટવાનો એક જ ઉપાય છે, તે એ કે તું મારી સાથે કાંઈક વાદ કર અને તેમાં તું જીતે તો તને જવા દઉં; અથવા વાદ ન કરે તો એમ કહે કે હું હાર્યો, તો પણ તને જવા દઈશ.

ભૂંડનું આવું વચન સાંભળીને સિંહે વિચાર્યું કે, નીચ સાથે શું વાદ કરવો, તે મારા જેવાને ઉચિત નથી, તેથી સિંહે કહ્યું કે, અરે ભૂંડ! હું હાર્યો ને તું જીત્યો, માટે જા બધા લોકોને કહી દે કે સિંહ મારાથી હારી ગયો. સિંહમાં કેટલું બળ છે અને ભૂંડમાં કેટલું બળ છે તે બધા લોકોના જાણપણાની બહાર નથી.

કથાનો સાર આ છે કે કોઈ પાછો પાડવા પ્રયત્ન કરે ત્યારે સજ્જન પુરુષોએ હલકા અને મૂર્ખ માણસો સાથે વાદવિવાદ કરવો નહીં. કેમકે કોણ કેવો છે તે સજ્જન પુરુષોના જ્ઞાનની બહાર નથી. (પૃ.૧૪)

## ૪૮૨. મિથ્યાહઠ લઉં નહીં.

ખોટી હઠ લઉં નહીં. મહાપુરુષોએ જે કહ્યું તેથી વિપરીત કરવા હઠ રાખું નહીં. મહાપુરુષ કે વડીલ હોય અને પોતાના અનુભવથી કોઈ કામ કરવા ના પાડે તો તેમ કરવા હઠ રાખું નહીં. સત્પુરુષની આજ્ઞામાં રહેવાથી જીવનું પરમ કલ્યાણ છે, તેમ વડીલોની આજ્ઞામાં રહેવાથી પણ જીવનું વ્યવહારિક હિત સધાય છે. માટે પોતાના ખોટા આગ્રહોને સાચા પાડવા પ્રયત્ન કરું નહીં.

**'મોક્ષમાળા પ્રવેશિકા'માંથી :– રાજા ચિત્રસેનની મિથ્યાહઠ**

**રાજા ચિત્રસેનનું દૃષ્ટાંત –** ભરતક્ષેત્રમાં કલિંગ દેશના વસંતપુરનો રાજા વીરસેનનો પુત્ર ચિત્રસેન હતો. નગરના લોકો રાજાને કહેવા લાગ્યા કે આપનો પુત્ર કામદેવ જેવો છે, માટે અમને તેમનો ત્રાસ છે. ત્યાં તો ચિત્રસેનકુંવર રાજાને પગે લાગવા ગયો ત્યારે રાજાએ મુખ ફેરવી દેશવટાનાં પાન આપ્યા. તેથી ચિત્રસેન અને પ્રધાનપુત્ર રત્નસાર બન્ને પરદેશ જવા ચાલી નીકળ્યા.

રસ્તામાં જતાં જિનમંદિરમાં દર્શન કરી બધે ફરીને જોતાં લાકડાની પૂતળી દેખી ચિત્રસેનને મૂર્છા આવી. શીતોપચાર કરવાથી કેવળી ભગવાનને પૂછતાં તેનો પૂર્વભવ કહ્યો. પૂર્વભવમાં તેઓ હંસ અને હંસલી હતા. આ પૂતળી પદ્મપુર નગરના પદ્મ રાજાની પુત્રી પદ્માવતી છે. એ પુરુષ દ્વેષીણી છે. પદ્મનગરમાં બન્ને જણા જઈ ત્યાં હંસ હંસલીનું ચિત્ર દોરાવી રાજાની કુંવરીને બતાવ્યું. તેથી તેને પણ મૂર્છા આવી. શીતોપચાર કરવાથી શુદ્ધિ આવી. તેને પણ જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી રાજાએ ચિત્રસેન સાથે પદ્માવતીના લગ્ન કર્યા.

ત્યાંથી વસંતપુર આવતાં રસ્તામાં એક વટવૃક્ષની નીચે રાત્રે વિસામો લીધો. બધા ઊંઘી ગયા પણ રત્નસાર જાગતો હતો. એ વૃક્ષ ઉપર યક્ષ અને યક્ષણી રહેતા હતા. પરસ્પર વાતો કરતાં યક્ષણીએ કહ્યું : એનો પિતા એને રાજ્ય આપશે કે નહીં? ત્યારે યક્ષ કહે : એની માતા મરી ગઈ છે. તેથી અપરમાતા પોતાના પુત્રને રાજ્ય મળે તે માટે રાજા તેને વશ હોવાથી ચિત્રસેનને મારવા માટે એક તોફાની ઘોડો મોકલશે. તેમાંથી બચી જશે તો ચોગાનમાં એક મકાન પડી જાય તેવી ગોઠવણ કરી રાખશે. તેમાંથી બચશે તો રાણી ઝેરના લાડુ પીરસી મારી નાખવાનો પ્રયત્ન કરશે. એ ત્રણે સંકટોમાંથી જો બચી જશે તો એક સાપનો ભય તેને માથે રહેશે. એ બધામાંથી બચી જશે તો એ મહાપ્રતાપી રાજા થશે. આ બધા સંકટો મિત્ર ટાળી શકશે. પણ એ વાત જો બીજાને કરશે તો તે પથ્થર થઈ જશે. આ વાત રત્નસારે પોતાના



મનમાં રાખી. ત્રણે સંકટો દૂર કર્યા. હવે એક સર્પવાળું સંકટ બાકી હતું. શયનખંડમાં રાજા રાણી સૂતાં છે. રત્નસાર પ્રધાન ખુલ્લી તલવારથી તેની ચોકી કરે છે, સર્પ આવ્યો કે તરત તેને મારી નાખ્યો. ત્યારે લોહીનું ટીપું રાણીની જાંઘ ઉપર પડી ગયું. તે લૂછી નાખતાં રાજાની આંખ ઊઘડી ગઈ અને પૂછ્યું કે શું છે?

પ્રધાને વિચાર્યું કે બન્ને બાજુ મરણ છે. છતાં પ્રધાન કહે જો હું બધી વાત તમને કહીશ તો હું પથ્થર થઈ જઈશ. ત્યારે રાજાએ મિથ્યાહઠ લીધી કે આમ વાત કરતાં પથ્થર શી રીતે થઈ જવાય? વાત તો કરવી જ પડશે. ત્યારે પ્રધાને બધી વાત કરતાં કરતાં તે પથ્થર થઈ ગયો. હવે રાજા વિલાપ કરવા લાગ્યો અને તેની સાથે મરવા તૈયાર થયો. રાણીએ કહ્યું મરવાથી કંઈ વળે તેમ નથી. પણ જ્યાં વૃક્ષ નીચે વિસામો લીધો હતો ત્યાં જાઓ તો કંઈ રસ્તો મળશે. પછી ત્યાં જાય છે. યક્ષ યક્ષણી બન્ને વાત કરે છે કે આ ચિત્રસેન રાજા છે એનો પ્રધાન પથ્થર થઈ ગયો છે. ત્યારે યક્ષણી પૂછે છે કે તે પાછો સાજો થાય કે નહીં? યક્ષ કહે કોઈ શીલવતી સ્ત્રી જન્મેલા બાળકને ખોળામાં લઈ જ્યાં પ્રધાન પથ્થરનો થયેલો છે ત્યાં આવી પંચપરમેષ્ટિમંત્રનું સ્મરણ કરી પ્રધાનના શરીર ઉપર હાથ ફેરવે તો ઊંઘમાંથી ઊઠે તેમ ચૈતન્યવંત થઈ જશે. પછી પદ્માવતીને પુત્ર જન્મ્યો એટલે યક્ષના કહેવા પ્રમાણે કરવાથી પ્રધાન શુદ્ધિમાં આવી ગયો. માટે કોઈ બાબતમાં મિથ્યાહઠ રાખું નહીં, કે રાખે તેને પોષણ આપું નહીં.

## ૪૮૩. અવાચકને દુઃખ આપું નહીં.

પૂર્વભવે અશુભ કર્મ બાંધ્યા હોવાથી કોઈ મનુષ્ય વાચા વગરનો હોય, તેને કોઈ પ્રકારનું દુઃખ આપું નહીં. એવા માણસને બીજા લોકો ચીડવે કે પત્થર મારે ત્યારે તે બિચારો બોલી શકે નહીં પણ મનમાં ઘણો દુભાય છે, માટે તેમ કરું નહીં અથવા અવાચક એવા પશુઓને પણ કોઈ પ્રકારનું દુઃખ આપું નહીં.

## ૪૮૪. ખોડીલાંની સુખશાંતિ વધારું.

''दुर्जनं प्रथमं वंद्ये सज्जनं तदनंतरम्'' જે દુર્જન હોય તેને પ્રથમ નમસ્કાર કરું. સજ્જનને ત્યાર પછી. જે ખોડીલો હોય તેની પણ સુખશાંતિ વધારું. જેથી આપણા કાર્યમાં વિઘ્નરૂપ થાય નહીં અને તે પણ સુખશાંતિ પામે અથવા ખોડખાંપણવાળાને પણ સુખ ઊપજે તેમ કરું.

**ગાંધીજીનું દૃષ્ટાંત –** એકવાર ગાંધીજી રોડ ઉપર ચાલતા હતા. ત્યાં એક મુસલમાને આવીને ધક્કો માર્યો કે ગાંધીજી ગટરમાં પડી ગયા. હાથમાં કંઈક આવી જવાથી બહાર નીકળ્યા. તે મુસલમાનને પકડીને લોકો મારવા લાગ્યા. ત્યારે ગાંધીજીએ જલ્દીથી આવીને કહ્યું કે એનો કંઈ દોષ નથી, દોષ તો મારો છે માટે એને મારો નહીં. એમ કહી તેને છોડાવી લીધો. તે માણસ ગાંધીજીના પગમાં પડ્યો અને ક્ષમા માગી. આમ ખોડીલાંની પણ સુખશાંતિ વધારું.

**'ઉપદેશામૃત'માંથી :–** ''વિનય એ સર્વને વશ કરવાનું ઉત્તમ હથિયાર છે. જેમ બને તેમ દુશ્મનનું પણ ભલું ઇચ્છવું. સદાચાર સેવવા. મૈત્રીભાવ રાખશો. ધીરજથી હળીમળી આનંદ લેવો. ગુણગ્રાહી થવું. આપણને કોઈએ ગુણ કર્યો હોય તો આપણે તેનો બદલો વાળવો, મીઠાં વચનથી, નમનતાથી સારાં વચન કહી તેનું મન રાજી થાય તેમ કરવું. આ વાત કોઈ જીવાત્મા સમજુ હોય તેને કહેવાનું થાય છે. સૌથી મોટી નમનતા છે. લઘુભાવ કરી વર્તવું. અહંકાર અને અભિમાન આત્માના વૈરી છે, તેને મનમાં લાવવા નહીં. અભિમાન થવા ન દેવું. એમ મનમાં ન લાવવું કે હું સમજું છું, આ તો કંઈ



સમજતો નથી. કહ્યું છે કે —

**''જાણ આગળ અજાણ થઈએ, તત્ત્વ લઈએ તાણી,**
**આગલો થાય આગ, તો આપણે થઈએ પાણી.''**

આ બધું તમારા ઉપર સમજણ માટે લખાય છે. મનમાં એમ ન કરવું કે હું તો સમજુ છું. કોઈ અણસમજુ હોય તેનું મન દુભવવું નહીં. તેને પણ સારા સારા કહી એમનું, આપણું હિત થાય તેમ કરવું.''

(પૃ.૧૦૭)

**વાનર સુગરીનું દૃષ્ટાંત – વાનર ને શિખામણ દેતાં સુગરીનું ઘર જાય.** સુગરીએ વાંદરાને કહ્યું કે તમે શિયાળાની ઠંડીમાં ટાઢે મરો છો, વરસાદમાં ભિંજાઓ છો, તો તમે ઘર કરીને રહેતા હો તો આવા દુઃખ ભોગવવા ન પડે, એવી શિખામણ આપી. ત્યારે વાંદરાએ તરત જ સુગરીનો પણ માળો ભાંગી નાખ્યો. આવા ખોડીલાં હોય તેની સાથે વિચારીને વર્તવું કે જેથી પોતાનું પણ નુકશાન થાય નહીં.

**ગાંધીજીનું દૃષ્ટાંત – ક્ષમા વડે ખોડીલાંને પણ સુધારું.** એક વખત ગાંધીજી થર્ડક્લાસના ડબ્બામાં બેઠા હતા. ત્યાં એક માણસ ગાડીના ડબ્બામાં થૂંક થૂંક કરે. તે જોઈ ગાંધીજીએ કહ્યું - બહાર થૂંકો, અહીં થૂંકાય નહીં. ત્યારે એ માણસ ચિડાઈને બોલ્યો કે શું તું અમારો ઉપરી થઈને આવ્યો છે? બીજી વાર થૂંકતા ગાંધીજીએ પોતાનો હાથ ધર્યો કે આમાં થૂંકો. ત્યારે તે માણસે ગાંધીજીના હાથમાં ત્રણવાર થૂંક્યું. પછી સ્ટેશન આવ્યું એટલે લોકો ગાંધીજીની જય બોલાવા લાગ્યા. અને જેવા ગાંધીજી નીચે ઊતર્યા કે બધા તેમનો વિનય કરવા લાગ્યા. તે જોઈ તે માણસ ગળગળો થઈ ગાંધીજીને પગે લાગ્યો અને ક્ષમા માગી. એમ ખોડીલાંની પણ સુખશાંતિ વધારું.

## ૪૮૫. નીતિશાસ્ત્રને માન આપું.

નીતિ એટલે સદાચાર. નીતિશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્તું. ધર્મનીતિ, રાજનીતિ કે વ્યવહારનીતિને માન આપું. તેથી વિરુદ્ધ કૃત્ય કરું નહીં. વિરુદ્ધ કૃત્ય કરવાથી આ લોકમાં નિંદા કે દંડને પાત્ર થાઉં અને પરલોકમાં પણ નીચ ગતિએ જાઉં. માટે નીતિશાસ્ત્રને સદૈવ માન આપું.

પરમકૃપાળુદેવે આપણા માટે આ સાતસો મહાનીતિ લખી છે. તે જાણીને એ પ્રમાણે વર્તવા પુરુષાર્થ કરું. આ સાતસો મહાનીતિમાં શુદ્ધ વ્યવહારની મુખ્યતા છે. વ્યવહારશુદ્ધિથી પરમાર્થશુદ્ધિ પમાય છે.

**'પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સમંત'** -શ્રીમદ્ રાજચંદ્ર જે વ્યવહાર પરમાર્થને પમાડે તે જ વ્યવહાર જ્ઞાનીપુરુષોને સંમત છે. માટે આપણે પણ તે જ માન્ય રાખવો જોઈએ, બીજો નહીં.

## ૪૮૬. હિંસક ધર્મને વળગું નહીં.

જે ધર્મમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હિંસાનું પોષણ હોય તેને ધર્મ માનીને વળગું નહીં. જ્યાં હિંસા છે ત્યાં પાપ છે અને જ્યાં અહિંસા છે ત્યાં જ ધર્મ છે.

**'ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન.'** -શ્રીમદ્ રાજચંદ્ર

**'દૃષ્ટાંત શતક' માંથી :– ધર્મને નામે હિંસા**

**ભોજરાજાનું દૃષ્ટાંત –** એક વાર ભોજરાજાએ યજ્ઞ કરવા માંડ્યો અને યજ્ઞમાં હોમવાને બોકડો આણ્યો. તે બોકડો બૂમો પાડવા લાગ્યો. તે સાંભળી ભોજરાજાએ પોતાની સભાના એક પંડિતને પૂછ્યું : આ બોકડો શું કહે છે? પંડિત બોલ્યા : 'એ બોકડો આપને અરજ કરે છે.'



રાજા : 'કેવી અરજ કરે છે?' પંડિત : 'મહારાજની આજ્ઞા હોય તો કહું.'
રાજા : 'હા, કહો.' પંડિતે પછી ભોજરાજા આગળ નીચેનો શ્લોક કહ્યો :

''नाहं स्वर्गफलप्रभोगतृषितो नाभ्यर्थितस्त्वं मया ।
संतुष्टस्तृणभक्षणेन सततं साह्वा न युक्ता तव ।।
स्वर्गे यान्ति यदि त्वया विनिहता यज्ञे ध्रुवं प्राणिनो ।
यज्ञं किं न करोषि मातृपितृभिः पुत्रैस्तथा बान्धवैः ।।''

હે મહારાજ! એ બોકડો એમ કહે છે કે, 'હે રાજન! સ્વર્ગફળના ઉત્તમ ભોગની મને તૃષ્ણા નથી, તથા સ્વર્ગફળનો ભોગ અપાવવાને મેં તારી પ્રાર્થના પણ કરી નથી; હું તો નિરંતર ઘાસ-તરણાં ખાઈને સંતુષ્ટ રહું છું. માટે યજ્ઞમાં હોમવાને તેં મને આણ્યો છે તે યોગ્ય નથી. જો યજ્ઞમાં મરેલાં પ્રાણીઓ નિશ્ચય સ્વર્ગમાં જતાં હોય તો તારાં પ્રિય, મા-બાપ, દીકરા અને ભાઈ-ભાંડુઓને યજ્ઞમાં હોમીને પ્રથમ સ્વર્ગમાં શા માટે નથી મોકલતો?

પંડિતે કહેલું કાવ્ય સાંભળીને રાજાને જ્ઞાન થયું અને તેણે સઘળાં પશુઓને છોડી મૂકી તે દિવસથી વ્રત ધારણ કર્યું કે, ધર્મમાં પ્રીતિ રાખીને યજ્ઞને વિષે પશુ આદિ જીવને હોમવા નહીં.

આ દૃષ્ટાંતનું તાત્પર્ય એ છે કે જે લોકો ધર્મને નામે હિંસા અને બીજાં પણ દૂષિત કર્મ કરે છે, તે કરવાં ન જોઈએ. કોઈપણ પ્રાણીનો જેથી દ્રોહ થાય એવી વાત જે ધર્મમાં હોય તેને ધર્મ ન માનવો જોઈએ.

**'મોક્ષમાર્ગ પ્રકાશક'માંથી :– યજ્ઞમાં પશુવધથી કાર્યસિદ્ધિ ન થાય –** ''વળી તેઓ યજ્ઞાદિક કરવામાં ધર્મ ઠરાવે છે. યજ્ઞમાં મોટા જીવોનો હોમ કરે છે, અગ્નિ-કાષ્ઠાદિકનો મહાઆરંભ કરે છે, તેમાં જીવઘાત થાય છે. વળી હવે તેમનાં જ શાસ્ત્રો વા લોકમાં હિંસાનો નિષેધ છે, પરંતુ તેઓ એવા નિર્દય છે કે - એ બધું કાંઈ ગણતા જ નથી. તેઓ કહે છે કે - ''यज्ञार्थं पशवः सृष्टाः'' અર્થાત્ યજ્ઞ માટે જ પશુ બનાવ્યા છે, તેથી ત્યાં ઘાત કરવામાં કાંઈ દોષ નથી.'' વળી એમ કરવાથી મેઘ આદિનું થવું, શત્રુ આદિનો વિનાશ થવો ઇત્યાદિ ફળ બતાવી તેઓ પોતાના લોભ માટે રાજા વગેરેને ભ્રમમાં નાખે છે. પણ કોઈ વિષ ખાવાથી જીવનવૃદ્ધિ થવી કહે એ જેમ પ્રત્યક્ષ વિરુદ્ધ છે. તેમ હિંસા કરી ધર્મ અને કાર્યસિદ્ધિ થવી કહેવી એ પ્રત્યક્ષ વિરુદ્ધ છે. પરંતુ તેમણે જેમની હિંસા કરવી કહી તેમની તો કાંઈ શક્તિ નથી અને તેમની કોઈને કાંઈ પીડા પણ નથી. જો કોઈ શક્તિવાનનો કે ઇષ્ટનો હોમ કરવો ઠરાવ્યો હોત તો ખબર પડત; પણ પાપનો ભય નથી તેથી તેઓ પોતાના લોભ માટે દુર્બલ જીવોના ઘાતક બની પોતાનું અને અન્યનું બુરું કરવામાં તત્પર થાય છે. માટે આવા હિંસકધર્મને કદી વળગું નહીં.'' (પૃ.૧૧૯)

## ૪૮૭. અનાચારી ધર્મને વળગું નહીં.

જે ધર્મમાં આચાર, વિચાર કે સદાચારનું ઠેકાણું ન હોય તે ધર્મને વળગું નહીં.

ચાર્વાકમત કે નાસ્તિકમત એ અનાચારી ધર્મ છે. તેમજ બીજા ધર્મમતમાં પણ ધર્મને નામે અનાચાર સેવાતો હોય તો તે ધર્મ નથી પણ અધર્મ છે. માટે એવા અનાચારી ધર્મથી વેગળો રહું.

**'મોક્ષમાર્ગ પ્રકાશક'માંથી :– નાસ્તિક મતની જૂઠી યુક્તિઓ –** ''ચાર્વાક મતમાં ખાન-પાન, ભોગ-વિલાસ ઇત્યાદિ સ્વચ્છંદ વૃત્તિનો ઉપદેશ છે. હવે એ પ્રમાણે તો જગત પોતાની મેળે જ પ્રવર્તે છે. તો ત્યાં શાસ્ત્રાદિ બનાવી શું ભલું થવાનો ઉપદેશ આપ્યો? તું કહીશ કે ''તપશ્ચરણ, શીલ, સંયમાદિ



છોડાવવા માટે એ ઉપદેશ આપ્યો છે.'' પણ એ કાર્યોથી તો કષાય ઘટવાથી આકુળતા ઘટે છે અને તેથી અહીં જ સુખી થાય છે, યશ આદિ મળે છે. તું એને છોડાવી શું ભલું કરે છે? માત્ર વિષયાસક્ત જીવોને ગમતી વાતો કહી પોતાનું વા બીજાઓનું બુરું કરવાનો તને ભય નથી, તેથી સ્વચ્છંદી બની વિષય સેવન માટે આવી જૂઠી યુક્તિ બતાવે છે.'' (પૃ.૧૪૦)

## ૪૮૮. મિથ્યાવાદીને વળગું નહીં.

ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી, અજ્ઞાનવાદી એ સર્વ મિથ્યાવાદીઓના મત છે. તે મિથ્યાવાદીઓથી સદૈવ દૂર રહું.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''કેટલાક ધર્મો પરસ્પર મળતા છે. કેટલાક પરસ્પર વિરુદ્ધ છે. કેટલાક તો આત્માને પણ માનતા નથી તેથી નીતિરીતિ કંઈ પાળતા નથી. કેટલાક કહે છે કે નીતિ પાળીએ છીએ તે બહુ છે. કેટલાક તો પુસ્તકો વાંચવાં, ભણવાં તેને ધર્મ કહે છે. તો કેટલાક કંઈ ન જાણવું એમાં સુખ માને છે, તેથી અજ્ઞાનને જ ધર્મ કહે છે. કેટલાક ભક્તિ કરવી તેને ધર્મ કહે છે. કેટલાક ક્રિયા કરવી તેને ધર્મ કહે છે. કેટલાક વિનય કરવો એ જ ધર્મ છે એમ કહે છે. કેટલાક તો શરીરને સાચવવું એને જ ધર્મ માને છે.'' (પૃ.૧૩૨)

**'સહજસુખ સાધન'માંથી :–** ''**મિથ્યાત્વ** - પાંચ પ્રકારનાં છે. સાચી શ્રદ્ધા ન થાય અને જીવાદિ તત્ત્વોની મિથ્યા શ્રદ્ધા હોય તે મિથ્યાત્વ છે. એના પાંચ પ્રકાર છે.

**એકાંત** - આત્મા અને પુદ્‌ગલાદિ દ્રવ્યોમાં અનેક સ્વભાવ છે. તેમાંથી એક જ સ્વભાવ છે એમ આગ્રહ કરવો તે એકાંત મિથ્યાત્વ છે. જેમ દ્રવ્ય, મૂલ સ્વભાવની અપેક્ષાએ નિત્ય છે. પર્યાય બદલવાની અપેક્ષાએ અનિત્ય છે. એમ નિત્ય-અનિત્ય વસ્તુ છે. તેવી ન માનતા એવી હઠ કરવી કે વસ્તુ નિત્ય જ છે, અથવા અનિત્ય જ છે તે એકાંત મિથ્યાત્વ છે. અથવા આ સંસારી આત્મા નિશ્ચયનયની અપેક્ષાએ શુદ્ધ છે, વ્યવહારની અપેક્ષાએ અશુદ્ધ છે એમ ન માનતાં તેને સર્વથા શુદ્ધ જ માનવો કે સર્વથા અશુદ્ધ જ માનવો તે એકાંત મિથ્યાત્વ છે.

**વિનય** - ધર્મનાં તત્ત્વોની પરીક્ષા કર્યા વગર કુતત્ત્વ અને સુતત્ત્વ બન્નેને એક સરખાં માનીને આદર કરવો તે વિનય મિથ્યાત્વ છે. જેમ પૂજવા યોગ્ય વીતરાગ સર્વજ્ઞ દેવ છે, અલ્પજ્ઞ રાગી દેવ પૂજવા યોગ્ય નથી, તોપણ સરળ ભાવથી વિવેક વિના બન્નેની ભક્તિ કરવી તે વિનય મિથ્યાત્વ છે. જેમ કોઈ સુવર્ણ અને પિત્તળને સમાન માનીને આદર કરે તો તે અજ્ઞાની જ ગણાય છે. તે સુવર્ણની જગાએ પિત્તળ લઈને ઠગાય છે. સાચી સમ્યક્‌ત્વ ભાવરૂપ આત્મપ્રતીતિ તેને થઈ શકતી નથી.

**અજ્ઞાન** - તત્ત્વોને જાણવાનો પરિશ્રમ લીધા વગર દેખાદેખી કોઈ પણ તત્ત્વને માની લેવું તે અજ્ઞાન મિથ્યાત્વ છે. જેમ જલસ્નાનથી ધર્મ થાય છે, એમ માનીને જલસ્નાન ભક્તિથી કરવું તે અજ્ઞાન મિથ્યાત્વ છે.

**સંશય** - સુતત્ત્વ અને કુતત્ત્વનો નિર્ણય ન કરવો અને સંશયમાં રહેવું, કયું યથાર્થ છે, કયું યથાર્થ નથી એવો એક નિશ્ચય ન કરવો તે સંશયમિથ્યાત્વ છે. કોઈએ કહ્યું રાગદ્વેષ જીવના છે. કોઈએ કહ્યું પુદ્‌ગલના છે, બન્નેમાં યથાર્થ કોણ છે તેમાં સંશય રાખવો તે સંશય મિથ્યાત્વ છે.



**વિપરીત** - જેમાં ધર્મ હોઈ શકતો નથી તેને ધર્મ માની લેવો તે વિપરીત મિથ્યાત્વ છે, જેમ પશુયજ્ઞ કરવામાં ધર્મ માની લેવો તે સાવ વિપરીતતા છે. (પૃ.૩૬૪)

**''વિપરીત એકાંત વિનયકે, સંશય અજ્ઞાન કુનયકે;**
**વશ હોય ઘોર અઘ કીને, વચતૈં નહિ જાત કહીને.''** -નિત્યક્રમ (પૃ.૮)

માટે વીતરાગ પ્રરૂપિત સ્યાદ્વાદમતને મૂકીને આ મિથ્યાવાદીઓને વળગું નહીં.

## ૪૮૯. શૃંગારી ધર્મને વળગું નહીં.

જે ધર્મમાં શૃંગારની વિશેષતા છે તે વીતરાગમાર્ગ નથી અને વીતરાગતા સિવાય મોક્ષની પ્રાપ્તિ નથી. વીતરાગમાર્ગમાં તો વૈરાગ્યની પ્રધાનતા છે. વૈરાગ્ય વડે જ આત્માની સિદ્ધિ છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :– વૈરાગ્ય એ ધર્મનું સ્વરૂપ છે –** ''એક વસ્ત્ર લોહીથી કરીને રંગાયું. તેને જો લોહીથી ધોઈએ તો તે ધોઈ શકાનાર નથી; પરંતુ વિશેષ રંગાય છે. જો પાણીથી એ વસ્ત્રને ધોઈએ તો તે મલિનતા જવાનો સંભવ છે. એ દૃષ્ટાંત પરથી આત્મા પર વિચાર લઈએ. આત્મા અનાદિકાળથી સંસારરૂપી લોહીથી મલિન થયો છે. મલિનતા રોમ રોમ ઊતરી ગઈ છે! એ મલિનતા આપણે વિષય શૃંગારથી ટાળવા ધારીએ તો તે ટળી શકે નહીં. લોહીથી જેમ લોહી ધોવાતું નથી, તેમ શૃંગારથી કરીને વિષયજન્ય આત્મમલિનતા ટળનાર નથી એ જાણે નિશ્ચયરૂપ છે. અનેક ધર્મમતો આ જગતમાં ચાલે છે, તે સંબંધી અપક્ષપાતે વિચાર કરતાં આગળથી આટલું વિચારવું અવશ્યનું છે કે, જ્યાં સ્ત્રીઓ ભોગવવાનો ઉપદેશ કર્યો હોય, લક્ષ્મીલીલાની શિક્ષા આપી હોય, રંગ, રાગ, ગુલતાન અને એશઆરામ કરવાનું તત્ત્વ બતાવ્યું હોય ત્યાંથી આપણા આત્માની સત્‌શાંતિ નથી. કારણ એ ધર્મમત ગણીએ તો આખો સંસાર ધર્મમતયુક્ત જ છે. પ્રત્યેક ગૃહસ્થનું ઘર એ જ યોજનાથી ભરપૂર હોય છે. છોકરાછૈયાં, સ્ત્રી, રંગ, રાગ, તાન ત્યાં જામ્યું પડ્યું હોય છે અને તે ઘર ધર્મમંદિર કહેવું, તો પછી અધર્મસ્થાનક કયું? (પૃ.૯૯)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''અહીં લોહીથી રંગાયેલા વસ્ત્રનું દૃષ્ટાંત આપ્યું છે તે બરાબર બંધ બેસતું છે. જેમ વસ્ત્ર મૂળમાં શુદ્ધ છે તેમ આત્માનું મૂળ સ્વરૂપ સિદ્ધસમાન પવિત્ર છે. તે પ્રગટ કરવા ભગવાને ધર્મ પ્રવર્તાવ્યો છે. પણ અનાદિ કાળથી આત્માને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં રુચિ છે, તેથી પાંચ ઇન્દ્રિયના રસને પોષીને ધર્મ કરવા જાય છે પણ એમ ધર્મ થતો નથી. જગતમાં અનેક ધર્મો પ્રવર્તે છે. કોઈ મનુષ્ય ધર્મ વગરનો નથી. બધાય ધર્મોમાં ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ પણ હોય છે પણ તેમાં તફાવત છે. જ્યાં રંગરાગ ગાનતાનની મુખ્યતા છે, ધર્મને નામે શૃંગાર પોષાય છે, ત્યાં વૈરાગ્ય નથી અને તેવા ધર્મથી આત્માની મલિનતા ટળતી નથી. પક્ષપાત વગર જે ધર્મ સાચો હોય તેને સાચો કહેવો છે. સંસારી ધર્મથી આત્માનું કલ્યાણ થાય નહીં. જો શૃંગારને ધર્મ કહીએ તો બધાને ઘેર એ જ છે અને તેમ થતાં પછી ઘરમાં ને ધર્મ-સ્થાનમાં ભેદ ન રહે. ધર્મમંદિરમાં ઘર જેવું કરે તો ત્યાં પણ સંસાર જ છે. કોઈ એમ કહે કે ધર્મ સ્થાનમાં તો અમે ભક્તિ કરીએ છીએ; પરંતુ જ્યાં પાંચ ઇન્દ્રિયના વિષયો અને શૃંગાર પોષાય ત્યાં વૈરાગ્ય નથી, અને જ્યાં વૈરાગ્ય નથી ત્યાં ધર્મ નથી. જ્યાં વૈરાગ્ય હોય ત્યાં જ ધર્મ છે.'' (પૃ.૧૩૦)

## ૪૯૦. અજ્ઞાન ધર્મને વળગું નહીં.

જે ધર્મમાં આત્મજ્ઞાની પુરુષો દ્વારા બોધેલા સમ્યક્‌જ્ઞાનનો આધાર નથી પણ માત્ર કાયકલેશ કે



ક્રિયા જડપણું છે તે સત્ય ધર્મ નથી; પણ અજ્ઞાન ધર્મ છે. એવા ધર્મને કદી સેવું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''કલ્યાણ જે વાટે થાય છે તે વાટનાં મુખ્ય બે પ્રકાર જોવામાં આવે છે. એક તો જે સંપ્રદાયમાં આત્માર્થે બધી અસંગપણાવાળી ક્રિયા હોય, અન્ય કોઈપણ અર્થની ઇચ્છાએ ન હોય અને નિરંતર જ્ઞાનદશા ઉપર જીવોનું ચિત્ત હોય, તેમાં અવશ્ય કલ્યાણ જન્મવાનો જોગ જાણીએ છીએ. એમ ન હોય તો તે જોગનો સંભવ થતો નથી.'' (પૃ.૩૬૪)

**'સહજ સુખ સાધન'માંથી :–** ''અનેક મૂર્ખ મનુષ્યો કઠિન કાયક્લેશ કરે છે. પંચાગ્નિની ધૂણી આદિ તપથી શરીરને સંતાપ આપે છે. ગાંજો, તમાકુ આદિ પીએ છે, નીચું મુખ રાખી ઊંધે માથે લટકાય છે. મહાવ્રતને ગ્રહણ કરી, ક્રિયામાં મગ્ન રહે છે, પરિષહ આદિ કષ્ટ સહન કરી મુનિપણાનો ભાર વહન કરે છે. પરંતુ જ્ઞાન વિના તેમની એ સર્વ ક્રિયાઓ દાણા વિનાના પરાળના પૂળા (ઢગલા) સમાન નિઃસાર છે. એવા જીવોને મુક્તિ કદી પણ પ્રાપ્ત થતી નથી. પવનના વંટોળિયા સમાન તે સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. જેના હૃદયમાં સમ્યગ્જ્ઞાન છે તે જ મોક્ષ પામે છે, પરંતુ જે જ્ઞાનરહિત માત્ર ક્રિયા જ કર્યા કરે છે તે ભ્રાંતિમાં ભૂલ્યા છે.'' (પૃ.૬૦૧) માટે જ્યાં માત્ર ક્રિયા છે પણ જ્ઞાન નથી એવા અજ્ઞાન ધર્મને વળગું નહીં.

## ૪૯૧. કેવળ બ્રહ્મને વળગું નહીં.

માત્ર બ્રહ્મની વાતો કરનાર શુષ્કજ્ઞાની કે નિશ્ચયનય પ્રધાની હોય, પણ તે મુજબ જીવનમાં ત્યાગ, વૈરાગ્ય કે અનુભવ ન હોય; તેને વળગું નહીં. અથવા 'બ્રહ્મ સત્ જગત મિથ્યા' કે 'એકો બ્રહ્મો, દ્વિતીયો નાસ્તિ' એવા એકાન્તિક મતોને વળગું નહીં.

**'શ્રી આત્મસિદ્ધિ વિવેચન'માંથી :–**

**''અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય;**
**લોપે સદ્વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯**

**અર્થ** – ''અથવા 'સમયસાર' કે 'યોગવાસિષ્ઠ' જેવા ગ્રંથો વાંચી તે માત્ર નિશ્ચયનયને ગ્રહણ કરે. કેવી રીતે ગ્રહણ કરે? માત્ર કહેવારૂપે; અંતરંગમાં તથારૂપ ગુણની કશી સ્પર્શના નહીં, અને સદ્ગુરુ, સત્શાસ્ત્ર તથા વૈરાગ્ય, વિવેકાદિ સાચા વ્યવહારને લોપે, તેમજ પોતાને જ્ઞાની માની લઈને સાધન રહિત વર્તે.'' (૨૯) (પૃ.૨૨)

''કોઈ અધ્યાત્મ શાસ્ત્રો પોતાને સ્વચ્છંદે વાંચી લઈ જ્ઞાનની શુષ્ક વાતો દ્વારા મોક્ષમાર્ગ કલ્પી રહ્યા છે, તેમને પણ સુગતિ કે મોક્ષ પ્રાપ્ત થનાર નથી એમ જાણી જ્ઞાની પુરુષને દયા ઊપજે છે.'' (પૃ.૩)

**'બોધામૃત ભાગ-૨'માંથી :–** ''પૂજ્યશ્રી – પ્રભુશ્રીજીએ જ્યારે સુરતમાં ચોમાસું કર્યું હતું તે વખતે કૃપાળુદેવે આ પત્ર તેમના ઉપર લખ્યો હતો. આ પત્ર લખ્યા પહેલાં 'યોગવાસિષ્ઠ' નામનું પુસ્તક વાંચવા ભલામણ કરેલી. એમાં બધી આત્માની જ વાતો આવે છે. જેમ કે આત્મા શુદ્ધ છે, અસંગ છે, 'अहं ब्रह्मास्मि' એટલે હું પોતે જ પરમાત્મા છું. એવું વાંચ્યા પછી પ્રભુશ્રીજીને એમ થયું કે હું પરમાત્મારૂપ જ છું. પછી કૃપાળુદેવને પણ પત્ર લખ્યો કે અમે પરમાત્મા છીએ. તમે અમે એક જ રૂપ છીએ. આ પત્ર કૃપાળુદેવને મળ્યો. કૃપાળુદેવને એમ લાગ્યું કે ઊકળતા દૂધથી ઊભરો આવ્યો છે, પણ એ બેસી જવાનો છે. એમ વિચારી તે પત્રનો ઉત્તર લખ્યો નહીં, અને એમનો એમ મૂકી દીધો. પત્રનો ઉત્તર નહીં આવવાથી



પ્રભુશ્રીજીએ બીજો પત્ર ફરીથી લખ્યો. તેનો ઉત્તર પણ કૃપાળુદેવે આપ્યો નહીં. ત્રીજો પત્ર આવ્યો ત્યારે કૃપાળુદેવે આ પત્ર લખ્યો હતો. ત્રીજા પત્રમાં પ્રભુશ્રીજીએ જણાવ્યું હતું કે મારો કંઈ દોષ તો નથી થયો? તમારા વિના અમારો દોષ કોણ બતાવશે? માટે જવાબ આપવા કૃપા કરશો. ત્યારે કૃપાળુદેવે આ પત્ર (પત્રાંક ૫૩૪) જવાબરૂપે લખેલ છે.'' (પૃ.૧૯૫)

**'મોક્ષમાર્ગ પ્રકાશક'માંથી :–** એક અદ્વૈત - સર્વવ્યાપી પરબ્રહ્મને જાણવો, તેને જ્ઞાન કહે છે. તેનું મિથ્યાપણું તો પહેલાં જ કહ્યું છે. વળી પોતાને સર્વથા શુદ્ધ બ્રહ્મસ્વરૂપ માનવો. કામ-ક્રોધાદિક વા શરીરાદિકને ભ્રમરૂપ જાણવા તેને જ્ઞાન કહે છે; પણ એ ભ્રમ છે. જો પોતે શુદ્ધ છે તો મોક્ષનો ઉપાય શા માટે કરે છે? પોતે શુદ્ધ બ્રહ્મ ઠર્યો ત્યારે કર્તવ્ય શું રહ્યું? પોતાને પ્રત્યક્ષ કામ-ક્રોધાદિક થતા દેખાય છે તથા શરીરાદિકનો સંયોગ પ્રત્યક્ષ જોઈએ છીએ. હવે એનો અભાવ થશે ત્યારે થશે, પરંતુ વર્તમાનમાં એનો સદ્‌ભાવ માનવો એ ભ્રમ કેમ કહેવાય? વળી તેઓ કહે છે કે ''મોક્ષનો ઉપાય કરવો એ પણ ભ્રમ છે. જેમ દોરડી તે દોરડી છે, તેને સર્પ જાણ્યો હતો તે ભ્રમ હતો, એ ભ્રમ મટતાં તે દોરડી જ છે; તેમ પોતે તો બ્રહ્મ જ છે, પણ પોતાને અશુદ્ધ માન્યો હતો એ જ ભ્રમ હતો. ભ્રમ મટતાં પોતે બ્રહ્મ જ છે.'' એમ કહેવું પણ મિથ્યા છે. જો પોતે વર્તમાનમાં શુદ્ધ હોય અને તેને અશુદ્ધ જાણે તો તે ભ્રમ ખરો, પણ પોતે કામ-ક્રોધાદિ સહિત અશુદ્ધ થઈ રહ્યો છે, તેને અશુદ્ધ જાણે તો તે ભ્રમ શાનો? શુદ્ધ જાણે તો ભ્રમ હોય. ભ્રમથી પોતાને જૂઠો શુદ્ધ બ્રહ્મ માનવાથી શું સિદ્ધ છે? (પૃ.૧૨૩) માટે કેવળ બ્રહ્મને વળગું નહીં.

## ૪૯૨. કેવળ ઉપાસના સેવું નહીં.

માત્ર દ્રવ્ય પૂજા કરીને સંતોષ માનું નહીં. પણ પ્રત્યેક ક્રિયા ભાવસહિત કરવાનો પ્રયત્ન કરું. ભાવ વગર કે સમજણ વગરની માત્ર બાહ્ય ક્રિયા કરનારને ક્રિયાજડ કહ્યા છે.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–**

**''ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું, પૂજા અખંડિત એહ;**
**કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ.**
**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે.''**

''ચોવીશીની આ ગાથામાં જે 'ચિત્તપ્રસન્નતા' કહી છે તે, તેમજ 'કપટરહિત થઈ આતમ અરપણા' કહી છે, એ બન્ને પદ મુમુક્ષુ જીવાત્માને વારંવાર વિચારવા યોગ્ય છે. એ આખા સ્તવનનો લગભગ સંપૂર્ણ ચિતાર પરમકૃપાળુદેવે પરમકૃપા કરી 'શ્રીમદ્ રાજચંદ્ર' પાન ૫૭૦થી ૫૭૪ સુધી વિસ્તારથી કર્યો છે તે અવકાશે વિચારશોજી.'' (પૃ.૪૪)

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જ્યાં સુધી ચિત્તમાં બીજો ભાવ હોય ત્યાં સુધી તમારા સિવાય બીજામાં મારે કંઈ પણ ભાવ નથી એમ દેખાડીએ તો તે વૃથા જ છે અને કપટ છે; અને જ્યાં સુધી કપટ છે ત્યાં સુધી ભગવાનના ચરણમાં આત્માનું અર્પણ ક્યાંથી થાય? જેથી સર્વ જગતના ભાવ પ્રત્યે વિરામ પમાડી, વૃત્તિને શુદ્ધચૈતન્ય ભાવવાળી કરવાથી જ તે વૃત્તિમાં અન્યભાવ રહ્યો ન હોવાથી શુદ્ધ કહેવાય અને તે નિષ્કપટ કહેવાય. એવી ચૈતન્યવૃત્તિ ભગવાનમાં લીન કરવામાં આવે તે જ આત્મઅર્પણતા કહેવાય. ધનધાન્યાદિક સર્વ ભગવાનને અર્પણ કર્યાં હોય, પણ જો આત્મા અર્પણ ન કર્યો હોય એટલે તે આત્માની વૃત્તિ ભગવાનમાં લીન કરી ન હોય તો તે ધનધાન્યાદિકનું અર્પણ કરવું સકપટ જ છે, કેમકે



અર્પણ કરનાર આત્મા અથવા તેની વૃત્તિ તો બીજે સ્થળે લીન છે. જે પોતે બીજે સ્થળે લીન છે, તેના અર્પણ થયેલા બીજા જડ પદાર્થ ભગવાનમાં અર્પણ ક્યાંથી થઈ શકે? માટે ભગવાનમાં ચિત્તવૃત્તિની લીનતા એ જ આત્મઅર્પણતા છે, અને એ જ આનંદઘનપદની રેખા એટલે પરમ અવ્યાબાધ સુખમય મોક્ષપદની નિશાની છે. અર્થાત્ જેને એવી દશાની પ્રાપ્તિ થાય તે પરમ આનંદઘનસ્વરૂપ મોક્ષને પ્રાપ્ત થશે, એવા લક્ષણ તે લક્ષણ છે.'' (વ.પૃ.૫૭૪)

**'શ્રી આત્મસિદ્ધિ વિવેચન'માંથી :–** ''જગતમાં ઘણા જીવોને તો મોક્ષમાર્ગની કંઈ પડી નથી; કોઈને તેની ગરજ જાગે છે તો યમ નિયમ આદિ ક્રિયાની દોડમાં પડી આ ક્રિયાથી જ મોક્ષ થશે, જ્ઞાન આદિની જરૂર નથી એમ માને છે; છતાં તેથી તેમને મોક્ષ મળે તેમ નથી એટલે તેમને ક્રિયાજડ કહ્યા; દયાપાત્ર ગણાવ્યા.'' (પૃ.૩)

**''બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ;**
**જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ. ૪**

**અર્થ** – બાહ્ય ક્રિયામાં જ માત્ર રાચી રહ્યા છે, અંતર કંઈ ભેદાયું નથી, અને જ્ઞાનમાર્ગને નિષેધ્યા કરે છે, તે અહીં ક્રિયાજડ કહ્યા છે. (૪)

**ભાવાર્થ** – ક્રિયાજડ જીવોનું સ્વરૂપ વર્ણવે છે – આત્માને અસર કંઈ ન કરે તેવી દેહાદિકની ક્રિયામાં જે રાચી રહ્યા છે, મગ્ન છે પણ અંતર ભેદાયું નથી; ક્રિયાનો મર્મ સમજાયો નથી. જે ક્રિયા બાહ્ય ભાવે કરે છે તેથી અમારો મોક્ષ થશે, અમારે જ્ઞાનમાર્ગની જરૂર નથી; જ્ઞાનમાર્ગ આપણે કામનો નથી, દોષો ઉત્પન્ન કરાવનાર, મુશ્કેલ માર્ગ છે વગેરે કહી તે ગ્રહણ કરવા યોગ્ય નથી એમ માને છે, તેવા જીવો ક્રિયાજડ જાણવા. આત્મજ્ઞાન વિનાની ક્રિયા મોક્ષનું કારણ થતી નથી, પણ ક્રિયાનો આગ્રહ જેને છે તેવા ક્રિયાજડ જીવો બાહ્ય ક્રિયાથી જ મોક્ષ થાય છે એમ એકાંતે માને છે. **''વહ સાધન બાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પર્યો;''** તે વાત ક્રિયાજડને સમજાતી નથી.'' (૪) (પૃ.૩૧૪)

## ૪૯૩. નિયતવાદ સેવું નહીં.

નિયતવાદમાં પુરુષાર્થને જરાય સ્થાન રહેતું નથી. જે કાળે જેમ થવાનું હોય તેમ થાય એવી માન્યતાવાળા નિયતવાદને સેવું નહીં; પણ પુરુષાર્થને જ પ્રધાનતા આપું. પુરુષાર્થે સર્વ સિદ્ધિ છે એમ માનું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–**

**''જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;**
**ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ.'' ૧૩૦**

**અર્થ** — જો પરમાર્થને ઇચ્છતા હો, તો સાચો પુરુષાર્થ કરો અને ભવસ્થિતિ આદિનું નામ લઈને આત્માર્થને છેદો નહીં.'' (વ.પૃ.૫૫૬)

''પાંચ કારણો મળે ત્યારે મુક્ત થાય. તે પાંચે કારણો પુરુષાર્થમાં રહ્યાં છે. અનંતા ચોથા આરા મળે, પણ પોતે જો પુરુષાર્થ કરે તો જ મુક્તિ પ્રાપ્ત થાય. જીવે અનંતા કાળથી પુરુષાર્થ કર્યો નથી. બધાં ખોટાં આલંબનો લઈ માર્ગ આડાં વિઘ્નો નાખ્યાં છે. કલ્યાણવૃત્તિ ઊગે ત્યારે ભવસ્થિતિ પાકી જાણવી. શૂરાતન હોય તો વર્ષનું કામ બે ઘડીમાં કરી શકાય.'' (વ.પૃ.૭૨૪)

''પ્રારબ્ધ અને પુરુષાર્થ એ શબ્દ સમજવા જેવા છે. પુરુષાર્થ કર્યા વિના પ્રારબ્ધની ખબર ન પડી



શકે. પ્રારબ્ધમાં હશે તે થશે એમ કહી બેસી રહ્યે કામ ન આવે. નિષ્કામ પુરુષાર્થ કરવો. પ્રારબ્ધને સમપરિણામે વેદવું, ભોગવી લેવું એ મોટો પુરુષાર્થ છે. સામાન્ય જીવ સમપરિણામે વિકલ્પરહિતપણે પ્રારબ્ધ વેદી ન શકે, વિષમ પરિણામ થાય જ. માટે તે ન થવા દેવા, ઓછા થવા ઉદ્યમ સેવવો. સમપણું અને વિકલ્પરહિતપણું સત્સંગથી આવે અને વધે.'' (વ.પૃ.૬૭૦)

**'બોધામૃત ભાગ-૨'માંથી :–** ''તીર્થંકર જેવાનેય પુરુષાર્થ કરવો પડે છે, ત્યારે કેવળજ્ઞાન થાય છે. નિયતવાદમાં પુરુષાર્થને જરાય સ્થાન રહેતું નથી. કાર્ય થવામાં પાંચ સમવાય કારણ એટલા માટે જ્ઞાનીએ કહ્યાં છે - કાળ, સ્વભાવ, પૂર્વકર્મ, પુરુષાર્થ અને નિયતિ. કર્મથી કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. ગમે તે કર્મ હોય તે આત્માને પજવનાર છે. ભલે પુણ્ય હોય તોય એ આત્માને શાંતિ ન આપે. કેટલો પુરુષાર્થ કરે ત્યારે કેવળજ્ઞાન થાય છે, સમ્યક્ત્વ થાય છે! લબ્ધિસાર વાંચે તો ખબર પડે. જીવને સારા સંયોગ તો ઘણીવાર મળ્યા છે, છતાં જીવનું કલ્યાણ થયું નથી. તેથી પુરુષાર્થ એ મુખ્ય છે.'' (બો.૨ પૃ.૮૨)

**'શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર પર્વ-૧૦'માંથી :– નિયતવાદ કરતાં પુરુષાર્થ બળવાન છે**

**આર્દ્રકમુનિ અને ગોશાળાનું દૃષ્ટાંત –** આર્દ્રકમુનિ રાજગૃહ નગર તરફ જતાં હતા. માર્ગમાં પોતાના પાંચસો સામંતો જે ચોરીનો ધંધો કરતા હતા, તેમણે આર્દ્રકમુનિને ઓળખી લીધા તેથી ભક્તિથી વંદના કરી. ત્યારે મુનિએ તેમને બોધ આપીને દીક્ષા આપી પછી સાથે લઈને શ્રી વીરપ્રભુને વાંદવા રાજગૃહ તરફ ચાલ્યા. માર્ગમાં ગોશાળો સામો મળ્યો. પુણ્યરહિત ગોશાળે આર્દ્રકમુનિની સાથે વાદ કરવા માંડ્યો. તે કૌતુક જોવાને મનુષ્યો અને ખેચરો તટસ્થપણે ત્યાં એકઠા મળ્યા. ગોશાળો બોલ્યો - 'અરે! મુનિ! આ તપસ્યા કરવી તે વૃથા કષ્ટરૂપ છે, કારણ કે શુભ અશુભ ફળનું કારણ તો નિયતિ (ભવિતવ્યતા) જ છે. આર્દ્રકમુનિ બોલ્યા કે - ''અરે ગોશાળા! જો તેમજ હોય તો આ જગતમાં સુખ નામની વસ્તુ જ નથી એમ કહે, અને જો સુખ છે એમ કહેતો હોય તો પુરુષાર્થને તેના કારણ તરીકે માની લે. કારણકે સમ્યક્ પુરુષાર્થથી પુણ્ય બંધાય અને પુણ્ય વડે સુખ થાય છે. જો સર્વ ઠેકાણે નિયતિ જ કારણ માનતો હો, તો ઇષ્ટસિદ્ધિને માટે તારી પણ સર્વ ક્રિયાઓ વૃથા થશે. વળી જો તું નિયતિ ઉપર નિષ્ઠા રાખીને રહેતો હોય તો સ્થાન ઉપર કેમ બેસી રહેતો નથી? ભોજનના અવસરે ભોજન માટે શું કામ પ્રયત્ન કરે છે? તેથી નિયતિની જેમ સ્વાર્થસિદ્ધિને માટે પુરુષાર્થ કરવો તે પણ યોગ્ય છે, કારણ કે અર્થસિદ્ધિમાં નિયતિથી પણ પુરુષાર્થ ચઢે છે. જેમકે આકાશમાંથી પણ જળ પડે છે અને ભૂમિ ખણવાથી પણ જળ મળી શકે છે, તેથી નિયતિ બળવાન છે અને તેથી પણ ઉદ્યમ બળવાન છે'' આ પ્રમાણે તે મહામુનિએ ગોશાળાને નિરૂત્તર કરી દીધો. તે સાંભળી ખેચર વિગેરેએ જય જય શબ્દ કરીને તેમની સ્તુતિ કરી. (પૃ.૧૧૬)

## ૪૯૪. ભાવે સૃષ્ટિ અનાદિ અનંત કહું નહીં.

પર્યાય અપેક્ષાએ જોતાં સૃષ્ટિ અનાદિ પણ નથી અને અનંત પણ નથી. કેમકે દરેક દ્રવ્યની પર્યાય તો એક સમય માત્ર છે. બીજા સમયે તેનું રૂપ બદલાઈ જાય છે. માટે ભાવે એટલે પર્યાયે સૃષ્ટિને અનાદિ અનંત કહું નહીં.

## ૪૯૫. દ્રવ્યે સૃષ્ટિ સાદિઅંત કહું નહીં.

જીવ, અજીવ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યોની બનેલી આ સૃષ્ટિ છે. છએ દ્રવ્યો



અનાદિ અનંત છે. માટે દ્રવ્યની અપેક્ષાએ જોતાં સૃષ્ટિની આદિ પણ નથી અને અંત પણ નથી. કેમકે દરેક દ્રવ્ય મૂળસ્વરૂપે ત્રિકાલિક છે. તેનો ભૂત, ભવિષ્ય, વર્તમાનમાં કદી પણ નાશ થઈ શકે તેમ નથી. માટે દ્રવ્યે સૃષ્ટિને સાદિ અંત કહું નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૧'માંથી :–**

**જમાલિનું દૃષ્ટાંત –** ''એકદા જમાલિએ ચંપાનગરીમાં આવીને શ્રી મહાવીરસ્વામીને કહ્યું કે ''હે જિન! મારા સિવાય બીજા બધા તમારા શિષ્યો છદ્મસ્થપણે જ વિહાર કરે છે; પરંતુ મને તો કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેથી હું તો સર્વજ્ઞ અરિહંત થયો છું.'' તે સાંભળીને ગૌતમસ્વામી બોલ્યા કે ''હે જમાલિ! તું એવું અસત્ય ભાષણ ન કર; કેમકે કેવળજ્ઞાનીનું જ્ઞાન તો કોઈપણ ઠેકાણે સ્ખલના પામતું નથી. જો તું કેવળી હો તો મારા પ્રશ્નનો જવાબ આપ - આ લોક શાશ્વત છે કે અશાશ્વત? અને આ સર્વ જીવો નિત્ય છે કે અનિત્ય છે?'' તે સાંભળીને તેનો ઉત્તર નહીં સુઝવાથી જમાલિએ મૌન ધારણ કર્યું અને નિયંત્રિત કરેલા સાપની જેમ સ્થિર થઈ ગયો. તે જોઈને પ્રભુ બોલ્યા કે ''હે જમાલિ! છદ્મસ્થ સાધુઓ પણ આ પ્રશ્નના જવાબ આપી શકે છે. તે આ પ્રમાણે - ભૂત, ભવિષ્ય અને વર્તમાનની અપેક્ષાએ આ લોક નિત્ય છે અને ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળની અપેક્ષાએ આ લોક અનિત્ય છે, તેમજ દ્રવ્યરૂપે કરીને આ જીવ શાશ્વત છે અને તિર્યંચ, મનુષ્યો, નારકી તથા દેવપણાના પર્યાયવડે અશાશ્વત છે.''

આ પ્રમાણેના ભગવાનના વાક્યપર તે જમાલિને શ્રદ્ધા થઈ નહીં; તેથી તે પોતાને અને બીજાઓને પણ કુયુક્તિઓ વડે મિથ્યાત્વી કરવા લાગ્યો. છેવટે મૃત્યુ સમયે પણ તે પાપકર્મનું પ્રાયશ્ચિત્ત લીધા વિના તથા આલોચના પ્રતિક્રમણાદિ કર્યા વિના એક માસનું અનશન કરીને લાંતક દેવલોકમાં તેર સાગરોપમના આયુષ્યવાળો કિલ્વિષી દેવ થયો. (આ જમાલિનું ચરિત્ર ભગવતીસૂત્રમાં વિસ્તારથી આપેલું છે.) (પૃ.૩૧)

## ૪૯૬. પુરુષાર્થને નિંદું નહીં.

બાંધેલા કર્મ ભોગવતા નવા કર્મ બંધાય નહીં તે માટે સત્પુરુષાર્થ કરું પણ પુરુષાર્થને નિંદુ નહીં.

**'ઉપદેશામૃત'માંથી :–** ''મુમુક્ષુ — પુરુષાર્થ કરતાં કર્મ આડાં આવે કે નહીં?

પ્રભુશ્રી — કર્મ છે તે પુદ્‌ગલ છે, આત્મા નહીં; અને પુરુષાર્થ તો આત્માનો છે. ઇન્દ્ર, ચન્દ્ર, નાગેન્દ્ર બધાએ બાંધેલું ભોગવ્યું છે. જ્ઞાનીને પણ છોડ્યા નથી. પણ કર્મ કોણ ગણતરીમાં? રાખ છે. ભારે વાત દાઝની ભરેલી કહું છું. અનંતા કર્મ ઊડી ગયાં — નાશ થઈ ગયા પણ આત્માની શક્તિ હતી તે કંઈ ગઈ? તેનો નાશ થયો નથી, તે ઘરડો થયો નથી. પણ મોટી ભૂલવણી છે. તે કહો. શું ભૂલ આવી છે? કર્મ બકરાં છે, તે નાસી જાય છે.'' (પૃ.૧૬૮)

**'શ્રી આત્મસિદ્ધિ વિવેચન'માંથી :–** ''કેટલાક માને છે કે ભવસ્થિતિ પાકશે, કર્મ માર્ગ આપશે ત્યારે એની મેળે સમકિત થશે. અત્યારે પુરુષાર્થ કરવાની કંઈ જરૂર નથી. પરંતુ એ રીતે પુરુષાર્થ વગર કોઈ કાળે કર્મ ખપે નહીં. સમકિત વગર ભવસ્થિતિ પાકે નહીં એટલે કે સંસાર મર્યાદાવાળો થાય નહીં. પુરુષાર્થ કરી કર્મ ખપાવે ત્યારે સમકિત થાય અને સમકિત થાય તો જ હવે અમુક ભવ બાકી રહ્યા એમ કહેવાય.'' (પૃ.૧૦૮)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :–** ''જેમ એક હાથે તાળી પડતી નથી, તેમ ઉદ્યમ વિના એકલા કર્મનું ફળ કહેલું નથી.'' ''જુઓ કે કર્મના વશથી ભોજનને વખતે જમવાનું તો મળ્યું, પણ



હાથનો ઉદ્યમ કર્યા વિના મુખમાં કોઈ પણ પ્રકારે તે પેસતું નથી.'' (પૃ.૧૧૪)

## ૪૯૭. નિષ્પાપીને ચંચળતાથી છળું નહીં.

નિર્દોષ વ્યક્તિને લોભવશ ચંચળતાથી છળું નહીં. પણ તેની નિર્દોષતાને માન આપી વખાણું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''પરિગ્રહની પ્રાપ્તિ અર્થે તારા ભક્તને પણ છેતરવાનું કર્તવ્ય પાપરૂપ તેને લાગતું નથી. પરિગ્રહ પેદા કરનાર એવા સગાંસંબંધીમાં એવો પ્રેમ કર્યો છે કે તેવો તારા પ્રત્યે અથવા તારા ભક્ત પ્રત્યે કર્યો હોય તો જીવ તને પામે.'' (વ.પૃ.૨૪૪)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'ના આધારે :– ભોળા ગોવાળને સોનીએ છેતર્યો**

**એક ગોવાળનું દૃષ્ટાંત –** રાજપુર નગરમાં એક ગોવાળ બહુ ધન કમાયો. તેથી તેને સોનાનું એક કડું બનાવવાની ઇચ્છા થઈ. સોની મિત્ર પાસે જઈ કડું કરવા કહ્યું. ત્યારે ધૂર્ત એવા સોની મિત્રે કહ્યું કે તું બીજા પાસે કરાવ. ગોવાળ કહે ના તું જ કરી આપ. ત્યારે સોની કહે જો હું કડું બનાવું તો લોકો આપણી પ્રીતિનો ભંગ કરાવશે. તે સાંભળી ગોવાળ બોલ્યો કે ''હું કડાની પરીક્ષા કરાવીશ. પછી તે સોનીએ એક સોનાનું અને એક પીત્તળનું એમ બે એકસરખા જ કડાં બનાવ્યાં. તેમાં પ્રથમ સોનાનું કડું ગોવાળને આપ્યું. તે ગોવાળ લઈને બીજી દુકાને પરીક્ષા કરાવી. પરીક્ષકે કહ્યું ''આ કડું સોનાનું છે, અને તેની આટલી કિંમત છે.'' ગોવાળને ખાતરી થઈ. પછી સોનીએ તે કડાને ઓપવા માટે પાછું માંગ્યું. એટલે ગોવાળે તેને આપ્યું ત્યારે સોનીએ પીત્તળનું કડું સોનાના ઝોળથી ઓપીને તેને આપી દીધું. પછી કોઈ વખતે કામ પડ્યે ગોવાળે એ કડું નાણાવટીઓને બતાવ્યું. ત્યારે તે જોઈને તેઓએ કહ્યું કે આ કડું પીત્તળનું છે. ત્યારે ગોવાળ બોલ્યો કે પ્રથમ તમે જ આને સાચું કહ્યું હતું, અને આજે ખોટું કહો છો; માટે મારા મિત્રનો આમાં કાંઈ દોષ નથી. આમ ભોળા એવા ગોવાળને સોનીએ છેતરીને, સોનાના બદલામાં પીત્તળનું કડું આપી દીધું, તેમ નિષ્પાપીને ચંચળતાથી છળું નહીં.

## ૪૯૮. શરીરનો ભરૂંસો કરું નહીં.

શરીરનો એક ક્ષણનો પણ ભરોસો કરું નહીં. કેમકે ક્ષણવારમાં શીશીની જેમ ફૂટી જવાનો એનો સ્વભાવ છે. સડણ, પડણ અને વિધ્વંસણ એવો તેનો સ્વભાવ હોવાથી ક્યારે તે શરીર રોગગ્રસ્ત થઈ જશે કે વિણસી જશે તે કંઈ કહી શકાય નહીં. માટે આ શરીર વડે શીઘ્ર આત્મકલ્યાણનું કાર્ય સાધ્ય કરી લઉં, એમ આત્માર્થીનું અનુપ્રેક્ષણ હોય છે. અનાથી મુનિએ પણ ભરયુવાનીમાં આંખની અસહ્ય પીડાના નિમિત્તે શરીરનો ભરોસો મૂકી દઈ, ચારિત્ર ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધ્યું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''રક્તપિત્ત જેવા સદૈવ લોહીપરુથી ગદ્ગદતા મહા રોગની ઉત્પત્તિ જે કાયામાં છે, પળમાં વણસી જવાનો જેનો સ્વભાવ છે, જેના પ્રત્યેક રોમે પોણા બબ્બે રોગનો નિવાસ છે, તેવા સાડા ત્રણ કરોડ રોમથી તે ભરેલી હોવાથી રોગનો તે ભંડાર છે એમ વિવેકથી સિદ્ધ છે. અન્ન વગેરેની ન્યૂનાધિકતાથી તે પ્રત્યેક રોગ જે કાયામાં દેખાવ દે છે; મળ, મૂત્ર, નરક, હાડ, માંસ, પરુ અને શ્લેષ્મથી જેનું બંધારણ ટક્યું છે, ત્વચાથી માત્ર જેની મનોહરતા છે, તે કાયાનો મોહ ખરે ! વિભ્રમ જ છે ! સનત્કુમારે જેનું લેશમાત્ર માન કર્યું, તે પણ જેથી સંખાયું નહીં તે કાયામાં અહો પામર ! તું શું મોહે છે ? એ મોહ મંગળદાયક નથી.'' (વ.પૃ.૧૧૦)



**'ઉપદેશામૃત'માંથી :–** ''કળિકાળ છે. આયુષ્યનો ભરોસો નથી. દેહ ક્ષણભંગુર છે. બીજે ક્યાંય દૃષ્ટિ કરવા જેવું નથી. આપણે આપણું કરી વહ્યા જવા જેવું છે. અવસ્થા થઈ છે. જ્ઞાનીનું વચન તો એમ છે કે સર્વ સમયે ચેતવા જેવું છે, જાગ્રત થવા જેવું છે. 'ભૂલ્યો ત્યાંથી ફેર ગણ, સમજ્યો ત્યાંથી સવાર.' હે પ્રભુ! ઉદયાધીન વૃત્તિ ચલિત થઈ જાય છે; પણ હરીફરીને શાની સામા જોવું? જે જ્ઞાનીની આજ્ઞા છે તે દૃષ્ટિએ રહેવું.'' (પૃ.૬૭)

**'શ્રી જૈન કથાસાગર ભાગ-૨'ના આધારે :–**

**નાગદત્ત શેઠનું દૃષ્ટાંત –** શેઠ ચિત્રકારને સંબોધતા જણાવે છે કે હે ચિત્રકાર! આ સાતમાળની હવેલીને ચણાવતાં મને બાર વર્ષ લાગ્યા છે. પૈસાને મેં આમાં પાણીની પેઠે વાપર્યા છે. તું એમાં આકાશની વાદળીઓ જેવા સુંદર રંગ પૂરજે અને સાત પેઢી સુધી ઝાંખા ન થાય તેવા કરજે. લોકો પણ જાણશે કે શેઠે શું હવેલી બનાવી છે અને તારી પણ પ્રશંસા કરશે કે શું કલાકારે એમાં રંગ પૂર્યા છે. મકાન બહારના પણ રંગ, કોતરણી પ્રમાણે સુંદર રાખજે. ત્યાં થઈને પસાર થતા મુનિને જોઈ શેઠ તેમને પગે લાગ્યા. ત્યારે મુનિ ધીમેથી ધર્મલાભ કહી સહેજ સ્મિત કરી આગળ ચાલ્યા. નાગદત્તને આશ્ચર્ય થયું કે ગંભીર ગણાતા મુનિએ શું જોયું હશે કે તેમણે સહજ સ્મિત કર્યું.

ઘરે આવી પોતાની પત્નીને જમતી વખતે શેઠે કહ્યું કે આપણી હવેલી તો મહેલ જેવી બની છે. લોકો તો જોશે પણ દેવોય જોવા લલચાય એવા મારે તેમાં હવે રંગ પુરાવવા છે. સાતે પેઢી સુધી આપણી નામના રહે અને ઉજ્જેણી જ્યાં સુધી રહે ત્યાં સુધી આપણને સંભારે એવું મારે કરવું છે. એમ બોલતા પોતાના છોકરાને ખોળામાં બેસાડીને રમાડતા કહ્યું. ત્યારે પત્ની યશોમતિએ પણ જવાબમાં કહ્યું - આ બધી મહેનત અને મમતા બાળબચ્ચાં અને નામના માટે જ તો છે ને? લોકો કાંઈ થોડી જ આજીવિકા માટે મહેનત કરે છે? તેટલામાં શેઠે કહ્યું—દેવી! લે આ બાળકને. તેણે તો મારા કપડા અને આ થાળી બધું મૂત્રથી ભરી દીધું એમ કહ્યું. તેટલામાં મુનિ મહાત્મા 'ધર્મલાભ' કહી નાગદત્તને ઘેર વહોરવા પધાર્યા.

યશોમતિ મુનિને વહોરાવવા લાગી ત્યારે નાગદત્તે થાળીમાંથી મૂત્ર દૂર કરી તે જ થાળીમાં ભોજન લેતા મુનિએ જોયું. મુનિએ વહોર્યું પણ તેમની નજર મૂત્રવાળી થાળીમાં ભોજન લેતા શેઠ ઉપર ઠરી અને સહેજ સ્મિત કરી ફરી વિદાય લીધી. શેઠને વિચાર આવ્યો કે મુનિ ફરી કેમ હસ્યા હશે? કારણ વિના તે હશે નહીં.

હવે ઉજૈનમાં બપોરે ત્રણ વાગે શેઠ પોતાની દુકાને ગાદી ઉપર બેઠા છે. ત્યાં એક અલમસ્ત બોકડો દુકાન ઉપર ચઢી ગયો. તેને પકડવા કસાઈ દોડતો આવ્યો અને કહ્યું-મારો બોકડો છે. તમને એની દયા આવતી હોય તો બોકડાની ઉચિત કિંમત આપો. બોકડો બેં બેં કરતો દુકાનની અંદર અંદર પેસવા લાગ્યો. નોકરોએ ડંડા માર્યા છતાં ખસે નહીં. શેઠ જાતે ઊઠ્યા અને તેના બે કાન પકડી તેને બહાર ધકેલવા લાગ્યા. કસાઈ પણ તેને પકડી લઈ જવા લાગ્યો. તેટલામાં તે મુનિ મહાત્મા ત્યાં થઈને પસાર થતા ફરી સહેજ હસીને આગળ ચાલ્યા. શેઠને થયું કે આજે મહારાજ ત્રણવાર કેમ હસ્યા હશે? રાત્રે ઉપાશ્રય જઈને જરૂર પૂછીશ.

ઉપાશ્રયે જઈ શેઠે કહ્યું—મહારાજ! ચિતારાને હું ભલામણ કરતો હતો ત્યારે આપ કેમ હસ્યા? મુનિ બોલ્યા—નાગદત્ત! માણસ સાત પેઢી સુધી ટકે એવી હવેલી બાબત કે રંગ બાબત વાત કરે છે પણ માણસ પોતે ક્યાં સુધી આ સંસારમાં ટકી રહેશે તેની થોડી જ ખબર છે? મહારાજ! શું હું થોડા દિવસનો


શેઠ નાગદત્ત
સાતમાળની હવેલી
થાળીમાં મૂત્ર કરતો બાળક
શેઠે લીધેલ દીક્ષા
બકરો તે શેઠનો પિતા
મુનિ શેઠના પ્રશ્નોના ખુલાસા કરે છે



મહેમાન છું.? મુનિ બોલ્યા—નાગદત્ત! તે કહેવાય તો માણસ વધુ દુઃખી થાય માટે કહેવાય નહીં. નાગદત્ત કહે—કહો પ્રભુ! કહ્યા વગર તો અમે કેમ જાણીએ, અને કેમ સુધરીએ. મહાત્મા કહે—તારું આયુષ્ય તો માત્ર હવે સાત દિવસનું છે. અને મોહવશ જીવ સાત પેઢી સુધીની ચિંતા કરે છે. એવા સંસારના સ્વરૂપને જોઈ મને હાસ્ય આવ્યું.

નાગદત્તના મનમાં દુઃખ થયું છતાં ફરી પૂછ્યું કે—ભગવંત! આપ વહોરતી વખતે ફરી કેમ હસ્યા? મહારાજ કહે—એ પણ સંસારનું વિચિત્ર સ્વરૂપ જોઈને. તું જેને પુત્ર ગણે છે, તેના મૂત્રને પણ વહાલું ગણી સૂગ લાવતો નથી; તે પુત્ર તારી સ્ત્રીનો જાર હતો. તેને તેં ઘણો માર્યો હતો. તે જ આ ભવમાં તારી સ્ત્રીની કુક્ષિમાં અવતર્યો છે. તારો પુત્ર મોટો થશે, ત્યારે આ હવેલીને વેચશે, તારી સ્ત્રીને ઝેર દઈ મારી નાખશે અને તારી સાત પેઢીને લજવશે. આવું સંસારનું વિચિત્ર સ્વરૂપ જોઈ મને સહેજ હાસ્ય આવ્યું. ત્યારે નાગદત્ત શેઠ કહે—ભગવંત! હું ખરેખર ચારેબાજુથી ઠગાયેલો છું કે આવી સ્ત્રી અને આવા પુત્રના સાતપેઢીના સુખને હું ઝંખુ છું. હવે જલદી મને ત્રીજીવાર દુકાનમાંથી બોકડાને બહાર કાઢતા આપ હસ્યા તેનું કારણ જણાવો.

મહાત્મા કહે—નાગદત્ત! જેને બોકડો માની દુકાનમાંથી બહાર કાઢતો હતો તે તારો પિતા હતો. જેણે તને આ બધી મિલકત સોંપી તેણે જીંદગીભર ખોટા તોલ માપ કરી ધન સંઘર્યું હતું. તેથી તે બોકડો થયો. બોકડાને લાવનાર કસાઈના તેણે પૈસા પૂરા લઈ માલ ઓછો આપેલો તેથી દેવું રહી ગયેલું. આથી તે મરી બોકડો થઈ કસાઈનું દેવું ચૂકવવા આવ્યો હતો. રસ્તામાં પોતાની દુકાન દેખી તેને જાતિસ્મરણજ્ઞાન થઈ આવ્યું તેથી તે તારી પાસે આશ્રય લેવા આવ્યો. ચંડાળે તને કહ્યું—પૈસા આપો તો છોડી દઉં. પણ તેં લોભને કારણે તેને ન છોડાવ્યો. તે મારા હાસ્યનું કારણ હતું.

હવે નાગદત્તને આ સંસાર અસાર લાગ્યો અને તુરંત ઊભો થઈ કસાઈને ત્યાં જઈ કહ્યું મને બોકડો આપ અને તારે જે પૈસા લેવા હોય તે લે. પણ ચંડાળે કહ્યું—શેઠ! તે બોકડો તો કપાઈ ગયો. હવે શું થાય?

ત્યાંથી પાછો ઉપાશ્રયે આવી મુનિને પૂછ્યું કે ભગવંત! મારો પિતા મરીને ક્યાં ગયો? ત્યારે મહાત્મા કહે—નરકમાં.

ભગવંત! હવે માત્ર સાત દિવસમાં હું શું કરીશ?

મહાત્માએ કહ્યું—એક દિવસનું જ્ઞાનસહિતનું ચારિત્ર અનુત્તર વિમાને પહોંચાડે છે તો તારી પાસે તો સાત દિવસ છે.

પછી નાગદત્ત શેઠે ભાવપૂર્વક ચારિત્ર ગ્રહણ કર્યું અને પૂર્ણ આરાધના કરી સમાધિમરણ સાધી સૌધર્મ દેવલોકમાં દેવરૂપે અવતર્યો.

માટે શરીરનો ભરૂંસો કરું નહીં. પણ સદ્‌ગુરુ ઉપદેશે માનવદેહમાં શીઘ્ર આત્માની ઓળખાણ કરી આત્મકલ્યાણને સાધું. કેમકે આવો અમૂલ્ય અવસર વાર વાર આવતો નથી.

**'સમાધિ સોપાન'માંથી :— અશરણ ભાવના —** ''આ સંસારમાં દેવ, દાનવ, ઇંદ્ર કે મનુષ્ય કોઈ એવો નથી કે જેના ગળામાં યમરાજાનો ફાંસો પડ્યો ન હોય. મરણ વખતે કોઈ શરણ નથી. આયુષ્ય પૂર્ણ થાય છે ત્યારે ઇન્દ્રનું ક્ષણવારમાં પતન થાય છે. જેને હજારો દેવો આજ્ઞા ઉઠાવનાર સેવક તરીકે છે, જેને હજારો ઋદ્ધિઓ છે, અસંખ્યાત કાળથી જેનો સ્વર્ગમાં વાસ છે, રોગ, ક્ષુધા, તૃષાદિક ઉપદ્રવથી



રહિત જેનું શરીર છે અને અસંખ્યાત બળ પરાક્રમનો ધારક છે એવા ઇંદ્રનું પણ પતન થાય છે તો અન્ય કોણ શરણ છે? જેવી રીતે નિર્જન વનમાં વાઘે પકડેલા હરણના બચ્ચાને કોઈ બચાવવા સમર્થ નથી, તેવી રીતે મૃત્યુથી પકડાયેલા પ્રાણીને બચાવવા કોઈ સમર્થ નથી. આ સંસારમાં પૂર્વે અનંતાનંત પુરુષો નાશ પામ્યા છે ત્યાં કોણ શરણરૂપ છે? કોઈ એવું ઔષધ, મંત્ર, યંત્ર, ક્રિયા, દેવ, દાનવાદિક છે નહીં કે જે એક ક્ષણમાત્ર કાળથી બચાવે. જો કોઈ દેવ, દેવી, વૈદ્ય, મંત્ર, તંત્રાદિક એક માણસને પણ મરણથી બચાવે એમ હોત તો મનુષ્ય અક્ષય, અમર થઈ જાત. તેથી મિથ્યાબુદ્ધિ છોડી અશરણભાવના ભાવો.

મૂઢ લોકો એવા વિચાર કરે છે કે મારા સગાંની સારવાર ન થઈ, ઔષધિ ન આપી, કોઈ દેવતાની મદદ કે શરણ ગ્રહણ ન કર્યું, ઉપાય કર્યા વગર મરી ગયો. આ પ્રકારે પોતાના સ્વજનનો શોક કરે છે. પણ પોતાનો વિચાર કરતો નથી કે હું જ મૃત્યુના મુખમાં દાઢની વચમાં બેઠો છું. કોટિ ઉપાયો વડે પણ ઇંદ્ર જેવાથી પણ કાળ રોકાયો નથી તેને મનુષ્યરૂપ કીડો કેવી રીતે રોકી શકશે? જેવી રીતે પરને મરતા દેખીએ છીએ તેવી રીતે મારે પણ અવશ્ય મરવાનું છે.'' (પૃ.૭૨) જેથી શરીરનો ભરૂંસો કરું નહીં.

## ૪૯૯. અયોગ્ય વચને બોલાવું નહીં.

બીજાને દુઃખકર એવા અયોગ્ય વચનો વડે કોઈને બોલાવું નહીં. પણ સર્વને યથાયોગ્ય માન આપું.

**'ઉપદેશામૃત'માંથી :–** ''પ્રભુશ્રી — માર્ગ કોઈ અપૂર્વ છે; મોક્ષે પહોંચાડે તેવો માર્ગ કૃપાળુદેવે કરી દીધો છે. એ દૃષ્ટિ ઉપર આવવું એ પૂરણ ભાગ્ય છે!

'પ્રભુ, પ્રભુ', 'પ્રભુ, પ્રભુ! શબ્દ બોલવાની ટેવ મને (પ્રભુશ્રીને) છે; તે વિષે એક ભાઈએ મને જણાવ્યું કે એવું શું બોલો છો? પણ તેની આજ્ઞાએ દીનપણું અંગીકાર કરી પ્રવર્તવું છે એટલે એ શબ્દ ઉપયોગપૂર્વક બોલાય તો સારું. એમાં કંઈ વાંધા જેવું છે? 'અલ્યા' અને એવું બોલાઈ જવાય તેના કરતાં બંગડીના વેપારીની પેઠે અભ્યાસ કરી મૂક્યો હોય તો મોઢે સારી જ વાણી નીકળે. કંઈ નહીં તો પુણ્ય બંધાય. 'પ્રભુ' એ તો બહુ સરસ શબ્દ છે. આપણને તો એની આજ્ઞાએ એ શબ્દ હિતકારી છે. પ્રભુત્વ એને અર્પી આપણે દીનત્વ, દાસત્વ, પરમ દીનત્વમાં રહેવું ઘટે છે.'' (પૃ.૨૯૧)

**બંગડીના વેપારીનું દૃષ્ટાંત –** ''એક બંગડીઓનો વેપારી ગધેડી ઉપર બંગડીઓ, ચૂડીઓ



વગેરે લાદીને વેચવા માટે ગામડે જતો. તે ગધેડીને હાંકતા લાકડી મારીને બોલતો કે માજી ચાલો, બેન ચાલો, ફઈબા ઉતાવળે ચાલો. એમ માનભર્યા શબ્દો વાપરી લાકડી મારતો. વાટમાં બીજો કોઈ માણસ મળ્યો તેને એમ લાગ્યું કે 'આ આમ કેમ બોલતો હશે?' એટલે તેણે તેને પૂછ્યું ત્યારે બંગડીના વેપારીએ કહ્યું કે ''અમારે ગામડામાં ગરાસિયા વગેરેની બાઈઓ સાથે બંગડીઓનો ધંધો કરવો પડે છે, તેથી આવું સારું બોલવાની ટેવ પાડી મૂકી હોય તો અપશબ્દો બોલી જવાય નહીં. જો ભૂલે-ચૂકે ગધેડી જેવા શબ્દો બોલી જવાય તો ગરાસિયા લોકો મારું માથું કાપી નાખે; માટે સારો અભ્યાસ પાડવા આમ બોલું છું.'' (પૃ.૨૯૨)

**'સમાધિ સોપાન'માંથી :–** ''મશ્કરી કરવા વિકારી વચન બોલવાં તથા સાંભળનારને પાપમાં પ્રેરનાર અને પ્રેમ ઊપજે તેવાં વચન તે હાસ્ય નામે ગર્હિત અસત્ય વચન છે. કોઈને એમ કહેવું કે તું મંદ



છે, મૂર્ખ છે, અજ્ઞાની છે, ઇત્યાદિ કર્કશ વચન છે. દેશ, કાળને યોગ્ય નહીં તેવાં પોતાને અને પરને મહા સંતાપ ઉપજાવનાર વચન અસમંજસ વચન છે. પ્રયોજન વગર ઉદ્ધતપણે બકવાદ કરવો તે પ્રલપિત વચન છે.'' (પૃ.૨૮૨)

''હે જ્ઞાનીજન! જગતમાં પ્રિય, હિતકર, મધુર વચન બહુ ભર્યાં છે; સુંદર શબ્દોની ખોટ નથી; તો નિંદ્ય વચન શા માટે બોલવાં? નીચ પુરુષને બોલવા લાયક 'રે, તું' ઇત્યાદિ તોછડાં ટુંકારાભર્યાં વચન પ્રાણ જતાં પણ ન બોલો. અધમપણું કે ઉત્તમપણું વચન પરથી જ પરખાઈ આવે છે. નીચ જાતિનાં લોક બોલે તેવાં નિંદ્ય વચન છોડીને પ્રિય, હિતકર, મધુર, સામાને અનુકૂળ, ધર્મમય વચન બોલો.

જે અન્યને દુઃખદાયી વચન કહે છે, ખોટાં આળ ચઢાવે છે તેના પાપે અહીં જ તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે, જીભ જૂઠી પડી જાય છે, આંધળા થાય છે, પાંગળા થાય છે, દુર્ધ્યાનથી મરીને નરક તિર્યંચ આદિ દુર્ગતિનો યોગ પામે છે; અને સત્યના પ્રભાવથી અહીં જ ઉજ્જ્વળ યશ, વચનસિદ્ધિ, દ્વાદશાંગ આદિ શ્રુતજ્ઞાન પામીને પરભવમાં ઇંદ્રાદિક મહર્દ્ધિક દેવ થઈને, તીર્થંકર આદિ ઉત્તમ પદ પામીને નિર્વાણ પામે છે. તેથી ઉત્તમ સત્યધર્મ ધારણ કરો.'' (પૃ.૨૮૫) અને અયોગ્ય વચને બોલાવો નહીં.

## ૫૦૦. આજીવિકા અર્થે નાટક કરું નહીં.

આજીવિકા અર્થે વર્તમાનમાં પોતે કે પોતાના બાળકોને સિનેમાની શુટીંગમાં મોકલે તો તે નાચ કરતા થઈ જાય. હલકા લોકોની સંગતિથી સાતે વ્યસનો વળગી પડે અને જીવન બરબાદ થઈ જાય. પછી એક બીજાને મોહ કેમ પમાડવો એ જ એમનો ધંધો થઈ પડે છે. ઉત્તમ કુળ પામ્યા છતાં નીચકુળ જેવા કામો થઈ જાય છે. માટે આજીવિકા અર્થે નાટક ભજી નટ થાઉં નહીં.

સુર સુંદરીને પોતાની આજીવિકા અર્થે ઇચ્છા વગર નાટક કરવું પડ્યું હતું તે વિષે જણાવે છે :

**'શ્રીપાલ રાજાના રાસ'માંથી :– પુણ્ય પાપના ફળો**

**સુરસુંદરીનું દૃષ્ટાંત –** સર્વ સ્વજન વર્ગ ભેગો થયે છતે આનંદ આનંદ વર્તાઈ રહ્યો છે, ત્યારે તેજવંત એવા શ્રીપાલ રાજાએ નાટક કરવા માટે નૃત્યકારોને આદેશ આપ્યો.

તે સમયે નાટકનું પહેલું ટોળું નાચવા માટે પોતાની ઇચ્છાનુસાર ઊભું થયું. પરંતુ તેમાં જે એક મુખ્ય નટી હતી તે ઘણા પ્રકારે કહેવા છતાં પણ ઊઠતી નથી. ત્યારે તેને ઘણી મહેનતે ઊભી કરી તો પણ તે નટી મનમાં ઉત્સાહ ધારણ કરતી નથી, અને ખેદસહિત હા! હા! બોલીને મુખથી નીચે પ્રમાણે કહેવા લાગી.

**''કિહા માલવ કિહા શંખપુર, કિહા બબ્બર કિહા નટ્ટ,**
**સુરસુન્દરી નચાવીએ, દૈવે દળ્યો વિમરટ્ટ (ગર્વ)''**

અહો! ક્યાં મારો માલવ દેશમાં જન્મ? ક્યાં શંખપુરના ધણી સાથે પરણવું? ક્યાં બબ્બરકુળમાં મને વેચવી? અને નાટક કરતા શીખવું? હા! હા! ભાગ્યે મારો ગર્વ ગાળી નાખ્યો અને નાચતી કરી.

આ પ્રમાણેનાં વચનો સાંભળી માતાપિતા વગેરે સર્વ મનમાં વિસ્મિત ચિત્તવાળા થયાં છતાં વિચારવા લાગ્યાં કે અહો! આ આપણી પુત્રી સુરસુંદરી હશે કે શું? પણ તે આ સ્થિતિમાં ક્યાંથી હોય? એટલામાં તો સુરસુંદરી રડતી રડતી પોતાની માતાના ગળામાં વળગી પડી. ત્યારે રડતી પોતાની પુત્રીને રાજાએ દુઃખસ્થિતિનું કારણ પૂછ્યું. ત્યારે સુરસુંદરી સર્વ હકીકત કહેવા લાગી કે હે પિતાજી! તમે જે મને સર્વ સંપત્તિ સહિત વિદાય આપી. ત્યાર પછી શું બન્યું તે વૃત્તાંત હવે કહું છું.



હે પિતાજી! તે સર્વ ઋદ્ધિ સહિત હું શંખપુરી નગરીની પાસે જઈ પહોંચી, પરંતુ સારું મુહૂર્ત ન હોવાથી પ્રવેશના મુહૂર્ત માટે પતિની સાથે નગરીની બહાર ઉદ્યાન ભાગમાં રહી. ત્યાં કેટલાક સુભટો પોતાના ઘેર ગયા અને અમે થોડા સુભટો સાથે રાત્રિએ ત્યાં રહ્યા. તેવામાં ત્યાં ધાડ પડી. એટલે તમારા જમાઈ પોતાનો જીવ બચાવવા નાસી ગયા, અને હું તે ધાડપાડુઓના હાથમાં પકડાઈ ગઈ. વળી ધાડપાડઓના સુભટોએ નેપાલદેશમાં મને ધન લઈને વેચી. ત્યાં એક સાર્થવાહે વેચાતી લીધી. અહો! જે લલાટમાં લખ્યું હોય તે જ પ્રમાણે ફલીભૂત થાય છે.

પછી તે સાર્થવાહે મહાકાલ રાજાના બબ્બરકુળમાં વેશ્યાની દુકાને મને વેચી. વેશ્યાએ વેચાતી લઈ નૃત્યકળા શીખવી નટી બનાવી. નાટકના મહાશોખીન મહાકાળ રાજાએ નાટકની મંડળીઓ ખરીદી, તેમાં મને પણ વેચાતી લીધી. મારી પાસે અનેક પ્રકારનાં નૃત્યો કરાવ્યાં. પછી મહાકાળ રાજાએ મદનસેનાના લગ્નમાં મદનસેનાના પતિને દાયજામાં મને આપી.

પછી હે પિતાજી! તે મદનસેનાના પતિની આગળ નાટક કરતાં ઘણા દિવસો વ્યતીત થયા. પરંતુ આજે આપણું કુટુંબ જોઈને મારું દુઃખ ઉભરાઈ આવ્યું અને તમોને પણ દયા આવી. વળી, તમે મને પરણાવી ત્યારે મયણાને કોઢીયા સાથે પરણાવી તે દુઃખને જોઈને મેં પોતાની મોટાઈનો ગર્વ કર્યો હતો, તે ગર્વ આજે મને મયણાસુંદરીના પતિના દાસી સ્વરૂપે પ્રગટ થયો, અર્થાત્ તે અભિમાનથી આજે મારે મયણાના પતિની દાસી થવું પડ્યું.

હવે સુરસુંદરી મયણાની પ્રશંસા કરતાં કહે છે કે - મયણાસુંદરીએ ખરેખર! સ્વજનવર્ગમાં એક વિજયપતાકા પ્રાપ્ત કરી છે. કારણકે જેના શીયળવ્રતનો મહિમા લીલાસહિત કસ્તુરીની જેમ જગતમાં મહેકી રહેલ છે. વળી મયણાસુંદરીએ આરાધના કરેલ બળવાન એવો જૈનધર્મ આજે કલ્પવૃક્ષના જેવો ફળ્યો છે, અને મેં સેવેલો મિથ્યાધર્મ આજે મને વિષવૃક્ષના વિષફળોની જેમ પ્રગટ થયો છે. (પૃ.૨૩૭)

## ૫૦૧. મા, બહેનથી એકાંતે રહું નહીં.

મા, બહેન સાથે પણ એકાંતમાં રહું નહીં.

**પ્રદ્યુમ્નકુમારનું દૃષ્ટાંત – માતારૂપે પાલન કરવા છતાં ભાવમાં વિકૃતિ.** પ્રદ્યુમ્નકુમારના પૂર્વભવનો શત્રુ દેવ થયો હતો. તેણે પ્રદ્યુમ્નકુમારનો જન્મ થતા જ તેને હરી જઈ, તેને એક ટંકશિલા ઉપર મૂકી ચાલ્યો ગયો. ત્યાં એક વિદ્યાધર રાજા આવ્યો અને તેને લઈ જઈ પોતાની સ્ત્રીને પુત્ર ન હોવાથી આપ્યો. તેના લાલનપાલનથી તે ૧૬ વર્ષનો યુવાન થયો. એક દિવસે તેનું રૂપ જોઈ વિદ્યાધર રાજાની સ્ત્રી જેણે માતારૂપે પુત્રનું પાલન કર્યું છે તે તેના પર મોહિત થઈ ગઈ. તે જોઈ પ્રદ્યુમ્નકુમારે કહ્યું કે તું તો મારી માતા છે. ત્યારે તેણીએ કહ્યું કે હું તારી ખરી માતા નથી. છતાં કુમાર મહેલની બહાર નીકળી ગયો. માટે મહાપુરુષો કહે છે કે મા, બહેન કે પોતાની દીકરીની સાથે પણ એકાંતમાં રહેવું નહીં; કારણ વિષયોની પ્રબળતા ભલભલાને ભૂલાવી દે છે.

**'શ્રી વીશ સ્થાનક તપ આરાધન વિધિ'માંથી :– અપરમાતાનો પુત્ર પ્રત્યે અશુભ રાગ**

**પુરંદર કુમારનું દૃષ્ટાંત –** વણારસી નામે નગરીમાં વિજયસેન રાજા પ્રજાનું પાલન કરતો હતો. તેને પુરંદર નામે રાજકુમાર હતો. તે કામદેવ સમાન સ્વરૂપવાન હતો. તેની અપરમાતા તેનું રૂપ જોઈ તેના ઉપર રાગવાળી થઈ.



એક દિવસ દાસી દ્વારા પુરંદર કુમારને પોતાના મહેલમાં બોલાવ્યો અને કહ્યું કે તમારા પિતા વૃદ્ધ વૃષભ સમાન થઈ ગયેલા હોવાથી મને જરાપણ પ્રિય નથી. આપણે સમાન વયના છીએ માટે હું તમને ઇચ્છું છું. હું તમારી દાસી છું. કર્ણમાં સીસું રેડ્યાની પેઠે રાણીનાં આવા વચનો સાંભળી કુમાર કાને હાથ દઈને બોલ્યો - માતાજી કામરૂપી અગ્નિથી વિવેકશૂન્ય ચિત્તવાળાં થઈ તમે શા માટે દુઃખ વહોરી લ્યો છો? પરસ્ત્રીલંપટ પુરુષ અને પરપુરુષલંપટ સ્ત્રીને સ્વપ્ને પણ સુખ હોતું નથી. વળી ગુરુપત્ની, પિતાપત્ની, બંધુપત્ની અને પુત્રપત્ની સાથે જે અધમ પુરુષ સંગમ કરે છે તે નીચ ભયંકર રૌરવ નરકમાં પડી અનંત દુઃખનો ભોક્તા થાય છે. વિષ ખાઈને મૃત્યુ પામવું સારું, અગ્નિમાં પ્રવેશ કરવો તે પણ ઉત્તમ, પણ પરસ્ત્રી સાથે સંગમ કરવો ઇષ્ટ નથી. આવાં કૃત્ય કદી કરવા નહીં. વિવેકશૂન્ય ચિત્તવાળી માતા જરા હૃદયમાં વિચાર કરી મનને કબજે રાખી વિકારથી વિમુખ થઈ અરિહંત ભગવાને કહેલા ધર્મમાં ચિત્ત જોડો એમાં તમારું કલ્યાણ છે. એમ કહી કુમાર આવ્યો હતો તે જ રસ્તે પાછો ચાલ્યો ગયો. (પૃ.૧૯૧)

**'ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર પર્વ-૧૦'માંથી :– પોતાની પુત્રી સાથે કરેલ પાણીગ્રહણ**

**રિપુપ્રતિશત્રુરાજાનું દૃષ્ટાંત –** આ ભરતક્ષેત્રમાં પોતનપુર નામના નગરમાં રિપુપ્રતિશત્રુ નામે એક પરાક્રમી રાજા હતો. તેને ભદ્રા નામે સ્ત્રી હતી. તેને ચાર સ્વપ્નોથી સૂચિત થયેલો અચલ નામે એક બલભદ્ર પુત્ર થયો, અને મૃગાવતી નામે મૃગલોચના પુત્રી થઈ. એક વખતે યૌવનવતી અને રૂપવતી એવી તે બાળા જ્યારે પિતાને પ્રણામ કરવા ગઈ ત્યારે તેણીને રાજાએ પોતાના ઉત્સંગમાં બેસાડી. તે વખતે રાજાના ભાવ બદલાઈ ગયા. તેણીની સાથે પોતે પાણિગ્રહણ કરવાનો ઉપાય વિચારીને તેને વિદાય કરી.

પછી રિપપ્રતિશત્રુ રાજાએ નગરના વૃદ્ધજનોને બોલાવીને પૂછ્યું કે, 'આપણા સ્થાનમાં જે રત્ન ઉત્પન્ન થાય તે કોનું કહેવાય? તેનો નિર્ણય બતાવો.' તેઓએ કહ્યું કે 'તે રત્ન તમારું કહેવાય.' એવી રીતે ત્રણવાર કહેવરાવી, રાજાએ મૃગાવતીને પરણવાને માટે રાજસભામાં તેડાવી. તે જોઈ નગરના લોકો લજ્જા પામ્યા. રાજા ગાંધર્વ વિધિથી મૃગાવતી પુત્રીને સ્વયંમેવ પરણ્યો. તે જોઈ લજ્જા અને ક્રોધથી આકુલ થયેલી, ભદ્રાદેવી રાજાને તજી દઈ અચલકુમારને સાથે લઈને નગર બહાર નીકળી ગઈ. (પૃ.૬)

હવે વિશ્વભૂતિનો જીવ મહાશુક્ર દેવલોકમાંથી ચ્યવી સાતસ્વપ્નાઓ વડે જેનું વાસુદેવપણું સૂચવ્યું છે એવો તે મૃગાવતીના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નામ ત્રિપુષ્ટ વાસુદેવ રાખવામાં આવ્યું એ ભગવાન મહાવીરનો જીવ છે.

**અચ્છંદક પાખંડીનું દૃષ્ટાંત – પોતાની બહેન સાથે દુર્વ્યવહાર.** એકવાર સિદ્ધાર્થ દેવે લોકોને અચ્છંદક પાખંડીના ચોરી વગેરે બે દુશ્ચરિત્ર કહ્યાં. પછી કહ્યું કે એનું ત્રીજું પણ દુશ્ચરિત્ર છે પણ તે હું કહીશ નહીં. ત્યારે ગામના લોકો આગ્રહથી વારંવાર બોલ્યા કે, 'ભગવન પ્રસન્ન થાઓ, અને તે અમને થોડું પણ કહો. તમારી કહેલી અર્ધકથા પણ અમને ઘણી રમણીક લાગશે'. સિદ્ધાર્થ બોલ્યો કે, 'હું તો તે કહીશ જ નહીં, પણ જો તમારે જાણવાનું કુતૂહલ હોય તો તે અચ્છંદકને ઘેર જઈ તેની સ્ત્રીને પૂછો, તે કહેશે.' એટલે લોકો તેને ઘેર ગયા. હવે તે દિવસે તેણે પોતાની સ્ત્રીને મારેલી હતી તેથી તે રોષવતી થઈ નેત્રમાં અશ્રુ લાવી આ પ્રમાણે ચિંતવતી હતી કે, 'આ દુરાશય પતિ અચ્છંદકનું દુશ્ચરિત્ર જો લોકો હમણાં મારી પાસે આવે તો સર્વ ખુલ્લું કરી દઉં, કે જેથી એ પાપી મને મારવાનું ફળ પુરેપૂરું મેળવે. તેવામાં તો ગામના લોકો ત્યાં આવ્યા, અને તેઓએ તે સ્ત્રીને અચ્છંદકના દુશ્ચરિત્ર વિષે પૂછ્યું. એટલે તે બોલી, 'એ



પાપીનું નામ પણ કોણ લે, એ દુષ્ટ કર્મચાંડાળ પોતાની બેનની સાથે વિષય ભોગવે છે અને કદી પણ મારી ઇચ્છા કરતો નથી.' આ વાત સાંભળી કકળાટ કરતા ગામના લોકો અચ્છંદકની નિંદા કરતા કરતા પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. પછી એ ભિક્ષુક સર્વ ઠેકાણે 'પાપી, પાપી' એમ કહેવાતો તિરસ્કારને પામ્યો. ''પ્રતિષ્ઠા રહિત પુરુષને ધિક્કાર છે.'' (પૃ.૩૦)

માટે મનની વૃત્તિઓનો સદા ભય રાખી, મા, બહેન કે બેટી સાથે પણ એકાંતે રહું નહીં.

## ૫૦૨. પૂર્વ સ્નેહીઓને ત્યાં આહાર લેવા જઉં નહીં.

દીક્ષા લીધા પછી પોતાના પૂર્વના સગાંવહાલા હોય, તેમને ત્યાં આહાર લેવા જઉં નહીં; કારણ ત્યાં જવાથી મોહ જાગ્રત થાય અને મમત્વ વધે. દીક્ષા લીધા પછી આ અમારા સંસારી ભાઈ છે, બેન છે એમ કહે અથવા મળવા ન આવે તો કહે કે કેમ કોઈ વંદન કરવા આવતા નથી? એમ કહી ઠપકો આપે. તેથી પૂર્વના સગાંવહાલાઓને, તેમને સારું દેખાડવા પણ વંદન કરવા જવું પડે. દીક્ષા લીધા પછી તો આખું જગત કુટુંબતુલ્ય છે એવો ભાવ હોવો જોઈએ. તેના બદલે સગાંવહાલાઓમાં જો મૂર્છા છે, મમત્વભાવ છે તો તે સાચો ત્યાગ નથી. આવા નામ માત્ર ત્યાગથી જીવનું કલ્યાણ થાય નહીં.

## ૫૦૩. તત્ત્વધર્મનિંદક પર પણ રોષ ધરવો નહીં.

સત્‌દેવ, સત્‌ગુરુ અને સદ્‌ધર્મરૂપ ત્રણતત્વની જે નિંદા કરે તે ઉપર પણ રોષ એટલે ક્રોધ કરવો નહીં. તે નિંદક દયાને પાત્ર છે, રોષને પાત્ર નથી. મરેલાને શું મારવો તેના જેવું છે.

**કૃપાળુદેવનું દૃષ્ટાંત –** સ્થાનકવાસી સમાજના લોકો કૃપાળુદેવની નિંદા કરતા હતા. તે જૂઠાભાઈથી સહન ન થવાથી કૃપાળુદેવને લખ્યું કે લોકો આપની નિંદા કરે છે. ત્યારે કૃપાળુદેવે જવાબમાં લખ્યું કે તે બધું અમે જાણીએ છીએ. પણ એ પ્રત્યે લક્ષ આપવા યોગ્ય નથી. દુનિયા તો સદાય એવી જ છે. જ્ઞાનીઓ હાજર હોય ત્યારે લાકડીઓના માર પડે તોય ઓછું, અને જ્ઞાની ન હોય ત્યારે તેમના નામના પહાણાને પણ પૂજે.

**'નિત્યનિયમાદિ પાઠ'માંથી :–**

**''દુર્જન ક્રુર કુમાર્ગરતોં પર, ક્ષોભ નહીં મુઝકો આવે,**
**સામ્યભાવ રક્ખું મૈં ઉન પર ઐસી પરિણતિ હો જાવે.''**

**અર્થ** - ''દુર્જન, માયાવી, પ્રપંચી, ક્રુર, હિંસકપરિણામી અને કુમાર્ગમાં આસક્ત એવા મિથ્યાત્વી અજ્ઞાની પરધર્મી જીવોને જોતાં તેમના પ્રત્યે ક્રૂર, ક્રોધ પરિણામથી મારા અંતરમાં ક્ષોભ, વિક્ષેપ, ખળભળાટ, અશાંતિ ન થાઓ, પરંતુ તેઓ બિચારા કર્મને આધીન છે તેમાં તેમનો શું દોષ છે? એમ વિચારી તેમના પ્રત્યે સામ્યભાવ, મધ્યસ્થ ભાવના રહે એવી આત્મપરિણતિ થઈ જાઓ.'' (પૃ.૩૧૦)

**'શ્રી યોગશાસ્ત્ર ભાષાંતર'માંથી :–** ''ગમ્યાગમ્ય, ભક્ષ્યાભક્ષ્ય, કર્તવ્યાકર્તવ્યાદિ, વિવેક વિનાના અને તેથી ક્રૂર કર્મ કરવાવાળા, નિઃશંકપણે દેવગુરુની નિંદા કરનારા અને સદોષ છતાં પણ પોતાની પ્રશંસા કરવાવાળાં આ જીવો ધર્મ દેશનાને અયોગ્ય જણાતાં તેઓની ઉપેક્ષા કરવી, તેને માધ્યસ્થ ભાવના કહે છે.''

## ૫૦૪. ધીરજ મૂકવી નહીં.

ધીરજના ફળ મીઠા છે એમ કહેવાય છે. જિંદગીમાં અનેક પ્રકારનાં સુખદુઃખના પ્રસંગો બને પણ



તેમાં ધીરજ રાખવાથી ગમે તેવી મુશ્કેલીમાંથી પણ પાર ઊતરી શકાય છે. ધીરજથી કરેલ કોઈપણ કામ સારું થાય; પસ્તાવોનો વખત ન આવે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''સંસારી ઉપાધિનું જેમ થતું હોય તેમ થવા દેવું, કર્તવ્ય એ જ છે, અભિપ્રાય એ જ રહ્યા કરે છે. ધીરજથી ઉદયને વેદવો યોગ્ય છે.'' (વ.પૃ.૩૨૫)

''ધીરજ ન રહે એવા પ્રકારની તમારી સ્થિતિ છે એમ અમે જાણીએ છીએ, તેમ છતાં ધીરજમાં એક અંશનું પણ ન્યૂનપણું ન થવા દેવું તે તમને કર્તવ્ય છે; અને એ યથાર્થ બોધ પામવાનો મુખ્ય માર્ગ છે.'' (વ.પૃ.૩૩૧)

તમારી (શ્રી સૌભાગ્યભાઈની) અમારા પ્રત્યે નિષ્કામ ભક્તિ જોઈએ અને તમને ગમે તેટલું દુઃખ હોય છતાં તેને ધીરજથી વેદવું જોઈએ. તેમ ન બને તોપણ એક અક્ષર અમારી પાસે તો તેની સૂચના પણ ન કરવી જોઈએ. એ તમને સર્વાંગ યોગ્ય છે, અને તમને તેવી જ સ્થિતિમાં જોવાને જેટલી મારી ઇચ્છા છે અને જેટલું તમારું તે સ્થિતિમાં હિત છે, તે પત્રથી કે વચનથી અમારાથી જણાવી શકાય તેવું નથી.'' (વ.પૃ.૪૪૨)

''તમે સૌ ધીરજ રાખજો અને નિર્ભય રહેજો.

સુદૃઢ સ્વભાવથી આત્માર્થનું પ્રયત્ન કરવું. આત્મકલ્યાણ પ્રાપ્ત થવામાં ઘણું કરીને વારંવાર પ્રબળ પરિષહો આવવાનો સ્વભાવ છે, પણ જો તે પરિષહ શાંત ચિત્તથી વેદવામાં આવે છે, તો દીર્ઘ કાળે થઈ શકવા યોગ્ય એવું કલ્યાણ બહુ અલ્પ કાળમાં સાધ્ય થાય છે.'' (વ.પૃ.૨૮૩)

''જ્ઞાની પ્રત્યે જેને કેવળ નિઃસ્પૃહ ભક્તિ છે, પોતાની ઇચ્છા તે થકી પૂર્ણ થતી ન દેખીને પણ જેને દોષ આવતો નથી, એવા જે જીવ છે, તેને જ્ઞાનીને આશ્રયે ધીરજથી વર્તતાં આપત્તિનો નાશ હોય છે, અથવા ઘણું મંદપણું થઈ જાય છે, એમ જાણીએ છીએ; તથાપિ તેવી ધીરજ રહેવી આ કાળને વિષે બહુ વિકટ છે.'' (વ.પૃ.૩૨૮)

**'ઉપદેશામૃત'માંથી :–** ''ધીરજ કર્તવ્ય છે. ઉદાર વૃત્તિનો માણસ સંપત્તિ હો કે વિપત્તિ હો પણ તે સમતાથી ચાલે છે. તે ફતેહથી હરખાઈ જતો નથી અને હાર ખાવાથી અફસોસ કરતો નથી; ભય આવી પડે તો તેનાથી ભાગતો નથી, અથવા ભય ન હોય તો તેને ખોળવા જતો નથી. બીજા તેને હરકત કરે તો તેને દરગુજર કરે છે. તે પોતા વિષે કે બીજાઓ વિષે વાતો કર્યા કરતો નથી, કેમકે પોતાના વખાણ કરવાની ને બીજાનો વાંક કાઢવાની તેને દરકાર નથી. તે નજીવી બાબતો વિષે બરાડા મારતો નથી અને કોઈ પાસેથી મદદ મેળવવા માટે તે આજીજી કરતો નથી.

દરેક માણસે આફત અને અડચણોને માટે સદા તત્પર જ રહેવું ઘટે છે. નસીબમાં ગમે તે લખ્યું હોય–સુખ કે દુઃખ તેની સામા જોવાનો, થવાનો એક જ ઉપાય 'સમતા ક્ષમા ધીરજ' છે. કદી હિમ્મત હારવી નહીં. કોઈ પણ પ્રકારની આફતો આવી પડે કે ગમે તેવો અકસ્માત બનાવ બને તેથી કોઈ પણ મનુષ્યે પોતાનો અભ્યાસ છોડવો નહીં, અને જેટલું ઉચ્ચતમ અને વિસ્તીર્ણ જ્ઞાન તે સંપાદન કરે તે સઘળું પોતાના જ ઉપયોગમાં આવે છે.'' (ઉ.પૃ.૬૬)

''સહનશીલતા, ધીરજ, ક્ષમા, ખમીખૂંદવું એ ગુણ ધારણ કરવાથી સારી ગતિ થાય છે. વેદનીયથી ગભરાવું મૂંઝાવું નહીં. જે આવે છે તે જવાને માટે આવે છે અને એથી વિશેષ આવો એમ કહેવાથી વધારે આવનાર નથી કે એ વેદનીય જતી રહો કહેવાથી જતી રહે તેમ નથી. 'નહિ બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય; કાં એ ઔષધિ ન પીજિયે, જેથી ચિંતા જાય.' આથી અનંતગણી વેદના જીવે નરકનિગોદમાં ભોગવી છે. તો પણ તેનો નાશ થયો નથી. તડકા પછી છાંયો અને છાંયા પછી તડકો આવે છે; તેમ વેદના



પણ રાખી મૂકવી હોય તોપણ રહેનાર નથી. જે થાય તે જોયા કરવું, જોયા વગર છૂટકો નથી.'' (ઉ.પૃ.૧૨૨)

''સમભાવ, ધીરજ, ક્ષમા, ખમી ખૂંદવું - એ વીતરાગની આજ્ઞા છે. સમજની જરૂર છે. ગમે તેવા પાપી, ગુણકા અને ચંડાળ જેવાના પણ ઉદ્ધાર થઈ ગયા છે. ચીલો બદલવાની જરૂર છે. ગાડાનો ચીલો બદલતાં મુશ્કેલ તો પડે; પણ પછી ચીલો બદલાયો એટલે દિશાફેર જ થઈ જાય છે. આભ જમીનનો ફેર પડે છે.'' (ઉ.પૃ.૩૨૨)

''કષાયનું સ્વરૂપ જ્ઞાની જ જાણે છે. મરણ સમયે કષાય તોફાન મચાવે છે, લેશ્યા બગાડે છે. માટે પહેલો પાઠ શીખવાનો છે. તે એ કે 'ધીરજ'. ઓહો! એ તો હું જાણું છું, એમ નહીં કરવું. ધીરજ, સમતા અને ક્ષમા આ ત્રણનો અભ્યાસ વધારવો. રોગ કે વેદની ખમી ખૂંદવાનો અભ્યાસ કરવો.'' (ઉ.પૃ.૩૫૬)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''ધીરજ રાખવી, પવિત્ર રહેવું. એટલું કરે તો એનો પાપનો ઉદય દૂર થયે, પુણ્યનો ઉદય થાય. પાપનો ઉદય કૈં હમેશાં ન રહે. કોઈના ઉપર દોષ આરોપિત ન કરવા. મારે જ એવા કર્મનો ઉદય છે, એવા જ કર્મ બાંધ્યાં હતાં તેથી આવું થયું, એમ કરી ધીરજ રાખવી. (બો.૧ પૃ.૨૯૨)

**'બોધામૃત ભાગ-૨'માંથી :–** ''જીવનો સ્વભાવ એવો છે કે આ કરી નાખું, ફલાણું કરું, પણ એનું ધાર્યું કશું થતું નથી. પાપના ઉદયમાં જે જે પુરુષાર્થ કરે તેમાં પાછો જ પડે. તે વખતે ભક્તિ કરવાની છે. પાપકર્મનો ઉદય ભોગવ્યા વિના છૂટકો નથી. પાપના ઉદયમાં ભક્તિ કરી લેવી એ સારું છે. જ્યારે પાપનો ઉદય હોય ત્યારે વધારે વ્યાપાર આદિ કરવામાં દોડ ન કરતાં ભક્તિ કરવી; નહીં તો ગભરામણમાં વધુ ગભરામણ થાય. જરા ધીરજ રાખીને કામ કરે તો સારું થાય. કામ, માન અને ઉતાવળ એ ત્રણ મોટા દોષ છે. કામમાં જીવ તણાઈ જાય છે. માનમાં અને ઉતાવળમાં પણ જીવ તણાઈ જાય છે. ધીરજ રાખીને કામ કરવું જોઈએ. જીવ ઉતાવળિયો થાય છે. પાપનો ઉદય હોય ત્યારે લાભ થતો નથી માટે દોડ ન કરતાં ભક્તિ કરવી. પાપના ઉદય વખતે બહુ ઝાંવાં ન નાખવાં, ધીરજ રાખવી એમ કૃપાળુદેવે સોભાગભાઈને લખ્યું છે.'' (બો.૨ પૃ.૨૦૫)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''જો આપણે પ્રાર્થનાની સફળતાનો સાક્ષાત્કાર કરવા ઇચ્છતા હોઈએ તો આપણામાં અખૂટ ધીરજ હોવી જોઈએ. અસંખ્ય મુનિઓ, ઋષિઓ, ઓલિયાઓએ પોતાની શ્રદ્ધાના બળ વડે પ્રાર્થનામાં લોહીના આંસુ ઢોળ્યાં છે, હાડકાંની અને માંસની સૂકવણી કરી છે. આપણા રસ્તામાં કાદવ, કીચડ, જંગલ, ઘોર અંધારુ, ઝાંખરા, પહાડો, ખાઈઓ, વાઘ, વરુ, અનેક જાતના ભયો અને ત્રાસો આવવાના જ છે; તેમ છતાં નામર્દ ન થઈએ અને એ બધી મુસીબતોની સામે થવાની હિંમત કેળવવી રહેલી છે. પ્રાર્થનામય પુરુષના શબ્દકોષમાં 'પાછા હઠવું', 'હાર ખાવી', 'પલાયન કરવું' એવી વસ્તુ જ નથી.'' ''ભક્તિ શીશતણું સાટું, આગળ વસમી છે વાટું'' સદ્ગુરુ-શરણ સાચા અંતઃકરણે સ્વીકારાય તેટલી માર્ગ નીકટતા છેજી.'' (બો.૩ પૃ.૩૯૭)

''અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે.'' (૫૭૦) એ વાક્યનો વારંવાર વિચાર કરી ધીરજ વધારવા યોગ્ય છેજી.'' (બો.૩ પૃ.૩૮૭)

''પૂર્વે જીવે જેવું કોકડું વીટ્યું છે તેવું જ ઊકલે છે, એમાં કોઈનો દોષ નથી. અત્યારે સત્પુરુષાર્થ કરીશું કે ભાવના કરીશું તેનું ફળ સારું જ આવશે એ નિઃસંદેહ વાત છે. ફળની જેટલી ઉતાવળ જીવ કરે છે તેટલી અધીરજ ઊભરાય છે. ખેતરમાં વાવે કે તરત ઊગતું નથી. સદ્ગુરુશરણે ધીરજ રાખી સત્પુરુષાર્થમાં



મંડ્યા રહેવું. નિષ્ફળતા તરફ લક્ષ રાખવા યોગ્ય નથી, કારણ કે તે તો પૂર્વ પ્રારબ્ધનું ફળ છે. જે થાય તે જોયા કરવું. જેમાંથી જેટલું બને તેટલું કરી છૂટવું.'' (બો.૩ પૃ.૫૮૮)

''દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવે છે તેમ સુખની પાછળ દુઃખ અને દુઃખની પાછળ સુખ આવ્યા કરે છે. તેને સમજુ જીવો સમભાવે સહન કરે છેજી. રામ, પાંડવો અને ગજસુકુમાર જેવા રાજવંશીઓને માથે અસહ્ય આપત્તિઓ આવી પડી છે તો આપણા જેવા હીનપુણ્યને સંકટો આવે તેમાં નવાઈ નથી. પણ તેમણે ધીરજ રાખી ભારે દુઃખમાં પણ આત્મહિત ન વિસાર્યું તેવી ધીરજ અને ધર્મભાવ આપણને વધો અને મરણકાળ સુધી ટકી રહો એવી ભાવના કર્તવ્ય છેજી.'' (બો.૩ પૃ.૪૫૮)

''જેટલી ઉતાવળ તેટલી કચાશ અને કચાશ તેટલી ખટાશ'' એમ કોઈ અપેક્ષાએ વિચારવા કૃપાળુદેવે કહેલું છે. સત્‌સાધનમાં પ્રવર્તવાનું આપણું કામ છે, તેનું ફળ જે થવા યોગ્ય હશે તે જરૂર થશે, એવી શ્રદ્ધા રાખી મૂંઝાયા વિના પ્રવર્તવું.

ધીરજ એ મોટો ગુણ છે. 'ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભીર' ઉપર સસલા અને કાચબાની વાત વાંચી હશે. ધીરે ધીરે પણ મક્કમપણે જે કરવા યોગ્ય છે અને જે કામ હાથમાં લીધું છે, તેમાં બનતી કાળજી રાખવી ઘટે છે. ફળ કેમ નથી દેખાતું? એમ જેને ઉતાવળ થાય છે તેનામાં સંશય, નાહિંમત, ગભરામણ આદિ અનેક દોષો જન્મે છે. માટે દોષો જણાય તે લક્ષમાં રાખવા. એકદમ ઉતાવળ કર્યે તે આપણી ઉતાવળે જવાના નથી. તે દૂર થાય તેટલું બળ જમા કરી તેની સામે થયે તે તુર્ત દૂર થાય છે. માટે પુરુષાર્થી બન્યા રહેવું. લાગ જોતા રહેવું.'' (બો.૩ પૃ.૩૩૦)

'' 'હિંમતે મરદા તો મદદે ખુદા' એ કહેવત પ્રમાણે જે પ્રસંગ આવી પડે તેમાં ધીરજ, સહનશીલતા અને દીર્ઘદૃષ્ટિ (જ્ઞાનીના યોગે મળેલી દૃષ્ટિ)થી વર્તવા યોગ્ય છેજી.'' (બો.૩ પૃ.૩૧૩)

''બાળક ગર્ભ-અવસ્થામાં શું કરે છે? તેને કંઈ ભાન છે? છતાં તેનું પોષણ આપોઆપ થયે જાય છે. તે ફિકર કરે, ઉતાવળ કરે કે ક્લેશિત રહ્યા કરે તોપણ તેને જેટલી મુદત તે દશામાં રહેવાનું છે તેમાં ફેરફાર થાય તેમ છે? જે ભૂમિકામાં જે કર્તવ્ય છે તેટલું કરતા રહી જેમ બને તેમ શાંતિનું સેવન કરતા રહેવાથી સરળ રીતે આગળ વધાય છે.'' (બો.૩ પૃ.૩૨૧)

''કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી'' (૪૬૦) એવું પરમકૃપાળુદેવનું વચન સર્વ અવસ્થામાં શાંતિ પ્રેરી ઘણી ધીરજ આપે તેવું છે, તે વિચારવા વિનંતી સહ વિરમું છુંજી.'' (બો.૩ પૃ.૨૫૮)

## ૫૦૫. ચરિત્રને અદ્‌ભુત કરવું.

પરમકૃપાળુદેવના વચનામૃત અનુસાર જીવનને ઘડી મારું ચરિત્ર અદ્‌ભુત કરું; અર્થાત્‌ સાત વ્યસન, સાત અભક્ષ્યનો ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, કંદમૂળનો ત્યાગ, યથાશક્તિ બ્રહ્મચર્ય પાલન વગેરે ગુણો પ્રાપ્ત કરી ચરિત્રને અદ્‌ભુત કરું, કે જેથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની યોગ્યતા કેળવાય. વળી અવસર આવ્યે નિરંતર સત્સંગમાં રહી નિર્મોહી થવા, વૈરાગ્ય ઉપશમ વધારવા ભક્તિ સ્વાધ્યાયમાં કાળ ગાળું.

**'બોધામૃત ભાગ-૩'માંથી :– સદ્‌ગુરુ સમાગમે પ્રાપ્ત થયેલ નિર્મોહીપણું**

**નિર્મોહી કુટુંબનું દૃષ્ટાંત –** ''એક રાજા મોટું રાજ્ય સંભાળતો હતો છતાં તેને સદ્‌ગુરુનો અપૂર્વ યોગ થયેલો તેથી તેનું ચિત્ત તો આત્મહિત થાય તેવું જ્ઞાનીએ જણાવેલું તેમાં જ મગ્ન રહેતું હતું. તેના આત્માને શાંતિ રહેતી. તે લાભ રાણીજીને પ્રાપ્ત થાય તે અર્થે તેણે રાણી આગળ તે મહાત્માના ગુણગ્રામ કર્યા અને પોતાને તેમનો યોગ થયો ત્યારથી તે ભવ ફરી ગયા જેવું થયું, તે કહ્યું. તેથી રાણીજીને



પણ તે સદ્‌ગુરુનું શરણ ગ્રહણ કરવા ભાવના થવાથી તે સદ્‌ગુરુનો યોગ મેળવી તેમણે જણાવેલું સાધન તે કરવા લાગ્યાં. તેમને પણ તે સાધનનો પ્રગટ અનુભવ થયો એટલે કુંવર યુવાન હતો છતાં તેને સદ્‌ગુરુનો સમાગમ કરાવ્યો અને તેને પણ ધર્મની લગની લાગી. કુંવરે તેની સ્ત્રીને સમજાવી તેથી તેણે પણ સદ્‌ગુરુની ઉપાસના કરી શાંતિ મેળવી. આ પ્રમાણે આત્માર્થે બધાં સત્સાધન આરાધતાં અને પૂર્વકર્મના યોગે સુખદુઃખ ભોગવવાના પ્રસંગો આવે તેમાં ઉદાસીન રહેતાં, તેનું માહાત્મ્ય કોઈને લાગતું નહીં.

દેવલોકમાં ઇન્દ્રે એક વખત આ રાજાના આખા કુટુંબના વખાણ કર્યાં. તે સાંભળી એક દેવને થયું કે ઇન્દ્રનું કહેવું ખરું લાગતું નથી. પુરુષો તો કંઈ સમજે પણ બૈરાંમાં ધર્મ સમજવાની બુદ્ધિ ક્યાંથી હોય! તે તો મોહમાં જ આખો ભવ ગાળે છે. તેથી પરીક્ષા કરવા તે રાજાની રાજધાનીને દરવાજે આવી ઊભો રહ્યો. થોડીવારમાં રાજકુમાર વનક્રીડા કરવા એક ટુકડી લશ્કરની લઈ જંગલમાં જતો હતો, તે જોઈ દેવે બાવા-યોગીનું રૂપ ધારણ કર્યું ને રાજસભામાં ગયો. આંખોમાં આંસુ લાવી, ગળામાં ડૂમો ભરાયો હોય તેવો દેખાવ કરી તેણે કહ્યું : હે રાજાજી! મોટી ઉંમરે આપને એક કુંવરની પ્રાપ્તિ થઈ, તે રાજ્ય ચલાવે તેવા થયા ત્યારે શિકાર કરવા આવ્યા હશે તે મારી ઝુંપડી પાસે વાઘે મારી નાખેલા મેં જોયા, ત્યારથી મારી આંખોમાં આંસુ સુકાતા નથી. રાજ્યનું હવે શું થશે? રાજાએ યોગીને આસન પર બેસાડી પૂછ્યું : યોગીરાજ! આપ કેટલાં વર્ષથી જંગલ સેવો છો? યોગી બોલ્યા, પચ્ચીશ વર્ષથી. ત્યાં શું કરો છો? તો કહે, ઈશ્વરભજન. રાજાએ કહ્યું : બાવાજી! આપ આટલો ક્લેશ કરો છો તો તમને સાચા ગુરુ મળ્યા નથી એમ લાગે છે. નહીં તો પોતાનો દીકરો મરી જાય તો પણ ક્લેશ કરવો નકામો સમજાવો જોઈએ. જો તમને પારકા છોકરાનું આટલું બધું લાગી આવે છે, તો વૈરાગ્ય વિના ઈશ્વરભજન કેવું કરતા હશો? માટે હવે સદ્‌ગુરુ શોધી સાચો વૈરાગ્ય પામી ઈશ્વરને ઓળખી મનુષ્યભવ સફળ કરો. એમ કહી રજા આપી.

ત્યાંથી રાણી પાસે તે ગયો. બૈરાં આગળ વળી વધારે ફેલ દેવમાયાથી તે કરવા લાગ્યો. હાંફતો હાંફતો છાતી કૂટતો તે કહેવા લાગ્યો : રાણીજી! સત્યાનાશ વળી ગયું, કુંવરજીને વાઘે મારી નાખેલા મારી ઝુંપડી પાસે જ મેં જોયા. તેથી દોડતો દોડતો તમને ખબર કહેવા આવ્યો છું. રાણીજીએ તેને બેસાડી પાણી પાયું. મોં-માથું સાફ કરી સ્વસ્થ થવા કહ્યું એટલે તે બેઠો, પાણી પીધું. રાણીજીએ કહ્યું : બાવાજી, આ ચોગાનમાં આ આંબો છે. તેના ઉપર ઘણી કેરીઓ બેસે છે. તેમાંથી ઘણી તો ગરી જાય છે. કોઈ વધે તે બીજા તોડી લે છે. તેમ મને ઘણા સંતાન થયાં અને મરી ગયાં. આયુષ્યબળે યુવાવસ્થા આ કુંવર પામ્યો ત્યાં વળી કાળે તેનો પ્રભાવ જણાવ્યો. બનનાર છે તે ફરનાર નથી. અમને સદ્‌ગુરુનો યોગ થયો છે તેથી અમને ભક્તિ એ જ આ ભવમાં અત્યંત પ્રિય છે, તેટલી પ્રીતિ કુંવર પ્રત્યે પણ નથી. હવે જિંદગી ટકશે ત્યાંસુધી ભક્તિ કરી આ આત્માનું હિત કરીશું. પણ આપને આટલો ક્લેશ થાય છે તે જાણી નવાઈ લાગે છે.


ત્યાંથી ઊઠી તે દેવ કુંવરની પટરાણી પાસે ગયો. ત્યાં જઈને વાળ તોડવા લાગ્યો, છાતી કૂટવા લાગ્યો. તે જોઈ પટરાણીએ પૂછ્યું : બાવાજી! આમ કેમ કરો છો? તેણે કહ્યું : તમારું નસીબ ફૂટી ગયું. કુંવરજીને વાઘે મારી નાખેલા મારી ઝૂંપડી પાસે જંગલમાં જોયા ત્યારથી મને ચેન પડતું નથી. તમને ખબર કહેવા આટલે દૂર આવ્યો છું. તે બાઈ બોલી : બાવાજી! આવ્યા તે સારું કર્યું. પણ મારી વાત સાંભળો : હું ક્યાં જન્મેલી, ક્યાં ઊછરેલી અને પૂર્વના સંસ્કારે આ કુટુંબમાં આવી ચઢી, પણ મોટો લાભ તો અમને સદ્‌ગુરુનો યોગ થયો અને સાચી ભક્તિ પ્રાપ્ત થઈ ત્યારથી અમે બધા કુટુંબના જાણે મરી ગયાં હોઈએ અને


નિર્મોહી કુટુંબ
નિર્મોહી રાજાની પરીક્ષા
૧
નિર્મોહી રાણીની પરીક્ષા
૨
નિર્મોહી પુત્રવધૂની પરીક્ષા
૩
દેવે પ્રગટ થઈ સર્વ નિર્મોહી કુટુંબની પ્રશંસા કરી
૪



અહીં માત્ર રાજ્યને જોવા માટે આવ્યાં હોઈએ તેમ મહેમાન તરીકે રહીએ છીએ. ભગવાન સિવાય અમને કશું ગમતું નથી. તેની બધી ઇચ્છા સુખકારી અમે માનીએ છીએ. આપ હવે ક્લેશ કરશો નહીં. સદ્ગુરુકૃપાએ અમે સુખી થયાં છીએ અને સુખી જ રહીશું. ત્યાં રાજા રાણી આવ્યાં એટલે તે દેવ બાવાનું રૂપ તજી દેવ થયો. તે કુંવર મરી નથી ગયો. માત્ર તમારી પરીક્ષા કરવાને આવ્યો હતો એમ કહી તેમને નમસ્કાર કરી તે પાછો દેવલોકે ગયો.'' (બો.૩ પૃ.૬૮૫)

**રોઢમુનિનું દૃષ્ટાંત – હાથી વહોરાવે તો જ આહાર લેવો.** દિલ્લીમાં રોઢ નામના મુનિ નિસ્પૃહભાવે વિચરતા હતા. એક વખત એમણે એવો અભિગ્રહ કર્યો કે હાથી મને વહોરાવે તો જ આહાર લેવો. રોજ બપોરના સમયે આહાર લેવા નીકળતા. ન મળે તો તપની વૃદ્ધિ થઈ એમ માનતા. એક દિવસ રાજાને ત્યાં રહેલો હાથી આલાભસ્થંભને તોડી ગાંડો થઈને દિલ્લીમાં દોડવા લાગ્યો. તે જોઈને લોકો



નાસભાગ કરવા લાગ્યા અને મેડી ઉપર ચઢી ગયા. ત્યાં મુનિને સામે આવતા જોઈ લોકો કહેવા લાગ્યા કે ઉપર ચઢી જાઓ, પણ મુનિ તો શાંતભાવે ઈરિયાસમિતિપૂર્વક ચાલતા હતા. મુનિને જોઈ હાથી શાંત થઈ ગયો અને દુકાનમાંથી લાડુ લઈને મુનિને આપવા લાગ્યો. મુનિએ કહ્યું - તારી માલિકીના નથી. તે સાંભળીને ઉપરથી માલિક બોલ્યો કે – હે મુનિ! ભલે આપ લાડુ લો એમાં હું રાજી છું. હાથીએ મુનિને લાડું વહોરાવ્યા. તેમના અદ્ભુત ચરિત્ર વડે લોકોને આશ્ચર્ય ઊપજ્યું.

## ૫૦૬. વિજય, કીર્તિ, યશ સર્વપક્ષી પ્રાપ્ત કરવાં.

પાંચ ઇન્દ્રિયો, છઠ્ઠું મન અને ચાર કષાય તેના પર જેણે વિજય મેળવ્યો તે સર્વપક્ષી કીર્તિ કે વિજય મેળવી શકે છે. એ દશે ઉપર વિજય મેળવવાથી અંદર રહેલો પારસમણિ સમાન આત્મા પ્રાપ્ત કરી શકાય છે. વિષય કષાયથી આત્મા મલિન થયેલ છે. તે માટે સત્પુરુષના બોધ વડે તે મલિનતા કાઢે તો આત્મા નિર્મળ થતો જાય. તેનું આચરણ શુદ્ધ થવાથી તેની કીર્તિ ચારે દિશાઓમાં સ્વાભાવિક ફેલાય છે.

જેમકે કૃપાળુદેવે શતાવધાન કર્યા તેથી દેશવિદેશમાં તેમની કીર્તિ ફેલાઈ. તેમના વિષે કોઈ કહે એ તો મહાન કવિ છે અથવા સાક્ષાત્ સરસ્વતીના અવતાર છે વગેરે તેમના યશોગાન સર્વત્ર થયા તેમજ 'કેવળ લગભગ ભૂમિકા' પ્રાપ્ત કરી સદ્ગુરુ પદે બિરાજી; વિજય, કીર્તિ, યશ સર્વ પક્ષી પ્રાપ્ત કર્યાં.

વિષયકષાયના સંપૂર્ણ વિજયી એવા સર્વજ્ઞ તીર્થંકરોની કીર્તિ તો ત્રિલોકમાં સર્વત્ર ફેલાયેલી જ છે.

આપણે પણ વિષયકષાયને વશ ન થઈએ તથા આપણું આચરણ કલંક રહિત હોય તો તેની છાપ લોકો ઉપર સહેજે પડે છે. અને કીર્તિની ઇચ્છા ન હોય તો પણ તે ફેલાય છે. સારા દેખાડવાના ભાવ કરતા સારા થવાની ભાવના આપણે કેળવીએ તો વિજય, કીર્તિ, યશ સર્વપક્ષી પ્રાપ્ત થાય.

## ૫૦૭. કોઈનો ઘરસંસાર તોડવો નહીં.

પતિ પત્ની શાંતિથી રહેતા હોય. તેમાં સાસુ સસરા પોતાના પુત્રને સમજાવે કે તારી પત્નીને તો કેટલું કહીએ તો પણ તે માનતી નથી. એ તો એવી જ છે. એમ અનેક વાર પુત્રને કહેવાથી તે પણ પોતાની



પત્ની પ્રત્યે અભાવવાળો થાય અને ઠપકો આપે કે ક્લેશ કર્યા કરે તેથી બેયનો ઘરસંસાર દુઃખમય બની જાય. એમ કોઈનો ઘરસંસાર તોડવો નહીં. એમ કરવાથી આપણને પણ કર્મબંધન થઈ દુઃખના દિવસો દેખવાનો અવસર આવે છે.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– ચંદરવો બાંધવો હોય તો તારા પિયરે જા**

**મૃગસુંદરીનું દૃષ્ટાંત –** સંતપુર નગરમાં દેવદત્ત નામે એક વણિક વેપારી હતો. તેનો પુત્ર ધનેશ્વર મિથ્યાત્વી હતો. તે વ્યાપાર કરવાને માટે મૃગપુર નામના નગરે આવ્યો. ત્યાં જિનદત્ત નામે શેઠ રહેતો હતો. તેની પુત્રી મૃગસુંદરી નામે હતી. તે બહુ સ્વરૂપવાન હતી. મૃગસુંદરીએ ત્રણ અભિગ્રહ લીધેલા. (૧) જિનેશ્વરની પૂજા કરવી, (૨) મુનિને દાન આપવું અને (૩) રાત્રિભોજનનો ત્યાગ. ધનેશ્વર તે કન્યા ઉપર રાગવાળો થયો. તેણે વિચાર્યું કે આ શ્રાવક મને પુત્રી આપશે નહીં. તેથી કપટથી શ્રાવક થયો. પછી તેના પિતાને સમજાવી મૃગસુંદરીને પરણી પોતાને ઘેર આવ્યો.

હવે જૈન ધર્મની ઈર્ષ્યાથી મૃગસુંદરીને પૂજા કરવાનો નિષેધ કર્યો. તેથી તેને ત્રણ ઉપવાસ થયા. તે વિષે મૃગસુંદરીએ મુનિમહારાજને પૂછ્યું એટલે ગુરુએ લાભ અલાભનો વિચાર કરીને કહ્યું કે ચૂલા ઉપર ચંદરવો બાંધ. તેથી તેણે ચૂલા ઉપર ચંદરવો બાંધ્યો. તે જોઈને તેના સાસુ સસરાએ પોતાના પુત્ર ધનેશ્વરને કહ્યું કે આ તારી સ્ત્રી કાંઈક કામણ કરે છે. તે સાંભળી ધનેશ્વરે ચંદરવો ખેંચી કાઢ્યો. એમ સાત વખત ચંદરવો તેણે બાંધ્યો અને ધનેશ્વરે કાઢી નાખ્યો. હવે ક્રોધ કરીને કહ્યું કે જો તારે ચંદરવો બાંધવો હોય તો તારા પિયરે જા. તે બોલી – તમે બધા કુટુંબ સાથે મને પાછી પિયર મૂકી જાઓ. પછી બધા તેને મૂકવા ચાલ્યા. રસ્તામાં જતાં એના સસરાના સગાંનું ગામ આવ્યું એટલે ત્યાં રોકાયા. તે લોકોએ મહેમાનો માટે રસોઈ બનાવી. રાત્રે બધાને જમવાનું કહ્યું. ત્યારે મૃગસુંદરીએ ના પાડવાથી તેના સાથે આવેલા બીજા પણ જમ્યા નહીં. પછી તેમના ઘરના લોકો બધા જમ્યા. પણ રાત્રે રસોઈ બનાવવામાં સર્પનું વિષ આવી જવાથી તે બધા મરી ગયા. પછી સાસુ-સસરા વગેરે બધાએ મૃગસુંદરીને ખમાવી ત્યારે મૃગસુંદરી બોલી કે આ કારણથી જ મેં ચંદરવો બાંધ્યો હતો અને એટલા માટે જ હું રાત્રે ભોજન કરતી નથી. બધાને જીવિતદાન મળવાથી હવે તેને કુળદેવીની જેમ માનવા લાગ્યા અને વહુ સહિત બધા પાછા ઘેર આવ્યા. પછી ધનેશ્વર પણ જૈનધર્મી બની ગયો. આમ કોઈનો ઘરસંસાર તોડવામાં કારણરૂપ થઉં નહીં. (પૃ.૨૧૮)

## ૫૦૮. અંતરાય નાખવી નહીં.

કોઈને પણ ઉત્તમ કાર્ય કરતાં અંતરાયરૂપ થાઉં નહીં. પણ અનુમોદન કરનારો થાઉં કે એ લોકો કેવું સારું કામ કરી રહ્યાં છે; એવું હું પણ ક્યારે કરીશ.

**'અંતરાય કર્મ નિવારણ અષ્ટ પ્રકારી પૂજા'માંથી :–**

**''ભણતાને કર્યો અંતરાય, દાન દિયંતા મેં વારિયા રે;**
**ગીતારથને હેલાય, જૂઠ બોલી ધન ચોરિયાં રે.**
**જળપૂજા કરી જિનરાજ આગળ વાત વીતી કહો રે.''**

**અર્થ –** વિદ્યાનાં ઉપાસકોને વિદ્યા ભણવામાં અંતરાય કર્યો; કોઈ દાન આપતું હોય તો આડો હાથ કરી તેને વાર્યો; જ્ઞાનીજનોની નિંદા કરી, અને જૂઠ બોલીને ધન મેળવ્યું તે ધનની ચોરી કર્યા બરાબર છે. (પૃ.૬)

**જળે પૂંજતી દ્વિજ નારી, સોમસિરિ મુગતિ વરી રે;**
**'શુભવીર' જગત આધાર, આણા મેં પણ શિર ધરી રે. જળપૂજા૦''**



### જળથી પ્રભુની પૂજા કરનારી બ્રાહ્મણ સ્ત્રી સોમશ્રી મુક્તિને પામી

**સોમશ્રીનું દૃષ્ટાંત –** બ્રહ્મપુર નામે નગર. સોમિલ નામે વિપ્ર. સોમશ્રી નામે પુત્રવધૂ. સોમશ્રી એકવાર જળનો કુંભ ભરીને આવતી હતી. ત્યાં તેણે સાંભળ્યું કે ભગવાનની જળથી પૂજા કરવાથી નિર્મળ જ્ઞાન મળે અને આત્મા અભયને પામે. સોમશ્રી સંસ્કારી હતી. તેથી જળનો ભરેલો ઘડો અભિષેક માટે પ્રભુ પાસે મૂકી દીધો. સાસુને આ વાતની જાણ થઈ. એ લાકડી



લઈને ઘરના દ્વારમાં ઊભી રહીને બોલી : 'ઘડા વગર ઘરમાં પેસવા નહીં દઉં, વહુ!' સોમશ્રી પાછી વળી. કુંભારને ત્યાં ગઈ અને પોતાના સુવર્ણ વલયના બદલામાં ઘડો આપવા વિનંતી કરી. કુંભાર સંસ્કારી હતો. એણે પૂજાનું નિમિત્ત જાણી ઘડો મફત આપ્યો. ઘડો લઈને સોમશ્રી ઘરે આવી. આમ સોમશ્રી જળપૂજા કરવાથી બીજા ભવમાં કુંભશ્રી નામે રાજકુમારી થઈ અને કુંભાર અનુમોદના કરવાથી શ્રીધર નામે રાજા થયો. સાસુ અંતરાય કરવાથી દુર્ગતિ પામી. રાજકુમારી કુંભશ્રી પાંચમે ભવે મોક્ષપદને પામી. આ દૃષ્ટાંત આપતાં આ પૂજાના રચયિતા કવિશ્રી વીર વિજયજી મહારાજ કહે છે કે હે જગતના આધાર પ્રભુ! આપની આજ્ઞાને મેં પણ શિર ઉપર ધારણ કરી છે. કેમકે આજ્ઞાનું આરાધન એ જ ધર્મ છે. (પૃ.૭)

અંતરાય કર્મ - માણસ મહેનત કરે, પણ ફળ ન મળે; દાન આપવા ઇચ્છે પણ આપી ન શકે, કોઈનું સારું કરવા ઇચ્છે પણ સારું કરી ન શકે, એ બધો અંતરાયકર્મનો પ્રભાવ છે. જેમ રાજા દાન દેવાનો હુકમ કરે પણ દીવાન કે ભંડારી આપે નહીં, અંતરાય ઊભો કરે અથવા બહાનાં કરીને ટાળે તેમ. (પૃ.૨૦)

**સતી અંજનાનું દૃષ્ટાંત – પૂજામાં બે ઘડીના અંતરાયથી બાવીશ વર્ષ પતિનો વિયોગ.** કારણવશાત્ સતી અંજનાએ જંગલમાં વાસ કર્યો. ત્યાં મુનિ ભગવંતના દર્શન થયા. મુનિએ શ્રાવક ધર્મનો ઉપદેશ આપ્યો તેથી તેણીએ શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. પછી સતી અંજનાએ મુનિ ભગવંતને



પોતાનો પૂર્વભવ પૂછ્યો. તેના જવાબમાં મુનિ બોલ્યા કે પૂર્વભવમાં કનકરથ રાજાને કનકોદરી અને લક્ષ્મીવતી બે સ્ત્રીઓ હતી. તેમાં કનકોદરી તે તું હતી. તારી શોક્ય લક્ષ્મીવતીને પ્રતિદિન ભગવાનની પૂજા કરવાનો નિયમ હતો. તે સિવાય તે ભોજન કરતી નહીં. તેના પ્રત્યે તું દ્વેષ રાખતી હતી. તેથી એક દિવસે તે પ્રતિમાને લઈ જઈ તું ઉકરડામાં દાટતી હતી ત્યાં વિહાર કરતા જયશ્રી સાધ્વી આવી ચઢ્યાં. તેણે આ જોઈ કહ્યું કે આ તું શું કરી રહી છે. આ મહાપાપનું કારણ છે. તેથી તેં એ પ્રતિમા પાછી જ્યાં હતી ત્યાં લાવી મૂકી દીધી. પણ બે ઘડી સુધી પૂજાનો તારી શોક્યને અંતરાય કર્યો તેના ફળમાં તને તારા પતિનો ૨૨ વર્ષ સુધી વિયોગ સહન કરવો પડ્યો છે. માટે કોઈને પણ શુભ કાર્યમાં અંતરાય કરવો નહીં. નહીં તો અનેકગણું તેનું માઠું ફળ જીવને ભોગવવું પડે છે.



## ૫૦૯. શુક્લ ધર્મ ખંડવો નહીં.

શ્રી જિનેશ્વર ભગવંતે ભાખેલો સ્યાદ્‌વાદયુક્ત ધર્મ તે જ ખરેખર શુક્લ એટલે ઉજ્જ્વળ-પવિત્ર ધર્મ છે. તેનું કોઈ દિવસ પણ ખંડન કરું નહીં. સ્યાદ્‌વાદયુક્ત ધર્મનો મર્મ યથાર્થ ન સમજાય તો સમજવાની કોશિષ કરું, પણ તેનું ખંડન તો કદી કરું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જે ન્યાયથી જય મેળવી શકતો નથી તે પછી ગાળો ભાંડે છે, તેમ પવિત્ર જૈનના અખંડ તત્ત્વસિદ્ધાંતો શંકરાચાર્ય, દયાનંદ સંન્યાસી વગેરે જ્યારે તોડી ન શક્યા ત્યારે પછી 'જૈન નાસ્તિક હૈ, સો ચાર્વાક મેં સે ઉત્પન્ન હુઆ હૈ,' એમ કહેવા માંડ્યું. પણ એ સ્થળે કોઈ પ્રશ્ન કરે કે, મહારાજ! એ વિવેચન તમે પછી કરો. એવા શબ્દો કહેવામાં કંઈ વખત, વિવેક કે જ્ઞાન જોઈતું નથી; પણ આનો ઉત્તર આપો કે જૈન, વેદથી કઈ વસ્તુમાં ઊતરતો છે; એનું જ્ઞાન, એનો બોધ, એનું રહસ્ય અને એનું સત્‌શીલ કેવું છે તે એકવાર કહો! આપના વેદવિચારો કઈ બાબતમાં જૈનથી ચઢે છે? આમ જ્યારે મર્મસ્થાન પર આવે ત્યારે મૌનતા સિવાય તેઓ પાસે બીજું કંઈ સાધન રહે નહીં. જે સત્પુરુષોનાં વચનામૃત અને યોગબળથી આ સૃષ્ટિમાં સત્ય, દયા, તત્વજ્ઞાન અને મહાશીલ ઉદય પામે છે, તે પુરુષો કરતાં જે પુરુષો શૃંગારમાં રાચ્યા પડ્યા છે, સામાન્ય તત્ત્વજ્ઞાનને પણ નથી જાણતા, જેનો આચાર પણ પૂર્ણ નથી તેને ચઢતા કહેવા, પરમેશ્વરને નામે સ્થાપવા અને સત્યસ્વરૂપની અવર્ણ ભાષા બોલવી, પરમાત્મસ્વરૂપ પામેલાને નાસ્તિક કહેવા, એ એમની કેટલી બધી કર્મની બહોળતાનું સૂચવન કરે છે! પરંતુ જગત મોહાંધ છે, મતભેદ છે ત્યાં અંધારુ છે; મમત્વ કે રાગ છે ત્યાં સત્યતત્ત્વ નથી એ વાત આપણે શા માટે ન વિચારવી!

હું એક મુખ્ય વાત તમને કહું છું કે જે મમત્વરહિતની અને ન્યાયની છે. તે એ છે કે ગમે તે દર્શનને તમે માનો; ગમે તો પછી તમારી દૃષ્ટિમાં આવે તેમ જૈનને કહો, સર્વ દર્શનનાં શાસ્ત્રતત્ત્વને જુઓ, તેમ જૈનતત્ત્વને પણ જુઓ. સ્વતંત્ર આત્મિકશક્તિએ જે યોગ્ય લાગે તે અંગીકાર કરો. મારું કે બીજા ગમે તેનું ભલે એકદમ તમે માન્ય ન કરો પણ તત્વને વિચારો. (વ.પૃ.૧૨૭)

## ૫૧૦. નિષ્કામ શીલ આરાધવું.

સંસારના સુખની કાંઈપણ ઇચ્છા કર્યા વિના શીલની અથવા સંયમની આરાધના કરું. શીલ પાળીને આ લોક સંબંધી સુખ કે પરલોક સંબંધી દેવલોક આદિના સુખની ઇચ્છા રાખવાથી તે શીલ મોક્ષનું કારણ થતું નથી. પણ સંસારનું જ કારણ થાય છે. માટે માત્ર આત્માર્થના લક્ષે જ નિષ્કામ શીલ આરાધું. અન્ય કોઈ પ્રયોજન અર્થે નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :– જિનદાસ, સૌભાગ્યદેવીનું અખંડ શીલ.**

**જિનદાસ, સૌભાગ્યદેવીનું દૃષ્ટાંત –** વસંતપુરમાં શિવંકર નામનો વ્રતધારી એક શ્રાવક રહેતો હતો. ત્યાં એક વખતે ધર્મદાસ નામના સૂરિ પધાર્યા. તેને વાંદવા માટે શિવંકર ગયો. વાંદીને ગુરુ પાસે કેટલીક આલોયણ લીધી. પછી હર્ષપૂર્વક બોલ્યો કે – ''હે ભગવન્! મારા મનમાં લાખ સાધર્મી ભાઈઓને ભોજન કરાવવાનો મનોરથ છે, પરંતુ તેટલું ધન મારી પાસે નથી, માટે હું શું કરું કે જેથી મારો તે મનોરથ પૂર્ણ થાય?'' ગુરુએ કહ્યું કે – ''તું મુનિસુવ્રત સ્વામીને વાંદવા માટે ભરુચ જા. ત્યાં જિનદાસ નામનો શ્રાવક રહે છે, તેની ભાર્યા સૌભાગ્યદેવી નામે છે; તે બન્નેને તારી સર્વ શક્તિથી ભોજન, અલંકાર



વિગેરે આપીને પ્રસન્ન કર. તેના વાત્સલ્યથી તને લાખ સાધર્મીને ભોજન આપ્યા જેટલું પુણ્ય થશે.'' આ પ્રમાણે ગુરુનું વચન સાંભળીને તેણે તે પ્રમાણે કર્યું. ભોજનાદિક ભક્તિ વડે જિનદાસની સેવા કરી.

ત્યારપછી તે શિવંકરે ગામમાં જઈને લોકોને પૂછ્યું કે - ''આ જિનદાસ કેવો ઉત્તમ છે? સત્ય છે કે દાંભિક છે?'' ત્યારે લોકોએ કહ્યું કે - ''હે ભાઈ! સાંભળ, આ જિનદાસ સાત વર્ષનો હતો, ત્યારે એક દિવસ ઉપાશ્રયે ગયો હતો. ત્યાં ગુરુના મુખથી શીલોપદેશમાલાનું વ્યાખ્યાન સાંભળીને તેણે એકાંતરે બ્રહ્મચર્ય પાળવાનો નિયમ ગ્રહણ કર્યો. એજ પ્રમાણે સૌભાગ્યદેવીએ પણ બાલ્યાવસ્થામાં સાધ્વી પાસે એકાંતરે શીલ પાળવાનું અંગીકાર કર્યું. દૈવયોગે તે બન્નેનું જ પરસ્પર પાણિગ્રહણ થયું. પરંતુ શીલ પાળવાના ક્રમમાં જે દિવસ જિનદાસને છુટો હતો તે દિવસ સૌભાગ્યદેવીને નિયમ હતો, અને જે દિવસ સૌભાગ્યદેવીને છુટો હતો તે દિવસ જિનદાસને નિયમ હતો. આવી હકીકત બનવાથી સૌભાગ્યદેવીએ જિનદાસને કહ્યું કે - ''હે સ્વામી! હું તો નિરંતર શીલ પાળીશ, તમે ખુશીથી બીજી સ્ત્રી સાથે લગ્ન કરો.'' તેણે કહ્યું કે - ''મારે તો ફરી લગ્ન કરવા નથી, પરંતુ હું તો યોગ્ય અવસરે દીક્ષા લઈશ.'' પછી તે દંપતીએ ગુરુ પાસે જઈને જીવન પર્યંત હંમેશને માટે બ્રહ્મચર્ય અંગીકાર કર્યું; અને પહેરામણી વિગેરે કરીને શ્રીસંઘનો પણ સત્કાર કર્યો. માટે તે દંપતીના જેવા બાલબ્રહ્મચારી અમે તો કોઈ પણ સાંભળ્યા નથી.'' આ પ્રમાણેનું વૃત્તાંત સાંભળીને શિવંકર તે જિનદાસની વિશેષ પ્રકારે સેવાભક્તિ કરીને પોતાને ગામ ગયો.'' (પૃ.૩૯)

## ૫૧૧. ત્વરિત ભાષા બોલવી નહીં.

ત્વરિત એટલે શીઘ્રપણે વિચાર્યા વગર બોલું નહીં. સમજી વિચારીને જ જવાબ આપું.

**દ્રૌપદીનું દૃષ્ટાંત — ત્વરિત ભાષા બોલવાનું ફળ - મહાભારતનું યુદ્ધ.** પાંડવોએ પોતાના મહેલમાં એવી રચના કરેલી કે જ્યાં પાણી હોય ત્યાં જમીન દેખાય અને જમીન હોય ત્યાં પાણી દેખાય. એકવાર દુર્યોધન ત્યાં આવ્યો અને જ્યાં જમીન હતી ત્યાં કપડાં ઊંચા કર્યા અને જ્યાં પાણી હતું ત્યાં કપડાં હાથમાંથી મૂકી દીધા. તે જોઈ ઉપર ગોખમાં બેઠેલી દ્રૌપદી બોલી કે, 'આંધળાના પુત્ર આંધળા'. આ પ્રમાણે ત્વરિત ભાષા વિચાર વગર બોલવાથી દુર્યોધનનાં મનમાં વેર વસી ગયું અને તેના ફળસ્વરૂપ આખું મહાભારતનું યુદ્ધ રચાયું. માટે વિચાર્યા વગર કદી ત્વરિત ભાષા બોલું નહીં.

## ૫૧૨. પાપગ્રંથ ગૂંથું નહીં.

જે ગ્રંથ રચવાથી લોકોમાં મોહની વૃદ્ધિ થાય તે સર્વ ગ્રંથ, ઉપન્યાસ વગેરે પાપના જ ગ્રંથો છે.

**બનારસીદાસનું દૃષ્ટાંત —** બનારસીદાસે શૃંગારશાસ્ત્ર કવિતામાં રચ્યું હતું. તેને લોકો ઘણા પ્રેમપૂર્વક સાંભળતા પણ જ્યારે સમયસાર વગેરે ગ્રંથોનો તેમણે અભ્યાસ કર્યો ત્યારે તેમને લાગ્યું કે ખરેખર આ શૃંગારશાસ્ત્ર તે પાપરૂપ ગ્રંથ છે. કોઈના હાથમાં આવશે તો માત્ર મોહને વધારશે એમ જાણી તે ગ્રંથને ગંગાનદીમાં વહેતો કર્યો. માટે કદી એવા પાપગ્રંથને ગૂંથું નહીં.

## ૫૧૩. ક્ષૌર સમય મૌન રહું.

ક્ષૌર એટલે હજામત. હજામત કરાવતા સમયે મૌન રહું. મુનિઓ પણ જ્યારે લોચ કરે ત્યારે મૌનપણે કરે છે. હજામત વખતે મૌન રહી વિચાર કરું કે ક્યારે હું આ દેહથી સર્વથા મુક્ત થઈ સિદ્ધપદને પામીશ કે જેથી ફરી ફરી આ દેહની સુશ્રુષા કરવી પડે નહીં.



## ૫૧૪. વિષય સમય મૌન રહું.

વિષય સમય મૌન રહું અને પોતાનું સ્વરૂપ ભૂલાય નહીં તેવી જાગૃતિ રાખું, તથા પોતાના આવા કૃત્યને હૃદયથી ધિક્કાર આપું, અને ભગવાન પ્રત્યે આવા કૃત્યોથી છોડાવવાની અંતરથી પ્રાર્થના કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''ભોગના વખતમાં યોગ સાંભરે એ હળુકર્મીનું લક્ષણ છે.'' (વ.પૃ.૧૫૬)

## ૫૧૫. ક્લેશ સમય મૌન રહું.

ક્લેશ સમયે મૌન રહું તો ક્લેશ વધે નહીં. ઝઘડો આપોઆપ શમી જાય. પત્થરથી પત્થર ટકરાય તો અગ્નિ ઝરે. માટે માણસ ગમે તેમ બોલે, અન્યાય કરે તો પણ સહન કરવાની ટેવ પાડું અર્થાત્ ક્લેશ વધવાના કારણ જાણી મૌન રહું, તો બન્નેને શાંતિનું કારણ થાય.

**વઢકણીરાણીનું દૃષ્ટાંત – વહુ ચણા ખાય અને રાણીને અંગૂઠો બતાવે.** એક શહેરમાં રાજાની રાણી વઢકણી હતી. ગમે તેની સાથે વઢવાડ કરે ત્યારે જ એને શાંતિ વળે. ગામના લોકો કંટાળી ગયા. તેથી રાજાને ફરિયાદ કરી. ત્યારે રાજાએ કહ્યું કે ગામમાંથી એક એકના ઘરમાંથી પ્રતિદિન એક જણ આવી રાણી સાથે વઢવાડ કરવી. એમ વારો બાંધ્યો. વારા પ્રમાણે એક ડોશીનો વારો આવ્યો. તેને ત્યાં છોકરાની વહુ તરત પરણીને આવી હતી. તેણે ડોશીને કહ્યું કે, માજી! તમારા બદલે મને જાવા દ્યો. સાસુએ ના પાડી કે તું તો નાની છે, તારું કામ નહીં. છતાં આગ્રહ કરવાથી સાસુએ જવાની રજા આપી. તે ગઈ ત્યારે સાથે એક શેર ચણા લેતી ગઈ અને થોડી મોડી ગઈ. તેથી રાણી વધારે ક્રોધે ભરાણી અને વહુને ગમે તેમ બોલવા લાગી. પણ તે વહુ તો બોલી જ નહીં. રાણી જ્યારે ખૂબ બોલી ચૂપ રહી કે વહુએ મોઢામાં ચણાનો એક ફાકો મારી રાણીને અંગૂઠો બતાવ્યો. તેથી રાણી ફરી વધારે બોલવા લાગી. પણ વહુ તો બોલ્યા વગર માત્ર ચણા ખાતી જાય અને રાણીને અંગૂઠો બતાવતી જાય. એમ સાંજ સુધી કરતાં રાણી બોલીબોલીને થાકીને લોથ જેવી થઈને પડી. પછી રાણીને વિચાર આવ્યો કે એ કંઈ નહીં બોલવાથી કેવી સુખે સુખે ચણા ખાતી રહી અને હું જ દુઃખી થઈ. હવે વઢવાડ કરવી જ નથી, એમ નિશ્ચય કરીને રાજાને જણાવ્યું તેથી રાજા પણ આનંદ પામ્યો. એમ ક્લેશ સમયે મૌન રહેવાથી બેયને શાંતિનું કારણ થાય છે.

**શેઠશેઠાણીનું દૃષ્ટાંત – ક્લેશ સમયે મૌન રહેવાથી સર્વને શાંતિ.** એક શેઠ શેઠાણી હતા. તે બન્ને વચ્ચે રોજ વઢવાડ થાય. તે જોઈ પાડોશણે કહ્યું કે જો તમારે રોજની માથાફોડથી મુક્તિ મેળવવી હોય તો મારી પાસે તેની દવા છે. જરૂર હોય તો આપું.ત્યારે શેઠાણીએ કહ્યું કે આપો તો ઘણું સારું થાય. રોજની કંકાસથી માથું ચઢી જાય છે. ત્યારે પાડોશણે શીશીમાં ભરીને દવા આપતા કહ્યું કે શેઠ ઘરે આવે ત્યારે તમારે આ દવા મોઢામાં ભરી દેવી. પણ એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે શેઠ ઘરમાં હોય ત્યાં સુધી તમારે એ દવા મોઢાંમાં જ રાખવી; ગળે ઉતારવી નહીં. તો આ દવાના પ્રભાવથી તમને જરૂર શાંતિ થઈ જશે. શેઠ આવ્યા, ગમે તેમ બોલવા લાગ્યા. ત્યારે શેઠાણીએ તો દવા મોઢામાં ભરી દીધી. તેથી શેઠના સામું તેમને ખોટું લાગે તેમ બોલી શકી જ નહીં. અંતે શેઠ પણ બોલતા બંધ થયા અને કજીઓ કંકાસ થયો નહીં.

તે દવા શું હતી? તો કે માટલાનું ઠંડુ પાણી. પણ તે મોઢામાં રહેવાથી ક્લેશ સમયે મોઢું મૌનપણું ધારણ કરીને રહ્યું તેથી એકપક્ષી ક્લેશ કેટલો ચાલે? અંતે તેને બંધ થયે જ છૂટકો છે.



## ૫૧૬. જળ પીતાં મૌન રહું.

જળ પીતાં મૌન રહી વિચાર કરું કે જળ પીવું એ મારા આત્માનો સ્વભાવ નથી. જળના એક એક ટીપામાં અસંખ્ય જીવો છે. જે મારા વડે હણાય છે. એવો સમય ક્યારે આવશે કે જ્યારે હું દેહરહિત પરમાત્મા બની આ જળકાયના જીવોને સર્વથા અભયદાન આપીશ.

## ૫૧૭. જમતાં મૌન રહું.

જમતાં મૌન રહી વિચારું કે પરમકૃપાળુદેવે કહ્યું છે કે – **'સ્વાદનો ત્યાગ એ જ ખરો આહારનો ત્યાગ છે'** માટે મારે સ્વાદની વિશેષ લોલુપતા ન રાખવી જોઈએ. આહારનું પ્રયોજન માત્ર શરીરને ટકાવવા પૂરતું છે, કે જેથી આત્માર્થ સાધી શકાય. માટે આવા વિચાર કરવા અર્થે જમતાં મૌન રહું.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :–** ''આહાર, નિહાર તથા ભોગ આદિ સમયે જ્ઞાનનો ઉચ્ચાર કરવા વગેરેથી મોટા જ્ઞાનાવરણીયકર્મનો બંધ થાય છે.'' (પૃ.૨૦)

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :–** ''ઉત્તમ પુરુષે સાધુની જેમ ભોજન કરવું, એટલે કે જમતાં સમયે ભોજનને વખાણવું કે વખોડવું નહીં. જમી રહ્યા પછી નિર્મળ જળનો એક કોગળો ગળે ઉતારી જવો. બીજો કોગળો મુખશુદ્ધિ માટે બહાર કરવો. જમ્યા પછી સો ડગલાં ભરવા, કેમકે જમીને બેસી રહેવાથી પેટ વધે છે. પછી ડાબે પડખે થોડો વખત જાગતાં સૂવું. સીધા સૂવાથી કફ ઉત્પન્ન થાય છે અને ડાબે પડખે સૂવાથી સ્વસ્થતા વધે છે.'' (પૃ.૮૧)

## ૫૧૮. પશુપદ્ધતિ જળપાન કરું નહીં.

પશુ જેમ વાસણમાં સીધું મોઢું નાખીને પાણી પીવે તેવી રીતે જળપાન કરું નહીં.

**મૂર્ખનું દૃષ્ટાંત –** ગામમાં એક જણને લોકો મૂર્ખો કહેતા હતા. તેથી તેના મનમાં એમ થયું કે અહીં લોકો મને મૂર્ખો કહે છે માટે આ ગામ છોડીને બીજા ગામે ચાલ્યો જાઉં. ત્યાં મને કોઈ ઓળખતું નથી. એમ વિચારી તે બીજે ગામ ગયો. તે ગામની ભાગોળે પહોંચતા તેને તરસ લાગી. તેટલામાં ત્યાં પાણીનો હોજ દીઠો. તે હોજમાં પશુની જેમ મોઢું ઘાલી પાણી પીવા લાગ્યો. તે જોઈ લોકો કહેવા લાગ્યા કે અરે મૂર્ખા તને પાણી પીતાં પણ આવડતું નથી. તે સાંભળી તેના મનમાં થયું કે આ ગામના લોકોને પણ કેમ ખબર પડી ગઈ કે મને બધા મૂર્ખો કહે છે. મૂર્ખ છે કે ડાહ્યો છે એ તો તેના વર્તન પરથી જણાઈ આવે છે. મૂર્ખતા કંઈ છાની રહે નહીં. માટે પશુપદ્ધતિએ જળપાન કરું નહીં.

## ૫૧૯. કૂદકો મારી જળમાં પડું નહીં.

આજે તો સ્વીમીંગપુલ બનાવવામાં આવે છે. તેમાં ઉપરથી કૂદકા મારીમારીને અંદર પડે. અણગળ પાણીના જીવો કેટલા દુઃખ પામે છે તેનો પોતાની મોજ ખાતર કોણ વિચાર કરે છે. પણ જ્યારે પાપના ફળ ઉદયમાં આવશે ત્યારે વિલવિલાટ કરતાં પણ છૂટશે નહીં. માટે કૂદકો મારી જળમાં પડું નહીં, પણ બને તેટલું ઓછું પાણી ડોલમાં લઈ શરીર સ્વચ્છ કરું.

## ૫૨૦. સ્મશાને વસ્તુમાત્ર ચાખું નહીં.

સ્મશાનમાં મડદું બળતું હોય તે વખતે કોઈપણ વસ્તુ ચાખું નહીં. પણ અત્યારે કલિયુગના પ્રભાવે સ્મશાનમાં પણ લોકો ચા વગેરે પીતા થયા છે. સ્મશાન વૈરાગ્ય પણ નષ્ટ થવા લાગ્યો છે. નહીં તો



સ્મશાનમાં બેઠા હોય ત્યાં સુધી સંસારની અસારતા વિચારવાનો અવકાશ હતો કે અહો! એક દિવસ બધાને આ પ્રમાણે મરણને શરણ થવાનું છે તો હવે શામાં મોહ કરું. બધું ક્ષણિક છે, નાશવંત છે. માટે સાથે આવે એવું ભક્તિ સત્સંગ વડે સંસ્કારધન એકઠું કરી લઉં કે જે પરભવમાં પણ સુખનું કારણ થાય.

પરમકૃપાળુદેવ કોઈના મરણની વાત સાંભળતા તો આહાર પણ કરતા નહીં, એવો તેમના અંતરમાં વૈરાગ્ય હતો.

## ૫૨૧. ઊંધું શયન કરું નહીં.

ઊંધું શયન કરવાથી વિકાર ઉત્પત્તિનો સંભવ હોઈ શકે, માટે ઊંધું શયન કરું નહીં.

## ૫૨૨. બે પુરુષે સાથે સૂવું નહીં.

તે સ્વજાતિ વિકારવૃત્તિનું કારણ છે. જગતમાં એવા પુરુષો પણ છે કે જેને સ્ત્રીને જોઈ આકર્ષણ થતું નથી, પણ પુરુષોને જોઈને આકર્ષણ થાય છે. તેથી બે પુરુષે પણ કદી સાથે સૂવું નહીં.

## ૫૨૩. બે સ્ત્રીએ સાથે સૂવું નહીં.

એ પણ વિકાર સ્મૃતિનું કારણ થાય છે. માટે બે સ્ત્રીએ પણ સાથે સૂવું નહીં.

## ૫૨૪. શાસ્ત્રની આશાતના કરું નહીં.

સત્પુરુષોએ લખેલા શાસ્ત્રોનું બહુમાન કરું, પૂજા કરું પણ આશાતના કરું નહીં. આશાતના કરવાથી ગુણમંજરીની જેમ કે વરદત્તની જેમ મૂંગી અને મૂર્ખની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

જ્યારે શાસ્ત્રનો વિનય કરવાથી કે ભાવપૂર્વક પૂજા કરવાથી શ્રી કુંદકુંદાચાર્ય જેવી વિદ્વતા પ્રાપ્ત થાય છે. જેમણે સમયસાર, પ્રવચનસાર વગેરે અનેક ગ્રંથોની શ્રેષ્ઠ રચના કરી છે. આ બધું પૂર્વભવમાં કરેલ શાસ્ત્ર વિનયનું ફળ છે.

**'સમાધિસોપાન'માંથી :– શાસ્ત્રવિનય** - ''બહુ આદરથી સત્શાસ્ત્ર ભણવું, સાંભળવું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને દેખીને વ્યાખ્યાનાદિ કરવું. શાસ્ત્રમાં કહેલાં વ્રત, સંયમાદિ પોતાનાથી ન બની શકે તોપણ આજ્ઞાનો લોપ કરવો નહીં, એટલે સૂત્રની આજ્ઞા હોય તે પ્રમાણે જ કહેવું. જે સૂત્રની આજ્ઞા હોય તે એકાગ્ર ચિત્તથી શ્રવણ કરવી. શ્રવણ કરતી વખતે બીજી વાત કરવી નહીં. આદરપૂર્વક મૌનપણે શ્રવણ કરવું. કંઈ સંશય થાય તો સંશય દૂર કરવાને વિનયપૂર્વક થોડા અક્ષરો વડે સભામાં લોકને અથવા વક્તાને ક્ષોભ ન ઊપજે તેવી રીતે વિનયપૂર્વક પ્રશ્ન કરવો. ઉત્તર મળે તે આદરથી અંગીકાર કરવો તે શાસ્ત્રવિનય છે. શાસ્ત્રને ઊંચા આસન ઉપર મૂકી પોતે તેનાથી નીચે બેસવું, પ્રશંસા સ્તવના કરવી ઇત્યાદિ શાસ્ત્રનો વિનય કરવો. આ પ્રકારે દેવ, ગુરુ, શાસ્ત્રનો વિનય છે એ ધર્મનું મૂળ છે. (પૃ.૧૭૦)

**'ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :–**

**પેથડશ્રાવકનું દૃષ્ટાંત –** ''શ્રી ધર્મઘોષ સૂરિના ઉપદેશથી સંઘવી પેથડે તેમના મુખથી એકાદશાંગી સાંભળવાનો આરંભ કર્યો, તેમાં પાંચમા અંગમાં જ્યાં જ્યાં ''ગોયમા'' (હે ગૌતમ!) એવું પદ આવે ત્યાં ત્યાં સુવર્ણમહોરથી તેણે પુસ્તકની પૂજા કરી; એમ દરેક પ્રશ્ને સોનામહોર મૂકવાથી છત્રીશ હજાર સોનામહોર થઈ. પછી એટલું દ્રવ્ય ખર્ચીને તેણે સમગ્ર આગમનાં પુસ્તકો લખાવ્યાં, અને તેને



રેશમી વસ્ત્રનાં બંધન કરાવીને ભરુચ, સુરગિરિ, માંડવગઢ, અર્બુદાચલ વિગેરે સ્થાનોમાં સાત જ્ઞાનનાં ભંડારો કર્યા.

શ્રી કુમારપાળ રાજાએ સાતસો લહીયા પાસે છ લાખ અને છત્રીશ હજાર શ્લોક પ્રમાણ આગમની સાત પ્રતો સોનેરી અક્ષરથી લખાવી, અને શ્રીહેમચંદ્રાચાર્યે રચેલા સાડા ત્રણ કરોડ શ્લોકની એકવીશ પ્રતો લખાવીને એકવીશ જ્ઞાનના ભંડાર કર્યા. કહ્યું છે કે –

''હાલના સમયમાં કાળના અનુભાવથી તથા મતિની મંદતાથી પુસ્તક વિના જ્ઞાન રહી શકતું નથી, માટે શ્રાવકોએ નિરંતર પુસ્તકો લખાવવાં તે અત્યંત યોગ્ય છે''.

''જિનપ્રતિમા કરાવ્યા કરતાં પણ સિદ્ધાંતોને લખાવવામાં તથા તેનું શ્રવણ કરવામાં મોટું પુણ્ય છે; કેમકે જ્ઞાન વિના પ્રતિમાનું મહત્વ શી રીતે જાણી શકાય? તેથી જ્ઞાનના ભંડારો ધર્મની દાનશાળાની જેવા શોભે છે. ગુરુ વિના શિષ્યને જ્ઞાન થતું નથી તેમ પુસ્તકો વિના વિદ્વતા પણ આવતી નથી''. ઇત્યાદિ ઉપદેશ સાંભળીને વસ્તુપાળ મંત્રીએ અઢાર કરોડ દ્રવ્ય ખર્ચીને ત્રણ જ્ઞાનભંડાર લખાવ્યા.

થરાદના સંઘવી આભુ નામના શ્રેષ્ઠીએ ત્રણ કરોડ દ્રવ્ય ખર્ચીને સર્વ સૂત્રની એક એક પ્રત સોનેરી અક્ષરથી અને બીજા ગ્રંથોની એક એક પ્રત શાહીથી લખાવી હતી. કહ્યું છે કે –

''જે મનુષ્ય સિદ્ધાંતના પુસ્તકો લખાવે છે તેઓ દુર્ગતિને, મૂકપણાને, જડતાને, અંધતાને અને બુદ્ધિરહિતપણાને પામતા નથી.'' (પૃ.૧૫)

## ૫૨૫. ગુરુ આદિકની તેમ જ.

શાસ્ત્રની જેમ દેવગુરુની પણ આશાતના કરું નહીં; પણ તેમનો પૂરેપૂરો વિનય કરું. એ ત્રણે તત્ત્વની આશાતના કરવાથી અનંતસંસારની વૃદ્ધિ થાય છે. માટે દેવ ગુરુ ધર્મની કોઈ રીતે પણ મારાથી આશાતના ન થાય તેની કાળજી રાખું.

**'સમાધિસોપાન'માંથી :– દેવવિનય –** ''સમવસરણ વિભૂતિ સહિત, ગંધકુટીમાં સિંહાસન ઉપર અંતરીક્ષ વિરાજમાન, ચોસઠ ચમરો, ત્રણ છત્ર આદિ આઠ પ્રાતિહાર્યો (આકર્ષક આશ્ચર્યો) વડે શોભતા, કરોડ સૂર્ય સમાન તેજસ્વી, પરમ ઔદારિક શરીરવાળા, બાર સભાઓની મધ્યે દિવ્યધ્વનિ વડે અનેક જીવોને ઉપકારી અરિહંત દેવનું ચિંતવન કરી ધ્યાન કરવું તે મન વડે પરોક્ષ દેવવિનય છે. તેમનું વિનયપૂર્વક સ્તવન કરવું તે વચન વડે પરોક્ષ વિનય છે. બે હાથની અંજલિ જોડી માથે ચઢાવી નમસ્કાર કરવો તે કાયા વડે પરોક્ષ વિનય છે.

જિનેન્દ્ર કે પ્રતિબિંબની પરમ શાંત મુદ્રાને પ્રત્યક્ષ નેત્ર વડે નિહાળીને મહા આનંદથી મનમાં ધ્યાન કરીને પોતાને કૃતકૃત્ય માનવા તે મન વડે પ્રત્યક્ષ વિનય છે. જિનેન્દ્ર કે પ્રતિબિંબની સન્મુખ જઈને સ્તવન કરવું તે પ્રત્યક્ષ વચન-વિનય છે.

માથે અંજલિ ચઢાવી વંદન કરવું તથા જમીન પર અંજલિ સહિત મસ્તક મૂકી ઢીંચણ વડે જમીનનો સ્પર્શ કરીને નમસ્કાર કરવો તે કાયા વડે પ્રત્યક્ષ વિનય છે.

સર્વજ્ઞ, વીતરાગ, પરમાત્મા જિનેન્દ્રના નામનું સ્મરણ, ધ્યાન, વંદન, સ્તવન કરવું તે બધો પરોક્ષ વિનય છે. આ પ્રકારે દેવનો વિનય સમસ્ત અશુભ કર્મોનો નાશ કરનાર કહ્યો છે.

**ગુરુવિનય -** નિર્ગ્રંથ, વીતરાગી મુનિશ્વરોને દેખીને ઊભા થવું, આનંદ સહિત સામા જવું,



સ્તવન કરવું, વંદના કરવી, ગુરુને આગળ કરી પાછળ ચાલવું, કદાપિ સાથે ચાલવું પડે તો ગુરુની ડાબી બાજુએ ચાલવું, ગુરુને જમણી બાજુ રાખી ચાલવું કે બેસવું, ગુરુની હાજરીમાં ઉપદેશ પોતે ન દેવો, કોઈ પ્રશ્ન કરે તોપણ ગુરુ હોય તો પોતે ઉત્તર ન દેવો, ગુરુની ઇચ્છા પ્રમાણે ઉત્તર દેવો, ગુરુની હાજરીમાં ઊંચે આસને ન બેસવું, ગુરુ વ્યાખ્યાન ઉપદેશ આદિ દે ત્યારે બે હાથ જોડી અંજલિ કરી બહુ આદરભાવથી ઉપદેશ ગ્રહણ કરવો, ગુરુના ગુણોમાં અનુરાગ કરી આજ્ઞા પ્રમાણે વર્તન કરવું અને બીજા ક્ષેત્રમાં દૂર હોય તો તેમની આજ્ઞા હોય તે પ્રમાણે પ્રવર્તવું, દૂર રહ્યા છતાં ગુરુનું ધ્યાન, સ્તવન, નમસ્કાર આદિ કરવા તે ગુરુનો વિનય છે.'' (પૃ.૧૬૯)

## ૫૨૬. સ્વાર્થે યોગ, તપ સાધું નહીં.

લોકોમાં મારો પ્રભાવ ફેલાય, હું તપસ્વી કે યોગી ગણાઉં, લોકો મને માન આપે; એવા તુચ્છ સ્વાર્થને માટે અષ્ટાંગ યોગ કે તપ સાધું નહીં. ઋદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત કરી લોકોને બતાવવાનો પ્રયત્ન કરું નહીં. જેમ દેવબોધીએ શરીર હલકું બનાવવા વગેરેની વિદ્યા મેળવીને કુમારપાળ રાજાને પોતાના સ્વાર્થ માટે શિવધર્મી બનાવવાનો પ્રયત્ન કર્યો હતો તેમ કરું નહીં. તે નીચે પ્રમાણે -

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૧'માંથી :– સર્વજ્ઞે કહેલો જૈનધર્મ જ સત્ય છે**

**કુમારપાળ રાજાનું દૃષ્ટાંત –** એકદા વાયુને સ્થંભન કરવાની ક્રિયામાં એટલે શરીરમાં ચાલતા વાયુને રોકીને શરીરને હલકું બનાવવાની ક્રિયામાં નિપુણ એવો દેવબોધિ નામનો બ્રાહ્મણ કમલના નાલના દાંડા કરી, કેળના પાંદડાનું આસન (શિબિકા-પાલખી) કરી, કાચા સુતરના તાંતણાથી તે નાળ અને પાંદડા બાંધી તે શિબિકા નાના શિષ્યોના સ્કંધ પર ઉપડાવી, પોતે તેમાં બેસીને રાજસભામાં આવ્યો. તે જોઈ વિસ્મય પામેલા કુમારપાળ રાજાએ તેને સન્માન આપ્યું. પછી પૂજાને સમયે જિનેશ્વરની પૂજા કરતા રાજાને જોઈને દેવબોધિએ કહ્યું કે - 'હે રાજા! તારા કુળધર્મનું ઉલ્લંઘન કરવું તને યુક્ત નથી'. કહ્યું છે કે -

''નીતિશાસ્ત્રમાં નિપુણ એવા પુરુષો નિંદા કરો અથવા સ્તુતિ (પ્રશંસા)કરો, લક્ષ્મી પ્રાપ્ત થાઓ અથવા મરજી મુજબ ચાલી જાઓ, આજે જ મૃત્યુ પ્રાપ્ત થાઓ, અથવા બીજા યુગમાં મૃત્યુ થાઓ, તોપણ ધીર પુરુષો તેની કાંઈપણ દરકાર રાખ્યા વિના ન્યાયના રસ્તાથી એક પગલું પણ ચલિત થતા નથી.''

માટે હે રાજા! તારે કુલપરંપરાનો શિવધર્મ છોડવો યોગ્ય નથી. તે સાંભળીને રાજા બોલ્યો કે ''સર્વજ્ઞે કહેલો હોવાથી જૈનધર્મ જ સત્ય છે.'' દેવબોધિ બોલ્યો કે ''હે રાજા! જો તને શિવધર્મની પ્રતીતિ આવતી ન હોય તો મહેશ્વરાદિક ત્રણે દેવતાઓ અને તેમની પૂજા કરતા તારા પૂર્વજોને સાક્ષાત્ અહીં આવેલા જોઈને તારા મુખથી જ તેમને પૂછી નિશ્ચય કર.'' એમ કહીને તેણે પોતાની વિદ્યા શક્તિથી તે દેવોને તથા કુમારપાળના પૂર્વજોને પ્રત્યક્ષ દેખાડ્યાં. તે દેવો અને પૂર્વજો બોલ્યા કે - 'હે વત્સ! તારે દેવબોધિના કહેવા પ્રમાણે કરવું.' તેથી રાજા વિસ્મય પામીને જડ જેવો બની ગયો. ત્યારે ઉદયન મંત્રીએ કહ્યું કે 'હે રાજા! હેમસૂરિ પણ અનેક વિદ્યામાં કુશળ છે'. તે સાંભળીને રાજા પ્રાતઃકાળે દેવબોધિ વિગેરેને લઈને સૂરિ પાસે વંદન કરવા આવ્યા. તે વખતે હેમચંદ્રસૂરિ શરીરની અંદરના પાંચે (પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન) વાયુને રુંધીને આસનથી કાંઈક ઊંચા રહી વ્યાખ્યાન આપવા લાગ્યા. તે વખતે પૂર્વથી સંકેત કરી રાખેલા શિષ્યોએ સૂરિની નીચેથી આસન (પાટ વિગેરે) ખેંચી લીધું, એટલે સૂરિ જમીનથી ઘણા ઊંચા રહી વ્યાખ્યાન આપવા લાગ્યા. તે જોઈ રાજા વિગેરે સર્વ મહા આશ્ચર્ય પામ્યા. પછી સૂરિ



મહારાજે 'અમારા દેવોને જો'. એમ કહી કુમારપાળ રાજાને એક ઓરડામાં લઈ ગયા. ત્યાં સમવસરણમાં રહેલા ચોવીશ તીર્થંકરોની પૂજા કરતા તેના એકવીશ પેઢીના પૂર્વજોને તેણે જોયા. તેઓ (તીર્થંકરો) પણ બોલ્યા કે 'દયાધર્મ પાળવાથી જ તું વિવેકી છો, આ હેમસૂરિ તારા ગુરુ છે, તે જેમ કહે તેમ કરજે'. તથા પૂર્વજો પણ બોલ્યા કે – "હે વત્સ! તેં જૈનધર્મનો આદર કર્યો તેથી અમે સુગતિના ભાજન થઈ આવી મહાઋદ્ધિ પામ્યા છીએ." એમ કહી તે સર્વ અંતર્ધાન (અદૃશ્ય) થયા. તે જોઈ હીંચકા ખાતા મનવાળા રાજાએ સૂરિને તત્ત્વ પૂછ્યું કે "હે મહારાજ! દેવબોધિએ બતાવ્યું તે સત્ય કે આ સત્ય? આ બાબતમાં મારું મન ચકડોળે ચડ્યું છે." ત્યારે સૂરિ બોલ્યા કે – "હે રાજા! પ્રથમ દેવબોધિએ તને જે આ બતાવ્યું તથા મેં તને જે બતાવ્યું તે સર્વ ઇન્દ્રજાળ છે. આકાશપુષ્પની જેમ અસત્ય છે; તે સાંભળીને રાજાએ મિથ્યાત્વનો ત્યાગ કર્યો અને અનુક્રમે તે બાર વ્રતધારી શ્રાવક થયા. (પૃ.૧૧૨)

## ૫૨૭. દેશાટન કરું.

દેશાટન એટલે જુદા જુદા દેશોમાં જવું તે. જ્યાં તીર્થસ્થાનોમાં જ્ઞાનીપુરુષોનો ભેટો થવાની સંભાવના હોય ત્યાં જરૂર દેશાટન કરું. જેમકે ઉદયાધીન પરમકૃપાળુદેવનું મુંબઈમાં રહેવું થયું હોય તો તેમના સમાગમ માટે પ.પૂ.પ્રભુશ્રીજી કે પૂ.શ્રી સોભાગભાઈ જેવા પણ જતા હતા કે જેથી સત્સંગનો જોગ થાય. માટે આત્માર્થે દેશાટન કરું પણ બીજી રીતે નહીં.

**'ઉપદેશામૃત'માંથી :–** "શ્રી લલ્લુજી સ્વામીના ભાવ તો શ્રીમદ્ રાજચંદ્રના સમાગમ માટે વર્તતા હતા અને મુંબઈમાં સં.૧૯૪૯નું ચોમાસું ગાળવાનું નક્કી થયું એટલે મુંબઈ પહોંચ્યા પછી શ્રીમદ્ ના સમાગમ માટે તેમની દુકાને ગયા. શ્રીમદે પૂછ્યું, "તમારે અહીં અનાર્ય જેવા દેશમાં ચાતુર્માસ કેમ કરવું પડ્યું.? મુનિને અનાર્ય જેવા દેશમાં વિચરવાની આજ્ઞા થોડી જ હોય છે?"

શ્રી લલ્લુજીએ કહ્યું, "આપના દર્શન-સમાગમની ભાવનાને લીધે અહીં ચાતુર્માસ કર્યું છે."

શ્રીમદે પૂછ્યું, "અહીં આવતાં તમને કોઈ આડખીલ કરે છે?"

શ્રી લલ્લુજીસ્વામીએ કહ્યું, "ના; હંમેશાં અહીં આવું તો કલાક કલાકનો સમાગમ મળશે?"

શ્રીમદે કહ્યું, "મળશે." અવસરે અવસરે શ્રી લલ્લુજી શ્રીમદ્ના સમાગમ અર્થે પેઢી ઉપર જતા. તેમને દેખીને શ્રીમદ્ દુકાન ઉપરથી ઊઠી એક જુદી પાસેની ઓરડીમાં જઈ 'સૂયગડાંગ' સૂત્ર વગેરેમાંથી તેમને સંભળાવતા, સમજાવતા. (પૃ.૭)

## ૫૨૮. દેશાટન કરું નહીં.

માત્ર મોજશોખ કરવા માટે કે ફરવા માટે દેશવિદેશમાં દેશાટન એટલે ફરવાપણું કરું નહીં. એથી આત્માની શુભ વૃત્તિઓમાં ઘણી મોળાશ આવે છે અને મોહમાં વિશેષ ખેંચાવાનું થાય છે. જેથી આત્મા કર્મોથી ભારે થઈ વિશેષ મલિન થાય છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** "જ્યાંસુધી ઓછી ઉપાધિવાળાં ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાં સુધી વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઈ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળાં ક્ષેત્રે જવું ન ઘટે કેમકે તેથી ઘણી સદ્‌વૃત્તિઓ મોળી પડી જાય છે, અથવા વર્ધમાન થતી નથી." (પૃ.૫૧૭)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** "ફરજ ન પડે ત્યાં સુધી આર્યભૂમિનો કાંઠો તજવા યોગ્ય નથી. અનાર્યભૂમિમાં સત્સંગનો દુકાળ છે. પત્રવ્યવહાર આદિ બંધ થઈ જવાના પ્રસંગોનો સંભવ છે. એવા



વખતમાં જાણીજોઈને કેદમાં જનાર જેવી દશા હાથે કરી શા માટે વહોરી લેવી? લોભને મંદ કરી, આર્યક્ષેત્રમાં વિશેષ વસવું થાય તે હિતકારી જાણી, સામાન્ય સલાહ તમે માગી તેથી જણાવી છે. પછી જેમ પ્રારબ્ધ હોય તેમ બનશે. કોઈ પણ કામ કરતાં પ્રથમ આત્મહિત કેટલું સધાય તેમ છે તે પણ વિચાર કર્તવ્ય છે, પછી પૈસા આબરૂ વગેરે.'' (પૃ.૩૭૦)

## ૫૨૯. ચોમાસે સ્થિરતા કરું.

ચાર મહિના વર્ષાઋતુમાં એક સ્થાને સ્થિરતા કરું. મુનિને ચાર મહિના ચોમાસામાં એક ગામમાં સ્થિરતા કરવાની ભગવાનની આજ્ઞા છે. તેમ શ્રાવક પણ વિચાર કરીને જરૂર પૂરતા જ ગમનની છૂટ રાખી નિયમ લઈ શકે છે. કારણ ભૂમિ જીવાકુળ થયેલી હોવાથી જીવહિંસાનો વિશેષ સંભવ છે. એવું જાણી શ્રીકૃષ્ણે પણ ચાર મહિના પોતાના નગરની બહાર નહીં જવાનો નિયમ ભગવાન નેમિનાથના ઉપદેશને સાંભળી લીધો હતો. તેમ શ્રી કુમારપાળ રાજાએ પણ તેમના ગુરુ શ્રી હેમચંદ્રાચાર્યનો ઉપદેશ સાંભળી ચોમાસાના ચાર મહિના સુધી ચૈત્યદર્શન તથા ગુરુ દર્શન સિવાય પોતાના નગરમાં પણ ભ્રમણ ન કરવું એવો નિયમ ગ્રહણ કર્યો હતો. તે આ પ્રમાણે -

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– દયા માટે વર્ષાઋતુમાં એક સ્થાને સ્થિતિ**

**કુમારપાળ રાજા અને યવનપતિનું દૃષ્ટાંત –** એક વખતે પાટણમાં શ્રીહેમચંદ્રાચાર્યે કુમારપાળ રાજાની પાસે છઠ્ઠા વ્રત વિષે આ પ્રમાણે કહ્યું કે, ''હે રાજેન્દ્ર! વિવેકી પુરુષોએ સર્વદા જીવદયાને માટે છઠ્ઠું વ્રત ગ્રહણ કરવું. તેમાં પણ વર્ષાકાળમાં તો વિશેષપણે ગ્રહણ કરવું. કહ્યું છે કે —


''दयार्थं सर्व जीवानां, वर्षास्वेकत्र संवसेत् ।''

'સર્વ જીવોની દયાને માટે વર્ષાઋતુમાં એક સ્થાને જ રહેવું.' પૂર્વે શ્રીનેમિપ્રભુના ઉપદેશથી શ્રી કૃષ્ણે પોતાના નગરની બહાર નહીં જવાનો નિયમ લીધો હતો. આ પ્રમાણે સાંભળી ચૌલુક્યસિંહ કુમારપાળે પણ એવો નિયમ લીધો કે, ''સર્વ ચૈત્યોના દર્શન કરવા જવું અને ગુરુને વંદન કરવા જવું, તે સિવાય હું પ્રાયે નગરમાં પણ ભમીશ નહીં.'' તેનો આ નિયમ સર્વત્ર પ્રખ્યાત થઈ પ્રસરી ગયો.

આ નિયમની વાર્તા બાતમીદારો દ્વારા ગીજનીના રાજા શક યવનપતિ (બાદશાહ) ના જાણવામાં આવી, તેથી તત્કાળ ગુર્જર દેશની સમૃદ્ધિ ગ્રહણ કરવાને અને તે દેશને ભાંગવાને યવનપતિએ ચડાઈ કરી. આ વૃત્તાંત ચરલોકથી જાણી ગુર્જરપતિ કુમારપાળ મંત્રી સહિત મોટી ચિંતામાં પડ્યા. પછી ઉપાશ્રયે આવી ગુરુને કહ્યું કે - 'ભગવન્! જો હું તે યવનપતિની સામે નહીં જાઉં તો તેથી દેશનો ભંગ તથા લોકને પીડા થશે; અને જો જાઉં છું તો મારા નિયમનો ભંગ થાય છે.' ગુરુ બોલ્યા - 'હે રાજન! તમે આરાધેલો ધર્મજ તમારી સહાય કરશે, માટે ચિંતા કરશો નહીં.' આ પ્રમાણે રાજાને ધીરજ આપીને શ્રીહેમચંદ્રસૂરિ પદ્માસન કરી કોઈ ઇષ્ટ દેવતાનું ધ્યાન ધરવા બેઠા. એક મુહૂર્ત વ્યતીત થયું તેવામાં આકાશમાંથી એક પલંગ ઊતરતો દીઠો. તે પલંગમાં એક પુરુષ સૂતો હતો, તે ઊઠીને ગુરુની આગળ ઊભો રહ્યો. રાજાએ પૂછ્યું કે, 'આ કોનો પલંગ છે?' ત્યારે ગુરુએ જે હતું તે યથાર્થ કહ્યું. તે પલંગમાં સૂતેલો પુરુષ યવનપતિ બાદશાહ હતો, તે પલંગમાંથી ઊઠીને આસપાસ જોતાં વિચારમાં પડ્યો કે, 'તે સ્થાન ક્યાં ગયું કે જ્યાં મારું સૈન્ય છે? આ ધ્યાન ધરનાર કોણ છે? વળી આ રાજા પણ કોણ છે? ઇત્યાદિ ચિંતવન કરતો જોઈ સૂરિ બોલ્યા - 'હે યવનપતિ! તું શું વિચાર કરે છે? જે પૃથ્વી ઉપર પોતાના ધર્મનું એકછત્ર ઐશ્વર્ય ધારણ કરે, તેને દેવતા પણ સહાય કરે છે. માટે જો તારે સ્વહિત કરવું હોય તો દેવતાઓ પણ જેની શક્તિનું



ઉલ્લંઘન કરી શકતા નથી એવા આ વજ્રપંજરરૂપ ધર્માત્મા રાજાને શરણે જા.' તત્કાળ યવનપતિ ભય, ઉદ્વેગ અને લજ્જાને પ્રાપ્ત થયો. પછી સૂરિને પ્રણામ કરી શ્રીકુમારપાળ રાજાને નમ્યો અને બોલ્યો કે – 'હે રાજન! મારા અપરાધને ક્ષમા કરો, આજથી હું



યાવજ્જીવ તમારી સાથે સંધિ કરીશ. અત્યારે મારા જીવની રક્ષા કરીને ' 'જગજ્જીવપાલક' એવા તમારા બિરુદને સત્ય કરો. પ્રથમ તમારું પરાક્રમ મેં સાંભળ્યું હતું પણ તે ભૂલી જઈને હું અહિં આવ્યો. હવે કદી પણ તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ નહીં. તમારું કલ્યાણ થાઓ; અને મને મારા આશ્રમમાં પહોંચાડો.'' રાજર્ષિ બોલ્યા કે – ''હે યવન! જો તું તારા દેશમાં છ માસ સુધી અમારી પ્રવર્તાવે તો હું છોડું. તારે મારી એટલી આજ્ઞાનો અમલ કરવો તેજ મારી ઇચ્છા છે. બળાત્કારથી કે છળથી પણ જીવરક્ષા કરાવવી એવો મારો નિશ્ચય છે અને એમ કરવાથી મને અને તને બંનેને પુણ્ય થશે.'' યવનરાજ આવું તે બલિષ્ટ રાજાનું વચન ઉલ્લંઘન કરવાને સમર્થ થયો નહીં. પછી કુમારપાળ રાજા તેને પોતાના મહેલમાં લઈ ગયો અને ત્રણ દિવસ સુધી રાખી ઘણો સત્કાર કરી જીવદયાની શિક્ષા આપીને પોતાના આપ્તજનની સાથે તેને સ્થાનકે પહોંચાડ્યો. કુમારપાળના સેવકો ગીજનીમાં છ માસ સુધી જીવરક્ષા કરાવી, યવનપતિએ આપેલી અશ્વ વિગેરેની ભેટો લઈને કુમારપાળની પાસે પાટણમાં આવ્યા અને તે વાર્તા કહીને ચૌલુક્યપતિને આનંદ પમાડ્યો. આ પ્રમાણે સર્વ રાજાઓએ અને મુનિઓએ સ્તુતિ કરેલા માર્ગમાં ચાલનારાં કુમારપાળરાજાએ સેંકડો કષ્ટ ભોગવીને પણ દિશાપરિમાણ નામના છઠ્ઠા વ્રતનું પાલન કર્યું. (પૃ.૧૪૯)

## ૫૩૦. સભામાં પાન ખાઉં નહીં.

રાજસભા હોય, ધર્મની સભા હોય કે ભક્તિમંડળની સભા હોય અથવા જ્યાં વડીલો બેઠા હોય ત્યાં પાન વગેરે ખાઉં નહીં. તેમ કરવાથી મોટા પુરુષોનો અવિનય થાય, મર્યાદા ધર્મનું ઉલ્લંઘન થાય તથા પોતાની અયોગ્યતાનું પણ પ્રદર્શન થાય. માટે સભા વગેરે ઉત્તમ સ્થાનોમાં પાન વગેરે ખાઉં નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :–** 'તાંબુલ' એટલે પાન, સોપારી, કાથો વિગેરે સ્વાદિષ્ટ દ્રવ્ય. તેમાં પત્ર તે નાગરવેલ વિગેરેના સમજવા. નાગવલ્લીપત્ર હમેશાં જળથી ભિંજેલા રખાય છે તથા તેમાં લીલ, ફુગ, કંથુવા તથા ઇંડા પ્રમુખ ઘણા જીવોની ઉત્પત્તિ થાય છે અને તેમની વિરાધના થાય છે; તેથી પાપભીરુ પુરુષો તેનો રાત્રે ઉપયોગ કરતા જ નથી. તેમ છતાં જેઓ ઉપયોગ કરે તેઓ દિવસે પણ સારી રીતે શોધીને ઉપયોગ કરે.

'શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર'માં પણ કહ્યું છે કે, ''વનસ્પતિમાં જ્યાં એક બાદર પર્યાપ્ત જીવ હોય ત્યાં તેની નિશ્રાએ પ્રત્યેક વનસ્પતિમાં અપર્યાપ્ત જીવ સંખ્યાતા અથવા અસંખ્યાતા હોય અને સાધારણ વનસ્પતિમાં તો નિયમા અનંતા જીવો ઉત્પન્ન થાય છે.'' એવી રીતે નાગરવેલના એક પાન વિગેરેમાં અસંખ્ય જીવો હણાય છે અને તદાશ્રિત લીલફુગના હોય તો અનંત જીવો હણાય છે, તેથી તેનો અવશ્ય નિયમ (ત્યાગ) કરવો. (પૃ.૧૫૮)



**'હિત શિક્ષાના રાસનું રહસ્ય'માંથી :–** પાન સડેલ કે કોહવાયેલ હોય તો પણ તેને ખાનારા તેટલો ભાગ કાઢી નાખી ખાતાં અચકાતાં નથી. ક્વચિત્ પ્રાણહારી જંતુ પણ તેના ડીંટના મૂળમાં ઉત્પન્ન થાય છે તેથી પાન ખાવામાં અનેક પ્રકારની સાવચેતી રાખવા યોગ્ય છે.

પાનની અણી ખાવાથી પરસ્પર વિરોધ ઉત્પન્ન થાય છે, મધ્યની નસ ખાવાથી લક્ષ્મીની હાનિ થાય છે, બીંટ ખાવાથી આયુષ્ય ઘટે છે અને રાત્રે મોઢામાં રાખીને સુવાથી મુખરોગ થાય છે તથા બુદ્ધિનો નાશ થાય છે. તેથી પાન આખું ખાવું નહીં, તેમ તેની નસો રાખીને પણ ખાવું નહીં. (પૃ.૮૩)

## ૫૩૧. સ્વસ્ત્રી સાથે મર્યાદા સિવાય ફરું નહીં.

વર્તમાન દુષમકાળમાં મર્યાદા ધર્મ લોપ થઈ ગયો છે. પોતાની સ્ત્રી સાથે જનસમૂહમાં કેટલી મર્યાદાપૂર્વક વર્તવું જોઈએ તેનું પણ ભાન નથી. દિવસે દિવસે આ અવસર્પિણી કાળમાં મોહની વૃદ્ધિ થતી જોવામાં આવે છે. માટે જ્ઞાનીપુરુષોના વચનો દ્વારા મોહને મંદ કરી, લોકોમાં પોતાના મોહનું પ્રદર્શન ઘટાડી સ્વસ્ત્રી સાથે મર્યાદા સહિત હરવા ફરવાનું રાખું. જેથી પોતાનો મોભો જળવાય અને ધાર્મિક દૃષ્ટિએ મર્યાદા ધર્મ પાળતા જીવને પુણ્યબંધનું કારણ પણ થાય.

## ૫૩૨. ભૂલની વિસ્મૃતિ કરવી નહીં.

આપણાથી કંઈ ભૂલ થઈ હોય તો તેને ભૂલી જવી નહીં. પણ અવસરે તેની સ્મૃતિ કરી પશ્ચાત્તાપ કરીને ફરી તેવી ભૂલ થાય નહીં એવી કાળજી રાખવી જોઈએ. તેના વિષે —

**દૃઢપ્રહારી ચોરનું દૃષ્ટાંત –** જેમકે દૃઢપ્રહારી ચોરે જીવોની ઘણી હત્યાઓ કરી. અંતે એક બ્રાહ્મણી, બ્રાહ્મણ, તેનો બાળક તથા ગાયને મારવાથી તેનું વાછરડું પેટમાંથી બહાર નીકળી તરફડતું હતું, તે જોઈ તેને પોતાના સર્વ ઘાતકી કૃત્યોની સ્મૃતિ આવી, અને વિચાર્યું કે મેં સર્વ મોટી હત્યાઓ કરી છે. હવે પાપથી છૂટવા પહાડ ઉપરથી પડતું મુકું. એ સિવાય કોઈ ઉપાય નથી. તેમ કરવા જતાં મુનિ ભગવંતે તેને દીઠો, અને બોલાવી કહ્યું કે દોષથી છૂટવાનો ઉપાય આ આપઘાત નથી, પણ તું જો દીક્ષા લઈ આરાધના કરે તો છૂટી શકાય, વગેરે ઉપદેશ સાંભળી તેણે મુનિ ભગવંત પાસે દીક્ષા લીધી. પછી એવો અભિગ્રહ કર્યો કે જ્યાં સુધી મારા દોષોની સ્મૃતિ રહેશે ત્યાં સુધી હું આહાર ગ્રહણ કરીશ નહીં. એવો અભિગ્રહ લઈને શહેરના ચારેય દિશાઓમાં આવેલ ચારેય દરવાજા પાસે દોઢ દોઢ મહિના સુધી ધ્યાનમાં સ્થિતિ કરી. લોકોએ તેમને પત્થર વગેરેથી ખૂબ કદર્થના કરી છતાં પોતે સમભાવમાં રહી પોતાની જ કરેલી ભૂલનું ફળ જાણી બધું સહન કર્યું. તેનું ફળ શું આવ્યું? તો કે છ મહિનાના અંતે શ્રેણી માંડીને કેવળજ્ઞાન પામ્યા. આમ પોતાની કરેલ ભૂલોની વિસ્મૃતિ કરું નહીં પણ વારંવાર કરેલ પાપનો પશ્ચાત્તાપ કરી આત્માની શુદ્ધિ કરું.

## ૫૩૩. કં૦ કલાલ, સોનીની દુકાને બેસવું નહીં.

કંજુસ વ્યક્તિની દુકાને બેસવાથી આપણામાં પણ કંજુસપણાના સંસ્કાર પડે. તેમજ ઉદાર વ્યક્તિની પાસે બેસવાથી આપણામાં પણ ઉદારતાનો ગુણ પ્રવેશે. જેવો સંગ તેવો રંગ જીવને લાગે છે.

કલાલની દુકાને બેસવાથી ધીરેધીરે પોતે પણ દારૂ પીતો થઈ જાય. તે વ્યસનીઓને ભેગા થવાનું સ્થાન છે. ત્યાં કુસંગતિનો રંગ ઝડપથી લાગે છે.



સોનીની દુકાને બેસવાથી કોઈ દિવસ કિંમતી વસ્તુ ખોવાઈ જાય તો આપણા ઉપર પણ શંકા ઊપજે અને તે ચિંતાનું કારણ થઈ પડે છે.

માટે મહાપુરુષોના કહેવાથી ઉપરોક્ત જણાવેલ કંજુસ, કલાલ કે સોનીની દુકાને બેસવું નહીં.

**'શ્રી જૈન હિતોપદેશ'માંથી :–** 'જેવો સંગ તેવો રંગ' એ ન્યાયે હીણાની સોબતે હીનપત આવે અને ઉત્તમની સંગતે ઉત્તમતા આવે. શું ગંગાનું શુદ્ધ, મિષ્ટ જળ પણ જલધિમાં ભળવાથી લૂણપણું નથી પામતું? તેમજ અન્ય સ્થળથી આવેલું જળ ગંગાના પવિત્ર જળમાં ભળવાથી શું તેવી મહિમાને નથી પામતું? પામે છે. માટે શાણા પુરુષોએ કુસંગ સર્વથા ત્યજી સદા સુસંગતિ જ સેવવી યોગ્ય છે. (પૃ.૭૧)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :– નીચ માણસો સાથે મિત્રતા કરવી નહીં**

**હંસ અને ઘુવડનું દૃષ્ટાંત –** કોઈ એક વનને વિષે પદ્મસરોવરમાં મંદરક્ત નામનો હંસ રહેતો હતો. ત્યાં એક વખત કોઈ ઘુવડ આવ્યો, તેને હંસે પૂછ્યું કે–''તું કોણ છે? અને આ વનમાં ક્યાંથી આવ્યો?'' ઘુવડ બોલ્યો કે - ''તમારા ગુણ સાંભળીને હું તમારી સાથે મિત્રતા કરવા આવ્યો છું.'' એમ કહેવાથી હંસે તેને રહેવા દીધો. અનુક્રમે સાથે ક્રીડા કરતાં મિત્રતા થઈ. પરંતુ હંસે મનમાં વિચાર ન કર્યો કે –'કલ્યાણને ઇચ્છનાર પુરુષે નીચનો પરિચય કરવો નહીં.' કહ્યું છે કે -

''नीच सरिस जो कीजे संग, चडे कलंक होय जसभंग;
हाथ अंगार ग्रहे जो कोय, के दाझे के कालो होय.'' ૧

પછી એક દિવસ ઘુવડ હંસની રજા લઈને પોતાને સ્થાને ગયો. તે વખતે હંસને કહ્યું કે - ''તમારે પણ એક વખત મારે સ્થાને આવવું.'' પછી હંસ પણ એક વખત ઘુવડને સ્થાને ગયો પણ તેને ત્યાં જોયો નહીં. ઘણે સ્થાને શોધ કરતાં કોઈ વૃક્ષનાં કોટરમાં પેઠેલો દીઠો. તેને હંસે કહ્યું કે - ''હે ભાઈ! બહાર આવ, બહાર આવ, હું હંસ તને મળવા આવ્યો છું.'' ઘુવડ બોલ્યો કે ''હું દિવસે બહાર નીકળવા શક્તિમાન નથી, માટે તું અહીં રહે. આપણે રાત્રે ગોષ્ટી કરીશું.'' પછી રાત્રે બન્ને જણ મળ્યા અને કુશળ વાર્તા કરી. તે રાત્રે હંસ તેની સાથે જ સૂતો. હવે તે વૃક્ષ નીચે રાત્રે એક સાર્થ રાત્રિવાસો રહ્યો હતો. તે પાછલી રાત્રે ત્યાંથી ચાલવા તૈયાર થયો. તે વખતે ઘુવડ મોટા વિસ્તારથી શબ્દ કરી ઝાડના કોટરમાં પેસી ગયો અને હંસને ત્યાંનો ત્યાં જ રહેવા દીધો. ઘુવડનો શબ્દ સાંભળી સાર્થપતિને ક્રોધ ચડ્યો, તેથી તે અપશુકનની નિવૃત્તિ કરવા માટે તેણે શબ્દવેધી બાણ માર્યું, તે વાગવાથી હંસ મૃત્યુ પામ્યો; માટે નીચ સાથે કદી મિત્રતા કરવી નહીં. (પૃ.૧૯૪)

## ૫૩૪. કારીગરને ત્યાં (ગુરુત્વે) જવું નહીં.

કારીગરને ત્યાં જઈ પોતાની મોટાઈ બતાવવી નહીં કે 'હું બહુ પૈસાદાર છું કે શેઠ છું.' એવી મોટાઈ બતાવવાથી તે કામના વધારે પૈસા માગશે અથવા કામનું એટલું લંબાણ કરશે કે થાકીને પણ વધારે પૈસા આપવા પડે. માટે કારીગરને ત્યાં પોતાની મોટાઈ બતાવવાનો પ્રયત્ન કરવો નહીં.

## ૫૩૫. તમાકુ સેવવી નહીં.

તમાકુ સુંઘવાથી કે ખાવાથી શરીરમાં કેન્સર જેવા રોગ થવાનો સંભવ છે. તમાકુના પાંદડા ઉપર અનેક ઝીણી જીવાત હોય છે. પાંદડાને વાળતાં તે જીવાત તેમાંજ દબાઈ ચોંટી જાય છે. તમાકુની જેને



આદત પડી જાય તેને તે છોડવું ઘણું વસમું પડે છે. વ્યસન જીવને ગુલામ બનાવી દે છે.

એક મુમુક્ષુ બેનને કોઈના સંગથી તમાકુ સુંઘવાની ટેવ પડી. તેથી છીંકણીની ડબ્બી ખિસ્સામાં જ રાખે. જમે કે તરત સુંઘવી પડે. ન સુંઘે તો જાણે જમી જ નથી એમ લાગે. એક દિવસ પુષ્પમાળાનું વાક્ય ૮૭ વાંચવામાં આવ્યું જેમાં પરમકૃપાળુદેવે જણાવ્યું કે —

''તમાકુ સુંઘવા જેવું નાનું વ્યસન પણ હોય તો આજે પૂર્ણ કર -(૦)નવીન વ્યસન કરતાં અટક.''

આ વાક્યમાં કૌંસમાં, જે મીંડુ મુકેલ છે તે જાણે એમ સૂચવે છે કે જૂના વ્યસન ઉપર મીંડુ મૂક અને નવીન વ્યસન કરતાં પણ અટક. એવું વાંચી તે દિવસે એ બેને છીંકણી તથા ચાનો પણ નિયમ લઈ લીધો.

કોઈ છીંકણી છોડીને દાંત ઉપર તમાકુ ઘસે અથવા બીડી પીવે, કોઈ વળી ચાનું વ્યસન છોડી કોફીનું વ્યસન વળગાડે. પણ તમાકુ વગેરે એક પણ વ્યસન સેવું નહીં તેની કાળજી રાખું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''એક પાઈની ચાર બીડી આવે. હજાર રૂપિયા કમાતા બૅરિસ્ટરને બીડીનું વ્યસન હોય અને તેની તલપ થતાં, બીડી ના હોય તો એક ચતુર્થાંશ પાઈની કિંમતની નજીવી વસ્તુ માટે વલખાં મારે. હજાર રૂપિયા રોજ કમાનાર, અનંત શક્તિવંત આત્મા છે જેનો એવો બેરિસ્ટર મૂર્છાયોગે નજીવી ચીજ માટે વલખાં મારે! જીવને, આત્માની અને એની શક્તિની વિભાવ આડે ખબર નથી.'' (વ.પૃ.૬૬૨)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''આપનો પત્ર મળ્યો. તેમાં બીડીનું પચખાણ લેવા ભાવના જણાવી છે તે પ્રમાણે આ વર્ષ આખર સુધીની ભાવના પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કારપૂર્વક કરી લેવા ભલામણ છેજી. સાત વ્યસનનો વિશેષ વિચાર જીવને જાગશે ત્યારે કોઈ પણ વ્યસન હશે તે જીવને ખૂંચશે; તેનો ત્યાગ કરવા તત્પર થશે તથા નવા વ્યસનનો તો પ્રસંગ પણ નહીં રહે. ઊંડા ઊતરી જ્ઞાનીપુરુષનાં વચનોનો વિચાર કરી આ આત્માને અનંત બંધનથી છોડાવવા જાગ્રત જાગ્રત રહેવાની જરૂર છેજી. એવી અંતર્દયા જાગવા આવા ત્યાગ કરવાના છેજી. (બો.૩ પૃ.૬૧૩)

''આપે જે નિયમો સંબંધી પુછાવ્યું તે નિયમો એક વર્ષ ચાલુ રાખવા પરમકૃપાળુદેવ આગળ નમસ્કાર કરી ભાવના કરશો. વિશેષ સૂચના કે બીડી, ચા વગેરે લખ્યું છે તેના ત્યાગનો પહેલા અભ્યાસ ન કર્યો હોય તો બાર મહિના સુધી સાથે લગું વ્રત લેવા યોગ્ય નથી. થોડા મહિના અભ્યાસ કરીને પછી યોગ્ય લાગે તેટલી મુદતનું લેશો. કેટલાક નિયમ લઈને, પછી માથું દુઃખે, ઝાડો ન ઊતરે એવા બહાનાથી નિયમ તોડી નાખે છે; માટે આ લખ્યું છે. પહેલા એ વિષે નિયમ લીધો હોય અને બરોબર પળ્યો હોય તો પછી બાર મહિના માટે લેવામાં વાંધો નથી. લીધેલા નિયમમાં શિથિલતા ન થાય, અથવા એકને બદલે બીજું ન પેસે તે લક્ષ રાખવા વિનંતી છે. વૃત્તિ બીજેથી રોકાય અને આત્મહિતમાં વિશેષ અવકાશ મળે તથા આત્મહિતની વસ્તુ સુખરૂપ લાગે તેવો ઉદ્દેશ આવા નિયમોનો છે, તે લક્ષ રાખવા વિનંતી છે. (બો.૩ પૃ.૬૨૮)

**એક ખેડૂતનું દૃષ્ટાંત —** શ્રી દયાળજીભાઈ સુરતવાળા જણાવે છે કે ''મને બીડીનું વ્યસન હતું. પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ મને દૃષ્ટાંત આપીને સમજાવ્યું : 'એક ખેડૂત હતો, તેના ઘરમાં રૂ ભરેલું હતું. પારણામાં નાના છોકરાને સુવડાવી બીડી પીતો પીતો તે ખેતરે ગયો. બીડીનો તણખો રૂમાં પડવાથી આગ લાગી. બારણા પણ બંધ હતા. ખેડૂત જ્યારે ખેતરથી ઘરે આવ્યો ત્યારે જોયું તો છોકરો અને ઘર બધું બળીને રાખ થઈ ગયાં હતાં. એ દૃષ્ટાંત સાંભળી મારી આંખમાં આંસુ આવી ગયા અને મેં કહ્યું, ''મને બીડીનું પચખાણ આપો.''



## ૫૩૬. સોપારી બે વખત ખાવી.

અમુક લોકોને સોપારી અનેકવાર ખાવાની ટેવ પડી હોય, અથવા એના વગર ચાલતું ન હોય તેવા લોકોને માટે કૃપાળુદેવ કહે છે કે સંપૂર્ણ ત્યાગ નહીં થઈ શકતો હોય તો બે વખતથી વધારે સોપારી ખાવી નહીં. ઉપરના વાક્ય સાથે આ વાક્ય સંબંધ ધરાવે છે. જેમકે ''તમાકુ સેવવી નહીં'' તેમ સોપારી પણ ખાવી નહીં. પણ ટેવ પડી ગઈ હોય તો બે વખત જ ખાવી. જો ન ખાતો હોય તેને બે વખત ખાવાનો ઉપદેશ નથી. કૃપાળુદેવે બે વખત સોપારી ખાવાની કહી છે તેથી ખાવામાં બાધ નથી. એવો ઊંધો અર્થ લેવો નહીં, પણ સવળો અર્થ લેવો કે જેથી આપણે સત્પુરુષના વચનની વિપરીત પ્રરૂપણા કરી ન ગણાય.

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :–** સોપારી બે કટકા કરી અંદરનો ભાગ તપાસ્યા વિના ખાવી નહીં. કારણ તેની અંદર ફુગ વળેલી પણ હોય છે. તેમાં ઝીણા ત્રસ જીવ ઉત્પન્ન થાય છે માટે ખાતાં પહેલાં પૂરી સાવચેતી રાખવી. (પૃ.૮૨)

## ૫૩૭. ગોળ કૂપમાં નાહવા પડું નહીં.

નાહવાની ઇચ્છા થાય તો કૂવામાંથી કે વાવમાંથી પાણી ડોલમાં કાઢી, તે પાણીને ગાળીને સ્નાન કરું. પણ કદી કૂપ એટલે કૂવામાં નાહવા પડું નહીં. તેમ કરવાથી અસંખ્યાત જીવોની હિંસા થાય છે. તેના શરીરને સ્પર્શતા જ જળકાયના જીવો મરી જાય છે. માટે તેમ કરવા મહાપુરુષોએ મનાઈ કરેલ છે.

## ૫૩૮. નિરાશ્રિતને આશ્રય આપું.

જેને કોઈ આશ્રય આપનાર નથી, અનાથ જેવા છે; તેને જે જે વસ્તુની જરૂર હોય તે યથાશક્તિ આપી તેના આત્માને શાંતિનું કારણ થાઉં.

**'શ્રી જૈન હિતોપદેશ'માંથી :– અનાથને વિવેકપૂર્વક સહાય કરું**

''સ્વ આજીવિકાનું જેમને કાંઈ સાધન નથી, જેઓ કેવળ નિરાધાર છે, એવા અશક્ત અનાથને યથાયોગ્ય આલંબન આપવું, એ દરેક શક્તિવંત દાની માણસની ફરજ છે. સીદાતા – દુઃખી થતા દીનજનોનું દુઃખ દિલમાં ધરી તેમને ખરે વખતે વિવેકપૂર્વક સહાય કરનાર સમયને અનુસરી મોટું પુણ્ય ઉપાર્જે છે, તેમજ તેના પુણ્યબળે લક્ષ્મી પણ અખૂટ રહે છે. કૂવાના જળની પેરે મોટી ઉદાર વપરાશ છતાં તેની લક્ષ્મી પુણ્યરૂપી શેરોથી પાછી પૂરાય છે; છતાં કૃપણને આવી સુબુદ્ધિ પૂર્વ કર્મનાં અંતરાયના યોગે સૂઝી આવતી નથી, તેથી તે બિચારા કેવળ લક્ષ્મીનું દાસત્વ કરી અંતે આર્તધ્યાનથી અશુભ કર્મ ઉપાર્જી ખાલી હાથે યમને શરણ થાય છે. બીજા ભવમાં પણ અશુભ અંતરાય-કર્મના યોગે તે રંક અનાથને મહાદુઃખ ભોગવવું પડે છે. ત્યાં કોઈ ત્રાણ-શરણ-આધારભૂત તેને થતું નથી, પોતાની જ ભૂલ પોતાને નડે છે. કૃપણ પણ પ્રત્યક્ષ દેખે છે કે કોઈ એક કોડી પણ સાથે લાવ્યો નથી, તેમજ આગળ બાંધી લઈ જઈ શકતો નથી. છતાં બાપડો મમ્મણ શેઠની પેરે મહા આર્ત્તધ્યાન ધરતો ધન ધન કરતો ઝૂરી મરે છે, અને અંતે તે મહા માઠા વિપાકને પામે છે. આ સર્વ કૃપણતાનાં કટુફળ સમજી પોતાને પણ તેવા જ માઠા વિપાક થવા ન પામે તેમ 'પાણી પહેલા પાળ''ની પેઠે પ્રથમથી ચેતી સ્વલક્ષ્મીના દાસ નહીં થતાં તેને વિવેકપૂર્વક યથાસ્થાને વાપરી તેની સાર્થકતા કરવા સદ્ગૃહસ્થ ભાઈઓને જાગ્રત થવું જોઈએ. નહિતો પોતાની કેવળ સ્વાર્થ વૃત્તિરૂપ મોટી ભૂલને કારણે પોતાને જ સહન કરવું પડશે''.



## ૫૩૯. સમય વિના વ્યવહાર બોલવો નહીં.

અવસર આવ્યા વિના વ્યવહારમાં બોલવું નહીં. સમય આવ્યે બોલવાથી તે વાતની કિંમત થાય છે અને કાર્યસિદ્ધિ પણ થાય છે.

**'શ્રી જૈન હિતોપદેશ'માંથી :–** ''ઉચિત અવસર પામ્યા વિના બોલવું નહીં. ઉચિત અવસર પામીને પણ પ્રસંગને લગતું જ મિત ભાષણ કરવું. વિના અવસરે તેમજ માપ વિનાનું બોલવાથી મનગમતું કામ થઈ શકતું નથી; પણ ઊલટું કામ બગડે છે, એમ સમજી સદા સત્ય, હિત, મિત ભાષણ વિવેકથી જ કરવા ખપ કરવો. અપ્રસ્તાવે ભાષણ કરનાર બહુ બોલવામાં-ગાંડામાં ખપે છે તે યાદ રાખવું''.

## ૫૪૦. પુત્ર લગ્ન કરું.

ગૃહસ્થ છું તો પુત્રનાં લગ્ન કરવાં પડે તો યોગ્ય ગુણવાળી કન્યા સાથે કરું. પણ લોભને વશ થઈ ગમે તેવી કન્યા સાથે લગ્ન કરાવું નહીં. એમ કરવાથી બન્નેને ક્લેશનું કારણ જીવનપર્યંત થાય. સરખા ધર્મવાળા, ગુણ સંસ્કારવાળા શોધવાથી સુખી થાય અને માતાપિતાના મનને પણ શાંતિનું કારણ થાય છે.

## ૫૪૧. પુત્રી લગ્ન કરું.

ગૃહસ્થ હોવાથી પુત્રીના લગ્ન કરવા પડે તો યોગ્ય ગુણવાળો છોકરો જોઈ પોતાની પુત્રી આપું. જો પુત્રી વિશેષ ભણેલ હોય અને છોકરો થોડું ભણેલ હોય અથવા પોતાની પુત્રી ભણેલી ન હોય અને છોકરો વિશેષ ભણેલો હોય તો પણ મેળ ન ખાવાથી બન્નેના મન અશાંત રહે, ક્લેશના કારણ પણ બને, અથવા પરસ્પર તલાક લઈ લે. માટે પ્રથમથી જ બન્નેના ગુણધર્મ યોગ્ય જોઈ કન્યાના લગ્ન કરું. જેથી પોતાને ભવિષ્યમાં ફરીથી કન્યા વિષેની ચિંતા કે ઉપાધિ રહે નહીં.

## ૫૪૨. પુનર્લગ્ન કરું નહીં.

પુનર્લગ્ન કરવાથી વૃત્તિ વિશેષ ચંચળ થાય અને આત્માર્થ સાધવાનો અવસર હાથમાંથી ચાલ્યો જાય. જીવનપર્યંત ઉપાધિ જ ભોગવવાનું દુર્ભાગ્ય લલાટે લખાય; માટે પુનર્લગ્ન કરું નહીં.

**શ્રી વ્રજદાસભાઈના પ્રસંગમાંથી :–**

**એક વણિકનું દૃષ્ટાંત –** હું ઉત્તરસંડા હતો ત્યારે ત્રણ વાણિયા પરમકૃપાળુદેવ પાસે આવ્યા હતા. તેમાંના એક ભાઈને પરમકૃપાળુદેવે જણાવ્યું કે તમોએ પ્રથમ ચારિત્ર લેવાનો વિચાર રાખેલો અને પછી પરણ્યા કેમ? આ વિચારો પલટાવી ખાડામાં શું કામ પડ્યા? આ હકીકત વગર કીધે સાહેબજીએ જણાવી જેથી તેઓ ઘણું જ આશ્ચર્ય પામ્યા હતા, અને તે વખતે જવાબમાં કીધું કે પહેલાં દીક્ષા લેવાનો વિચાર થયો હતો પણ મારો છોકરો ગુજરી ગયો, જેથી મારે ફરીથી લગ્ન કરવાં પડ્યાં હતાં.

**શ્રી મનસુખભાઈ દેવસીભાઈ લીંબડીવાળાના પ્રસંગમાંથી :–**

**શ્રી રાયચંદ રતનશીનું દૃષ્ટાંત –** પરમકૃપાળુદેવે મને બોટાદવાસી શ્રી રાયચંદ રતનશીના ખબર પૂછતાં હું ખચકાયો. પણ પરમકૃપાળુદેવે ફરીથી મને પૂછ્યું, તેથી મેં જણાવ્યું કે તેમની સ્ત્રી ગુજરી જવાથી તેઓએ ફરી વાર લગ્ન કર્યું છે. ત્યારે પરમકૃપાળુદેવે જણાવ્યું કે તેમને સંતતિ શું છે? મેં જણાવ્યું કે બે ત્રણ દીકરા છે અને બે ત્રણ દીકરીઓ છે અને દીકરાના ઘેર દીકરા છે. ત્યારે પોતે પ્રકાશ્યું કે -''આ પ્રમાણે હોવા છતાં અને અનાયાસે સ્ત્રી-પરિગ્રહથી મુક્ત થયા છતાં ફરી લગ્ન કરે અને બીજી તરફ આત્મજ્ઞાનની તથા કેવળજ્ઞાનના સંબંધમાં વિસ્તારથી વાતો લખે; તો મોક્ષદશા અથવા આત્મદશા એવી



સરળ નથી કે અનાયાસે પુરુષાર્થ કર્યા વગર તે પ્રાપ્ત થાય! અનાયાસે ઉપાધિથી મુક્ત થયા છતાં ચાહીને ઉપાધિમાં પડવું અને પછી મોક્ષ મેળવવાની આશા રાખવી એ નહીં બનવા જેવું છે. આત્મદશાની વાતો કરવાથી તે પ્રાપ્ત થાય એમ નથી.''

આ પ્રસંગ ઉપરથી મેં તો મારા માટે એવો નિર્ણય કર્યો કે હવે મારે ફરીથી પરણવું નહીં.

## ૫૪૩. પુત્રીને ભણાવ્યા વગર રહું નહીં.

પુત્રીને અવશ્ય ભણાવું. ભણાવવાથી બુદ્ધિનો વિકાસ થાય, હિતાહિતનું ભાન થાય તેમજ નિર્ભયતા આવે. વ્યવહાર કે પરમાર્થ બન્નેમાં ભણતર કામનું છે. જે ભણેલ હોય તે વ્યવહારમાં આવેલ મુશ્કેલીઓનો સહેલાઈથી ઉકેલ લાવી શકે. તેમજ પરમાર્થ સમજવા માટે પણ ભણતરની જરૂર છે. ભણેલ હોય અને પાપના ઉદયે પતિ તલાક આપી દે અથવા મરી જાય તો પણ તે પોતાના પગ ઉપર ઊભી રહીને જીવન સુખે ગુજારી શકે. અભણ હોય તો આર્તધ્યાન કરી પોતે કાળ કાઢે અને ઘરના બીજાને પણ ભારરૂપ થાય. પણ ભણેલ હોય તો જ્ઞાનીપુરુષના બોધેલા વચનોને વાંચી વિચારીને આત્મશાંતિ મેળવી કલ્યાણ સાધી શકે. પરમકૃપાળુદેવે અભણ સ્ત્રીને ધિક્કાર આપ્યો છે. તે નીચે પ્રમાણે ગરબીમાં જણાવેલ છેઃ—

**'સ્ત્રી નીતિ બોધક'માંથી :—**

**અભણ સ્ત્રીને ધિક્કાર**

(પ્રેમની પ્રેમની પ્રેમની રે મને લાગી કટારી પ્રેમની - એ રાગ)

**ધિક્ક છે ધિક્ક છે ધિક્ક છે રે, બહુ અભણ નારીને ધિક્ક છે;**
**ભણ્યા વિના અઠીક છે રે, બહુ અભણ નારીને ધિક્ક છે.**
**ભણ્યા વિના છે પશુસમાનિક, ભણ્યાથી સુખ અધિક છે રે - બહુ૦૧**
**જીવતર ભણ્યા વિનાનું એળે, માટે ભણ્યાની શીખ છે રે - બહુ૦૨**
**ભણ્યા વિના નહીં સુખ લગારે, વળી ભણ્યાથી ઠીક છે રે - બહુ૦૩**
**વ્હેમી વદે છે નારી ભણ્યાથી, બગડી જવાની બીક છે રે - બહુ૦૪**
**પણ અભણ તે ઢોર ગણિજે, ઊંધી બુદ્ધિ અઠીક છે રે - બહુ૦૫**
**કૂડું કરમ વિદ્યા અટકાવે, માટે ભણવું ઘટિત છે રે - બહુ૦૬**
**સજ્જનમાં વખાણ ન પામે, લક્ષણ બહુ અઠીક છે રે - બહુ૦૭**
**હિત ઇચ્છે જો તારૂં પોતાનું, વિદ્યા ગુણો અધિક છે રે - બહુ૦૮**
**માટે ભણી લે ભાવથી મૂરખી, નહિ તો તુજને ધિક્ક છે રે - બહુ૦૯**
**ભણ્યા થકી બહુ ગ્રંથ વાંચીને, સાર લેવો ઘટિત છે રે - બહુ૦૧૦**
**રાયચંદ હેતે કહે છે તુજને, અભણતાથી ધિક્ક છે રે - બહુ૦૧૧**
**માન કહેલું મારૂં પ્રીતે, ભણતર સદ્ગુણ-નીક છે રે - બહુ૦૧૨** (પૃ.૧૦૪)

## ૫૪૪. સ્ત્રી વિદ્યાશાળી શોધું, કરું.

સ્ત્રી વિદ્યાશાળી શોધું કે જેથી તે પરમાર્થ આરાધી શકે. ઉત્તમ ગ્રંથો વાંચી પોતાની સમજણને સવળી કરી શકે. શ્રી લઘુરાજ સ્વામી કહે છે કે 'સમજણ એ જ સુખ છે અને અણસમજણ એ જ દુઃખ છે'. ધર્મ વિદ્યાનું જ્ઞાન વિશેષ મેળવવાથી પોતાના બાળકોને પણ સુસંસ્કાર આપી શકે તથા ઘરના સર્વને વિનય વિવેક વડે શાંતિ ઉપજાવી શકે. માટે સ્ત્રી વિદ્યાશાળી શોધું અથવા ન હોય તો આત્મવિદ્યા



શીખવીને તેના આત્માનું કલ્યાણ કરે તેમ ગોઠવણ કરું.

## ૫૪૫. તેઓને ધર્મપાઠ શિખડાવું.

સ્ત્રી કે બાળકને આત્મધર્મનો પાઠ ભણાવવા ધાર્મિક શિક્ષિકાની યોજના કરું તથા ઉત્તમ ગ્રંથો વાંચવા સર્વને પ્રેરણા કરું. મળેલ અમૂલ્ય સમયનો સદ્ઉપયોગ કરવા ભલામણ કરું. જેથી વિનય વિવેકની સર્વમાં વૃદ્ધિ થાય તથા સમ્યક્જ્ઞાનના બળે સંસાર પ્રત્યે રહેલી આસક્તિ ઘટતી જાય અને સાચું આત્મિક સુખ મેળવવાની જિજ્ઞાસા જાગે. માટે કુટુંબને ધર્મપાઠ શિખડાવવાનો ઉપાય કરું.

## ૫૪૬. પ્રત્યેક ગૃહે શાંતિ વિરામ રાખવાં.

ઘરમાં એવી એક રૂમ રાખું કે જેમાં પરમકૃપાળુદેવની સ્થાપના કરેલી હોય તથા જ્યાં શાસ્ત્રોનો સંચય હોય. ત્યાં જઈ સવાર સાંજ કે અવસર મળ્યે બેસી ભક્તિ વાંચન વિચાર કરીને મારા આત્માને શાંતિ પમાડું. પહેલાના વખતમાં આનંદશ્રાવક વગેરે પોતાના ઘરના એક ભાગમાં ઉપાશ્રય જેવું રાખતા કે જેથી આઠમ, ચૌદસ અથવા પ્રતિદિનનો નિત્યક્રમ ત્યાં એકાંતમાં બેસી શાંતિપૂર્વક કરી શકતા તેમ હું પણ અનુકૂળતા હોય તો ઘરમાં શાંતિ વિરામ રાખવાની યોજના કરું.

## ૫૪૭. ઉપદેશકને સન્માન આપું.

ઉપદેશક એવા જ્ઞાનીપુરુષોને સાચા હૃદયે સન્માન આપું કે જેથી તેઓનો કરેલ ઉપદેશ મારા આત્મામાં પરિણામ પામે. વિનય વિના વિદ્યાનું ગ્રહણ થતું નથી. માટે ધાર્મિક જ્ઞાન આપનાર એવા શિક્ષકનો અથવા વ્યવહારિક જ્ઞાન આપનાર એવા વડીલનો પણ યથાયોગ્ય વિનય કરું.

## ૫૪૮. અનંત ગુણધર્મથી ભરેલી સૃષ્ટિ છે એમ માનું.

જીવ, અજીવ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યથી ભરેલી આ સૃષ્ટિ છે. પ્રત્યેક દ્રવ્ય અનંત ગુણધર્મથી યુક્ત છે. માટે અનંત ગુણધર્મથી ભરેલી આ સૃષ્ટિ છે એમ માનું.

લોકાકાશના એક પ્રદેશમાં અનંત જીવ દ્રવ્ય છે. પ્રત્યેક જીવના અસંખ્ય પ્રદેશ છે. એક એક પ્રદેશમાં અનંતગુણ અને તેના અનંત પર્યાય રહેલા છે. તથા સંસારી જીવના એક એક પ્રદેશ પર અનંત કાર્મણ વર્ગણાઓ લાગેલ છે. એક કાર્મણ વર્ગણામાં અનંત પુદ્ગલ પરમાણુ રહેલા છે તથા એક પરમાણુમાં અનંતગુણ અને તેના અનંત પર્યાય રહેલા છે. તે સર્વમાં જે પરિણમન થઈ રહ્યું છે તેમાં કાળદ્રવ્ય નિમિત્તરૂપ છે. તથા દ્રવ્યના ગમનાગમન કરવામાં ધર્માસ્તિકાય દ્રવ્ય સહાયરૂપ છે, તેમજ દ્રવ્યને સ્થિર થવામાં નિમિત્તકારણ તે અધર્માસ્તિકાય દ્રવ્ય છે.

ઉપરોક્ત પ્રકારે દ્રવ્યોનું સ્વરૂપ હોવાથી અનંત ગુણધર્મથી ભરેલી આ સૃષ્ટિ છે એમ માનું.

## ૫૪૯. કોઈ કાળે તત્ત્વ વડે કરી દુનિયામાંથી દુઃખ જશે એમ માનું.

કોઈ સમયે સંસારમાં રહેલા જીવો જ્યારે તત્ત્વજ્ઞાન વડે આત્મસ્વરૂપને જાણી, સંસારના મોહથી નિવૃત્ત થશે ત્યારે દુનિયામાં રહેલા દુઃખોથી તે છૂટકારો પામશે એમ માનું.

જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, મોક્ષ, નિર્જરા એ સાત તત્ત્વનું જ્ઞાન મેળવી ત્યાગવા યોગ્ય તત્ત્વોને ત્યાગી અને ગ્રહણ કરવા યોગ્ય તત્ત્વોને ગ્રહણ કરી જે આત્મશુદ્ધિ કરશે તેનું દુનિયામાંથી દુઃખ જશે એમ માનું.



## ૫૫૦. દુઃખ અને ખેદ ભ્રમણા છે.

વાસ્તવિક રીતે જોતાં દુઃખ અને ખેદ એ આત્માનો સ્વભાવ નથી. પણ ભ્રાંતિથી તેમ મનાઈ ગયું છે. કર્મના ઉદયે શરીરમાં રોગ આવે ત્યારે મોહનીય કર્મના ઉદયથી જીવને દુઃખ અને ખેદ થાય છે. પણ જો દર્શનમોહનીયકર્મ મંદ થઈ સમકિત પ્રગટ્યું હોય તો શરીરમાં દુઃખ હોવા છતાં તે પોતાને દુઃખી માનતો નથી. મોહને લઈને હું દુઃખી છું એવી જીવને ભ્રાંતિ થાય છે.

**ભીલોનું દૃષ્ટાંત – અજ્ઞાનને કારણે અરીસો જોઈ ત્રણે ભ્રાંતિમાં પડ્યાં.** ''જંગલમાં એક ભીલ રહેતો હતો. તેને એકવાર અરીસાનો ટુકડો હાથમાં આવ્યો. તેમાં પોતાનું મુખ દેખાયું તેથી તેને ભ્રાંતિ થઈ ગઈ કે આ તો મારા પિતા છે. ભીલની સ્ત્રીએ તે અરીસો હાથમાં લઈને જોયો તો તેમાં પોતાનું મોઢું દેખાયું તેથી તે પણ ભ્રમમાં પડી ગઈ કે મારો પતિ બીજી સ્ત્રીના મોહમાં પડી ગયો છે. તેટલામાં ભીલોનો ગુરુ આવ્યો તેણે પણ અરીસો જોયો અને લાગ્યું કે આ તો મારા ગુરુ બાબા આદમ છે. આમ ત્રણેય ભ્રાંતિમાં પડી ગયા.

તેવી રીતે આપણને પણ આ દેહ તે જ હું છું એવી ભ્રાંતિ થઈ ગઈ છે. તેથી દેહના નિમિત્તે આ જીવ દુઃખ અને ખેદ પામ્યા કરે છે.

**'ગ્રંથ યુગલ'માંથી :– ઠૂંઠામાં મનુષ્યની ભ્રાંતિ તેમ દેહને પોતાનો માનવાની ભ્રાંતિ**

**''ઠૂંઠાને ભૂલથી માની - મનુષ્ય, જેમ વર્તતો;**
**પ્રવર્ત્યો તેમ પૂર્વે હું, દેહાદિ નિજ માનતો.''**

**એક ગૃહસ્થનું દૃષ્ટાંત –** કરમસદ ગામના કોઈ એક ગૃહસ્થ ગંભીરા ગામે જવા, પાસે પૈસા લઈ ત્રણ-ચાર વાગ્યે રાત્રે નીકળેલા. થોડે દૂર ગયા પછી તેમને વાડમાં કોઈ છૂપાઈ રહ્યું હોય તેમ લાગ્યું. મનમાં વહેમ પડ્યો કે કોઈને બાતમી મળી હોય કે આ રાત્રે પૈસા લઈને જવાનો છે, તેથી રાહ જોઈને છૂપાઈ રહ્યો લાગે છે. તેથી મારે પણ તેને ખબર પડે તે પહેલાં સંતાઈ જવું ઠીક છે એમ જાણી, તે એક બાજુ ઝાડવામાં લપાઈ રહ્યા અને નિર્ણય કર્યો કે તે દેખાતો બંધ થાય એટલે થાકીને જતો રહે, ત્યાર પછી આગળ જવું. એમ કરતા સવાર થયું, ત્યારે પ્રકાશમાં જણાયું કે ત્યાં કોઈ માણસ નહોતું પણ હરેરાનું થડ ધોળુ માણસ જેવું અંધારામાં લાગતું હતું. થડ છે એમ નિર્ણય થયો નહોતો ત્યાં સુધી અનેક વિકલ્પો ઊઠતા કે જો હવે ન ખસે તો પાછા જઈ પોલીસને ખબર આપી તેને પકડાવવો કે બીજા ગામ ઉપર થઈ લાંબે રસ્તે જવું; તે એકદમ દોડી આવે કે બીજાં માણસોને લઈને આવે તો શું કરવું આદિ અનેક ભય અને બચાવના વિકલ્પો તે કરતા હતા. આ બનેલા બનાવ જેવું, ગ્રંથકારે દૃષ્ટાંત આપ્યું છે કે ઝાડના ઠૂંઠાને પુરુષ માનવારૂપ ભ્રાંતિ જેને ઉત્પન્ન થઈ છે તે જેમ અનેક વિકલ્પો કરી શત્રુ-મિત્ર આદિ તરીકે તેને માને છે; તેથી તેને જીતવાની કે પ્રસન્ન આદિ કરવાની ફિકર કર્યા કરે છે; તેમ બહિરાત્મા થડ જેવા આ દેહને પોતાનું સ્વરૂપ માનવાની ભ્રાંતિમાં પડ્યો હતો, ત્યારે દેહને ઉપકારક જે જે સામગ્રી મળે તે પ્રત્યે રાગ કરતો. તેવી તેવી સામગ્રી મેળવવા મથતો, કષ્ટ વેઠતો, ખર્ચ કરતો; દેહને પ્રતિકૂળ જણાય તે પ્રત્યે દ્વેષ કરતો, તેનું અપમાન કરતો, યુદ્ધો કરતો અને તે ટાળવા ઇચ્છા રાખતો, પુરુષાર્થ કરતો અને દુઃખી પણ થતો. અનંત કાળથી જીવની આ પ્રકારની ચેષ્ટા હતી; તેથી જીવ દુઃખી દુઃખી થઈ રહ્યો હતો. (પૃ.૧૧૪)



**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત."** -શ્રીમદ્ રાજચંદ્ર-આત્મસિદ્ધિ

નળ રાજાના વિરહથી ઉન્મત્ત થયેલી દમયંતી સતી જેમ ઝાડના ઠૂંઠાને નળ રાજા માનીને પ્રેમપૂર્વક તેના તરફ જતી હતી, તેમ આત્મભ્રાંતિથી દેહને પોતાનું સ્વરૂપ જાણી આ અજ્ઞાની જીવે રત્નચિંતામણિ જેવો આ દુર્લભ માનવભવ અત્યાર સુધી દેહને અર્થે વૃથા પરિશ્રમ કરવામાં ગાળ્યો, એમ આત્મજ્ઞાન થાય ત્યારે અંતરાત્માને સમજાય છે. બહિરાત્મદશા છૂટતાં જીવનપલટો થાય છે અને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે તથા માનવદેહને મોક્ષના સાધનરૂપે વાપરે છે."

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** "ભ્રાંતિને લઈને જીવ દુઃખી થાય છે. ભ્રાંતિ એ મિથ્યાત્વ છે. દેહને આત્મા માને એ જ દુઃખનું કારણ છે. દેહને દેહ અને આત્માને આત્મા જાણે તો કર્મ ન બંધાય તેથી પછી દુઃખ ન થાય." (પૃ.૧૩૮)

## ૫૫૧. માણસ ચાહે તે કરી શકે.

માણસ ઇચ્છે તે કરી શકે, એટલી એમાં શક્તિ રહેલી છે.

**શ્રી અમરચંદજીનું દૃષ્ટાંત – સિંહરાજ! કાં બરફી ખાલો કાં મુજે ખાલો.** જયપુરમાં શ્રી અમરચંદજી જૈન હતા. રાજદરબારથી પશુઓના મ્યુઝિયમની દેખરેખ રાખવાનું કામ તેમના હાથમાં આવ્યું. તેમણે હુકમ કર્યો કે સિંહને પણ માંસ આપવું નહીં, પણ બરફી ખવરાવવી. સાત દિવસ થઈ ગયા છતાં સિંહ તે બરફી ખાતો નથી. એ સમાચાર મળતાં શ્રી અમરચંદજી પોતે સિંહના પાંજરાને ખોલી અંદર ગયા, અને બોલ્યા કે 'હે સિંહરાજ! કાં બરફી ખાલો કાં મુજે ખાલો. એ સાંભળતાં જ સિંહરાજ બરફી ખાવા લાગ્યો. તેમ માણસ ધારે તે કરી શકે. પોતાને મોક્ષે લઈ જવો હોય કે નરકે લઈ જવો હોય તે બધું પોતાના હાથમાં છે.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** "માણસમાં વિચારશક્તિ છે તેથી હાથી, સિંહ જેવાને વશ કરી લે છે. પણ તે જ શક્તિ વડે પોતાના મનને વશ કરે-જીતે તો કેટલું કલ્યાણ થાય! મનુષ્યમાં શક્તિ છે પણ તેને વિષયભોગમાં અને કષાયમાં વેડફી નાખે છે, તેને બદલે આત્માને માટે પુરુષાર્થ કરવામાં વાપરે તો દોષોને દૂર કરે." (પૃ.૧૦)

## ૫૫૨. શૌર્ય, બુદ્ધિ ઇ૦ નો સુખદ ઉપયોગ કરું.

જે કાર્ય કરવાથી મને આ ભવમાં કે પરભવમાં સુખ ઊપજે તેવા ઉત્તમ કાર્યમાં મળેલ શૌર્ય એટલે શૂરવીરતા કે બુદ્ધિનો ઉપયોગ કરું. અથવા પરહિત માટે સજ્જન પુરુષોની રક્ષા કરવામાં શૂરવીરતા વાપરું. જેમકે હનુમાન વીર કહેવાય છે તેમણે પોતાની શૂરવીરતાનો ઉપયોગ સતી સીતાજીને લાવવામાં શ્રીરામને મદદ કરવામાં કર્યો. તેમજ બુદ્ધિનો ઉપયોગ આત્મધર્મ સમજવામાં કરું તથા વ્યવહારમાં કોઈનું ભલું થતું હોય તો પણ બુદ્ધિનો સુખદ ઉપયોગ કરું.

**'દૃષ્ટાંત શતક'માંથી :– જેની પાસે બુદ્ધિ છે તેની પાસે બળ છે**

**સિંહસસલાનું દૃષ્ટાંત –** કોઈ વનમાં મદોન્મત્ત થયેલો એક સિંહ હમેશાં ઘણાં વનપશુઓને મારીને ખાઈ જતો હતો. તેમાંથી બચવા માટે એકવાર બધાં વનપશુઓ એકઠાં થઈ વિચાર કરી સિંહની



પાસે ગયા અને વિનંતી કરી : 'હે વનરાજ ! તમે દરરોજ અમારામાંથી અનેક પ્રાણીઓનો સંહાર કરો છો, તેથી થોડા દિવસમાં આખું વન પશુ વગરનું થઈ જશે; પછી ભૂખના માર્યા તમારો પણ નાશ થશે. માટે તમે આજથી વનમાં પશુ મારવા નીકળશો નહિ અને તમારી ગુફામાં બેઠા રહેજો. અમે દરરોજ પ્રાતઃકાળે એક એક પશુ તમારા આહાર માટે મોકલતા રહીશું. સિંહે તે વાત સ્વીકારી.

હવે એક દહાડો કોઈ ઘરડા સસલાનો વારો આવ્યો, ત્યારે તે સૌના કરતાં મોડો નીકળ્યો અને માર્ગમાં ઘણી વાર લગાડીને મધ્યાહ્નકાળ થવા આવ્યો ત્યારે ગયો. સિંહ ભૂખથી અકળાઈને ઘણો જ ક્રોધે ભરાયો હતો અને વિચારતો હતો કે, 'આજ તો આખા વનનાં પશુઓનો સંહાર કરી નાખું.'

એવામાં ધીમે ધીમે આવતા સસલાને જોઈને બોલ્યો : 'કેમ રે ! દુષ્ટ ! આટલી બધી વાર કેમ લગાડી ? આજ હું તારા કુળનો જ નાશ કરી દઈશ.' સસલો નીચે નમી, પગે લાગી બોલ્યો : 'મહારાજ ! મારો વાંક નથી. આ વનમાં આપના જેવો જ કોઈ બીજો સિંહ આવ્યો છે, તેણે મને રોક્યો અને ખાઈ જવાનો વિચાર કર્યો. પણ મેં કહ્યું : 'અરે અધમ ! અમારા મહારાજા મહાબળવાન છે તે જો જાણશે તો એક પળમાં તારો નાશ કરી નાખશે.' તેમ છતાં તેણે મને છોડ્યો નહીં. જેમ તેમ કરી તેની થાપટો ખાઈ નાસી આવ્યો છું. તેના પ્રહાર મને વાગ્યા છે, તેથી હું ધીમે ધીમે ચાલું છું.'

આ વચન સાંભળીને પ્રથમથી ભૂખે અકળાઈ રહેલો સિંહ ક્રોધથી બોલી ઊઠ્યો : 'અરે ! એ ચંડાલ કોણ છે, જે મારા શિકારને ખાવાની બુદ્ધિ કરે છે ! ચાલ, આગળ થા ! તે પાપીને દેખાડ, એટલે પ્રથમ તેને હણીને પછી બીજી વાત. સસલાએ માથું નમાવી વંદન કરી કહ્યું : 'મહારાજ ! અહીંથી થોડેક દૂર પેલા કૂવાના કાંઠા ઉપર તે ઊભો છે.'

પછી બંને જણ ત્યાં ગયા, ત્યારે સિંહને સસલાએ કહ્યું : 'મહારાજ તમને આઘેથી દેખીને હમણાં તે કૂવામાં સંતાઈ ગયો જણાય છે, ચાલો આપણે જોઈએ.' સિંહ વગર બોલ્યે કૂવા ઉપર ગયો અને અંદરના પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોઈ તેને સિંહ માની ગર્જના કરી. કૂવામાંથી પણ પડઘો પડ્યો અને પોતાની ગર્જના તેને સંભળાઈ; સિંહ ઊછળ્યો, કૂવામાં પડ્યો અને ડૂબીને મરી ગયો.

સિંહને પોતાની બુદ્ધિના પ્રભાવથી મારીને સસલો ઘેર ચાલ્યો અને સર્વે વન-પશુઓને તે વાતની વધામણી કહી રાજી કર્યા. કહ્યું છે કે —

''बुद्धिर्यस्य बलं तस्य निर्बुद्धेस्तु कुतो बलम् ।
वने सिंहो मदोन्मतः शशकेन निपातितः ।।''

**અર્થ** — જેનામાં બુદ્ધિ છે તેનામાં બળ છે એમ સમજવું. જેનામાં બુદ્ધિ વગરનું એકલું અંગબળ છે, તેનામાં ખરું બળ નથી. ઉપરના દૃષ્ટાંતમાં વનમાંનો સિંહ બળના મદથી ઉન્મત્ત છતાં તેને બુદ્ધિબળવાળા નિર્બળ સસલાએ પણ મારી નાખ્યો. (પૃ.૬૬)

માટે શૌર્ય કે બુદ્ધિ ઇત્યાદિનો ઉપયોગ સ્વપર હિતાર્થે કરું. પણ કોઈને દુઃખી કરવામાં કરું નહીં.

## ૫૫૩. કોઈ કાળે મને દુઃખી માનું નહીં.

સત્પુરુષ મળ્યા છે માટે કોઈ કાળે હવે મને દુઃખી માનું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :—** ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે. જેનો દૃઢ



વિશ્વાસ હોય છે, તે દુઃખી હોતો નથી, અથવા દુઃખી હોય તો દુઃખ વેદતો નથી. દુઃખ ઊલટું સુખરૂપ થઈ પડે છે.'' (વ.પૃ.૨૨૪)

''તમે અમે કંઈ દુઃખી નથી. જે દુઃખ છે તે રામના ચૌદ વર્ષનાં દુઃખનો એક દિવસ પણ નથી. પાંડવના તેર વર્ષનાં દુઃખની એક ઘડી નથી, અને ગજસુકુમારના ધ્યાનની એક પળ નથી, તો પછી અમને એ અત્યંત કારણ ક્યારેય જણાવું સંભવતું નથી.'' (વ.પૃ.૩૭૪)

''વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે. માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે; પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે; અને જ્ઞાનીપુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે. અને તમને તે કરવી ઘટતી નથી. વિચારવાનને શોક ઘટે નહીં, એમ શ્રી તીર્થંકર કહેતા હતાં.'' (વ.પૃ.૩૯૪)

આત્મા મૂળ સ્વરૂપે અનંતસુખનું ધામ હોવાથી કોઈ કાળે મને દુઃખી માનું નહીં. ''સ્વયંજ્યોતિ સુખધામ' એ વાક્યનો ઊંડો વિચાર કરું.

**'મોક્ષમાળા પ્રવેશિકા'માંથી :– આ જગતમાં મારા જેવી કોઈ દુઃખી હશે?**

**નિર્નામિકાનું દૃષ્ટાંત –** ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં નંદી નામે એક ગામ હતું. ત્યાં એક નિર્ધન વણિક રહેતો હતો. માંડ માંડ આજીવિકા જેટલું તે કમાતો. ઉપરાઉપરી તેને સાત પુત્રીઓ થઈ. ફરી સ્ત્રીને ગર્ભ રહ્યો. હવે વિચાર્યું કે જો પુત્રી થઈ તો હું ઘર છોડી ચાલ્યો જઈશ. કર્મયોગે પુત્રીનો જ જન્મ થયો. તેથી તે ચાલ્યો ગયો. તેની મા પણ આ પુત્રી ઉપર અભાવવાળી થઈ. તેથી તેનું નામ પણ રાખ્યું નહીં.

એક દિવસે નિર્નામિકાએ લાડું ખાવાની હઠ લીધી ત્યારે માએ કહ્યું લાડું તો શું પણ ખાવાનુંય નહીં મળે. જંગલમાં જઈ લાકડા લઈ આવે તો ખાવાનું મળશે. તેથી તે જંગલમાં લાકડા લેવા ગઈ. લાકડાનો ભારો લઈને આવતી હતી ત્યાં ઘણા માણસાને પર્વત ઉપર ચઢતા જોઈ પૂછ્યું કે તમે બધા ક્યાં જાઓ છો? તેઓએ કહ્યું - કેવળી ભગવાન આ પર્વત ઉપર પધાર્યા છે. તે સાંભળી તે પણ ભારો ત્યાંજ મૂકીને ભગવાન પાસે ગઈ. ભગવાનની દેશના સાંભળી નિર્નામિકાએ ભગવાનને પૂછ્યું –આ જગતમાં મારા જેવી કોઈ દુઃખી હશે? પછી ભગવાને નરકના દુઃખ, તિર્યંચના દુઃખ, મનુષ્યના દુઃખ, દેવલોકના દુઃખનું વર્ણન કર્યું. તે સાંભળી નિર્નામિકા બોલી હે ભગવાન! આવું દુઃખ તો મને નથી. પણ હવે હું એવું શું કરું કે જેથી મારે આ સંસારના દુઃખ ભોગવવા ન પડે?

કેવળી ભગવાને તેને બારવ્રત સમજાવ્યાં. તે એને બહુ ગમ્યાં. તેથી તે વ્રતો અંગીકાર કરી પોતાના ઘેર ગઈ અને ધર્મનું આરાધન કરવામાં જીવન વિતાવ્યું. અંતે અનશન કરીને દેવગતિ પામી. દેવલોકમાં શ્રી ઋષભદેવ ભગવાનનો જીવ લલિતાંગ દેવરૂપે હતો તેની તે પટ્ટદેવી થઈ. જ્યારે શ્રી ઋષભદેવ ભગવાન થયા ત્યારે નિર્નામિકાનો જીવ બાહુબળીજીના પુત્રનો પુત્ર શ્રેયાંસકુમાર થઈ ભગવાનને શેરડીના રસનું પારણું કરાવી તેજ ભવમાં મોક્ષને પામ્યાં.

## ૫૫૪. સૃષ્ટિનાં દુઃખ પ્રનાશન કરું.

સૃષ્ટિમાં જે દુઃખ છે તેનું કારણ રાગદ્વેષ અજ્ઞાન છે. માટે જ્ઞાનીપુરુષોના ઉપદેશવડે અજ્ઞાનનો નાશ કરી કામ ક્રોધાદિ કષાયભાવોને નિર્મૂળ કરવા પ્રયાસ કરું. જેથી મારી મોહમય રચેલ સૃષ્ટિના દુઃખનો નાશ થાય તથા સૃષ્ટિમાં રહેલ સર્વ જીવોનું સર્વ પ્રકારે દુઃખ નાશ પામો એવી ભાવના કર્યા કરું.



**'નિત્યનિયમાદિ પાઠ'માંથી -**

**''સુખી રહે સબ જીવ જગતકે, કોઈ કભી ન ઘભરાવે,**
**વૈર પાપ અભિમાન છોડ જગ, નિત્ય નયે મંગલ ગાવે;**
**ઘર ઘર ચર્ચા રહે ધર્મકી, દુષ્કૃત દુષ્કર હો જાવે,**
**જ્ઞાન ચરિત ઉન્નત કર અપના, મનુજ જન્મફલ સબ પાવે.''** -પૃ.૩૧૨

## ૫૫૫. સર્વ સાધ્ય મનોરથ ધારણ કરું.

આત્મકલ્યાણમાં સહાયક એવા સર્વ સાધ્ય એટલે સર્વને સાધવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય મનોરથ ધારણ કરું. જેમકે સાચા દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે મને શ્રદ્ધા થાય, વિષયકષાય મારા મંદ પડી જાય, ક્રમે કરી સંપૂર્ણ ક્ષીણ થાય. હું સમ્યગ્દર્શન પામું, શ્રાવકપણું પામું અને અંતે મુનિ બની સર્વ સંગ પરિત્યાગી થઈ કેવળજ્ઞાન પ્રગટાવું. એવા મનોરથોને ધારણ કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–**

**''સંશયબીજ ઊગે નહીં અંદર, જે જિનનાં કથનો અવધારું;**
**રાજ્ય સદા મુજ એ જ મનોરથ, ધાર થશે અપવર્ગ ઉતારું.''** -પૃ.૯૦

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''પ્રશ્ન કરતાં, ઊંડા ઊતરતાં સંશય ન કરે. ગમે તેટલું ઊંડું વિચારું પણ મને જિનભગવાનના વચનમાં સંશયરૂપ બીજ ન ઊગો. મને ન સમજાય તો પણ સંશય ન કરું. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે મારો સદા એ જ મનોરથ છે તેને તું ધારણ કર કે જેથી અપવર્ગ એટલે મોક્ષનો ઉતારુ-મુસાફર થઈશ. મિથ્યાત્વ ક્ષય કરી મોક્ષનો મુસાફર થઈને અવશ્ય મોક્ષે જઈશ.'' (પૃ.૧૧૧)

**'આલોચનાદિ પદ સંગ્રહ'માંથી :–**

**''પરિગ્રહ મમતા તજી કરી, પંચ મહાવ્રત ધાર;**
**અંત સમય આલોચના, કરું સંથારો સાર.**
**તીન મનોરથ એ કહ્યા, જો ધ્યાવે, નિત મન્ન;**
**શક્તિ સાર વર્તે સહી, પાવે શિવસુખ ધન્ન.''** (પૃ.૩૨)

**'બોધામૃત ભાગ-૨'માંથી :–** ''શ્રાવક એટલે જેને મુનિ થવાની ભાવના છે. 'મુનિપણું પાળવા જેટલી મારી શક્તિ નથી, એટલે હું શ્રાવક રહું છું.' એમ કરી ભાવમુનિ રહે છે. શ્રાવક રોજ સવારમાં ઊઠી વિચારે કે હું પાંચ મહાવ્રત ક્યારે પ્રાપ્ત કરીશ? હું પાપથી ક્યારે છૂટીશ? મારે સમાધિમરણ કરવું જ છે. એમ ત્રણ મનોરથ રોજ ચિંતવે.'' (બો.પૃ.૩૮૩)

## ૫૫૬. પ્રત્યેક તત્ત્વજ્ઞાનીઓને પરમેશ્વર માનું.

જે જ્ઞાનીપુરુષોએ શુદ્ધ આત્માનો અનુભવ કર્યો છે એવા શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ ભગવંતને પરમેશ્વર માનું. એ પંચ પરમગુરુને પંચ પરમેષ્ઠિ પણ કહેવાય છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''શ્રીમાન પુરુષોત્તમ શ્રી સદ્ગુરુ અને સંત એ વિષે અમને ભેદબુદ્ધિ છે જ નહીં. ત્રણે એકરૂપ જ છે. (વ.પૃ.૨૩૭)

''તથારૂપ ઓળખાણ થયે સદ્ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ રાખી તેમની આજ્ઞાએ પ્રવર્તવું તે 'પરમ



વિનય' કહ્યો છે. તેથી પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ પરમ વિનય જ્યાં સુધી આવે નહીં ત્યાં સુધી જીવને જોગ્યતા આવતી નથી.'' (વ.પૃ.૨૮૯)

**'બોધામૃત ભાગ-૨'માંથી :–** ''સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ થઈ જાય તો પછી પરમ પ્રેમથી અર્પણબુદ્ધિ કરે.'' (પૃ.૬૨)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** મોહની મીઠાશ ઓળખી તેને તજવા બળ કરનાર મુમુક્ષુદશા પામે છે. તે મુમુક્ષુતારૂપ નેત્રો વિના સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ થવી કે દેખાવી વિકટ છેજી.'' (પૃ.૨૬૨)

## ૫૫૭. પ્રત્યેકનું ગુણતત્ત્વ ગ્રહણ કરું.

પંચ પરમેષ્ઠિમાં અનંતગુણ છે. તે શાસ્ત્રો દ્વારા જાણી, યથાશક્તિ તે ગ્રહણ કરવાનો પુરુષાર્થ કરું તથા પ્રત્યેક પ્રાણીમાંથી ગુણ ગ્રહણ કરવાનો અભ્યાસ કરું. દોષ દૃષ્ટિ ન કરું.

**યુધિષ્ઠિરનું દૃષ્ટાંત –** યુધિષ્ઠિરને ગુરુએ કહ્યું કે એક દોષીને શોધી લાવ. યુધિષ્ઠિર આખા શહેરમાં ફર્યો પણ ક્યાંય દોષવાળો વ્યક્તિ જણાયો નહીં. બધામાં તેને કંઈ ને કંઈ ગુણ દેખાયા. તેથી ગુરુ પાસે આવી કહ્યું કે બધા દોષોનો ભંડાર તો હું જ છું, એમ જેને ગુણ જોવાની દૃષ્ટિ હોય તે તો ગમે ત્યાંથી ગુણને જ ગ્રહણ કરે. તેમ હું પણ પ્રત્યેકમાંથી ગુણ ગ્રહણ કરું કે જેથી મારો આત્મા સદા આનંદમાં રહે.


**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :–**

**શ્રી કૃષ્ણનું દૃષ્ટાંત –** ''કોઈ વખત સૌધર્મ દેવલોકમાં સમગ્ર દેવોની સભા ભરાઈ હતી, તે વખતે સર્વ દેવોની સમક્ષ ઇન્દ્રે કહ્યું કે ''અહો! કૃષ્ણ વગેરે એવા સત્પુરુષ છે કે જેઓ લાખ દોષમાંથી પણ ગુણને જ ગ્રહણ કરે છે, તથા નીચયુદ્ધ વડે યુદ્ધ કરતા નથી.'' તે સાંભળીને એક દેવતાને તેના વાક્યપર શ્રદ્ધા બેઠી નહીં, તેથી તેણે વિચાર્યું કે ''એવું કેમ સંભવે? પરદોષનું ગ્રહણ કર્યા વિના કોઈ માણસ રહી શકતું જ નથી.'' એમ વિચારીને તે દેવતા મૃત્યુલોકમાં આવ્યો અને દ્વારકાનગરીના રાજમાર્ગમાં એક ભયંકર અને અતિ દુર્ગંધવાળા કાળા કૂતરાનું મૃતક વિકુર્વીને મૂક્યું. તે કૂતરાના મુખમાં કુંદ પુષ્પના જેવી શ્વેત અને સુશોભિત દંતપક્તિ વિકુર્વી. તેવામાં શ્રી નેમિનાથને વાંદવા માટે કૃષ્ણવાસુદેવ સર્વ સૈન્ય સહિત નીકળ્યા. રાજમાર્ગમાં ચાલતા સૈનિકો દૂરથી જ શ્વાનની દુર્ગંધ આવવાથી આડે માર્ગે ચાલ્યા. વાસુદેવે તેનું કારણ પૂછ્યું, ત્યારે તેઓએ કૂતરાનું મૃતક બતાવ્યું. તેની પાસે જઈને કૃષ્ણે કહ્યું કે ''પુદ્ગલના નાના પ્રકારના સ્વભાવો હોય છે, તેમાં હર્ષ શોક કરવા જેવું નથી. પરંતુ જુઓ, એનું શરીર તો કૃષ્ણ વર્ણનું છે; પણ દાંત કેવા શ્વેત છે. તે મરકતમણિ જે કૃષ્ણ વર્ણની હોય પણ તેના ભાજનમાં ગોઠવેલી મુક્તાવલીની જેવા તે શોભે છે.'' તે સાંભળીને પેલા દેવતાએ વિચાર્યું કે ''ખરેખર આ વાસુદેવનું સેંકડો દોષોને મૂકીને પર ગુણગ્રાહીપણું છે તે સત્ય છે.'' (પૃ.૨૩૮) એમ પ્રત્યેકમાંથી ગુણ ગ્રહણ કરું.

**'દૃષ્ટાંતશતક'માંથી :–** ''સંસારમાં જે જીવો ગુણગ્રાહક હોય છે. તે સુખી હોય છે અને ઉપરના ઉદાહરણમાં કહેલા શ્રી કૃષ્ણની પેઠે જેઓ દંતરૂપી ગુણ જોનારાઓ છે, તેમને ઉત્તમ જાણવા. ઉદાર પ્રકૃતિવાળા મનુષ્યો બીજાઓના દોષ જોવા કરતાં ગુણમાત્ર જોઈને આનંદ પામે છે; કેમકે તેઓ એમ સમજે છે કે દોષથી ભરેલું તો આખું વિશ્વ છે, પણ તેમાં જો કાંઈ વખાણવા લાયક હોય તો તે માત્ર ગુણ છે.

પુરુષ એવું નામ તો બધાનું છે. પણ દૂધ અને પાણી મિશ્ર કરીને મૂક્યાં હોય ત્યારે તેમાંથી દૂધને જાુદું પાડી પી જાય અને પાણીને પડ્યું રાખે તે જ હંસ કહેવાય; અર્થાત્ ગુણગ્રાહી પુરુષ હંસની પેઠે શ્રેષ્ઠ

# ગુણગ્રાહી શ્રીકૃષ્ણ



શ્રી કૃષ્ણે
ગંધાતા કૂતરામાંથી
દાંત જોઈ ગુણ ગ્રહ્યો



છે. જગતમાં પારકા દોષ જોનારા તો અસંખ્ય છે; પણ પારકા ગુણ જોનારા કોઈક જ છે. તેમાંય વળી પોતાના દોષ પોતે જ જાણનારા પાંચ કે છ હોય કે ન પણ હોય.'' (પૃ.૧૦૦)

**'મોક્ષમાળા પ્રવેશિકા'માંથી :–** ''જેમની આપણે ભક્તિ કરીએ છીએ તેમનું નામ લઈએ તે વખતે આપણને તેમના ગુણો, ઉપકારો સ્મૃતિમાં આવે તો જ ચિત્તમાં પ્રેમભાવ જાગે, અને પ્રમાદ જાય. 'અરિહંત'નામ બોલતાં બાર ગુણોમાંથી દિવ્યધ્વનિ આદિથી આપણને જે કંઈ ઉપકાર થયેલો સમજાય, 'સિદ્ધ' બોલતાં અનંતસુખ આદિ ગુણોમાંથી એકાદની સ્મૃતિ થઈ તેની ભાવના થાય, 'આચાર્ય' બોલતાં શાસનનો આચાર શીખવનાર કે ધર્મના સ્તંભરૂપ છે, એનો ઉપકાર સ્ફુરે, 'ઉપાધ્યાય' બોલતાં તેમનો શાસ્ત્રસ્વાધ્યાય કે શિખામણ આપણી સ્મૃતિમાં આવે તથા 'સાધુ' શબ્દ બોલતાં તેમની દયા કે જિતેન્દ્રિય ગુણ પ્રત્યે પ્રમોદભાવ જાગે તો પંચપરમેષ્ઠી મંત્રની માળા ગણી લેખે આવે. આ પ્રમાણે આપણને લાભ થતો હોય તેવી બાબતમાં મન જરૂર ચોટે, પણ માત્ર જીભે શબ્દ બોલાય અને મણકા હાથમાં ફર્યા કરે ત્યાં મન કેવી રીતે ચોટે? માટે આપણને લાભ થાય તેવી રીતે ધર્મક્રિયા કરવી ઘટે છે. (પૃ.૧૭૮)

**'સાદી શિખામણ'માંથી :– શ્વાનના દશ ગુણો સંત પુરુષો લે છે –**

(૧) ભૂખ્યું રહેવું. (૨) ગૃહરહિતપણે રહેવું. (૩) સારી રાત જાગવું, અલ્પમાત્ર નિદ્રા. (૪) મર્યા પછી પાસે કાંઈ નીકળે નહીં. (૫) સ્વામીનું દ્વાર ન છોડવું. (૬) થોડું મળે તેમાં સંતોષ. (૭) જ્યાં બેઠો હોય ત્યાંથી કોઈ ઊઠાડી મૂકે તો ઊઠી જવું. (૮) કોઈ પાસે કાંઈ માંગવું નહીં. (૯) કોઈ બોલાવે ત્યાં જવું. (૧૦) કોઈ મારે તો ધરતી સામું જોઈ માર સહન કરવો. (પૃ.૬૩)

## ૫૫૮. પ્રત્યેકના ગુણને પ્રફુલ્લિત કરું.

કોઈના પણ ગુણ જોઈ રાજી થાઉં અને બીજા પાસે પણ તે ગુણોની પ્રશંસા કરું.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** **''ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ''** – જેમને શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત થયું છે એવા આત્મજ્ઞાની તે ખરા ગુણી છે. તેમના ગુણોમાં અનુરક્ત થવું એ ખરી ભક્તિ છે. રાગને જીતવા પ્રશસ્ત રાગની જરૂર છે. ''પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો; ગુણ ચિંતન કરો.'' (૮૫) મુખ્યત્વે સમ્યક્દર્શનજ્ઞાનચરિત્ર એ ગુણ છે. માર્ગાનુસારીમાં પણ સરળતા, પવિત્રતા વગેરે ગુણો હોય. ગુણ જોતાં આવડે તો ગુણ પ્રાપ્ત થાય. મોક્ષે ગયા છે તેના ગુણો યાદ આવે તો બધા દોષો ધોવાઈ જાય.'' (પૃ.૨૨૭)

**વસિષ્ઠઋષિનું દૃષ્ટાંત –** વસિષ્ઠઋષિ બાલબ્રહ્મચારી વિશ્વામિત્રને દિવસમાં અનેકવાર વંદન કરતા. પણ વિશ્વામિત્ર જ્યારે સભામાં આવે ત્યારે વસિષ્ઠઋષિ તેમને કહે કે આવો રાજર્ષિ. તેથી વિશ્વામિત્ર ક્રોધ પામી વસિષ્ઠના એક એક કરતાં અનેક પુત્રોને મારી નાખ્યા. તો પણ વસિષ્ઠઋષિ વિશ્વામિત્રના વખાણ જ કરતા. એક દિવસ વિશ્વામિત્ર વસિષ્ઠઋષિને મારી નાખવા માટે આવીને સંતાઈ રહ્યા. તે સમયે વસિષ્ઠઋષિની પત્નીએ કહ્યું : બહાર ચંદ્રમાની ચાંદની કેવી શોભી રહી છે. ત્યારે વસિષ્ઠઋષિ બોલ્યા કે વિશ્વામિત્રનું જેવું તપ જળહળતું છે તેવી શોભી રહી છે. તે સાંભળી વિશ્વામિત્ર તરવાર નાખી વસિષ્ઠઋષિના પગમાં આવીને પડ્યા. એમ બીજાના વખાણ કરી ગુણોને પ્રફુલ્લિત કરું, અર્થાત્ ઉત્તેજન આપું.



**'પ્રજ્ઞાવબોધ' માંથી :–** **''અન્યના ગુણાંશ આ ગિરિ સમા પ્રશંસતા,**
**પ્રફુલ્લ તરુ કદંબ શા સુસંત વિરલ જાણ એ.''** મૈત્રી૦ ૯

**અર્થ** – અન્યના અલ્પગુણને પણ પહાડ સમાન માની તેની પ્રશંસા કરું. કદંબ નામના ફુલનું ઝાડ વિશાળરૂપે પ્રફુલ્લિત થાય છે. તેમ કોઈ વિરલા સત્પુરુષો જ બીજાના ગુણો જોઈ અતિ પ્રફુલ્લિત થાય છે. ।।૯।।

**''ગાય ઘાસ ખાય તોય દૂધ તો અમૃત જોય,**
**જલધિમૂલ જલદનું ફલ ઇક્ષુરસ સમાન છે.'' મૈત્રી૦ ૧૦**

**અર્થ** – ગાય ભલે ઘાસ ખાય પણ તેનું દૂધ અમૃત સમાન છે. એમ ગાયમાંથી ગુણ ગ્રહણ કરું. મેઘ ખારા પાણી જેવા સમુદ્ર જળને લઈને વાદળારૂપ બની વરસે છે. પણ તેજ વરસાદ શેરડીમાં પડતા ઈક્ષુરસરૂપ મીષ્ટ ફળ આપે છે.

**''ગુંણગ્રાહીં દત્તાત્રય અનેક ગુરુ–ગુણાલય,**
**ગુંણધામ લોકત્રય ગુણાનુરાગવાનને.'' મૈત્રી૦ ૧૧**

**અર્થ** – દત્તાત્રય ગુણગ્રાહી હતા. ગુણોના ઘરરૂપ તેમના અનેક ગુરુ હતા. ગુણાનુરાગી ત્રણે લોકમાંથી ગુણોને ગ્રહણ કરે છે, તેથી તે ગુણોના ઘરરૂપ બની જાય છે. ।।૧૧।।

## ૫૫૯. કુટુંબને સ્વર્ગ બનાવું.

સંપ અને સદ્ગુણો વડે સ્વયં ઉત્તમ ગૃહસ્થની જેમ વર્તી કુટુંબને ધર્મમાર્ગે વાળું તો પોતાનું ઘર સ્વર્ગ જેવું બને.

**'પુષ્પમાળા વિવેચન'માંથી :–** ''(૯૨) તારું, તારા કુટુંબનું, મિત્રનું, પુત્રનું, પત્નીનું, માતાપિતાનું, ગુરુનું, વિદ્વાનનું, સત્પુરુષનું યથાશક્તિ હિત, સન્માન, વિનય, લાભનું કર્ત્તવ્ય થયું હોય તો આજના દિવસની તે સુગંધી છે.''

સુગંધવાળુ પુષ્પ હોય તે દેવપૂજા વગેરેના કામમાં આવે તેમ ઉપર જણાવેલા કામ જો થયાં હોય તો આજનો દિવસ લેખે આવ્યો અર્થાત્ સુગંધવાળો થયો ગણાય. નહીં તો માત્ર દિવસ દેખવા પૂરતો હતો. જેમ સુગંધરહિત આવળનાં ફુલ દેખાય તેમ. વાક્યમાં બધાની પહેલા 'તારું' એમ પરમકૃપાળુદેવે લખ્યું છે. પ્રથમ પોતાના આત્માનું હિત પછી બીજા બધાનું માન, સન્માન લાભનું કામ (કર્તવ્ય) કરવા યોગ્ય છે. તારા આત્માના કલ્યાણ અર્થે, તારા કુટુંબનું હિત કે સત્પુરુષનો વિનય વગેરે બધા યથાશક્તિ કર્તવ્ય છે. આજનો દિવસ જીવવાનો મળ્યો તો પોતાના કે પરના હિતને અર્થે ગાળવા યોગ્ય છે; એ આ વાક્યનો સાર છે. માત્ર આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાઓ પોષવા માટે તો પશુઓ પણ પ્રવર્તે છે પણ જે –

**''પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે.**
**એ ગુણ રાજ તણો ન વિસારું, સંભારું દિનરાત રે.''** – આઠ દૃષ્ટિની સજ્ઝાય

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''માબાપનો ઉપકાર છે તે બીજા કશાથી વળે તેમ નથી. તેમને પણ ધર્મ પમાડે તો જ ઉપકાર વળે, તેથી તેમને ચર્ચા વગેરેથી ધર્મ પમાડે. પોતાથી ન સમજે એમ હોય તો મુનિ દ્વારા પ્રેરણા કરે. કૃપાળુદેવે પોતાની માતાને 'જ્ઞાનાર્ણવ'મુનિને વહોરાવવા સૂચના કરી પછી મુનિશ્રી પાસે તેમને બોધ અપાવ્યો હતો. ઘરમાં જે કામ થતાં હોય તેમાં પણ સ્વચ્છતા અને યત્ના રખાવે.



વિચક્ષણતાથી વર્તી પોતાનું વર્તન ઉત્તમ રાખે તેથી બીજાને અસર થાય. સ્ત્રી, બાળકો બધા ધર્મપ્રેમી અને વિનયી બને. કુટુંબના નાના મોટા સઘળા માણસોમાં સંપ રહે તેમ કરે. કુટુંબનું વાતાવરણ સારું હોય તેથી બાળકો સારી રીતે વર્તતાં શીખે, દેખે તેવું કરે.'' (પૃ.૨૯)

**'જૈન હિતોપદેશ'માંથી :—** માતાપિતાની સેવા કરી ધર્મ માર્ગે વાળું. ''માતાપિતાની આજ્ઞામાં રહેવું, તેમને પૂજનારા થવું, નિત્ય પ્રાતઃકાલે તેમને વંદન કરવું. પરદેશ જતી વખતે અને આવીને પણ વિનયપૂર્વક પાદપૂજન કરવું. જો વૃદ્ધ થયા હોય તો તેમને ખાવાપીવાની તેમજ પહેરવા ઓઢવાની શક્તિ મુજબ તજવીજ રાખવી. કોઈ વખતે પણ ક્રોધ કરવો નહીં. કટુવચન વાપરવા નહીં, તેમના આદેશનું ઉલ્લંઘન કરવું નહીં. કદાપિ ગેરવ્યાજબી નહિ કરવા યોગ્ય કામ બતાવે તો મૌનવૃત્તિ ધરવી. અયોગ્ય કર્મ કરવાથી થતા ગેરફાયદા વિનયપૂર્વક સમજાવવા પ્રયત્ન કરવો. તેમનો આપણા ઉપર અવર્ણનીય ઉપકાર છે. માતાએ નવમાસ સુધી ઉદરમાં રાખી ભાર વહન કરી, અનેક વેદનાઓ આપણે માટે સહન કરી છે; વિષ્ટા, મૂત્રાદિ સાફ કરવા. આપણું વારંવાર પ્રક્ષાલન કર્યું છે, વળી આપણે વ્યાધિ ભોગવતા હોઈએ તે વખતે ક્ષુધા, તૃષા, વેઠી અનેક ઉપચારો કરી, આપણું શુદ્ધ બુદ્ધિથી પાલન કરેલ છે. એ સિવાય પરોક્ષ રીતે તેમના ઉપકારનો ઝરો નિરંતર વહ્યા કરેલ છે. માતાપિતા તો જગતમાં કલ્પવૃક્ષ સમાન છે. અંતિમ તીર્થંકર મહાવીર સ્વામી ત્રિશલાદેવીના ઉદરમાં આવ્યા પછી માતા દુઃખી થશે, એમ ધારી કિંચિત્ વખત અચલાયમાન રહ્યા; તેટલામાં તો માતાએ અનેક કલ્પાંત કર્યાં, મૂર્ચ્છા ખાઈ ધરતી ઉપર ઢળી પડ્યાં. તેજ વખતે ભગવંતે અભિગ્રહ કર્યો કે માતા પિતા સ્વર્ગે ગયા પછી જ દીક્ષા ગ્રહણ કરીશ. અહો પુત્રની પૂજનીક બુદ્ધિ તરફ દૃષ્ટિ કર્તવ્ય છે. રામ અને લક્ષ્મણ તેમજ પાંડવોએ માતાપિતાની જે સેવા કરી છે, તેનું વર્ણન સહસ્ત્ર જિવ્હાથી કરવું મુશ્કેલ છે. તેમના કરેલા ઉપકારનો બદલો આપણે વાળી શકવાના નથી. તોપણ નિરંતર તેમને ધર્મને રસ્તે જોડવા પ્રયત્ન કરી તેમની સેવા કરવી. (પૃ.૧૨૨/૩)

આવું વર્તન કુટુંબ પ્રત્યે કરે તો કુટુંબ સ્વર્ગ જેવું બને.

## ૫૬૦. સૃષ્ટિને સ્વર્ગ બનાવું તો કુટુંબને મોક્ષ બનાવું.

પોતે સદાચારમાં વર્તી સૃષ્ટિમાં રહેલા જીવોના કષાય-કલેશ ઓછા થાય એવી વાર્તા કરું. જેથી તેમના કષાયો મંદ થાય કે ઇન્દ્રિય સંયમ પાળવાની વૃત્તિ જાગે તો તે જીવોને પણ સ્વર્ગે જવાનું કારણ થાય. પ્રથમ સૃષ્ટિને સ્વર્ગ બનાવું એના ઉપર એક દૃષ્ટાંત નીચે મુજબ છે :—

**મેઘરાજાનું દૃષ્ટાંત – પ્રજાનું હિત ઇચ્છી સૃષ્ટિને સ્વર્ગ જેવી બનાવી.** રંગાવતી નગરીમાં લક્ષ્મીપતિ નામનો રાજા ન્યાયપૂર્વક રાજ્ય કરે છે. તેમની રાણી કમળાવતી દયાળુ અને પરોપકારી છે. તેમનો પુત્ર મેઘકુમાર છે. ગુરુકુળમાં ૭૨ કળાઓ શીખ્યો. મંત્રીએ પરીક્ષા કરવા ચાર પ્રશ્નો પૂછ્યા. તે આ પ્રમાણે—(૧) સંસારમાં સૌથી મોટું બળ શું? કુમારે કહ્યું—આત્મબળ. (૨) સૌથી મોટું તીર્થ કયું? માતાપિતા. (૩) સૌથી મોટો ધર્મ કયો? સેવા. (૪) રાજાનું પ્રથમ કર્તવ્ય શું? પ્રજાનું હિત કરવું. રાજ્યને યોગ્ય થયો ત્યારે મેઘકુમારનું રાજતિલક કરી રાજ્યાસન ઉપર બેસાડ્યો. રાજા થયા પછી તેણે મંત્રીને કહ્યું—મારા રાજ્યના પાંચ આદેશ છે. તે સભાસદોને સંભળાવો. (૧) પશુપક્ષીની હિંસા થવી ન જોઈએ. (૨) પ્રજાને ખાનપાન શુદ્ધ અને યથાયોગ્ય મળે. (૩) વેપારીઓ સ્વેચ્છાએ રાજકોષમાં કર જમા કરાવી દે. (૪) રાજ્યમાં અશરણ, વૃદ્ધોને સહાય મળશે. (૫) સર્વ ધર્મ સંપ્રદાયના લોકો પરસ્પર પ્રેમ, આદરભાવથી રહે.



આ બધું સાંભળીને આજુબાજુના રાજાઓને ઈર્ષા થઈ. જેથી પાંચ રાજાઓએ એકઠા મળી મેઘકુમારનું રાજ્ય લેવા રંગાવતી પર આક્રમણ કર્યું. રાજાએ મંત્રીને સૈન્યની તૈયારી કરવા જણાવ્યું. સાંજે મેઘકુમારે પોતાની રાણી મદનમંજરીને લડાઈની વાત કરી. તેણીએ કહ્યું—યુદ્ધ કરવાથી નિરપરાધી વ્યક્તિઓ બિચારા માર્યા જશે. માટે યુદ્ધ ન કરવું પડે એવો ઉપાય કરો. રાજા કહે આપણે માથે આવે ત્યારે યુદ્ધ કરવું પડે. રાણી કહે—યુદ્ધમાં પ્રજાના માણસો મરે એના કરતાં તો તે રાજાઓને આપણું રાજ્ય આપી દઈએ. આપણે સંયમ લઈ લઈશું. ત્યારે રાજા કહે—તેઓ એમ સમજશે કે આ રાજા તો અમારે શરણે આવી ગયો. ત્યારે રાણીએ ચિડાઈને કહ્યું તો જાઓ શસ્ત્ર ઉઠાવો, યુદ્ધનો ઘમસાન માંડો અને નિરપરાધી મનુષ્યોના ખુન કરી પોતાની કીર્તિને અમર કરો. એ સાંભળી રાજાનું પણ મન ફર્યું અને કહ્યું આપણે હવે યુદ્ધ કરવું નથી. ત્યારે રાણી બોલી—હજારો લોકોનું ભલું થશે.

રાજાએ બીજે દિવસે દુતને મોકલી પાંચે રાજાઓને જણાવ્યું કે અહીંના રાજા લોકોની શાંતિને ઇચ્છે છે. માટે મંત્રણા કરવા બધાને રાજમહેલમાં બોલાવે છે. ત્યારે તેમણે કહ્યું મંત્રણાને નામે અમને કેદ કરી લે તો. દુતે કહ્યું—તમને વિશ્વાસ ન હોય તો અમારા રાજા એકલા તમારી પાસે આવશે. પછી તેમણે રાજસભામાં આવવાની હા કહી. મંત્રણા સમયે મેઘકુમાર રાજાએ કહ્યું—રાજસત્તા માટે મારી પ્રજાનું ખુન કરવા હું ઇચ્છતો નથી. ત્યારે બીજા રાજાઓએ કહ્યું—તો અમારી આધીનતા સ્વીકારો. મેઘરાજાએ કહ્યું—થોડો સમય આપો, હમણાં આવું છું. રાજા રાણી બન્ને સફેદ કપડાં પહેરી મંત્રણા કક્ષમાં આવ્યા. તે જોઈ રાજાઓ આશ્ચર્ય પામ્યા. મેઘરાજાએ કહ્યું—તમને રાજ્ય સોંપી હું નિશ્ચિંત થઈ ગયો. હવે મને આત્મ-સાધન કરવાનો અવસર મળી ગયો. એ સાંભળી બીજા રાજાઓએ આગ્રહપૂર્વક મેઘરાજા ઉપર પાછું મુગટ મૂક્યું અને બધા રાજાઓ મિત્ર બની ગયા. આખી રંગાવતી સ્વર્ગ જેવી દેખાવા લાગી. કૃપાળુદેવે લખ્યું કે સૃષ્ટિને સ્વર્ગ બનાવું? તેમ આ રાજાએ કરી બતાવ્યું.

કુટુંબને મોક્ષયોગ્ય બનાવવા સત્સંગમાં લઈ જાઉં, કે જેથી તે જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધે, તેથી ઘરમાં મોહનું તથા ક્લેશનું વાતાવરણ મટી જાય અને નિર્દોષ પ્રેમનું વાતાવરણ સર્જાય તો મોક્ષનો માર્ગ પ્રાપ્ત થાય. નિર્મોહી કુટુંબના દૃષ્ટાંતમાં બધાને જ્ઞાનીપુરુષનો યોગ થવાથી એક બીજા પ્રત્યે મોહ રહ્યો નહીં. તેથી આખું કુટુંબ મોહરહિતપણે રહેતું હતું. તેમ કુટુંબને સત્પુરુષનું શરણ અપાવી નિર્મોહી કરી મોક્ષસ્વરૂપ બનાવું.

**સતી મદાલસાનું દૃષ્ટાંત – સંસ્કારધન સર્વોત્તમ.** એક રાજા હતો. તેની રાણી મદાલસા સતી હતી. તેને આઠ પુત્રો થયા. તે બાળકોને ઝુલાવતી ઝુલાવતી મહાપુરુષોના ચરિત્રો સંભળાવતી અને વળી બોલતી કે, ''શુદ્ધોસિ, બુદ્ધોસિ, નિરંજનોસિ, સંસારમાયા પરિવર્જિતોસિ.'' એ ગાથા બોલવાથી નિર્દોષ બાળકોના અંતરમાં દૃઢ સંસ્કાર પડ્યા અને તેના સાતે છોકરાઓએ દીક્ષા લઈ લીધી. પછી એક છોકરો બાકી રહ્યો. ત્યારે રાજાએ કહ્યું કે એક તો રાજ્ય માટે રહેવા દો. પછી રાજાએ તે પુત્રને રાજ્ય આપી પોતે બન્નેએ દીક્ષા લીધી. તે છોકરાએ પણ





પોતાને પુત્ર થયો કે તરત જ રાજ્ય આપી દીક્ષા લઈ લીધી. એમ સંસ્કાર કેવાં કામ કરે છે. ખરેખર બાળકોને સંસ્કારધન આપવા જેવું છે. જેથી કોઈ દિવસ દુઃખ આવે તો પણ આ કર્મનું ફળ છે એમ સમજી તેઓ સમતાભાવ રાખી શકે. એવી રીતે સંસ્કારધનવડે કુટુંબને મોક્ષમાર્ગે ચઢાવું.

## ૫૬૧. તત્વાર્થે સૃષ્ટિને સુખી કરતાં હું સ્વાર્થ અર્પું.

બીજા જીવોને તત્ત્વની સમજ આપવાનું કામ ખરી રીતે તો સત્પુરુષો જ કરી શકે. તેઓ નિઃસ્વાર્થી, નિષ્કારણ કરુણાશીલ સ્વભાવવાળા હોય છે. યોગ્યતાનુસાર હું પણ તત્ત્વને અર્થે સૃષ્ટિને સુખી કરવા મારો સ્વાર્થ અર્પું; અર્થાત્ માનાદિની કે સાંસારિક સુખની ઇચ્છાનો ત્યાગ કરી આત્માર્થે યથાશક્તિ સ્વપરહિત કરવાનો પ્રયાસ કરું. સૃષ્ટિમાં રહેલા પ્રાણીને આત્મતત્ત્વ પામવાની ઇચ્છા હોય તો તેના માટે ગમે તેટલો ખર્ચ થાય તે કરવા શ્રી કૃષ્ણ મહારાજા તૈયાર હતા. જેને દીક્ષા લેવાની ઇચ્છા થઈ હોય તેનું આખું કુટુંબ તેઓ પાળતા તથા દીક્ષા લેવાના વરઘોડા વગેરેના ખર્ચ પણ કરતા હતા. એ શું સૂચવે છે? તો કે ધર્મ પ્રત્યેનો એમનો પરમપ્રેમ. હું કરી શકતો નથી પણ જે કરતા હોય તેનું અનુમોદન તો કરું એવી ભાવના શ્રીકૃષ્ણના હૃદયમાં સદાય જાગ્રત હતી.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''પ્ર.- આપ જેવા સમર્થ પુરુષથી લોકોપકાર થાય એવી ઇચ્છા રહે એ સ્વાભાવિક છે.

શ્રીમદ્ — લોકાનુગ્રહ સારો ને જરૂરનો કે આત્મહિત?

મનસુખભાઈ — સાહેબ, બન્નેની જરૂર છે.

**શ્રી હેમચંદ્રાચાર્યનું દૃષ્ટાંત –** શ્રીમદ્—શ્રી હેમચંદ્રાચાર્યને થયાં આઠસો વરસ થયા. શ્રી આનંદઘનજીને થયાં બસો વરસ થયાં. શ્રી હેમચંદ્રાચાર્યે લોકાનુગ્રહમાં આત્મા અર્પણ કર્યો. શ્રી આનંદઘનજીએ આત્મહિત સાધનપ્રવૃત્તિને મુખ્ય કરી. શ્રી હેમચંદ્રાચાર્ય મહાપ્રભાવક બળવાન ક્ષયોપશમવાળા પુરુષ હતા. તેઓ ધારત તો જાુદો પંથ પ્રવર્તાવી શકે એવા સામર્થ્યવાન હતા. તેમણે ત્રીશ હજાર ઘરને શ્રાવક કર્યા. ત્રીશ હજાર ઘર એટલે સવાથી દોઢ લાખ માણસની સંખ્યા થઈ. શ્રી સહજાનંદજીના સંપ્રદાયમાં એક લાખ માણસ હશે. એક લાખના સમૂહથી સહજાનંદજીએ પોતાનો સંપ્રદાય પ્રવર્તાવ્યો, તો દોઢ લાખ અનુયાયીઓનો જાુદો સંપ્રદાય શ્રી હેમચંદ્રાચાર્ય ધારત તો પ્રવર્તાવી શકત.

પણ શ્રી હેમચંદ્રાચાર્યને લાગ્યું કે સંપૂર્ણ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર જ ધર્મપ્રવર્તક હોઈ શકે. અમે તો તીર્થંકરોની આજ્ઞાએ ચાલી તેમના પરમાર્થમાર્ગનો પ્રકાશ કરવા પ્રયત્ન કરનારા. વીતરાગમાર્ગનો પરમાર્થ પ્રકાશવારૂપ લોકાનુગ્રહ શ્રી હેમચંદ્રાચાર્યે કર્યો. તેમ કરવાની જરૂર હતી. વીતરાગ માર્ગ પ્રતિ વિમુખતા અને અન્ય માર્ગ તરફથી વિષમતા, ઈર્ષ્યા આદિ શરૂ થઈ ચૂક્યાં હતાં. આવી વિષમતામાં વીતરાગમાર્ગ ભણી લોકોને વાળવા, લોકોપકારની તથા તે માર્ગના રક્ષણની તેમને જરૂર જણાઈ. અમારું ગમે તેમ થાઓ, આ માર્ગનું રક્ષણ થવું જોઈએ. એ પ્રકારે તેમણે સ્વાર્પણ કર્યું. પણ આમ તેવા જ કરી શકે. તેવા ભાગ્યવાન, માહાત્મ્યવાન, ક્ષયોપશમવાન જ કરી શકે. જુદાં જુદાં દર્શનોનો યથાવત્ તોલ કરી અમુક દર્શન સંપૂર્ણ સત્યસ્વરૂપ છે એવો નિર્ધાર કરી શકે તેવા પુરુષ લોકાનુગ્રહ, પરમાર્થપ્રકાશ, આત્માર્પણ કરી શકે.'' (વ.પૃ.૬૬૪)



## ૫૬૨. સૃષ્ટિના પ્રત્યેક (–) ગુણની વૃદ્ધિ કરું.

સૃષ્ટિમાં રહેલ પ્રાણીઓમાં ક્ષમાગુણ, સત્યગુણ, સરળતા, પ્રેમ, દયા, અહિંસાદિ જે જે સદ્‌ગુણો વિદ્યમાન છે, તે ગુણોની મારામાં વૃદ્ધિ કરું; જેથી મારા આત્માનું કલ્યાણ થાય.

## ૫૬૩. સૃષ્ટિના દાખલ થતાં સુધી પાપ પુણ્ય છે એમ માનું.

જ્યાં સુધી સૃષ્ટિ મારા હૃદયમાં દાખલ છે ત્યાં સુધી પાપ પુણ્ય છે એમ માનું. અર્થાત્ મારામાં રાગદ્વેષના ભાવો છે ત્યાં સુધી પાપપુણ્યનો બંધ થશે એમ માનું. રાગદ્વેષનો નાશ થયે પાપપુણ્યનો પણ નાશ થઈ શુદ્ધભાવની પ્રાપ્તિ થશે અને આત્માની શાશ્વત સુખશાંતિ પ્રગટશે.

## ૫૬૪. એ સિદ્ધાંત તત્ત્વધર્મનો છે; નાસ્તિકતાનો નથી એમ માનું.

ઉપરના વાક્યમાં પુણ્ય પાપની વાત કરી, તે સિદ્ધાંત તત્ત્વધર્મનો છે, નાસ્તિકતાનો નથી. નાસ્તિક લોકો તો પુણ્ય પાપને માનતા નથી તથા પરભવ છે એમ પણ માનતા નથી.

## ૫૬૫. હૃદય શોકિત કરું નહીં.

ગમે તેવા દુઃખના પ્રસંગ આવે તો પણ હૃદય શોકવાળું કરું નહીં. કારણ કે શોક કરવાથી કંઈ દુઃખ જતું નથી, પણ આર્તધ્યાન વડે નવીન કર્મનો બંધ થાય છે. માટે મનને એવા પ્રસંગે ધીરજ આપી શોકિત કરું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''નિરંતર સત્પુરુષની કૃપાદૃષ્ટિને ઇચ્છો; અને શોક રહિત રહો એ મારી પરમ ભલામણ છે તે સ્વીકારશો. વિશેષ ન દર્શાવો તોપણ આ આત્માને તે સંબંધી લક્ષ છે. મુરબ્બીઓને ખુશીમાં રાખો. ખરી ધીરજ ધરો. પૂર્ણ ખુશીમાં છું.'' (વ.પૃ.૧૭૬)

''નિરંતર સમાધિભાવમાં રહો. હું તમારી સમીપ જ બેઠો છું એમ સમજો. દેહદર્શનનું અત્યારે જાણે ધ્યાન ખસેડી આત્મદર્શનમાં સ્થિર રહો. સમીપ જ છું, એમ ગણી શોક ઘટાડો, જરૂર ઘટાડો.''(વ.પૃ.૧૮૪)

**'ઉપદેશામૃત'માંથી :–** આપશ્રીએ સદા આનંદમાં રહેવું. કૃપાળુદેવ સર્વની સંભાળ લે છે. દ્રષ્ટા તરીકે જોયા કરવું. જગતના સર્વ ભાવ ભૂલી જવા માટે પ્રયત્ન કરવું. સર્વ ભાવ પ્રત્યે ઉદાસીનતા એટલે સમભાવ રાખી, હૃદયને નિર્મળ કરી, આખા જગતને ચૈતન્યવત્ જોવાના વિચારમાં મનને જોડજો. આ પ્રભુ એટલે કૃપાળુદેવ શ્રી સદ્‌ગુરુ પ્રભુની મુદ્રાછબી હૃદયમંદિરમાં સ્થાપી, ખડી કરી મનને ત્યાં પરોવજો. પરમ શુદ્ધ ચૈતન્યનું નિવાસધામ એવો જે શ્રી સદ્‌ગુરુનો પવિત્ર દેહ તેનું વીતરાગભાવે ધ્યાન કરવાથી પણ જીવ શાંત દશાને પામે છે, એ ભૂલવા જેવું નથી.'' (પૃ.૮)

## ૫૬૬. વાત્સલ્યતાથી વૈરીને પણ વશ કરું.

વૈરી હોય તેની સાથે પણ વિનયથી કે પ્રેમભાવે વર્તન કરવાથી તે વશ થાય.

**'ઉપદેશામૃત'માંથી :–** ''બધાનો સાર વિનય. વનો (વિનય) વેરીને પણ વશ કરે. દીકરો થઈને ખવાય; બાપ થઈને ન ખવાય. વનાની અને લઘુતાની વાત કરે આત્માર્થી; પહેલાં વિનયને ઘરમાં લાવશે તો કામ થશે. મોટા કરોડપતિમાં પણ વનો હોય તો તેનાં દાસ છીએ. 'લઘુતા તો મેરે મન માની' (ચિદાનંદજી) માન ન હોય તો અહીં જ મોક્ષ છે. તે મુકાણું તો કામ થયું. સમાધિસ્થ બાહુબલજીને તેમની બહેનો - બ્રાહ્મી-સુંદરી-એ જંગલમાં જઈને કહ્યું : ''વીરા, ગજથકી હેઠા ઊતરો.'' ત્યાં બાહુબલજી વિચારમાં



પડી ગયા અને જાગ્યા કે ખરી વાત છે, અહંકારરૂપી ગજ ઉપર હું બેઠો છું. નાના ભાઈને હું નમવા હવે તો જાઉં એમ વિચારીને ઊઠ્યા કે તરત કેવળજ્ઞાન થયું. આટલા જ માનના અહંકારથી કેવળજ્ઞાન અટક્યું હતું. આ જીવનું માન-અહંકારે ભૂંડું કર્યું છે. તે મૂક્યે છૂટકો છે.'' (ઉ.પૃ.૨૦૬)

''સમતા, ધીરજ, શાંત મનથી વચન બોલવું, બોલાવવું, માન આપવું એ વિનય છે. તેને બદલે તોછડાઈ, ઉદ્ધતાઈ, ઊંચે અવાજે બોલવું એ યોગ્ય નથી. આ બાબત લક્ષમાં રાખવા યોગ્ય છે. કોઈનો પણ અવિનય ન થવો જોઈએ. ખાસ કરીને સત્સંગમાં તે ઉપયોગ બહુ રાખવો જોઈએ. બોલવામાં વિનય શીખવાની જરૂર બહુ છે. આપણે સર્વેથી નાના, નમ્ર બની જવું અને નમીને ચાલવું.'' (ઉ.પૃ.૪૨૮)

''ધીરજ રાખવી. કોઈ ગમે તે કહે તે સહન કરવાની ટેવ પાડવી. તેથી બહુ લાભ થાય છે. ક્રોધી સ્વભાવ જેનો ન હોય તેના સર્વે મિત્રો બની જાય છે. વિનય એ સર્વને વશ કરવાનું ઉત્તમ હથિયાર છે. જેમ બને તેમ દુશ્મનનું પણ ભલું ઇચ્છવું. સદાચાર સેવવા. મૈત્રીભાવ રાખશો. ધીરજથી હળીમળી આનંદ લેવો. ગુણગ્રાહી થવું. આપણને કોઈએ ગુણ કર્યો તો આપણે તેનો બદલો વાળવો, મીઠાં વચનથી, નમનતાથી સારાં વચન કહી તેનું મન રાજી થાય તેમ કરવું. આ વાત કોઈ જીવાત્મા સમજુ હોય તેને કહેવાનું થાય છે. સૌથી મોટી નમનતા છે. લઘુભાવ કરી વર્તવું. અહંકાર અને અભિમાન આત્માના વૈરી છે, તેને મનમાં લાવવા નહીં. અભિમાન થવા ન દેવું. એમ મનમાં ન લાવવું કે હું સમજાું છું, આ તો કંઈ સમજતો નથી.'' (ઉ.પૃ.૧૦૭)

''આ બેઠા છે તે બધાંને સૌથી પ્રથમ કરવા યોગ્ય છે તે શું? શાસ્ત્રમાં પણ એ જ કરવાનું કહ્યું છે તે શું? તો કે વિનય. ભૂંડુ કર્યું હોય તેનું પણ ભલું થાઓ.'' (ઉ.પૃ.૩૯૪)

## ૫૬૭. તું જે કરે છે તેમાં અસંભવ ન માનું.

કોઈપણ કાર્યને હું પણ સાધી શકું, એવો બળવાન નિશ્ચય હોય તો પુરુષાર્થ ટકે. પહેલાથી જ મનમાં ઢીલાશ હોય કે આપણાથી આ કાર્ય થઈ શકવાનું નથી તો એક બે મુશ્કેલી આવતાં તે કાર્ય પડી ભાંગે. પણ મરણીયો થઈને પણ આ કાર્ય સાધીશ એવો જો આત્મવિશ્વાસ હોય તો ગમે તેટલી મુશ્કેલીઓ આવતાં પણ તે ડગે નહીં અને કાર્યની સિદ્ધિ થાય.

**'એક મરણિયો સોને ભારે'** 'कार्यं साधयामि वा देहं पातयामि वा'

ગજસુકુમાર તથા દૃઢ પ્રહારીએ નિશ્ચય કર્યો કે મારે મોક્ષે જવું જ છે તો ગમે તેવા કષ્ટ આવ્યા તો પણ પોતે સમતાભાવ રાખવાનો પુરુષાર્થ છોડ્યો નહીં; એક હજાર ભવના કર્મોને બે ઘડીમાં જ બાળી નાખીને ગજસુકુમાર અંતકૃત કેવળી થઈ મોક્ષે પધાર્યા.

એમ કોઈપણ કાર્ય પોતાના નિશ્ચયબળે તથા યથાર્થ પુરુષાર્થ કરવાથી સિદ્ધ થઈ શકે એમ છે.

## ૫૬૮. શંકા ન કરું; ઉથાપું નહીં; મંડન કરું.

જ્ઞાનીપુરુષના વચનોમાં શંકા ન કરું. મહાપુરુષોના વચનને કદી ઉત્થાપું નહીં; પણ તેનું સમ્યક્ પ્રકારે મંડન કરું અર્થાત્ દૃષ્ટાંત, દલીલ આદિથી તે તે વાતોને પુષ્ટ કરું.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''સર્વ જીવોનું સ્વરૂપ સિદ્ધ સમાન છે. તે સ્વરૂપ પ્રગટ કરવા માટે સદ્ગુરુની આજ્ઞા અને જિનદશા એ બેની જરૂર છે. ગમે તેમ હો પણ સદ્ગુરુ કહે એમ કરવું. ભલે



સોમલ આપે તો પણ ખાઈ જવો. એવી શ્રદ્ધા જોઈએ.'' (બો.૧ પૃ.૪૮)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''મુમુક્ષુએ સત્પુરુષના દોષ જોવાથી તો પ્રથમ છૂટવું જ જોઈએ, અચળ શ્રદ્ધા કરવી જોઈએ તો તેનાં વચન તેને પરિણામ પામે. કેવી શ્રદ્ધા જોઈએ તેનું દૃષ્ટાંત પ.પૂ.પ્રભુશ્રીજીએ આપ્યું હતું.

**ગુરુ જે કંઈ કરે તે મારા હિતને માટે જ હોય એવી શ્રદ્ધા જોઈએ**

**ગુરુશિષ્યનું દૃષ્ટાંત –** એક ગુરુશિષ્ય વિહાર કરતાં વડની છાયામાં વિસામો લેવા બેઠા. શિષ્યને ઠંડા પવનથી ઊંઘ આવી ગઈ. તેવામાં એક સાપ દોડતો આવ્યો. તેને રોકીને ગુરુએ પૂછ્યું, શું કામ આવ્યો છે? તેણે કહ્યું કે તમારા શિષ્યના ગળાનું લોહી પીવા પૂર્વના વેરને લઈને આવ્યો છું. ગુરુએ તેને થોભાવીને કહ્યું, હું તને તેના ગળામાંથી લોહી કાઢીને આપું છું. એમ કહી ગળાની ચામડી ચપ્પુથી કાપવા લાગ્યા કે શિષ્યે આંખ ઉઘાડી પણ ગુરુને જોયા એટલે મીંચી દીધી અને માન્યું કે ગુરુ કરતા હશે તે સારું જ કરતા હશે. પછી કાચલીમાં લોહી કાઢી સાપને પાયું. તે પીને તે પાછો વળી ગયો.



આ શિષ્યની પેઠે મહાત્માને પોતાનું ગળું કાપતા પોતાની નજરે પ્રત્યક્ષ દેખે તોપણ ગુરુ જે કરે તે મારા હિતને અર્થે જ કરે છે. મારે તેમાંથી કંઈક શીખવાનું જ છે. તેમના આત્માની ચેષ્ટાને વિષે તેની વૃત્તિ રહે તો અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ પ્રાપ્ત થાય. પણ ભક્તિ જાગી હોય તો તેમ બને, માટે ગુરુભક્તિ વધારતા જવું એ આપણું કર્તવ્ય છેજી.'' (બો.પૃ.૩૫૯)

''જેને જેને સત્પુરુષની શ્રદ્ધા જેટલા પ્રમાણમાં થઈ હશે તેટલું આત્માનું કલ્યાણ થશે. મહાભાગ્યશાળી હશે તેને આવા હડહડતા કળિકાળમાં સાચા પુરુષ પ્રત્યે, તેના વચન પ્રત્યે, તેના અનુયાયી વર્ગ પ્રત્યે પ્રેમપ્રતીતિ જાગશે. જપ, તપ, શાસ્ત્રજ્ઞાન આદિ સર્વ ધર્મકાર્યનો પાયો પરમપુરુષ પ્રત્યેની શ્રદ્ધા છેજી. જેની શ્રદ્ધા બળવાન છે તેનો પુરુષાર્થ પણ લૂલો ન રહે. લોકો ભલે જાણે કે ન જાણે પણ તેનો આત્મા પરમાર્થ માટે તલપાપડ થઈ રહે. છૂટું છૂટું અંતરમાં થઈ રહ્યું હોય તે છાનું ન રહે.

**ભરત ચક્રવર્તીનું દૃષ્ટાંત –** ભરત ચક્રવર્તી લડાઈઓ લડતા હતા ત્યારે પુંડરિક ગણધરે શ્રી ઋષભદેવને પ્રશ્ન કર્યો કે ''હે ભગવાન! અત્યારે ભરત ચક્રવર્તી છ ખંડ સાધે છે અને મોટી લડાઈઓમાં પડ્યા છે તે વખતે તેમના આત્માનાં પરિણામ કેવા વર્તે છે?'' ભગવાને ઉત્તર આપ્યો : ''તારા જેવા.'' ક્યાં ગણધરની પ્રવૃત્તિ અને ક્યાં રાજ્યો જીતવાની પ્રવૃત્તિ! પણ આત્મા જેનો જાગ્યો છે તેને સંસાર કેવો લાગે, તેનું આ આબાદ દૃષ્ટાંત છે. તે જ પરિણામ દૃઢ રાખીને અરીસાભુવનમાં તેમણે કેવળજ્ઞાન પ્રગટાવ્યું. બહારથી કોઈ જાણે કે એ તો અકસ્માત્ કેવળજ્ઞાન થઈ ગયું હશે. પણ તેને માટે રાતદિવસ તેમનો કેટલો પુરુષાર્થ હતો? અને શ્રી ઋષભદેવ સ્વીકારે તેવાં આત્મપરિણામ ટકાવી રાખતા હતા. કર્યું થાય છેજી. માટે કર્મના સંયોગે ગમે ત્યાં રહેવું થાય પણ આત્મા વિના કોઈ કાર્ય થઈ શકતું નથી. માત્ર તેના તરફ લક્ષ રાખી મમતા મૂકતા રહેવાનો અભ્યાસ નિરંતર મારે તમારે કર્તવ્ય છેજી. (બો.૩ પૃ.૨૧૬)



**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :– એક જ સમયે એક જ ક્રિયા હોય, બે હોઈ શકે નહીં.**

**ગંગાચાર્યનું દૃષ્ટાંત –** આચાર્ય મહાગિરિના શિષ્ય ધનગુપ્ત અને ધનગુપ્તના શિષ્ય ગંગ નામે આચાર્ય થયા. તે ગંગાચાર્ય એકદા ઉલ્લુકા નદીના પૂર્વ કાંઠાપર ચાતુર્માસ રહ્યા હતા ને તેમના ગુરુ ધનગુપ્તાચાર્ય તે નદીના પશ્ચિમ કાંઠે ચાતુર્માસ રહ્યા હતા. એક વખત શરદ્ઋતુમાં ગંગાચાર્ય પોતાના ગુરુને વાંદવા જતાં માર્ગમાં ઉલ્લુકા નદી ઊતરતા હતા તે વખતે તેમના મસ્તકમાં ટાલ હોવાથી સૂર્યના કિરણોના સ્પર્શને લીધે તેમનું માથું તપી ગયું, અને પાણીમાં ચાલતા હોવાથી પગને શીતલતા જણાઈ. તે વખતે પૂર્વે બાંધેલ મિથ્યાત્વ મોહનીનો ઉદય થવાથી તેમને એવો વિચાર આવ્યો કે "સિદ્ધાંતમાં એક કાળે બે ક્રિયાનો અનુભવ ન હોય એમ કહ્યું છે; પણ મને તો અત્યારે એક જ સમયે બે ક્રિયાનો અનુભવ થાય છે. હું શીત ને ઉષ્ણ બંનેને વેદું છું; માટે અનુભવથી વિરુદ્ધ હોવાને લીધે આગમનું એ વચન યથાર્થ લાગતું નથી." એવી શંકા ધરાવતા સતા ગંગાચાર્ય ગુરુ પાસે આવ્યા, અને પોતાને થયેલી શંકા નિવેદન કરી. તે સાંભળીને ગુરુએ શિખામણ આપી કે "હે વત્સ! છાયા અને આતપ જેમ સમકાળે ન હોય તેમ એક કાળે બે ક્રિયાનો અનુભવ અન્યોન્ય વિરુદ્ધ હોવાથી થઈ શકે જ નહીં; કેમકે જે અનુભવ થાય છે તે અનુક્રમે જ થાય છે; પરંતુ સમય આવલિકાદિક કાળ ઘણો સૂક્ષ્મ હોવાથી અને મન પણ અતિ ચપળ, અતિ સૂક્ષ્મ અને ઘણીજ ત્વરાવાળું હોવાથી તે અનુભવનો અનુક્રમ તારા જાણવામાં આવ્યો નહીં. ઇત્યાદિ અનેક ક્રિયા જીવ સમકાળે કરે છે, પરંતુ તેનો ઉપયોગ સમકાળે બધી ક્રિયામાં વર્તાતો નથી. ઉપયોગ તો એક ક્રિયામાં જ વર્તે છે." આ પ્રમાણે અનેક પ્રકારની યુક્તિઓથી ગુરુએ તેને બહુ સમજાવ્યો, તો પણ જ્યારે તે શિષ્યે પોતાનો કદાગ્રહ છોડ્યો નહીં, ત્યારે ગુરુએ તેને ગચ્છ બહાર કર્યો.

પછી તે વિહાર કરતો કરતો રાજગૃહી નગરીએ આવ્યો. ત્યાં તે પોતાના અસત્ય મતનું પ્રતિપાદન કરીને બીજા મુનિઓના ચિત્તને પણ વિક્ષેપિત કરવા લાગ્યો; કેમકે દુરાગ્રહી માણસ હડકાયા કૂતરાની જેમ બીજાને પણ પોતાની જેવા કરવા ઇચ્છે છે.

રાજગૃહીમાં મહાતપસ્તીરપ્રભાવ નામે એક દ્રહ (તળાવ) હતો. તેની પાસે મણિનાગ નામના યક્ષનું ચૈત્ય હતું. ત્યાં રહીને ગંગાચાર્ય પર્ષદાની સમક્ષ સમકાળે બે ક્રિયા વેદવારૂપ પોતાના અસત્ પક્ષની પ્રરૂપણા કરવા લાગ્યો. તે સાંભળીને મણિનાગ યક્ષને કોપ ચડ્યો; તેથી તેણે કહ્યું કે "અરે દુષ્ટ! આવી અસત્ પ્રરૂપણા કરીને અનેક પ્રાણીઓના મનમાં સંશય કેમ ઉત્પન્ન કરે છે? આજ સ્થાને શ્રી વર્ધમાન સ્વામીનું સમવસરણ થયું હતું. તે વખતે પ્રભુએ એક સમયે એક જ ક્રિયાનું વેદવું હોય એમ પ્રતિપાદન કર્યું હતું. તે વખતે મેં આ ચૈત્યમાં રહીને સાંભળ્યું હતું.

માટે આ દુષ્ટ વાસના મૂકી દે અને પ્રભુના વચનને અંગીકાર કર; નહીં તો હમણાં તને આ મુદ્ગરવડે શિક્ષા કરીશ. પ્રત્યક્ષ સિદ્ધ અર્થને તું ગોપવે છે તે યોગ્ય નથી. ઇત્યાદિ યુક્તિથી તે નાગયક્ષે તેને સમજાવ્યો, એટલે ગંગાચાર્યે તેનું કહેવું અંગીકાર કર્યું અને મિથ્યા દુષ્કૃત દીધો. પછી ગુરુ પાસે જઈ તે પાપની આલોચના લઈને પ્રતિક્રમ્યા. (પૃ.૨૪૦)

જેમ ગંગાચાર્યે ભગવાનના વચનોમાં શંકા કરીને તેમના વચનોને ઉત્થાપ્યાં અને યક્ષના વચનથી ફરીથી મંડન કર્યું; તેમ વર્તન કરું નહીં.



## ૫૬૯. રાજા છતાં પ્રજાને તારે રસ્તે ચડાવું.

પોતે રાજા હોવા છતાં પ્રજાને ભગવાને કહેલા સાચા મોક્ષમાર્ગે ચઢાવું.

શ્રી કૃષ્ણ મહારાજા કે શ્રેણિક મહારાજા, કોઈને દીક્ષા લેવાના ભાવ થતાં તો તેનો દીક્ષા મહોત્સવ ખર્ચ તથા તેના કુટુંબના ભરણપોષણનો ખર્ચ પણ ઉઠાવી લેતા હતા. પ્રજા પ્રભુના માર્ગે ચઢે એમાં તેઓ રાજી હતા.

**'કલ્પસૂત્ર'માંથી :— સંપ્રતિરાજાએ પોતાના સેવક રાજાઓને પણ જૈનધર્મી બનાવ્યા**

**સંપ્રતિરાજાનું દૃષ્ટાંત —** સંપ્રતિ રાજાનો જીવ પૂર્વભવમાં ભિખારી હતો. સાધુ પાસે ભીખ માંગે છે ત્યારે સાધુએ કહ્યું : ભિક્ષા જોઈએ તો સાધુ થવું પડે. ત્યારે તેણે હા કહી. તેથી તેમના ગુરુ આર્ય-સુહસ્તિએ તેને યોગ્ય જાણી દિક્ષા આપી. તે દિવસે આહાર ખૂબ કરવાથી અજીર્ણ થઈ બીમાર પડ્યાં. ત્યારે શેઠ, રાજા વગેરે પણ નવીન દીક્ષિત મુનિને સુખશાતા પૂછી સેવા કરવા લાગ્યા. તે જોઈ તેના મનમાં જૈન ધર્મ પ્રત્યે ખૂબ જ આદરભાવ જન્મ્યો કે આ ધર્મ કેવો મહાન છે કે જેથી રાજા, શેઠીયાઓ વગેરે પણ સેવા કરે છે. આવી જૈન ધર્મ પ્રત્યેની ઉત્તમ ભાવના કરતાં કરતાં રાત્રે અજીર્ણ થવાથી મૃત્યુ થઈ ગયું.

ત્યાર પછી રાજા અશોક, તેનો પુત્ર કુણાલ. સંપ્રતિરાજા એ કુણાલનો પુત્ર સંપ્રતિ થયો, પછી ઉજ્જયિની નગરીનો રાજા થયો.


એકવાર રાજમહેલના ગોખમાં બેઠો હતો. ત્યાંથી ચાર રસ્તા ઉપર થઈને ગુરુને જતાં જોઈ સંપ્રતિ રાજા વિચારમાં પડ્યો કે આમને મેં ક્યાંક જોયા છે. એમ વિમાસણ કરતાં જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી ગોખમાંથી નીચે ઊતરી પૂર્વભવના શ્રીગુરુને નમસ્કાર કરી કહ્યું કે મને ઓળખ્યો? ગુરુએ ઉપયોગ દઈને જોયું તો આ ભિખારીનો જીવ છે. પછી રાજાએ કહ્યું : આ બધું આપની કૃપાથી મને મળ્યું છે. માટે આપ આ રાજ્ય સ્વીકારી મને કૃતાર્થ કરો. ગુરુએ કહ્યું : અમારે તો આ સર્વનો ત્યાગ છે. પરંતુ આ દ્રવ્ય વડે જૈન શાસનની પ્રભાવના કર. તેથી સંપ્રતિ રાજાએ અનેક દાનશાળાઓ ખોલાવી અને પ્રતિદિન નવા નવા મંદિરના પાયા નાખવાના સમાચાર સાંભળીને તેમને જવાહર વગેરેનું પણ દાન આપવા લાગ્યા અને નવી નવી મૂર્તિઓ પણ કરાવવા લાગ્યા. તેમના વિષે 'કલ્પસૂત્ર'માં જણાવે છે કે સંપ્રતિ રાજાએ સવા લાખ જિનમંદિર, સવા કરોડ નવીન જિનબિંબ, છત્રીસ હજાર જીુના મંદિરોના જિર્ણોદ્ધાર, પંચાણું હજાર પિત્તળની પ્રતિમાઓ બનાવરાવી. તથા પોતાના સેવક રાજાઓને જૈનધર્મને વિષે રસ લેતા કર્યાં. વિચરતા સાધુઓને વસ્ત્ર, પાત્ર, આહારપાણી આદિ પ્રાસુક (જીવજંતુ વગરની) વસ્તુઓ મળી શકે એવી બધે વ્યવસ્થા કરાવી.

સંપ્રતિ રાજાએ પોતાના સેવક રાજાઓને જૈનધર્મના રસિક બનાવવાથી તેની પ્રજા પણ સહજે સાચા માર્ગે ચઢે એવો ઉપાય આદર્યો. તેથી રાજા છતાં પ્રજાને તારે રસ્તે ચડાવું, એમ જણાવ્યું.

## ૫૭૦. પાપીને અપમાન આપું.

પાપી, દુષ્ટ અને સાતે વ્યસન સેવનારને મુખ્યતા ન આપવી તે તેને અપમાન આપ્યા બરાબર છે. પાપીઓને પોષણ આપવું તે પાપમાં ભાગીદાર થવા સમાન છે. પાપીને શિક્ષા મળે તો સુધરી પણ જાય.

**મૂળદેવનું દૃષ્ટાંત —** કૌશલ્યનગરીમાં ધનદેવ અને ધનશ્રીનો પુત્ર મૂળદેવ નામે હતો. તે


૧
સંપ્રતિરાજા પૂર્વભવમાં ભિખારી
૨
દીક્ષા લઈ અજીર્ણથી પીડિત
૩
સંપ્રતિરાજારૂપે જન્મ, પૂર્વભવના
ગુરુ જોઈ જાતિસ્મરણ
૪
સંપ્રતિરાજાએ ખોલેલ દાનશાળા
૫
નવા મંદિરના પાયાના સમાચાર આપનારને
સુવર્ણનું દાન આપતો સંપ્રતિરાજા
૬
મંદિર, મૂર્તિઓ તૈયાર થઈ રહી છે
૭
સવા લાખ જિનમંદિર અને સવા કરોડ જિનમૂર્તિઓ બનાવી

સંપ્રતિરાજા



કળાપાત્ર હતો. પણ વ્યસનથી દૂષિત હતો. તેથી તેના પિતાએ તિરસ્કાર કરી તેને ઘરથી બહાર કાઢી મૂક્યો હતો. પહેલાના વખતમાં રાજાને એકનો એક પુત્ર હોય, પણ દોષ કરે તો તેનું પણ અપમાન કરી ઘરથી બહાર કાઢી મૂકતા હતા.

## ૫૭૧. ન્યાયને ચાહું, વર્તું.

ન્યાય નીતિને સદૈવ ઇચ્છું, અને તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરું. તેના વિષે **'શ્રી જૈન હિતોપદેશ'**માં માર્ગાનુસારીના ૩૫ ગુણ બતાવ્યા છે. તેમાંનો પ્રથમ ગુણ ન્યાય સંપન્ન વૈભવ છે. તે આ પ્રમાણે —

**ન્યાય સંપન્ન વૈભવ** - સર્વ પ્રકારના વ્યાપારમાં ન્યાયપૂર્વક વર્તવું, અન્યાયથી ચાલવું નહીં. નોકરી કરતાં ધણીના સોંપેલા કાર્યમાંથી પૈસા ખાઈ જવા નહીં. લાંચ ખાવી નહીં. ઓછી સમજવાળા મનુષ્યને છેતરવા પ્રયત્ન કરવો નહીં. વ્યાજ વ્યાપાર કરનારે સામા ધણીને છેતરી વ્યાજના પૈસા વધારે લેવા નહીં, માલ ભેળસેળ કરીને વેચવો નહીં. સરકારી નોકરી કરનાર મનુષ્યે ધણીને વ્હાલા થવા સારું લોકો ઉપર કાયદા વિરુદ્ધ જુલમ ગુજારવો નહીં. મજુરીયા, કારીગરનો ધંધો કરતા લોકોએ રોજ લઈ કામ બરાબર કરવું, ખોટું દિલ કરવું નહીં. નાત અથવા મહાજનમાં શેઠાઈ કરતો હોય તે પોતાથી વિરુદ્ધમતવાળાને દ્વેષ બુદ્ધિથી ગેરવ્યાજબી ગુનેગાર ઠરાવવો નહીં. કોઈ માણસે આપણું બગાડ્યું હોય, તે દ્વેષથી તેના ઉપર ખોટો આરોપ મુકવો નહીં, અથવા તેને નુકસાન કરવું નહીં. કોઈને ખોટું કલંક દેવું નહીં. ધર્મગુરુને બહાને પૈસા લેવા સારું ધર્મમાં ન હોય તે વાત સમજાવવી નહીં અથવા સેવકની સ્ત્રી સાથે અયોગ્ય કર્મમાં પ્રવર્તવું નહીં. ધર્મ નિમિત્તે પૈસા કઢાવી પોતાના કાર્યમાં વાપરવા નહીં. ધર્મ સંબંધી કાર્યમાં વાપરવા માટે ખોટી સાક્ષી પૂરી પૈસા લેવા નહીં. ધર્મકાર્યમાં ફાયદો થતો હોય તે બદલ મનમાં વિચારવું કે આપણે ધર્મને વાસ્તે જુઠું બોલીએ છીએ, આપણાં કામ સારું બોલતા નથી; માટે તેમાં દોષ નથી; એમ સમજી ઊંધુ ચતુ કરવું તે પણ અન્યાય છે.

દેરાસર અથવા ઉપાશ્રયના કારભાર કરનારાઓએ તે ખાતાના મકાનો પોતાના ખાનગી કાર્યમાં વાપરવાં નહીં. અથવા તે ખાતાના માણસો પાસે ખાનગી કાર્ય કરાવવું નહીં. કોઈ માણસ નાત જમાડતો હોય તેમાં કોઈ કમી હોય, તેથી તેનો કરેલો ખર્ચ બગાડવા કંઈ લડાઈ ઊભી કરવી. પકવાન વગેરે જોઈએ તેથી વિશેષ લઈ બગાડવા, સંપ કરી વધારે ખાઈ જવું, અને તેને તૂટ પડે એવી યુક્તિઓ કરવી, તે પણ અન્યાય જ છે. પરસ્ત્રી ગમન કરવું નહીં. સ્ત્રી અથવા પુરુષ કાંઈ સલાહ પૂછે તો તેને જાણવા છતાં ખોટી સલાહ આપવી નહીં. પોતાના ધણીના હુકમ સિવાય તેના પૈસા લેવા નહીં. એક બીજાને લડાઈ થાય, તેવી સમજ આપવી નહીં. પોતાની માન પ્રતિષ્ઠા વધારવા સારું અસત્ય ધર્મોપદેશ દેવો નહીં. અન્ય મતાવલંબી ધર્મ સંબંધી ખરી વાર્તા કહેતો હોય, પણ એ ધર્મ વધી જશે, એમ જાણી તે વાત જુઠી પાડવાની કુયુક્તિ કરવી, તે પણ અન્યાય છે. પોતે અવિધિએ પ્રવર્તતો હોય, અને અન્ય પુરુષને વિધિથી વર્તતો જોઈ, તેના ઉપર દ્વેષ ધારણ કરવો તે અન્યાય છે. જે પુરુષ વિધિથી વર્તે છે તેને ધન્યવાદ આપવો. અને પોતાથી તે પ્રમાણે વર્તાતું નથી, તેને માટે પસ્તાવો કરવો, તે અન્યાય નથી.

સરકારની અથવા મ્યુનિસિપાલિટીની દાણચોરી કરવી, સ્ટેમ્પની ચોરી કરવી તે પણ અન્યાય છે, તેમજ ખરી પેદાશ છુપાવી થોડી પેદાશ ઉપર સરકારને કર આપવો તે પણ અન્યાય છે. ખાતર પાડવું, કુંચી લાગુ કરવી, અથવા લૂંટ કરવી તે પણ અન્યાય છે. ગુણવંત સાધુ મુનિરાજ ભગવંત અને ગુરુ



મહારાજના અવર્ણવાદ બોલવા નહીં. કન્યાના પૈસા લઈ પોતે વિવાહ કરવો નહીં. આ સિવાય બહુ પ્રકારે અન્યાય થઈ શકે છે. તે સર્વનો ત્યાગ કરી વ્યાપાર કરવો તે માર્ગાનુસારીનું પ્રથમ લક્ષણ છે. (પૃ.૧૧૮)

પરમકૃપાળુદેવે પણ ન્યાયને અર્થે સાતસો મહાનીતિ લખી. તેને ચાહી તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરું.

## ૫૭૨. ગુણનિધિને માન આપું.

ગુણના ભંડારરૂપ સત્પુરુષ છે. તેમને માન આપું, વંદન કરું.

પરમકૃપાળુદેવ સાચા સદ્ગુરુ હોવાથી જ્યાં જ્યાં ગુણ જુએ ત્યાં ત્યાં પ.પૂ.પ્રભુશ્રીજી આદિ પોતાના શિષ્યોને પણ નમસ્કાર કરે છે. કેમકે તેમને 'આ મારો શિષ્ય છે અથવા ભક્તિનો કર્તા છે માટે મારો છે' એવો કિંચિત્‌માત્ર ભાવ નથી. તેમજ **'આખા જગતના શિષ્ય થવારૂપ જેણે દૃષ્ટિ વેદી નથી તે ગુરુ થવાને યોગ્ય નથી.'** એવા તેમના જ શબ્દો હોવાથી, તેમજ તેમનું આવું વર્તન હોવાથી સિદ્ધ થાય છે કે શ્રીમદ્ રાજચંદ્રજી સ્વયં ગુરુ થવાને સંપૂર્ણ યોગ્ય છે.

એક પત્રમાં પરમકૃપાળુદેવ પ.પૂ.પ્રભુશ્રીજીને જે વિશેષણો લખે છે તેથી પરમકૃપાળુદેવની નિરભિમાનદશા તેમજ પ.પૂ.પ્રભુશ્રીજીની આત્મદશાનું ભાન થાય છે. તે આ પ્રમાણે –

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :– ''પરમકૃપાળુ મુનિવર્યના ચરણકમળમાં પરમ ભક્તિથી સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.''** (વ.પૃ.૬૩૪)

''આત્મસ્વરૂપે હૃદયરૂપ વિશ્રામમૂર્તિ શ્રી સુભાગ્ય પ્રત્યે વિનયયુક્ત એવા અમારા પ્રણામ પહોંચે.'' (વ.પૃ.૩૨૩)

''મિથ્યાવાસના જેની બહુ ક્ષીણ થઈ હતી, વીતરાગનો પરમરાગી હતો, સંસારનો પરમજાુગુપ્સિત હતો, ભક્તિનું પ્રાધાન્ય જેના અંતરમાં સદાય પ્રકાશિત હતું, સમ્યક્‌ભાવથી વેદનીય કર્મ વેદવાની જેની અદ્ભુત સમતા હતી, મોહનીય કર્મનું પ્રબળ જેના અંતરમાં બહુ શૂન્ય થયું હતું, મુમુક્ષુતા જેનામાં ઉત્તમ પ્રકારે દીપી નીકળી હતી, એવો એ જૂઠાભાઈનો પવિત્રાત્મા આજે જગતનો, આ ભાગનો ત્યાગ કરીને ચાલ્યો ગયો. આ સહચારીઓથી મુક્ત થયો. ધર્મના પૂર્ણાહ્‌લાદમાં આયુષ્ય અચિંતું પૂર્ણ કર્યું.

અરેરે! એવા ધર્માત્માનું ટૂંકું જીવન આ કાળમાં હોય એ કંઈ વધારે આશ્ચર્યકારક નથી. એવા પવિત્રાત્માની આ કાળમાં ક્યાંથી સ્થિતિ હોય? બીજા સંગીઓનાં એવા ભાગ્ય ક્યાંથી હોય કે આવા પવિત્રાત્માનાં દર્શનનો લાભ અધિક કાળ તેમને થાય? મોક્ષમાર્ગને દે એવું જે સમ્યક્ત્વ જેના અંતરમાં પ્રકાશ્યું હતું, એવા પવિત્રાત્મા જૂઠાભાઈને નમસ્કાર હો! નમસ્કાર હો!'' (વ.પૃ.૨૧૭)

**શ્રી બનારસીદાસ પણ ગુણનિધિને માન આપે છે–**

''જે કંચનને કાદવ સરખું જાણે છે, રાજગાદીને નીચપદ સરખી જાણે છે, કોઈથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે છે, મોટાઈને લીપવાની ગાર જેવી જાણે છે, કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે, સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે, જગતમાં પૂજ્યતા થવા આદિની હોંશને અનર્થ સમાન જાણે છે, પુદ્ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે, જગતના ભોગવિલાસને મૂંઝાવારૂપ જાળ સમાન જાણે છે, ઘરવાસને ભાલા સમાન જાણે છે, કુટુંબના કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે, લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન જાણે છે, કીર્તિની ઇચ્છાને નાકના



મેલ જેવી જાણે છે અને પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન જાણે છે, એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ વંદના કરે છે.'' (વ.પૃ.૬૦૫)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૧'માંથી :–**

**ગુણનિધિ એવી સુલસાને પ્રભુનો ધર્મલાભ**

**સતી સુલસાનું દૃષ્ટાંત –** એકદા ચંપાનગરીમાં શ્રીમહાવીરસ્વામીને નમીને અંબડ નામનો પરિવ્રાજક જે જૈનધર્મ પામ્યો હતો તે રાજગૃહી નગરી તરફ ચાલ્યો. તે વખતે શ્રી જિનેશ્વરે તેને કહ્યું કે - ''હે પરિવ્રાજક! તમે રાજગૃહી નગરીએ જાઓ છો તો ત્યાં સુલસા શ્રાવિકા રહે છે, તેને અમારો ધર્મલાભ કહેજો.'' તે પ્રભુનું વાક્ય અંગીકાર કરી અંબડ પરિવ્રાજકે રાજગૃહી નગરીએ આવી વિચાર કર્યો કે - ''ભગવાને પોતે જે સુલસાને ધર્મલાભ કહેવરાવ્યો છે, તેણીની ધર્મમાં સ્થિરતા કેવી છે તેની પરીક્ષા કરું'' એમ વિચારીને તે પરિવ્રાજકે નગરની પૂર્વદિશાના દરવાજા બહાર વૈક્રિયલબ્ધિથી ચાર મુખવાળા, હંસના વાહનવાળા અને જેના અર્ધાંગમાં સાવિત્રી રહેલી છે, એવું સાક્ષાત્ બ્રહ્માનું સ્વરૂપ કર્યું. તે જોઈને નગરના સર્વ લોકો તે બ્રહ્માને વંદન કરવા ગયા; પરંતુ જૈનધર્મમાં દૃઢ અનુરાગવાળી સુલસા ઘણા મનુષ્યોના કહ્યા છતાં પણ ત્યાં ગઈ નહીં. પછી બીજે દિવસે દક્ષિણ દિશાના દરવાજા બહાર તે પરિવ્રાજકે વૃષભના વાહનવાળા, અર્ધા અંગમાં પાર્વતીને ધારણ કરનારા તથા આખા શરીરે ભસ્મથી શોભિત એવા શંકરનું સ્વરૂપ વિકુર્વ્યું. ત્યાં પણ સુલસા વિના સર્વ લોકો વાંદવા ગયા. પછી ત્રીજે દિવસે પશ્ચિમ દિશાના દરવાજા બહાર ગરુડના વાહનવાળા, ચાર હાથવાળા અને લક્ષ્મીથી પરિવરેલા વિષ્ણુનું સ્વરૂપ વિકુર્વ્યું; ત્યાં પણ એક સુલસા વિના સર્વ લોકો તેને વાંદવા ગયા.

પછી ચોથે દિવસે ઉત્તર તરફના દરવાજા બહાર સમવરણમાં બિરાજેલા તીર્થંકરનું રૂપ વિકુર્વ્યું, તો પણ સુલસા તેને વંદન કરવા આવી નહીં. ત્યારે તેને બોલાવવા માટે તેણે કોઈ માણસને મોકલ્યો. તે માણસે જઈને સુલસાને કહ્યું કે 'આપણા નગરની બહાર પચીશમા તીર્થંકર સમવસર્યા છે તેને વાંદવા માટે કેમ જતા નથી?'તે સાંભળીને સુલસા બોલી કે - ''હે ભાઈ! તે જિનેશ્વર નથી પણ કોઈ પાખંડી પચીશમા તીર્થંકરનું નામ ધારણ કરીને લોકોને છેતરે છે'' એવી રીતે સુલસા લેશ પણ ધર્મથી ચલિત થઈ નહીં. પાંચમે દિવસે તે અંબડ પરિવ્રાજક શ્રાવકનો વેષ ધારણ કરી સુલસાને ઘેર ગયો; એટલે સુલસાએ તેનો સારી રીતે સત્કાર કર્યો. પછી તેણે સુલસાને કહ્યું કે - ''હે સુલસા! તમે પુણ્યશાળી છો, કેમકે મારા મુખે પરમાત્મા શ્રી મહાવીર પ્રભુએ તમને ધર્મલાભ કહેવરાવ્યા છે''. તે સાંભળીને હર્ષિત થયેલી સુલસા ઊભી થઈ ભક્તિથી પ્રભુની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગી–

''મોહરૂપી મલ્લના સૈન્યનું મર્દન કરવામાં શૂરવીર, પાપરૂપી પંકને ધોવામાં નિર્મળ જળ સમાન અને કર્મરૂપી રજનું હરણ કરવામાં વાયુ સમાન એવા હે શ્રી જિનેશ્વર પતિ! આપ જયવંત વર્તો.''

આ રીતે સ્તુતિ કરતી સુલસાની પ્રશંસા કરીને તે પરિવ્રાજક પોતાને સ્થાને ગયો.

શીલગુણથી શોભતી સુલસા સત્ધર્મનું આરાધન કરીને સ્વર્ગે ગઈ. ત્યાંથી ચ્યવીને આ ભરતક્ષેત્રને વિષે આવતી ચોવીશીમાં નિર્મમ નામના પંદરમા તીર્થંકર થશે.'' (પૃ.૧૩૧)

## ૫૭૩. તારો રસ્તો સર્વ પ્રકારે માન્ય રાખું.

વીતરાગ ભગવાને જે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગની સ્થાપના કરી છે તેને સર્વ



પ્રકારે માન્ય રાખું. અને તે પામવા અર્થે દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય આદિથી વર્તી સમકિત, દેશવિરતિ કે સર્વ વિરતિ વગેરે જે પ્રકારે તે મોક્ષપ્રાપ્તિનો ક્રમ બતાવ્યો હોય તે પ્રકારે યથાશક્તિ વર્તવાનો પ્રયત્ન કરી જીવન ધન્ય બનાવું.

## ૫૭૪. ધર્માલય સ્થાપું.

જ્યાં જીવો સુખે સુખે ધર્મ આરાધના કરી શકે એવા સ્થાન તે જિનમંદિર, ગુરુ મંદિર કે સભામંડપ (ભક્તિસ્થાન) વગેરેની સ્થાપના કરું. સંપ્રતિ રાજાએ એવા ઘણા ધર્માલયો સ્થાપ્યા હતા. તે વિષયમાં —

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૩'માંથી :–**

''पुण्याय कुर्वते धर्मशालादि ये जनाः सदा ।
तेषां स्याद्विपुलं पुण्यमामभूमिपतेरिव'' ।।१।।

**ભાવાર્થ** - જેઓ હમેશાં પુણ્યપ્રાપ્તિને માટે ધર્મશાળા વગેરે કરે છે તેઓને આમરાજાની જેમ ઘણું પુણ્ય થાય છે.''

**આમરાજાનું દૃષ્ટાંત –** ગોપગિરિને વિષે શ્રી બપ્પભટ્ટસૂરિના પ્રતિબોધથી શ્રી આમરાજાએ એક સહસ્ત્ર સ્તંભવાળી પૌષધશાળા કરાવી હતી. તે પૌષધશાળાને સાધુ અને શ્રાવકોની સુગમતાને માટે પ્રવેશ અને બહાર નીકળવાના ત્રણ ઉત્તમ દ્વાર કરાવ્યાં હતાં. તેમાં દૂર ભાગે પટ્ટશાલમાં બેઠેલા સાધુઓને પડિલેહણ તથા સ્વાધ્યાય વગેરે, સાત મંડલીની વેળા જણાવવા માટે મધ્યસ્તંભે એક મોટી ઘંટા બાંધી હતી; જેનો ટંકારવ તે તે વેળાએ થતો હતો. તે શાલામાં ત્રણલાખ દ્રવ્ય ખર્ચી એક વ્યાખ્યાનમંડપ કરવામાં આવ્યો હતો. તે જ્યોતિરૂપ મણિમય શિલાઓથી આચ્છાદિત હતો અને ચંદ્રકાંત મણિથી તેનું તળિયું બાંધેલું હતું, તેથી બાર સૂર્યના જેવું તેજ પડતું હતું; એટલે રાત્રે પણ સર્વ અંધકાર હણવાથી પુસ્તકના અક્ષર વાંચી શકાતા હતા. આ પ્રમાણે સૂક્ષ્મ અને બાદર જીવોની અવિરાધના થવા માટે તેણે મહાતેજસ્વી ઉપાશ્રય કરાવ્યો હતો. (પૃ.૮૯)

## ૫૭૫. વિદ્યાલય સ્થાપું.

'सा विद्या या विमुक्तये' સાચી વિદ્યા તે કે જે મુક્તિ આપે. એવી ધાર્મિક વિદ્યાનું જ્યાં જ્ઞાન મળી શકે એવા વિદ્યાલયો સ્થાપું. કોઈ કોઈ શહેરમાં આજે પણ આવી ધાર્મિક પાઠશાળાઓ ચાલે છે. જેમાં બાળક, બાલિકાઓ ,ભાગ લઈ સુસંસ્કાર મેળવી જીવનને સદાચારી બનાવે છે.

**'મોક્ષમાળા પ્રવેશિકા'માંથી :–** ''(૧) કેળવણીકાર એ મુખ્ય સમાજસેવક છે. કારણકે જીવનની પ્રથમ અવસ્થામાં માનવબાળને તેના ભાવિ આદર્શ જીવન માટે તૈયાર થવાની કેળવણી એ આપે છે, તેની શારીરિક માનસિક શક્તિઓ વિકસાવે છે અને વિવિધ વિદ્યાઓ શીખવે છે; પરંતુ એ વાત સર્વમાન્ય છે કે 'सा विद्या या विमुक्तये' જેથી મોક્ષ પમાય એ જ વિદ્યા સાચી છે. એ સાચી વિદ્યા મેળવવા સર્વજ્ઞપ્રણીત તત્ત્વ વિચારવાની ખાસ અગત્ય છે.'' (પૃ.૨૬૨)

## ૫૭૬. નગર સ્વચ્છ રાખું.

નગર કે ગામો સ્વચ્છ રાખવાથી મચ્છર વગેરેનો ઉપદ્રવ થાય નહીં. જેથી રોગની વૃદ્ધિ થતી અટકે. રોગની વૃદ્ધિ થવાથી અનેક પ્રકારની દવાઓનો લોકોને ઉપયોગ કરવો પડે છે; તે કરતાં સ્વચ્છતા રાખવી કે જેથી રોગની ઉત્પત્તિ ન થાય અને આર્તધ્યાન કે ચિંતાઓના કારણો ઊભા થાય નહીં.



## ૫૭૭. વધારે કર નાખું નહીં.

રાજા છું તો પ્રજા ઉપર વધારે કર નાખું નહીં. માત્ર રાજ્ય ચલાવવા પુરતું પ્રજા પાસે કર લઉં. વધારે કર નાખી પ્રજાને દુઃખી કરું નહીં.

**'વિક્રમાદિત્ય'માંથી :– જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ**

**વિક્રમાદિત્યરાજાનું દૃષ્ટાંત –** એક દિવસે મહારાજા વિક્રમ સભામાં બેઠા હતા. તેમણે ભટ્ટમાત્રને કહ્યું ''મંત્રીશ્વર! રાજા, પ્રજાને કંઈ રીતે સુખી રાખી શકે?''

''મહારાજ! રાજા અને પ્રજાનો સંબંધ બાપ-બેટા જેવો છે. રાજા, પ્રજાને સુખી કરવા વિચારે તો તેનું વર્તન પ્રજા પ્રત્યે બાપ જેવું હોવું જોઈએ.''

મહારાજા વિક્રમ મંત્રીશ્વરના શબ્દો વિચારી રહ્યા. એ શબ્દોમાં કેટલું સત્ય રહ્યું છે તે જાણવા વેશ પરિવર્તન કરી નગરચર્ચા જોવા નીકળ્યા. ફરતા ફરતા નગર બહાર શેરડીના ખેતર પાસે આવ્યા ને તે ખેતરની માલિકણને કહ્યું : ''મા, મને તરસ લાગી છે, તો શેરડીનો રસ આપશો?''

''શા માટે નહીં?'' કહેતી ખેતરની માલિકણે કહ્યું : ''હું શેરડીનો રસ કાઢું છું તમે હાથ નીચે રાખો.'' કહેતી ખેતરની માલિકણે શેરડીમાંથી રસ કાઢ્યો. મહારાજા પીને તૃપ્ત થયા. તે પછી મહેલે ગયા, ત્યારે તેમને વિચાર આવ્યો ''એ ખેતરની માલિકણને સારી એવી ઊપજ થતી હશે. પણ તે રાજાને કર આપતી નથી. જો તે કર નહીં આપે તો તે ખેતર લઈ લેવામાં આવશે.''

બીજે દિવસે ફરીથી રાજા તે ખેતરે ગયા અને રસ પાવા કહ્યું. ખેતરની માલિકણે હાથ નીચે રાખવા કહ્યું. તેણે શેરડીમાંથી રસ કાઢવા માંડ્યો, પણ ગઈ કાલ જેટલો રસ નીકળ્યો નહીં. એટલે રાજાએ પૂછ્યું '' કાલ જેટલો રસ કેમ ન નીકળ્યો?'' જવાબમાં ખેતરની માલિકણે કહ્યું : ''કાલ સુધી રાજાની દૃષ્ટિ સારી હતી, પણ આજે તે દૃષ્ટિમાં ફેર પડ્યો હોવો જોઈએ.'' (પૃ.૩૭૫)

માટે વધારે કર નાખી, પ્રજાની રાજા પ્રત્યેની દૃષ્ટિને મલિન કરું નહીં.

## ૫૭૮. પ્રજા પર વાત્સલ્યતા ધરાવું.

રાજા છું તો પ્રજા પર વાત્સલ્યભાવ રાખું. રામ વગેરે મહાન રાજાઓ પૂર્વે થઈ ગયા. તે પ્રજાને પોતાના પુત્ર સમાન વાત્સલ્યભાવે જોતાં. પ્રજાનું કેમ હિત થાય, તે કેમ સુખી થાય તેવા પ્રકારમાં જ જેનો પ્રયાસ હતો. જેથી પ્રજાને પણ રાજા પ્રત્યે ઘણો વાત્સલ્યભાવ રહેતો હતો.

**'વિક્રમાદિત્ય'માંથી :–**

**વિક્રમાદિત્ય રાજાનું દૃષ્ટાંત –** એકવાર રાજાએ ભટ્ટમાત્રને વાત કરી કહ્યું : ''મારો વિચાર આ લાકડાં વેચનારાઓને શિક્ષા કરવાનો છે.''

ભટ્ટમાત્રે કહ્યું : ''તો મહારાજ! તેઓ પણ આપના પ્રત્યે એવું જ ઇચ્છશે. ચાલો હું એની ખાતરી કરાવું'' કહી વેશ બદલી બંને નીકળ્યા ને લાકડાં વેચનારાઓને મળ્યા.

''મહારાજા વિક્રમાદિત્ય મરી ગયા'' એમ ભટ્ટમાત્રે કહ્યું. લાકડાં વેચનાર બોલ્યા : ''સારું થયું અમારા લાકડા વેચાશે.''

આ સાંભળી મહારાજા આગળ વધ્યા ને કહ્યું : ''હું રબારીની સ્ત્રીનું સન્માન કરવા વિચારું છું.''

''તો તેઓ પણ તમારું ભલું જ ઇચ્છશે''. એમ ભટ્ટમાત્રે કહ્યું. રબારીના નિવાસમાં આવી એક



વૃદ્ધ રબારીને ભટ્ટમાત્રે કહ્યું, ''મહારાજા વિક્રમાદિત્ય આજે મરી ગયા.''

ભટ્ટમાત્રના શબ્દો સાંભળતાં જ રબારીઓ ભેગા થઈ રડવા લાગ્યા. દહીંના વાસણો ફોડવા લાગ્યા. વાસણ ફોડતાં એક રબારણ રડતી રડતી કહેવા લાગી, ''હે કરુણાસાગર વિક્રમાદિત્ય! તમે ક્યાં ચાલ્યા ગયા? આ પૃથ્વીનું પાલન હવે કોણ કરશે?

એ રડતી રબારણને શાંત કરતા મહારાજા અને ભટ્ટમાત્ર તેને મહેલે લઈ ગયા ને ખૂબ ધન આપ્યું.

ફરી મહારાજા વિક્રમ નગરચર્ચા જોવા એક દિવસે નીકળ્યા ત્યારે એક શ્રેષ્ઠીના ઘરમાં ચોરાશી દીવા બળતા હતા. તે જોઈ આશ્ચર્ય પામ્યા ને બોલ્યા, ''આ શ્રેષ્ઠીના ઘરમાં ચોરાશી દીવા કેમ બાળવામાં આવતા હશે? શા માટે ઓછા કે વધારે નહીં?''

આ મનના સંદેહને ટાળવા મહારાજાએ તે શ્રેષ્ઠીને બીજે દિવસે સભામાં બોલાવી પોતાનો સંદેહ પૂછ્યો. તો શ્રેષ્ઠીએ કહ્યું : ''મારા ઘરમાં જેટલી સુવર્ણ મુદ્રાઓ છે તેટલા દીવા બાળવામાં આવે છે.'' તેના સત્ય ભાષણથી પ્રસન્ન થઈ મહારાજાએ કોષાધ્યક્ષને બોલાવી સોળ લાખ સોનામહોરો તેને અપાવી જેથી સમય જતાં તે કોટયાધિપતિ થઈ ગયો.

મહારાજાએ પ્રજાના સુખ માટે જુગાર, માંસ, મદિરા, શિકાર, વેશ્યાગમન, ચોરી, વ્યભિચાર આ સાત વ્યસનો ન કરવા આદેશ આપ્યો. પરિણામે પ્રજા એ વ્યસનોથી દૂર રહેવા લાગી. મહારાજા વિક્રમ વ્યસનોને દેશવટો આપી રહ્યા હતા ત્યારે પણ કેટલાક ચોરો ચોરી કરતા. તેની ફરિયાદ કરવા સુવર્ણ, મણિ અને વસ્ત્ર બજારના વેપારીઓ મહારાજા પાસે આવ્યા. મહારાજાએ ફરિયાદ સાંભળી ઘટતું કરવાનું કહ્યું. તેના માટે ચાર રસ્તા પર ચોકીદારો ગોઠવ્યા છતાં તે ચોરોને પકડી શક્યા નહીં.

તેથી ચોરોને પકડવા માટે તલવાર લઈ રાજા એકલા જ પોતે મહેલમાંથી રાત્રે બહાર નીકળ્યા. એમ પ્રજા પ્રત્યે વાત્સલ્યભાવ રાખનાર રાજાઓ પણ હતા.

## ૫૭૯. કોઈ વ્યસન સેવું નહીં.

મુખ્ય એવા સાતે વ્યસનમાનું એક પણ વ્યસન સેવું નહીં. તેના ત્યાગની પ્રતિજ્ઞા જ કરું. કારણ વ્યસન જીવને નરકે લઈ જાય છે. કોઈપણ પ્રકારનું વ્યસન જીવને પરાધીન બનાવે છે. માટે એક પણ વ્યસન જીવનમાં સેવું નહીં.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''સાત વ્યસનનો ત્યાગ કર્યો છે તેમાં સટ્ટા પણ આવી જાય છે તે લક્ષમાં રાખી ભૂલ થઈ હોય તો ફરી તેવી ભૂલ જીવનપર્યંત ન થાય તેવી કાળજી રાખી વર્તશો તો શાંતિ મળશે, નહીં તો ઘર લાગતું હોય ને ઘાસ્તેલ છાંટે તો તે ઓલવાય નહીં, તેમ જ્ઞાનીની આજ્ઞા ઉપર પગ દઈ વર્તીએ અને શાંતિને ઇચ્છીએ તે ન બનવા જેવું છેજી. ખોટું લાગ્યું હોય તો ફરી ખમાવું છું. (પૃ.૭૯૦)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :–**

**કુમારપાળરાજાનું દૃષ્ટાંત –** ''અહો! કુમારપાળ રાજાનાં અ-મારી કર્તવ્યનું શું વર્ણન કરીએ કે જેના રાજ્યમાં દ્યુતક્રીડામાં પણ કોઈ 'મારી' એવા બે અક્ષર બોલી શકતું નહીં.''

એક વખત કુમારપાળે સાત વ્યસનને હિંસાના કારણભૂત જાણી માટીના સાત પુરુષોના રૂપ બનાવ્યા. તેમના મુખ ઉપર મસિ લગાડી, ગધેડે બેસાડી તેની આગળ કાહલ વિગેરે તુચ્છ વાજિંત્રો



વગાડતાં પાટણ નગરના ચોરાશી ચૌટામાં ફેરવી, લાકડી તથા મુષ્ટિ વિગેરેથી તાડન કરાવી, તેને પોતાના નગરમાંથી અને પોતાના દેશમાંથી બહાર કાઢી મૂકાવ્યા હતા. (પૃ.૫)

## ૫૮૦. બે સ્ત્રી પરણું નહીં.

બે સ્ત્રી પરણવાથી બન્નેના મનને સાચવવામાં પુરુષને ઘણું વેઠવું પડે છે. તે એનું મન જાણે છે. તેમજ મોહને વધારવામાં કારણભૂત એવી બે સ્ત્રી કદી પરણું નહીં.

**'સાદી શિખામણ'માંથી - બે સ્ત્રીના પતિની શિક્ષા મને દેશો માં !**

**એક શેઠનું દૃષ્ટાંત –** એક શહેરમાં એક શ્રીમાનને બે સ્ત્રીઓ હતી. તેથી તેને ઘરમાં આખી રાત કજીયો થયા કરતો. એક વખતે તેના ઘરમાં ચોર ચોરી કરવા આવ્યો. પણ તેના ઘરમાં કંકાસને લીધે સર્વ જાગતા હોવાથી ચોર પકડાઈ ગયો. તેને કાજી સાહેબ પાસે લાવ્યા. કાજીએ તેની જુબાની લીધી. બીજા સાક્ષીઓને તપાસ્યા તો ચોરે ચોરી કરી નહોતી પણ બીજાના ઘરમાં ચોરી કરવાના હેતુથી આવેલો માટે તેને શિક્ષા કરવી જોઈએ, એમ કાજી સાહેબનો મત પડતાં તે ચોર બોલ્યો : કાજી સાહેબ! મ્હારા ઉપર રહેમ કરજો ને આપની મરજી પ્રમાણે ગમે તે પ્રકારની શિક્ષા કરજો તે હું ભોગવીશ; પણ બે સ્ત્રીના પતિ થવાની શિક્ષા મને મહેરબાની કરીને કરશો નહીં.

કાજી સાહેબ કહે— 'કેમ એમ?' ચોર બોલ્યો. સાહેબ 'હું જેને ત્યાંથી પકડાયો તેને બે સ્ત્રીઓ હતી. હું ચોરી કરવા પેઠો ત્યારે મેં એવું જોયું કે શેઠ તો દાદરાની વચમાં હતા. નીચેની સ્ત્રીએ શેઠનો પગ પકડ્યો હતો અને ઉપરની સ્ત્રીએ શેઠનો હાથ પકડ્યો હતો. બે માંથી કોઈ મૂકતી નહોતી. શેઠ પણ બેયમાંથી કોઈને કંઈ કહી શકતા નહોતા. નીચેની સ્ત્રી પગને આંચકો મારે અને ઉપરની સ્ત્રી હાથને જોરથી ખેંચે. શેઠ અધમુઆ જેવા થઈ ગયા. આખી રાત આમ ખેંચતાણ ચાલી. માટે બે સ્ત્રીઓના ધણી થવાની મને શિક્ષા કરો તો મારા પણ એવા જ હવાલ થાય. પેલો શ્રીમાન આ સાંભળી પોતાની ભૂલને માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. ખરેખર બે સ્ત્રીનો પતિ જગતમાં ઘણું માનસિક દુઃખ ભોગવે છે એ વાત નિર્વિવાદ છે. (પૃ.૭૨)

## ૫૮૧. તત્ત્વજ્ઞાનના પ્રાયોજનિક અભાવે બીજી પરણું તે અપવાદ.

ભગવાને કહેલા નવતત્ત્વો કે તત્ત્વજ્ઞાન જેની મારે આવશ્યકતા છે; પણ તે જ્ઞાનનો મારામાં અભાવ હોવાથી અને સંસારમાં મોહ હોવાથી બીજી સ્ત્રી પરણું તે અપવાદ.

## ૫૮૨. બે (    ) પર સમભાવે જોઉં.

પરણું તો બન્ને સ્ત્રી પ્રત્યે સરખી દૃષ્ટિથી જોઉં; પણ વિષમભાવ ન રાખું.

## ૫૮૩. સેવક તત્ત્વજ્ઞ રાખું.

સેવક તત્ત્વજ્ઞ એટલે વસ્તુના મર્મને જાણનાર એવો હોશિયાર રાખું કે જે ગમે તેવી મુશ્કેલીઓમાં પણ ઉપાય શોધી કાર્ય સિદ્ધ કરે, અથવા આત્મતત્ત્વને કિંચિત્ જાણનાર હોય તો સમાધિમરણમાં મદદ કરે. જેમકે પરદેશીરાજાનો મંત્રી તત્ત્વને જાણનાર હતો. તેથી કેશી સ્વામીને પોતાના દેશમાં બોલાવી નાસ્તિક એવા પોતાના રાજાને પણ સત્યધર્મ પમાડ્યો. એવા સેવક હોવા જોઈએ. પણ નાસ્તિક જેવા સેવક હોય તો રાજાને પણ અધર્મના કામોમાં પ્રેરી દુર્ગતિએ લઈ જાય.



**'દૃષ્ટાંતશતક'માંથી :–**

**તત્ત્વજ્ઞ સેવકનું દૃષ્ટાંત –** એકદા રાજાએ પોતાની સેવામાં રહેનાર પ્રધાનની બુદ્ધિની પરીક્ષા કરવા માટે કહ્યું કે, 'આ નગરીમાંથી ચાર વસ્તુઓ લાવી આપો.' પ્રધાને પૂછ્યું: 'એ ચાર વસ્તુઓ કઈ?' રાજા બોલ્યો : 'એક તો છે ને છે; બીજી છે ને નથી, ત્રીજી નથી ને છે; અને ચોથી નથી ને નથી : એવી ચાર વસ્તુઓ લાવો.'

આ સાંભળીને પ્રધાને વિચાર કરીને પ્રથમ એક શેઠને તેડાવ્યો; બીજી એક વેશ્યાને બોલાવી; ત્રીજા સાધુપુરુષ અને ચોથો વાઘરી. એમ ચારેયને તેડીને પ્રધાન રાજા પાસે ગયો અને કહ્યું કે, 'મહારાજ! આપે કહેલી ચારે વસ્તુઓ લાવ્યો છું.' એમ કહી ચારે જણને રાજા સમક્ષ ઊભા કર્યા. રાજાએ એનો અર્થ પૂછ્યો ત્યારે પ્રધાને પ્રથમ શેઠને દેખાડી કહ્યું કે, આ શેઠને તો આ લોકમાં ધનસંપત્તિ આદિ વૈભવ છે અને તે વડે પુણ્યદાન સત્કર્મ કરે છે; માટે બીજે ભવે પણ એને એવું મળશે. માટે એને તો છે ને છે, એ પહેલી વસ્તુ જાણવી. આ વેશ્યાને અહીં સુખભોગનાં સાધન છે, પણ તે પાપકર્મથી મેળવેલાં હોવાથી પરભવે કંઈ મળવાનું નથી, માટે એને તો 'છે ને નથી' એમ જાણવું. આ મુનિને આ જન્મે ધનવૈભવ કાંઈ નથી, પણ એ જે તપ કરે છે તેના પુણ્યથી બીજે ભવે વિવિધ સુખ સંપત્તિ મળશે માટે 'એમને નથી ને છે' એમ કહેવાય. તથા આ વાઘરીને આ જન્મે ખાવાપીવા મળતું નથી અને પાપકર્મ કરે છે તેથી બીજા જન્મમાં પણ નીચ જાતિમાં જન્મ પામશે. માટે એને 'નથી ને નથી' એમ માની શકાય.

પ્રધાનની આવી ચમત્કારિક અને તીવ્ર બુદ્ધિ જોઈ રાજા આનંદ પામ્યો.'' (પૃ.૧૨૩/૧૨૪)

## ૫૮૪. અજ્ઞાન ક્રિયા તજી દઉં.

સમજણ વગરની ક્રિયાનો એટલે ક્રિયાજડપણાનો ત્યાગ કરું. કોઈપણ ક્રિયા કરવાનું પ્રયોજન પ્રથમ બરાબર સમજી, પછી યથાર્થપણે તે ક્રિયાને માત્ર આત્માર્થે આરાધું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''ઘણાને ક્રિયાજડત્વ વર્તે છે, અને ઘણાને શુષ્કજ્ઞાનીપણું વર્તે છે તેનું શું કારણ હોવું જોઈએ? એવી આશંકા કરી તેનું સમાધાન—સદ્ગુરુના ચરણને જે પોતાનો પક્ષ એટલે મત છોડી દઈ સેવે તે પરમાર્થને પામે, અને નિજપદનો એટલે આત્મસ્વભાવનો લક્ષ લે. અર્થાત્ ઘણાને ક્રિયાજડત્વ વર્તે છે તેનો હેતુ એ છે કે અસદ્ગુરુ કે જે આત્મજ્ઞાન અને આત્મજ્ઞાનના સાધનને જાણતા નથી તેનો તેણે આશ્રય કર્યો છે; જેથી તેને માત્ર ક્રિયાજડત્વનો એટલે કાયક્લેશનો માર્ગ જાણે છે, તેમાં વળગાડે છે, અને કુળધર્મ દૃઢ કરાવે છે; જેથી તેને સદ્ગુરુનો યોગ મેળવવાની આકાંક્ષા થતી નથી અથવા તેવા યોગ મળ્યે પણ પક્ષની દૃઢ વાસના તેને સદુપદેશસન્મુખ થવા દેતી નથી, એટલે ક્રિયાજડત્વ ટળતું નથી; અને પરમાર્થની પ્રાપ્તિ થતી નથી.'' (પૃ.૫૨૯)

''જે જીવો ક્રિયાજડ છે તેને એવો ઉપદેશ કર્યો કે કાયા જ માત્ર રોકવી તે કાંઈ આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ નથી, વૈરાગ્યાદિ ગુણો આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે, માટે તમે તે ક્રિયાને અવગાહો, અને તે ક્રિયામાં પણ અટકીને રહેવું ઘટતું નથી; કેમકે આત્મજ્ઞાન વિના તે પણ ભવનું મૂળ છેદી શકતાં નથી. માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિને અર્થે તે વૈરાગ્યાદિ ગુણોમાં વર્તો; અને કાયક્લેશરૂપ પણ કષાયદિનું જેમાં તથારૂપ કંઈ ક્ષીણપણું થતું નથી તેમાં તમે મોક્ષમાર્ગનો દુરાગ્રહ રાખો નહીં, એમ ક્રિયાજડને કહ્યું.'' (વ.પૃ.૫૨૭)

''માત્ર ત્યાગવૈરાગ્યમાં રાચીને કૃતાર્થતા માને તે પણ પોતાના આત્માનું ભાન ભૂલે. અર્થાત્



આત્મજ્ઞાન નહીં હોવાથી અજ્ઞાનનું સહચારીપણું છે, જેથી તે ત્યાગવૈરાગ્યાદિનું માન ઉત્પન્ન કરવા અર્થે અને માનાર્થે સર્વ સંયમાદિ પ્રવૃત્તિ થઈ જાય; જેથી સંસારનો ઉચ્છેદ ન થાય, માત્ર ત્યાં જ અટકવું થાય. અર્થાત્ તે આત્મજ્ઞાનને પામે નહી. એમ ક્રિયાજડને સાધન-ક્રિયા અને તે સાધનનું જેથી સફળપણું થાય છે એવા આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો અને શુષ્કજ્ઞાનીને ત્યાગ વૈરાગ્યાદિ સાધનનો ઉપદેશ કરી વાચાજ્ઞાનમાં કલ્યાણ નથી એમ પ્રેર્યું.'' (વ.પૃ.૫૨૮)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :– જ્ઞાનવિજ્ઞાનયુક્તક્રિયા વિષે.** ''જ્ઞાન અને વિજ્ઞાન સહિત જે ક્રિયા કરાય છે, તે પુરુષોને અવશ્ય ફળ આપનાર થાય છે; એજ કારણથી જ્ઞાન અને ક્રિયા તે બન્ને વડે મોક્ષ કહેલો છે.''

**ધર્મબુદ્ધિસાધુનું દૃષ્ટાંત – કોઈ સાધુ માંદા પડ્યા નહીં જેથી સેવાનો લાભ ન મળ્યો.** ''શ્રી નિર્ગ્રંથગચ્છમાં ધર્મબુદ્ધિ નામે એક નાના સાધુ હતા. તે શાસ્ત્રના અભ્યાસમાં કુશળ હતા. પણ ૧. હેય, ૨. જ્ઞેય, ૩. ઉપાદેય, ૪. ઉત્સર્ગ અને ૫. અપવાદના સ્વરૂપને સમજી તેનું યથાયોગ્ય સ્થાપન કરી જાણતા નહોતા. તેણે ધર્મબુદ્ધિએ ચાતુર્માસમાં એવો અભિગ્રહ કર્યો કે - ''આ ચાતુર્માસમાં મારે ગ્લાન (માંદા) સાધુની વૈયાવૃત્ય કરવી.'' પણ તે ચોમાસામાં કોઈ સાધુ માંદા થયા નહીં, અને કોઈની સેવા કરવાનો સમય આવ્યો નહીં. તેથી તે મુનિ ખેદ સહિત વિચાર કરવા લાગ્યા કે - ''બીજા સર્વ સાધુઓના અભિગ્રહ પૂર્ણ થયા, પણ મારો અભિગ્રહ પૂર્ણ થયો નહીં.'' આ પ્રમાણે મનથી ચિંતવ્યું, તેથી તેને પાપ લાગ્યું. અન્યદા તેણે તે વાત ગુરુને કહી કે - ''હે સ્વામી! આ ચોમાસામાં કોઈપણ સાધુ માંદા પડ્યા નહીં, તેથી મારો અભિગ્રહ પૂર્ણ ન થવાથી મને શોક થાય છે.'' તે સાંભળીને ગુરુએ કહ્યું - ''તારો એ વિચાર સુંદર નથી, દરેક ક્રિયા જ્ઞાન વિજ્ઞાન સહિત કરવાથી જ તે ફળીભૂત થાય છે.'' (પૃ.૯૮)

**દરિદ્રીપુરુષનું દૃષ્ટાંત – પ્રમાદથી વિદ્યા ગ્રહણ કરી નહીં તો બધું ખોયું.** ''કોઈ એક દરિદ્રી પુરુષ દ્રવ્ય ઉપાર્જન કરવા માટે વિવિધ ઉપાય કરતો પૃથ્વી પર ભટકતો હતો, પણ કાંઈ મેળવી શક્યો નહોતો. એક દિવસ કોઈ વિદ્યાસિદ્ધ પુરુષ હાથમાં એક ઘડો રાખી તેની પૂજા કરીને બોલ્યો કે - ''હે કુંભ! શય્યા, ભોજન, સ્ત્રી ઇત્યાદિ સર્વ સામગ્રી સહિત એક મહેલ બનાવ.'' તે સાંભળીને તે કામકુંભે સર્વ કરી દીધું. પછી પ્રાતઃકાળે તે સર્વનો ઉપસંહાર કરી દીધો. તે બધું જોઈને પેલા દરિદ્રી બ્રાહ્મણે વિચાર્યું કે - ''મારે બીજો નિષ્ફળ ઉદ્યમ શા માટે કરવો જોઈએ? આ વિદ્યાસિદ્ધનીજ સેવા કરું, તો સર્વ દારિદ્રનો નાશ થશે.'' એમ વિચારી તે સિદ્ધની વિવિધ પ્રકારની સેવા કરીને તેને પ્રસન્ન કર્યા. એટલે એક દિવસે સિદ્ધે કહ્યું કે - ''તારી શી ઇચ્છા છે?'' ત્યારે બ્રાહ્મણે પોતાની દરિદ્રી અવસ્થા જણાવી. તે સાંભળીને સિદ્ધે વિચાર્યું કે —''દીન પુરુષોનો ઉપકાર કરવો તેજ સત્પુરુષોનું વ્રત છે, માટે આ બ્રાહ્મણનો ઉપકાર કરીને મારો જન્મ હું સફળ કરું.''

તેથી વિદ્યાસિદ્ધ બ્રાહ્મણને કહ્યું કે - ''વિદ્યાથી સાધેલો કુંભ આપું કે વિદ્યા આપું?'' તે સાંભળીને વિદ્યા સાધવામાં બીકણ અને કામભોગ મેળવવામાં ઉત્સુક એવા તે બ્રાહ્મણે કહ્યું કે — ''વિદ્યાથી સાધેલો કુંભ જ આપો.'' એટલે વિદ્યાસિદ્ધ બ્રાહ્મણે તેને કામકુંભ આપ્યો. તે લઈને દરિદ્રી જલદીથી પોતાના ગામમાં ગયો. કુંભના પ્રભાવથી ઘર વિગેરે મનોરથ પ્રમાણે કરીને બાંધવાદિ કુટુંબ સહિત સ્વચ્છંદપણે ભોગ ભોગવવા લાગ્યો. એક દિવસ સુરાપાન કરીને તે બ્રાહ્મણ ખાંધ ઉપર કુંભ રાખી નૃત્ય કરવા



લાગ્યો. ઉદ્ધતાઈને લીધે તેના હાથમાંથી કુંભ છૂટી ગયો, અને પૃથ્વી પર પડી તેના સેંકડો કકડા થઈ ગયા. તે સાથે તે નિર્ભાગીના મનોરથ પણ ભગ્ન થઈ ગયા; એટલે કે કુંભના પ્રભાવથી ઉત્પન્ન થયેલું ઘર વિગેરે સર્વ વૈભવ ઇંદ્રજાળથી બનાવેલા નગરની જેમ તત્કાળ અદ્રશ્ય થઈ ગયું અને પોતાની પાસે વિદ્યા નહીં હોવાથી તેવો નવીન કુંભ કરવાની તેની શક્તિ નહોતી; તેથી તે નવો કુંભ કરી ન શક્યો અને પાછો સદા દરિદ્રીપણાથી વ્યાકુળ રહ્યો.''

હે શિષ્ય! આ દૃષ્ટાંતનો સાર એ છે કે - ''જ્ઞાન વિનાની સર્વ ક્રિયાઓ નિષ્ફળ છે. આ બ્રાહ્મણે પ્રમાદથી વિદ્યા ગ્રહણ કરી નહીં, તેથી તે મંદબુદ્ધિવાળો આ લોકમાંજ દુઃખ પામ્યો; તેમ બીજા માણસો પણ જ્ઞાન વિના અનેક ક્રિયાઓ કરે, પણ તે અશુદ્ધ જ થાય છે.'' (પૃ.૯૯)

માટે અજ્ઞાન ક્રિયા તજી દઈ જ્ઞાનસહિત ક્રિયાને સેવું.

## ૫૮૫. જ્ઞાન ક્રિયા સેવવા માટે.

અજ્ઞાન ક્રિયા (ક્રિયાજડ)નો ત્યાગ, જ્ઞાન ક્રિયા સેવવા માટે કર્યો. કેમકે જ્ઞાન અને ક્રિયા બન્ને જોઈએ. કારણ તાળી બે હાથે પડે છે, પક્ષી બે પાંખથી ઊડે છે તેમ જ્ઞાન અને ક્રિયા બન્ને જોઈએ. તો જ આત્માની યથાર્થ સિદ્ધિ થાય.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''જગતમાં ભ્રાંતિ વધારનાર અસદ્ગુરુ છે. માટે સદ્ગુરુ જીવને ચેતાવે છે કે ક્રિયાજડ થઈશ નહીં, શુષ્કજ્ઞાની થઈશ નહીં. જે ક્રિયાજડ હોય છે તે માત્ર ક્રિયામાં જ રાચી રહ્યા છે. ક્રિયા શા માટે કરવી છે? એથી આત્માનું કલ્યાણ થાય છે કે નહીં? એ વિચાર્યા વિના માત્ર બાહ્ય ક્રિયા કરે અને જ્ઞાનને નિષેધે કે જ્ઞાનનું આપણે શું કામ છે? જ્ઞાનનું ફળ વિરતિ છે, તે તો આપણને આવી ગઈ છે. પણ ''લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન.'' એમ માત્ર ક્રિયામાં જ રાચી રહે છે, તે ક્રિયાજડ છે.

કેટલાક શુષ્કજ્ઞાનીઓ છે. તે કહે છે કે આત્મા બંધાયેલો નથી, તેથી તેનો મોક્ષ પણ નથી. આત્માને કંઈ કર્મ બંધાતા નથી, સિદ્ધ જેવો છે. માટે કંઈ કરવું નહીં. એમ કહે અને વર્તે પાછા મોહમાં. તે નરકે પણ જાય. જે ક્રિયાજડ છે તે તો કંઈક પુણ્ય બાંધે; પણ શુષ્કજ્ઞાની તો પાપ જ બાંધે છે.'' (પૃ.૬૦)

''મુમુક્ષુ - જ્ઞાન અને ક્રિયા બન્ને યોગ કહેવાય?

પૂજ્યશ્રી - હા. પણ જ્ઞાન કયું? સત્પુરુષના બોધે પ્રાપ્ત થયું હોય તે. બીજું જ્ઞાન નથી, પણ અજ્ઞાન છે. એમ તો જગતમાં ઘણા જ્ઞાન છે, તે નહીં.

પ્રશ્ન - જ્ઞાનયોગ અને ક્રિયાયોગ બન્નેની જરૂર છે?

ઉત્તર - હા, બન્નેની જરૂર છે.'' (પૃ.૪૫)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૫'માંથી :– જ્ઞાનક્રિયાયુક્ત ફળદાયી છે**

જ્ઞાન ક્રિયાયુક્ત હોય તો હિતને માટે થાય છે. એકલું જ્ઞાન હિત કરી શકતું નથી. કહ્યું છે કે —

''क्रियाविरहितं हन्त, ज्ञानमात्रमनर्थकम् ।
गतिं विनापथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ''॥१॥

ભાવાર્થ - ''ક્રિયારહિત એવું માત્ર જાણવારૂપ સંવેદન જ્ઞાન કે જે વાણીના વ્યાપારરૂપ અને મનના વિકલ્પરૂપ છે તે અનર્થક છે, વંધ્ય છે, એટલે મુક્તિને સાધનારું નથી; કેમકે (પુરના) માર્ગને જાણનારો માણસ પણ ગતિરૂપ ક્રિયા વિના કદી પણ ઇચ્છિત પુરને પામતો નથી.'' (પૃ.૧૦૬)



## ૫૮૯. કપટને પણ જાણવું.

હું આ કપટ કરું છું, તેને પણ ધ્યાનમાં રાખું. કપટને કપટરૂપે જાણે તો ''માયા પ્રત્યે માયા સાક્ષીભાવની'' રાખી શકે. શ્રી મલ્લિનાથ ભગવાને પૂર્વભવમાં કપટથી વધારે તપ કર્યું તો તેમને પણ સ્ત્રીનો અવતાર લેવો પડ્યો. તો આપણા જેવા સંસારમાં માયા કપટ કરે, તેનું ફળ કેવું આવશે તે જરૂર વિચારવા જેવું છે. માયાવી જીવો પશુગતિને અથવા સ્ત્રીદેહને પામે છે.

**'ઉપદેશામૃત'માંથી :–** ''ઉપરથી સાધુનો વેશ હોય અને બાહ્ય ચારિત્રાદિથી જનરંજન કરી સાધુ કહેવરાવવા તથા માનપૂજા આદિ કારણે દેખાડવું કાંઈ-સાધુપણું , અને અંતરથી વર્તન કાંઈ - વિષય કષાય મોહથી ભરપૂર, એવું હોય તો તે માયાશલ્ય કહેવાય. પોતાના આત્મા અર્થે ધર્મ નહીં કરતાં, અંતરશ્રદ્ધા વગર જગતને ઠગવા ગુરુપણા આદિની અજ્ઞાનક્રિયા તે માયાશલ્ય છે.'' (પૃ.૩૫૦)

**કહેવાતા ત્યાગીનું દૃષ્ટાંત – મોડે વહેલે કપટ બહાર આવે.** એક ત્યાગી હતો તે ખાય દરરોજ છતાં 'કદી નિહાર કરતો નથી' એવી વાત બધે ફેલાવા લાગી. એ વાત એક જૈનના જાણવામાં આવી. તેથી તેની પરીક્ષા કરવા મીઠાઈ લઈને તે ત્યાગી પાસે ગયો. ભાવ દેખાડી, બરાબર જમાડી અને સેવામાં હાજર રહેવા રજા માગીને રહ્યો. આખો દિવસ કંઈ જણાયું નહીં. પણ સવાર થવા આવ્યું ત્યારે બાવાજી નાહવા જવા નીકળ્યા ત્યારે પેલો માણસ પણ સાથે ગયો. બાવાજી નાહતાં નાહતાં ડૂબકી મારી ગયા એટલામાં ઉપર વિષ્ટા તરી આવી. એટલે તે જૈને કહ્યું, બાવાજી હવે બહાર નીકળો, લીંડી ઉપર દેખાઈ. આમ લોકોને તમાસો દેખાડી જેણે આહાર કર્યો હોય તેને નિહાર તો હોય જ, એ વાત જણાવી પોગળ બહાર પાડ્યું. (પૃ.૨૮૩)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''સરલભાવ આવે ત્યારે માયા છૂટે. સરળતા એ મોટો ગુણ છે. જેટલી સરળતા હોય તેટલો બોધ પરિણમે. સરલભાવ ન આવે ત્યાં સુધી બોધ ન પરિણમે. સરળતાવાળો સીધો છે અને માયાવાળો વક્ર એટલે વાંકો છે.'' (પૃ.૬૫)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''શ્રી આનંદઘનજીના સ્તવનના અર્થ પરમકૃપાળુદેવે કર્યા છે તે ફરી ફરી વાંચવાથી કપટનો અર્થ સમજાવવા યોગ્ય છેજી. પરમાત્માના ચરણમાં ચિત્તનું ચોટવું કઠણ છે. અને એ મનનું સમર્પણ થયું નથી ત્યાં સુધી સાંસારિક ભાવનામાં ચિત્તનું ભટકવું રહે છે તે જ કપટ પરમકૃપાળુદેવે કહ્યું છે તે વિચારવાથી સમજાશેજી. બીજી પંચાત મૂકી આપણાં પરિણામ દિન દિન સુધરતાં જાય, પરમકૃપાળુદેવનું માહાત્મ્ય વિશેષ વિશેષ લાગે તેમ કર્તવ્ય છેજી. (પૃ.૭૪૮)

**'સહજસુખસાધન'માંથી :– મુનિના કપટનું ફળ પશુગતિ**

**એક મુનિનું દૃષ્ટાંત –** એક મુનિએ નગરની બહાર ચાર માસનો વર્ષાયોગ ધારણ કર્યો હતો. વર્ષાયોગ પૂર્ણ થતાં બીજે દિવસે ત્યાંથી વિહાર કર્યો. બીજા એક મુનિ કોઈ પાસેના ગામથી આવી ત્યાં ઊતર્યા. નગરનાં નરનારીઓ ત્યાં આવી મુનિની વંદના પૂજા ભક્તિ કરતાં કહેવા લાગ્યાં કે ''આપે અમારા નગરની બહાર વર્ષાકાળમાં યોગ સાધન કર્યું તેથી અમારું સ્થાન પવિત્ર થયું.'' એ આદિ. તે સમયે તે મુનિએ કહેવું જોઈતું હતું કે, ''હું તે મુનિ નથી.'' પણ તે પોતાની પૂજા થતી જોઈ મૌન રહ્યા. કપટથી પોતાનો પરિચય આપ્યો નહીં. આ માયાના પરિણામથી તે મુનિએ પશુગતિનો બંધ કર્યો અને મરીને તે હાથી થયા. (પૃ.૧૪)



## ૫૮૭. અસૂયા સેવું નહીં.

અસૂયા એટલે અદેખાઈ. કોઈની અદેખાઈ કરું નહીં. કોઈના છિદ્રો જોઉં નહીં. અદેખાઈ કરવાથી પોતાનું જ અહિત થાય છે. જે વસ્તુ નિમિત્તે બીજાની અદેખાઈ કરે, તે વસ્તુ પરભવમાં તે પામે નહીં.

**'ટચુકડી કથાઓ ભાગ-૧'માંથી :–**

**નયશીલ આચાર્યનું દૃષ્ટાંત –** નયશીલ આચાર્યના એક શિષ્ય બહુ વિદ્વાન હતા. તેઓમાં નમ્રતા પણ ઘણી જ હતી. તેથી અનેક સાધુઓ આ શિષ્યની પાસે સ્વાધ્યાય કરતા, પાઠ પણ લેતા. ગુરુદેવના સુખશીલીયા સ્વભાવને લીધે વ્યાખ્યાન પણ આ શિષ્ય કરતા. એથી લોકો આ શિષ્ય પાસે વધુ બેસતા અને તત્ત્વસંબંધી પ્રશ્ન પૂછતા. તે જોઈ ગુરુને આનંદ થવાને બદલે ઈર્ષા થવા લાગી. પણ શિષ્ય પાસેનો સાધુઓ વગેરેનો સ્વાધ્યાય બંધ કરાવી શક્યા નહીં. પણ મનમાં ઈર્ષાથી સતત બળતો-જલતો ગુરુનો આત્મા, એક દિવસ દેહ છોડીને ચાલ્યો ગયો. તે આત્મા હવે કાળો નાગ થયો. તે શિષ્ય ઘણા સાધુઓ સાથે વિહાર કરતાં સહજે જ્યાં કાળો નાગ છે તે ઉદ્યાનમાં આવીને ઊતર્યા. સ્વાધ્યાય કર્યા પછી વિદ્વાન શિષ્ય ધ્યાનમાં જવા લાગ્યા. ત્યારે અપશુકન થયું. તેથી કેટલાક સાધુઓ પણ તેમની સાથે ગયા. ત્યાં પેલો કાળો નાગ દોડતો આવ્યો. તે જોઈ બીજા સાધુઓ તેને દૂર મૂકી આવ્યા. પણ વિચારવા લાગ્યા કે આ વડીલ મુનિ ઉપર સાપ ક્રોધ કેમ કરતો હશે. ત્યાંથી વિહાર કરી ગયા. રસ્તામાં વિશિષ્ટ જ્ઞાની મળ્યાં. તેમને પૂછ્યું કે કાળો નાગ આ મુનિ ઉપર કેમ ધસી આવ્યો હશે? મહાત્માએ કહ્યું : એ નાગ બીજો કોઈ નથી. પણ ભારે ઈર્ષા કરવાથી તમારા ગુરુ નયશીલસૂરિનો જ આ જીવ છે. બધા વિચારવા લાગ્યા કે અહો! ઈર્ષા કરવાથી કેવી વિષમ દશા પ્રાપ્ત થાય છે. (પૃ.૧૫૩)

## ૫૮૮. ધર્મ આજ્ઞા સર્વથી શ્રેષ્ઠ માનું છું.

''आणाए धम्मो आणाए तवो ।'' ધર્મમાં આજ્ઞાનું પ્રધાનપણું છે.

સંસારમાં વડીલોની આજ્ઞા માનીએ છીએ તે કરતાં પણ ધર્મમાં ઉપદેશેલ આજ્ઞાઓને સર્વથી શ્રેષ્ઠ માનું. કારણ વડીલોની આજ્ઞા માનવાથી આ ભવમાં વિઘ્નોથી બચી શકાય. જ્યારે જ્ઞાનીપુરુષોની આજ્ઞા પ્રમાણે ધર્મમાં વર્તવાથી ભવોભવ સુખી થવાય અને પ્રાંતે જીવનો મોક્ષ પણ થાય.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે :- ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષ પ્રાપ્ત થયા.

એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

आणाए धम्मो आणाए तवो ।

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ. (આચારાંગ સૂત્ર)'' (વ.પૃ.૨૬૦)

''અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.'' (વ.પૃ.૨૬૩)

''દૃઢ નિશ્ચય કરવો કે વૃત્તિઓ બહાર જતી ક્ષય કરી અંતર્વૃત્તિ કરવી; અવશ્ય એ જ જ્ઞાનીની આજ્ઞા છે.'' (પૃ.૬૯૧)



**એક સાધુનું દૃષ્ટાંત – ગુરુ આજ્ઞા આરાધવાથી જ જીવનું કલ્યાણ.** ''કોઈ સાધુ જેણે પ્રથમ આચાર્યપણે અજ્ઞાનઅવસ્થાએ ઉપદેશ કર્યો હોય, અને પછી તેને જ્ઞાનીપુરુષનો સમાગમ થતાં તે જ્ઞાનીપુરુષ જો આજ્ઞા કરે કે જે સ્થળે આચાર્યપણે ઉપદેશ કર્યો હોય ત્યાં જઈ એક ખૂણે છેવાડે બેસી બધા લોકોને એમ કહે કે મેં અજ્ઞાનપણે ઉપદેશ આપ્યો છે, માટે ભૂલ ખાશો નહીં; તો તે પ્રમાણે સાધુને કર્યા વિના છૂટકો નહીં. જો તે સાધુ એમ કહે, 'મારાથી એમ નહીં થાય; એને બદલે આપ કહો તો પહાડ ઉપરથી પડતું મુકું, અથવા બીજું ગમે તે કહો તે કરું; પણ ત્યાં તો મારાથી નહીં જવાય.' જ્ઞાની કહે છે 'ત્યારે એ વાત જવા દે. અમારા સંગમાં પણ આવતો નહીં. કદાપિ તું લાખ વાર પર્વતથી પડે તોપણ કામનું નથી. અહીં તો તેમ કરશે તો જ મોક્ષ મળશે. તેમ કર્યા વિના મોક્ષ નથી; માટે જઈને ક્ષમાપના માગે તો જ કલ્યાણ થાય.''

**ગૌતમસ્વામીનું દૃષ્ટાંત –** ''ગૌતમસ્વામી ચાર જ્ઞાનના ધર્તા હતા અને આનંદશ્રાવક પાસે ગયા હતા. આનંદશ્રાવકે કહ્યું 'મને જ્ઞાન ઊપજ્યું છે.' ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું 'ના, ના એટલું બધું હોય નહીં, માટે આપ ક્ષમાપના લો.' ત્યારે આનંદશ્રાવકે વિચાર્યું કે આ મારા ગુરુ છે, કદાચ આ વખતે ભૂલ ખાય છે, તો પણ ભૂલ ખાઓ છો એમ કહેવું યોગ્ય નથી; ગુરુ છે માટે શાંતિથી કહેવું યોગ્ય છે એમ ધારી આનંદશ્રાવકે કહ્યું કે 'મહારાજ! સદ્‌ભૂત વચનનો મિચ્છા મિ દુક્કડં કે અસદ્‌ભૂત વચનનો મિચ્છા મિ દુક્કડં?' ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું કે 'અસદ્‌ભૂત વચનનો મિચ્છા મિ દુક્કડં.' ત્યારે આનંદશ્રાવકે કહ્યું : 'મહારાજ! હું મિચ્છા મિ દુક્કડં લેવાને યોગ્ય નથી.' એટલે ગૌતમસ્વામી ચાલ્યા ગયા, અને જઈને મહાવીરસ્વામીને પૂછ્યું. (ગૌતમસ્વામી તેનું સમાધાન કરે તેવા હતા, પણ છતે ગુરુએ તેમ કરે નહીં જેથી મહાવીરસ્વામી પાસે જઈ હકીકત કહી.) મહાવીરસ્વામીએ કહ્યું, 'હે ગૌતમ! હા, આનંદ દેખે છે એમ જ છે' અને તમારી ભૂલ છે; માટે તમે આનંદ પાસે જઈ ક્ષમાપના લો.' 'તહત્' કહી ગૌતમસ્વામી ક્ષમાવવા ગયા. જો ગૌતમસ્વામીનો મોહ નામનો મહા સુભટ પરાભવ પામ્યો ન હોત તો ત્યાં જાત નહીં, અને કદાપિ ગૌતમસ્વામી એમ કહેત કે 'મહારાજ! આપના આટલા બધા શિષ્ય છે તેમની હું ચાકરી કરું, પણ ત્યાં તો નહીં જાઉં.' તો તે કબૂલ થાત નહીં. ગૌતમસ્વામી પોતે ત્યાં જઈ ક્ષમાવી આવ્યા!'' (વ.પૃ.૬૯૨)

''જ્ઞાનીની પ્રત્યેક આજ્ઞા કલ્યાણકારી છે. માટે તેમાં ન્યૂનાધિક કે મોટા નાનાની કલ્પના કરવી નહીં. તેમજ તે વાતનો આગ્રહ કરી ઝઘડો કરવો નહીં. જ્ઞાની કહે તે જ કલ્યાણનો હેતુ છે એમ સમજાય તો સ્વચ્છંદ મટે. આ જ યથાર્થ જ્ઞાની છે માટે તે કહે તે જ પ્રમાણે કરવું. બીજા કોઈ વિકલ્પ કરવા નહીં.'' (વ.પૃ.૬૯૬)

''જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે; અને આ જીવે તો પૂર્વ કાળે કંઈ આત્માર્થ જાણ્યો નથી; ઊલટો આત્માર્થ વિસ્મરણપણે ચાલ્યો આવ્યો છે. તે પોતાની કલ્પના કરી સાધન કરે તેથી આત્માર્થ ન થાય, અને ઊલટું આત્માર્થ સાધું છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય, કે જે જીવને સંસારનો મુખ્ય હેતુ છે. જે વાત સ્વપ્ને પણ આવતી નથી, તે જીવ માત્ર અમસ્તી કલ્પનાથી સાક્ષાત્કાર જેવી ગણે તો તેથી કલ્યાણ ન થઈ શકે. તેમ આ જીવ પૂર્વકાળથી અંધ ચાલ્યો આવતાં છતાં પોતાની કલ્પનાએ આત્માર્થ માને તો તેમાં સફળપણું ન હોય એ સાવ સમજી શકાય તેવો પ્રકાર છે. એટલે એમ તો જણાય છે કે, જીવના પૂર્વકાળનાં બધા માઠાં સાધન, કલ્પિત સાધન મટવા અપૂર્વજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી અને તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી; અને તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા કયા પ્રકારે જીવને પ્રાપ્ત થાય એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે



કે, જ્ઞાની પુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે; અને તે વાત જ્યારે જીવથી મનાય છે ,ત્યારથી જ બીજા દોષનું ઉપશમવું, નિવર્તવું શરૂ થાય છે.'' (વ.પૃ.૪૧૧)

''ઘણા શાસ્ત્રો અને વાક્યોના અભ્યાસ કરતાં પણ જો જ્ઞાનીપુરુષોની એકેક આજ્ઞા જીવ ઉપાસે તો ઘણા શાસ્ત્રથી થતું ફળ સહજમાં પ્રાપ્ત થાય.'' (વ.પૃ.૬૩૭)

## ૫૮૯. સદ્ગતિ ધર્મને જ સેવીશ.

જે ધર્મ આરાધવાથી જીવની સદ્ગતિ થાય અને પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થાય એ ધર્મને જ સેવીશ.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''અનાદિકાળથી કર્મજાળનાં બંધનથી આ આત્મા સંસારમાં રઝળ્યા કરે છે. સમયમાત્ર પણ તેને ખરું સુખ નથી. અધોગતિને એ સેવ્યા કરે છે; અને અધોગતિમાં પડતા આત્માને ધરી રાખનાર જે વસ્તુ તેનું નામ 'ધર્મ' કહેવાય છે.'' (વ.પૃ.૬૩)

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''વસ્તુસ્વભાવધર્મ, રત્નત્રયધર્મ, દશલક્ષણધર્મ, અહિંસા ધર્મ એમ અનેક પ્રકારે ધર્મ કહેવાય છે. એ સત્ધર્મ છે. બાકી ધર્મ શબ્દ અનેક અર્થમાં વપરાય છે. રાજાનો ધર્મ, સ્ત્રીનો ધર્મ વગેરે - અહીં 'ધર્મ' શબ્દ ફરજના અર્થમાં છે. અનાદિકાળથી આ આત્મા કર્મજાળનાં બંધનથી સંસારમાં રઝળ્યા કરે છે. જેમ માછલાં જાળમાં સપડાઈ જાય છે તેમ જીવ કર્મરૂપી જાળમાં સપડાઈ જાય છે અને દુઃખી થાય છે. સમય માત્ર પણ તેને ખરું સુખ નથી. ખરું સુખ = સમાધિ સુખ. સમકિત ન થાય ત્યાં સુધી એક સમય પણ તેની પ્રાપ્તિ નથી. આત્માનું શાશ્વત સુખ સમકિતની ફરસના થાય તેને સમજાય. આ આત્મા અધોગતિને સેવ્યા કરે છે. સંસારમાં દુઃખનાં પ્રમાણમાં સુખ અતિ અલ્પ છે. અનંતકાળની અપેક્ષાએ દુઃખમાં ઘણા ભવ ગાળ્યા પછી એકાદ ભવમાં સારી ગતિ મળે ને સાતા સુખ મળે. ધર્મ આરાધે ત્યારે સારી ગતિ થાય અને મોક્ષ પણ પામે. ધર્મ આત્માને અધોગતિમાં પડતા અટકાવે છે. અધોગતિ એટલે નરકતિર્યંચમાં ન જવા દે અને મનુષ્ય, દેવમાં લઈ જાય, તે ધર્મ.'' (પૃ.૨૦)

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :– કામદેવ શ્રાવકની ધર્મદૃઢતા**

**કામદેવ શ્રાવકનું દૃષ્ટાંત –** ''મહાવીર ભગવંતના સમયમાં દ્વાદશવ્રતને વિમળ ભાવથી ધારણ કરનાર વિવેકી અને નિર્ગ્રંથવચનાનુરક્ત કામદેવ નામનો એક શ્રાવક તેઓનો શિષ્ય હતો. સુધર્માસભામાં ઇંદ્રે એક વેળા કામદેવની ધર્મ અચળતાની પ્રશંસા કરી. એવામાં ત્યાં એક તુચ્છ બુદ્ધિમાન દેવ બેઠો હતો. તે બોલ્યો : ''એ તો સમજાયું ! નારી ન મળે ત્યાં સુધી બ્રહ્મચારી, તેમજ જ્યાં સુધી પરિષહ પડ્યા ન હોય ત્યાં સુધી બધાય સહનશીલ અને ધર્મદૃઢ. આ મારી વાત હું એને ચળાવી આપીને સત્ય કરી દેખાડું.'' ધર્મદૃઢ કામદેવ તે વેળા કાયોત્સર્ગમાં લીન હતો. દેવતાએ હાથીનું રૂપ વૈક્રિય કર્યું, અને પછી કામદેવને ખૂબ ગુંદ્યો તોપણ તે અચળ રહ્યો; એટલે મુશળ જેવું અંગ કરીને કાળા વર્ણનો સર્પ થઈને ભયંકર ફૂંકાર કર્યા, તોય કામદેવ કાયોત્સર્ગથી લેશ ચળ્યો નહીં; પછી અટ્ટહાસ્ય કરતા રાક્ષસનો દેહ ધારણ કરીને અનેક પ્રકારના પરિષહ કર્યા, તોપણ કામદેવ કાયોત્સર્ગથી ચળ્યો નહીં. સિંહ વગેરેનાં અનેક ભયંકર રૂપ કર્યા; તોપણ કાયોત્સર્ગમાં લેશ હીનતા કામદેવે આણી નહીં. એમ રાત્રીના ચાર પહોર દેવતાએ કર્યા કર્યું, પણ તે પોતાની ધારણામાં ફાવ્યો નહીં. પછી તેણે ઉપયોગ વડે કરીને જોયું તો મેરુના શિખરની પેઠે તે અડોલ રહ્યો દીઠો. કામદેવની અદ્ભુત નિશ્ચલતા જાણી તેને વિનય ભાવથી પ્રણામ કરી દોષ ક્ષમાવીને તે દેવતા સ્વસ્થાનકે ગયો.



''કામદેવ શ્રાવકની ધર્મદૃઢતા આપણને શો બોધ કરે છે તે કહ્યા વગર પણ સમજાયું હશે. એમાંથી તત્ત્વવિચાર એ લેવાનો છે કે, નિર્ગ્રંથપ્રવચનમાં પ્રવેશ કરીને દૃઢ રહેવું. કાયોત્સર્ગ ઇત્યાદિક જે ધ્યાન ધરવાનાં છે તે જેમ બને તેમ એકાગ્ર ચિત્તથી અને દૃઢતાથી નિર્દોષ કરવાં. ચળવિચળ ભાવથી કાયોત્સર્ગ બહુ દોષયુક્ત થાય છે. પાઈને માટે ધર્મશાખ કાઢનારા ધર્મમાં દૃઢતા ક્યાંથી રાખે? અને રાખે તો કેવી રાખે! એ વિચારતાં ખેદ થાય છે.'' (વ.પૃ.૭૩)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :–** ''દેવતાએ બીજી પણ અનેક રીતે પોતાની શક્તિ પ્રમાણે સર્વ વીર્ય ફોરવ્યું તોપણ તે કામદેવ શ્રેષ્ઠીના દ્રવ્યભાવની શક્તિનો અલ્પમાત્ર પણ નાશ કરવાને તે સમર્થ થયો નહીં. છેવટે તે દેવતા થાક્યો, ત્યારે શ્રેષ્ઠીને પ્રણામ કરીને બોલ્યો કે ''હે શ્રાવક! તને ધન્ય છે. માયારૂપી પૃથ્વીનું વિદારણ કરવામાં હળ સમાન એવા પરમ ધીર શ્રી મહાવીરસ્વામીએ કહેલા ધર્મમાર્ગમાં રસિક થયેલો તું સાચો છે. તારા આવા સુદૃઢ સમકિતરૂપ આદર્શ (અરીસો)માં જોવાથી મારું પણ સમ્યગ્દર્શન પ્રગટ થયું છે, અને અનાદિ કાળનું મિથ્યાત્વ નાશ પામ્યું છે, તારા ધર્માચાર્ય તો શ્રી મહાવીર ભગવાન છે, પણ મારો ધર્માચાર્ય તો તું જ છે. ચંદનના વૃક્ષની જેમ તેં પરીષહો સહન કરીને મને સમ્યક્ત્વરૂપી સુગંધ આપી છે, તે સર્વ મારો અપરાધ ક્ષમા કરજે.'' ઇત્યાદિ તે શ્રેષ્ઠીની સ્તુતિ કરીને દેવતાએ પોતાને સ્વર્ગથી ત્યાં આવવાનું કારણ કહી બતાવ્યું. વળી તે બોલ્યો કે ''હું સ્વર્ગથી સમ્યક્ત્વ રહિત અહીં આવ્યો હતો, અને તેનાથી પરિપૂર્ણ થઈને પાછો સ્વર્ગે જઈશ. તેં બહુ સારું કર્યું કે એક મિથ્યાત્વરૂપ વસ્તુથી મને ખાલી કર્યો અને એક સમ્યક્દર્શનરૂપ વસ્તુના દાનથી મને ભરપૂર કર્યો. અહો! તારું ચાતુર્ય અકલિત છે.'' એમ કહીને તે દેવ શ્રેષ્ઠીને ત્રણ પ્રદક્ષિણા દઈ તેના ઉપકારનું સ્મરણ કરતો કરતો સ્વર્ગે ગયો. (પૃ.૨૬૨)

## ૫૯૦. સિદ્ધાંત માનીશ, પ્રણીત કરીશ.

ઉપરના વાક્યમાં કહ્યું તેમ જે ધર્મને આરાધવાથી જીવની સદ્ગતિ થાય એવા વીતરાગ ધર્મના સિદ્ધાંતને જ માનીશ તેમજ પ્રણીત કરીશ. સત્પુરુષો જે કહે છે તે સૂત્રના સિદ્ધાંતના પરમાર્થરૂપ છે અર્થાત્ સૂત્ર, સિદ્ધાંતના રહસ્યને સમજાવનાર છે માટે તે સદૈવ ઉપાસનીય છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''સત્પુરુષો જે કહે છે તે સૂત્રના, સિદ્ધાંતના પરમાર્થ છે. સૂત્ર સિદ્ધાંત તો કાગળ છે. અમે અનુભવથી કહીએ છીએ, અનુભવથી શંકા મટાડવાનું કહી શકીએ છીએ. અનુભવ પ્રગટ દીવો છે; ને સૂત્ર કાગળમાં લખેલ દીવો છે.'' (વ.પૃ.૭૩૪)

''સૂત્ર અને સિદ્ધાંત એ બે જાુદાં છે. સાચવવા સારુ સિદ્ધાંતો સૂત્રરૂપી પેટીમાં રાખવામાં આવ્યા છે. દેશ, કાળને અનુસરી સૂત્ર રચવામાં એટલે ગૂંથવામાં આવે છે; અને તેમાં સિદ્ધાંતની ગૂંથણી કરવામાં આવે છે. તે સિદ્ધાંતો ગમે તે કાળમાં; ગમે તે ક્ષેત્રમાં ફરતા નથી; અથવા ખંડિતપણાને પામતા નથી; અને જો તેમ થાય તો તે સિદ્ધાંત નથી.

સિદ્ધાંત એ ગણિતની માફક પ્રત્યક્ષ છે, તેથી તેમાં કોઈ જાતની ભૂલ કે અધૂરાપણું સમાતું નથી. અક્ષર બોડિયા હોય તો સુધારીને માણસો વાંચે છે, પરંતુ આંકડાની ભૂલ થાય તો તે હિસાબ ખોટો ઠરે છે, માટે આંકડા બોડિયા હોતા નથી. આ દૃષ્ટાંત ઉપદેશમાર્ગ અને સિદ્ધાંતમાર્ગને વિષે ઘટાવવું.

સિદ્ધાંતો ગમે તે દેશમાં, ગમે તે ભાષામાં, ગમે તે કાળમાં લખાણા હોય, તો પણ અસિદ્ધાંતપણાને



પામતા નથી. દાખલા તરીકે, બે ને બે ચાર થાય. પછી ગમે તો ગુજરાતી, કે સંસ્કૃત, કે પ્રાકૃત, કે ચીની, કે અરબી, કે પર્શિયન કે ઈંગ્લિશ ભાષામાં લખાયેલ હોય. તે આંકડાને ગમે તે સંજ્ઞામાં ઓળખવામાં આવે તો પણ બે ને બેનો સરવાળો ચાર થાય એ વાત પ્રત્યક્ષ છે. જેમ નવે નવે એકાશી તે ગમે તે દેશમાં, ગમે તે ભાષામાં, અને ધોળા દિવસે કે અંધારી રાત્રિએ ગણવામાં આવે તોપણ ૮૦ અથવા ૮૨ થતા નથી, પરંતુ એકાશી જ થાય છે. આ જ પ્રમાણે સિદ્ધાંતનું થાય છે.

સિદ્ધાંત છે એ પ્રત્યક્ષ છે, જ્ઞાનીના અનુભવગમ્યની બાબત છે, તેમાં અનુમાનપણું કામ આવતું નથી. અનુમાન એ તર્કનો વિષય છે, અને તર્ક એ આગળ જતાં કેટલીક વાર ખોટો પણ પડે; પરંતુ પ્રત્યક્ષ જે અનુભવગમ્ય છે તેમાં કાંઈ પણ ખોટાપણું સમાતું નથી.

જેને ગુણાકાર અથવા સરવાળાનું જ્ઞાન થયું છે તે એમ કહે કે નવે નવે એકાશી, ત્યાં આગળ જેને સરવાળો અથવા ગુણાકારનું જ્ઞાન થયું નથી, અર્થાત્ ક્ષયોપશમ થયો નથી, તે અનુમાનથી અથવા તર્ક કરી એમ કહે કે '૯૮ થતા હોય તો કેમ ના કહી શકાય?' તો તેમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું છે નહીં, કેમકે તેને જ્ઞાન ન હોવાથી તેમ કહે તે સ્વાભાવિક છે. પરંતુ જો તેને ગુણાકારની રીત છોડી (છૂટી છૂટી કરીને) એકથી નવ સુધી આંકડા બતાવી નવવાર ગણાવ્યું હોય તો એકાશી થતાં અનુભવગમ્ય થવાથી તેને સિદ્ધ થાય છે. કદાપિ તેના મંદ ક્ષયોપશમથી એકાશી, ગુણાકારથી અથવા સરવાળાથી ન સમજાય તોપણ એકાશી થાય એમાં ફેર નથી. એ પ્રમાણે સિદ્ધાંત આવરણના કારણથી ન સમજવામાં આવે તો પણ તે અસિદ્ધાંતપણાને પામતા નથી, એ વાતની ચોક્કસ પ્રતીતિ રાખવી. છતાં ખાતરી કરવા જરૂર હોય તો તેમાં બતાવ્યા પ્રમાણે કરવાથી ખાતરી થતાં પ્રત્યક્ષ અનુભવગમ્ય થાય છે.

જ્યાં સુધી અનુભવગમ્ય ન થાય ત્યાં સુધી સુપ્રતીતિ રાખવા જરૂર છે, અને સુપ્રતીતિથી ક્રમે ક્રમે કરી અનુભવગમ્ય થાય છે.

સિદ્ધાંતના દાખલા (૧) 'રાગદ્વેષથી બંધ થાય છે.' (૨) 'બંધનો ક્ષય થવાથી મુક્તિ થાય છે.' આ સિદ્ધાંતની ખાતરી કરવી હોય તો રાગદ્વેષ છોડો. રાગદ્વેષ સર્વ પ્રકારે છૂટે તો આત્માનો સર્વ પ્રકારે મોક્ષ થાય છે. આત્મા બંધનના કારણથી મુક્ત થઈ શકતો નથી. બંધન છૂટ્યું કે મુક્ત છે. બંધન થવાનું કારણ રાગદ્વેષ છે. રાગદ્વેષ સર્વથા પ્રકારે છૂટ્યો કે બંધથી છૂટ્યો જ છે. તેમાં કશો સવાલ કે શંકા રહેતાં નથી.

જે સમયે સર્વથા પ્રકારે રાગદ્વેષ ક્ષય થાય, તેને બીજે જ સમયે 'કેવળજ્ઞાન' છે.'' (વ.પૃ.૭૫૧)

''જ્ઞાનીના સિદ્ધાંતમાં ફેર હોઈ શકે નહીં.

સૂત્રો આત્માનો સ્વધર્મ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવ્યાં છે; પણ તેનું રહસ્ય, યથાર્થ સમજવામાં આવતું નથી તેથી ફેર લાગે છે.'' (વ.પૃ.૭૭૦)

''સિદ્ધાંતના બાંધા વિષે એમ સમજવું કે આપણી બુદ્ધિ ન પહોંચે તેથી તે વચનો અસત્ છે એમ ન કહેવું; કારણ કે જેને તમે અસત્ કહો છો, તે શાસ્ત્રથી જ પ્રથમ તો તમે જીવ, અજીવ એવું કહેતાં શીખ્યા છો; અર્થાત્ તે જ શાસ્ત્રોને આધારે જ તમે જે કાંઈ જાણો છો તે જાણ્યું છે; તો પછી તેને અસત્ કહેવાં તે ઉપકારને બદલે દોષ કરવા બરાબર ગણાય. વળી શાસ્ત્રના લખનારાઓ પણ વિચારવાન હતા; તેથી તે સિદ્ધાંત વિષે જાણતા હતા. મહાવીરસ્વામી પછી ઘણે વર્ષે લખાણાં છે માટે અસત્ કહેવાં તે દોષ ગણાય.'' (વ.પૃ.૬૮૪)



## ૫૯૧. ધર્મ મહાત્માઓને સન્માન દઈશ.

જે મહાત્માપુરુષો પોતાના આત્મધર્મમાં રમણતા કરે છે તે શ્રી ગુરુ ભગવંત હો કે શ્રી સંત ઉપકારી સત્પુરુષ હો, સર્વને બહુ ઉલ્લાસપૂર્વક સન્માન આપું.

**'સમાધિસોપાન'માંથી :– આચાર્યભક્તિ ભાવના** – ''આચાર્યભક્તિ એ જ ગુરુભક્તિ છે. ધન્યભાગ્ય જેનાં હોય તેને વીતરાગ ગુરુના ગુણોમાં અનુરાગ ઉત્પન્ન થાય છે. ધન્ય પુરુષો મસ્તક ઉપર સદ્ગુરુની આજ્ઞા ચઢાવે છે. આચાર્ય છે તે અનેક ગુણોની ખાણ છે. શ્રેષ્ઠ તપના ધારક છે. એમના ગુણ મનમાં ધારણ કરીને પૂજવા લાયક છે, અર્ઘ ઉતારવા લાયક છે, આગળ પુષ્પાંજલિ મૂકવા લાયક છે. એવી ભાવના કરવી કે આવા સદ્ગુરુના ચરણનું મને શરણ હો!

જે અનશનાદિ બાર પ્રકારનાં ઉજ્જવલ તપમાં ઉદ્યમ કરે છે, છ આવશ્યક ક્રિયામાં સાવધાન છે, પાંચ આચારના ધારક છે, દશ લક્ષણ ધર્મરૂપ તેમની પરિણતિ છે, મન, વચન, કાયાની ગુપ્તિવાળા છે, એ પ્રકારે છત્રીસ ગુણો સહિત આચાર્ય હોય છે.

સમ્યગ્દર્શનાચારને નિર્દોષપણે તે ધારણ કરે છે. સમ્યક્જ્ઞાનની શુદ્ધતા સહિત છે. તેર પ્રકારના ચારિત્ર (પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ)ની શુદ્ધતાના ધારક છે. તપશ્ચર્યામાં ઉત્સાહવાળા અને પોતાના વીર્યને નહીં ગોપવતાં બાવીસ પરિષહોને જીતવામાં સમર્થ છે. એવા પાંચ આચારના ધારક આચાર્ય ભગવંત છે.

અંતરંગ બહિરંગ ગ્રંથિથી રહિત નિર્ગ્રંથ-માર્ગમાં પ્રવર્તવા તે તત્પર છે. એક ઉપવાસ, બે, ત્રણ, પાંચ, પંદર કે માસોપવાસ કરવામાં તત્પર છે. નિર્જન વનમાં કે પર્વતોની ખીણો કે ગુફાઓમાં નિશ્ચલ શુભ ધ્યાનમાં નિરંતર મનને રાખે છે. શિષ્યોની યોગ્યતા સારી રીતે જાણી દીક્ષા દેવામાં અને શિક્ષા દેવામાં પ્રવીણ છે. યુક્તિથી નવ પ્રકારના નયને જાણનારા છે. પોતાની કાયા ઉપરથી મમતા છોડીને રાત્રિ દિવસ પ્રવર્તે છે. સંસારરૂપી કૂવામાં રખે પડી જવાય એવો ભય રાખે છે. મન વચન કાયાની શુદ્ધતા સહિત નાસિકાના અગ્રભાગ ઉપર જેમણે દૃષ્ટિ સ્થાપી છે એવા આચાર્યોને સાષ્ટાંગ નમસ્કાર પૂર્વક વંદના કરીએ છીએ. એવા આચાર્યોના ચરણોના સ્પર્શથી પવિત્ર થયેલી રજને આઠ દ્રવ્યો વડે પૂજવા યોગ્ય છે. આચાર્યભક્તિ સંસારપરિભ્રમણના ક્લેશરૂપ પીડાનો નાશ કરનારી છે.'' (પૃ.૨૧૨)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ - ૫ તથા ૩'માંથી :–**

**અકબરબાદશાહનું દૃષ્ટાંત** – અકબર બાદશાહની સભામાં અનેક જાતિના લોકો આવીને બેઠેલા હતા. તે વખતે સૌએ પોતપોતાના ધર્મનું વર્ણન કર્યું. તેમાં એક વિદ્વાન પુરુષે શ્રી હીરસૂરિની પ્રશંસા કરી કે 'હે બાદશાહ! જેમ સર્વ રાજાઓમાં આપ મુકુટ સમાન છો, તેમ સર્વ દર્શનોમાં અદ્વિતીય વિદ્વાન અને સર્વ ધાર્મિકોમાં મુકુટ સમાન એક હીરવિજયસૂરિ જ છે. આ પ્રમાણેની તેમની પ્રશંસા સાંભળીને બાદશાહે બે દૂતોને વિજ્ઞપ્તિયુક્ત ફરમાન આપીને લાટદેશમાં ગાંધાર નામના બંદરે જ્યાં હીરસૂરિ બિરાજમાન હતા ત્યાં તેમને બોલાવવા માટે મોકલ્યા. તે દૂતોએ ત્યાં જઈને જેના ચરણકમળની સેવા સર્વ સંઘ કરી રહેલા હતા એવા હીરગુરુના ચરણકમળમાં તે ફરમાન મૂક્યું. તે દૂતે કરેલી વિજ્ઞપ્તિ સાંભળીને શ્રાવકોએ પણ વિનંતિપૂર્વક કહ્યું કે ''હે ગુરુ મહારાજ! જેમ કેશીગણધરે પ્રદેશીરાજાને બોધ પમાડ્યો હતો, તેમ આપ પણ અકબર બાદશાહને બોધ પમાડજો, આપના જેવા મહાત્મા પુરુષો વિશ્વના ઉપકારને માટે જ યત્ન કરે છે. શ્રી સંઘના આગ્રહથી શ્રી ગુરુ મહારાજે ત્યાં જવા વિહાર કર્યો.




ફતેહપુર સંઘના મુખ્ય માણસોએ બાદશાહને સૂરિના આગમનના ખબર આપ્યા. પછી બાદશાહની આજ્ઞાથી શ્રીસંઘ મોટા ઉત્સવપૂર્વક ફતેહપુરથી બાદશાહની રાજધાનીના શાખાપુર (ગામ બહારનું પરું) સુધી સૂરિ સાથે આવ્યો. પછી બાદશાહના કહેવાથી બાહશાહનો સર્વશાસ્ત્રસંપન્ન શેખગુરુ, સૂરિને પોતાને ઘેર લઈ ગયો. ત્યાં સૂરિએ પ્રથમ તે શેખની સાથે જ ધર્મગોષ્ઠિ કરીને તે શેખના મનના દરેક સંશયો દૂર કરી તેને પ્રતિબોધ પમાડ્યો. પછી સૂરિ અકબર બાદશાહ પાસે આવ્યા, તેમને બાદશાહે બહુ આદરપૂર્વક અનેક પ્રશ્નો પૂછ્યાં. તેના પ્રત્યુત્તરો આપીને ગુરુએ યમ, નિયમ અને જિન તીર્થાદિકનું સ્વરૂપ પ્રકાશિત કરી બાદશાહનું ચિત્ત દયાધર્મથી સુવાસિત કર્યું. પછી બાદશાહ સૂરિને પોતાની ચિત્રશાળામાં લઈ ગયા. ત્યાં બાદશાહે ત્રણ પગથિયાંવાળા ઊંચા સિંહાસન પર બેસીને ગુરુને કહ્યું કે ''હે સૂરીશ્વર! રાજાઓને બેસવા લાયક આ સભાભૂમિમાં આચ્છાદન કરેલા ગાલીચા ઉપર આપના ચરણકમળ મૂકી તેને પવિત્ર કરો.'' ગુરુ બોલ્યા કે ''હે રાજન્! કદાચ તેની નીચે કીડીઓ હોય, માટે અમે તેના પર પગ ન મૂકીએ.'' બાદશાહે કહ્યું કે ''હે ગુરુ! દેવલોકના મંદિર જેવી સ્વચ્છ આ સભામાં કીડીઓ વગેરે કાંઈ હોય જ નહીં.'' ગુરુ બોલ્યા કે ''અમારો આચાર જ એવો છે, માટે અમે જોયા વિના પગ મૂકતા નથી.મુમુક્ષુએ પોતાના આચરણનું ચિંતામણિ રત્નની જેમ રક્ષણ કરવું જોઈએ.'' પછી બાદશાહે તે ગાલીચો ઊંચો કરાવ્યો તો તેની નીચે બાદશાહે પોતે જ અનેક કીડીઓ જોઈ, તેથી આશ્ચર્ય પામી તેણે સૂરિની અતિ પ્રશંસા કરી. પછી વિધિપૂર્વક યોગ્ય સ્થાને બેસી નિઃસ્પૃહ ગુરુએ ધર્મના રહસ્યને પ્રકાશિત કર્યું.

સૂરિને દાનને માટે બાદશાહે વારંવાર આગ્રહ કર્યો; ત્યારે સૂરિએ પાંજરામાં પૂરેલા સર્વ પક્ષીઓને છોડી મૂકવાનું માંગ્યું, એટલે બાદશાહે સર્વ પક્ષીઓને છોડી મૂક્યા, પર્યુષણમાં બાર દિવસ સુધી અમારી પડહ વરતાવવાનું ફરમાન કર્યું. સરોવરમાં રહેલા માછલાદિક જંતુનો વધ કરવાનો સર્વથા નિષેધ કર્યો. આજથી શિકારવડે જીવ હિંસા કરીશ નહીં. એમ અનેક પ્રકારે પુણ્ય ક્રિયામાં તેને જોડી દઈ સૂરિ અન્યત્ર વિહાર કરી ગયા. પછી બાદશાહના કહેવાથી ત્યાં વાચકેન્દ્ર એટલે ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્રજીને ધર્મ સંભળાવવા માટે રાખી પોતે વિહાર કર્યો.

એકવાર અટક દેશના રાજાના કિલ્લાને બાર વર્ષ સુધી ઘેરો ઘાલી રાખવા છતાં તે કિલ્લો તાબે થયો નહીં. ત્યારે મુસલમાનો, કાઝીઓ અને મુલ્લાંઓએ મળી બાદશાહને કહ્યું કે - ''હે અકબર બાદશાહ! તું હમેશાં કાફર એવા શ્વેતાંબરીનો સંગ કરે છે તેથી આ કિલ્લો લેવાતો નથી એમ જણાય છે.'' બાદશાહે આ વૃત્તાંત વાચકેન્દ્ર ગુરુને જણાવ્યો. ગુરુ બોલ્યા - ''જે દિવસે કિલ્લો લેવાની તમારી ઇચ્છા થાય તે દિવસે કિલ્લો લઈએ પણ તમારે બધું સૈન્ય છાવણીમાં રાખવું અને આપણે બન્નેએ જ ત્યાં જવું. તેમ જ તે દિવસે નગરની બહાર કે અંદર કોઈએ બિલકુલ હિંસા કરવી નહીં.'' ગુરુના આવાં વચન સાંભળી બાદશાહે પડહની ઘોષણાથી સર્વ સ્થાને હિંસા કરવાનો પ્રતિષેધ કર્યો અને પ્રાતઃકાળે તેઓ બન્ને એકલા કિલ્લા પાસે જવા ચાલ્યા. તે જોઈ કેટલાક નિંદક મ્લેચ્છો કહેવા લાગ્યા - 'આ કાફર હિંદુ અકબરને શત્રુના હાથમાં સોંપી દેશે.'

અહીં વાચકેન્દ્ર શ્રી શાંતિચંદ્રજી ગુરુએ કિલ્લા પાસે આવી એક ફુંક મારવા વડે બધી ખાઈ રજથી પૂરી દીધી, બીજી ફુંકે શત્રુના સૈન્યને સ્તંભિત કરી દીધું અને ત્રીજી ફુંકે ઘાણીની જેમ દરવાજા ફૂટીને

# અકબર બાદશાહ અને શ્રી હીરસૂરિ





ઊઘડી ગયા. અકબર બાદશાહે આશ્ચર્ય પામી તે નગરમાં પોતાની અખંડ આજ્ઞા પ્રવર્તાવી. પછી ગુરુ પાસે આવીને કહ્યું કે – 'હે પૂજ્ય! મને કાંઈક પણ કાર્ય બતાવવાનો અનુગ્રહ કરો.' તે વખતે સૂરિએ બાદશાહના રાજભંડારમાં પ્રતિવર્ષ જજીઆવેરાના કરનું ચૌદ કોટી દ્રવ્ય આવતું હતું તે માફ કરવાની માગણી કરી અને કહ્યું કે – ''તમે હમેશાં સવાશેર ચકલાની જીભ ખાઓ છો તે હવેથી ખાવી બંધ કરો અને શત્રુંજયગિરિ પર જનારા મનુષ્ય દીઠ એક સોનૈયાનો કર લેવાય છે તે માફ કરો, તેમજ છ માસ સુધી અમારી પ્રવર્તાવો. તે છ માસ આ પ્રમાણે – આપનો જન્મ માસ, પર્યુષણ પર્વના બાર દિવસ, બધા રવિવાર, ૧૨ સંક્રાતિઓની ૧૨ તિથિઓ, નવરોજનો (રોજા) મહિનો, ઈદના દિવસો, મોહરમના દિવસો અને સોફિઆનના દિવસો.'' બાદશાહે એ ચારે વાત કબૂલ કરી અને તેના ફરમાનો મહોરછાપ સાથે તરત કરાવીને વાચકેંદ્રને અર્પણ કર્યા. વાચકેંદ્રે ગુરુમહારાજ શ્રી હીરવિજયસૂરિને તેનું ભેટણું કર્યું. એમ ધર્મ મહાત્માઓને સન્માન આપવાથી ઉત્તમ ફળ આવે છે.

## ૫૯૨. જ્ઞાન વિના સઘળી યાચનાઓ ત્યાગુ છું.

સમ્યક્જ્ઞાન વિના કે આત્મજ્ઞાન વિના બીજી બધી ઇચ્છાઓનો ત્યાગ કરું છું. કારણકે સમ્યક્ જ્ઞાન વિના સંસારના ત્રિવિધ તાપ કે જન્મજરામરણના દુઃખોથી સર્વકાળને માટે છૂટી શકાતું નથી.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જ્ઞાન એ દોરો પરોવેલ સોય જેવું છે, એમ 'ઉત્તરાધ્યનસૂત્ર'માં કહેલું છે. દોરો પરોવેલ સોય ખોવાતી નથી તેમ જ્ઞાન હોવાથી સંસારમાં ભૂલું પડાતું નથી.'' (વ.પૃ.૭૮૨)

''આ કાળને વિષે જ્ઞાન ક્ષીણ થયું છે; અને જ્ઞાન ક્ષીણ થવાથી મતભેદ ઘણા થયા છે. જેમ જ્ઞાન ઓછું તેમ મતભેદ વધારે, અને જ્ઞાન વધુ તેમ મતભેદ ઓછા, નાણાંની પેઠે. જ્યાં નાણું ઘટ્યું ત્યાં કંકાસ વધારે, અને જ્યાં નાણું વધ્યું ત્યાં કંકાસ ઓછા હોય છે.''

''જ્ઞાન વિના સમ્યક્ત્વનો વિચાર સૂઝતો નથી. મતભેદ ઉત્પન્ન નથી કરવો એવું જેના મનમાં છે તે જે જે વાંચે અથવા સાંભળે તે તે તેને ફળે છે.'' (વ.પૃ.૭૩૯)

''જેમ દીવો જ્યાં જ્યાં હોય છે ત્યાં ત્યાં પ્રકાશકપણે હોય છે. તેમ જ્ઞાન જ્યાં જ્યાં હોય છે ત્યાં ત્યાં પ્રકાશકપણે હોય છે. દીવાનો સહજ સ્વભાવ જ જેમ પદાર્થપ્રકાશક હોય છે, તેમ જ્ઞાનનો સહજ સ્વભાવ પણ પદાર્થપ્રકાશક છે. દીવો દ્રવ્યપ્રકાશક છે અને જ્ઞાન દ્રવ્ય, ભાવ બન્નેને પ્રકાશક છે. દીવાના પ્રગટવાથી તેના પ્રકાશની સીમામાં જે કોઈ પદાર્થ હોય છે તે સહેજે દેખાઈ રહે છે; તેમ જ્ઞાનના વિદ્યમાનપણાથી પદાર્થનું સહેજે દેખાવું થાય છે. જેમાં યથાતથ્ય અને સંપૂર્ણ પદાર્થનું સહેજે દેખાઈ રહેવું થાય છે, તેને 'કેવળજ્ઞાન' કહ્યું છે. જો કે પરમાર્થથી એમ કહ્યું છે કે કેવળજ્ઞાન પણ અનુભવમાં તો માત્ર આત્માનુભવકર્તા છે, વ્યવહારનયથી લોકાલોક પ્રકાશક છે. આરસો, દીવો, સૂર્ય અને ચક્ષુ જેમ પદાર્થપ્રકાશક છે તેમ જ્ઞાન પણ પદાર્થપ્રકાશક છે.'' (વ.પૃ.૪૬૦)

''અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.'' (વ.પૃ.૬૨૫)

''જે જ્ઞાનથી કામ નાશ પામે તે જ્ઞાનને અત્યંત ભક્તિએ નમસ્કાર હો.'' (વ.પૃ.૪૬૨)

''નવ તત્ત્વ પ્રિય શ્રદ્ધાભાવે જાણવાથી પરમ વિવેકબુદ્ધિ, શુદ્ધ સમ્યક્ત્વ અને પ્રભાવિક આત્મજ્ઞાનનો ઉદય થાય છે. નવ તત્ત્વમાં લોકાલોકનું સંપૂર્ણ સ્વરૂપ આવી જાય છે. જે પ્રમાણે જેની



બુદ્ધિની ગતિ છે તે પ્રમાણે તેઓ તત્ત્વજ્ઞાન સંબંધી દૃષ્ટિ પહોંચાડે છે; અને ભાવાનુસાર તેઓના આત્માની ઉજ્જ્વલતા થાય છે. તે વડે કરીને તેઓ આત્મજ્ઞાનનો નિર્મળ રસ અનુભવે છે. જેનું તત્ત્વજ્ઞાન ઉત્તમ અને સૂક્ષ્મ છે, તેમજ સુશીલયુક્ત જે તત્ત્વજ્ઞાનને સેવે છે તે પુરુષ મહદ્‌ભાગી છે.'' (વ.પૃ.૧૧૮)

''સંસાર પ્રત્યે બહુ ઉદાસીનતા, દેહની મૂર્ચ્છાનું અલ્પત્વ, ભોગમાં અનાસક્તિ તથા માનાદિનું પાતળાપણું એ આદિ ગુણો વિના તો આત્મજ્ઞાન પરિણામ પામતું નથી.'' (વ.પૃ.૫૨૭)

''માટીમાં ઘડો થવાની સત્તા છે; પણ દંડ, ચક્ર, કુંભારાદિ મળે તો થાય; તેમ આત્મા માટીરૂપ છે, તેને સદ્‌ગુરુ આદિ સાધન મળે તો આત્મજ્ઞાન થાય. જે જ્ઞાન થયું હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાનીઓએ સંપાદન કરેલું છે તેને પૂર્વાપર મળતું આવવું જોઈએ; અને વર્તમાનમાં પણ જે જ્ઞાનીપુરુષોએ જ્ઞાન સંપાદન કરેલું છે તેના વચનોને મળતું આવવું જોઈએ; નહીં તો અજ્ઞાનને જ્ઞાન માન્યું છે એમ કહેવાય.

જ્ઞાન બે પ્રકારનાં છે :— એક બીજભૂત જ્ઞાન; અને બીજું વૃક્ષભૂત જ્ઞાન. પ્રતીતિએ બન્ને સરખાં છે; તેમાં ભેદ નથી. વૃક્ષભૂત જ્ઞાન, કેવળ નિરાવરણ થાય ત્યારે તે જ ભવે મોક્ષ થાય; અને બીજભૂત જ્ઞાન થાય ત્યારે છેવટે પંદર ભવે મોક્ષ થાય.'' (વ.પૃ.૭૦૮)

''સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી, એમાં કિંચિત્‌માત્ર સંશય નથી.

આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે.'' (વ.પૃ.૪૫૧)

## ૫૯૩. ભિક્ષાચરી યાચના સેવું છું.

મુનિઓ ભ્રમરની જેમ ભિક્ષાચરી કરે છે. ભિક્ષાચરી એ યાચના પરિષહ છે તેને તે સહન કરે છે.

**'ઉત્તરાધ્યયન સૂત્ર'માંથી :—** ''**યાચના પરિષહ** - વાસ્તવમાં અણગાર ભિક્ષુની આ ચર્યા હમેશાં દુષ્કર જ હોય છે. કારણ કે તેને વસ્તુ, પાત્ર, આહારાદિ બધું યાચનાથી મળે છે, તેની પાસે કંઈ પણ અયાચિત હોતું નથી.

ગોચરી માટે ઘરમાં પ્રવિષ્ટ સાધુને ગૃહસ્થની સામે હાથ લાંબો કરવો તે સરળ નથી માટે 'ગૃહવાસ જ શ્રેષ્ઠ છે' એવું મુનિ ચિંતન ન કરે. (પૃ.૧૯)

**'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૮'માંથી :— સ્વપરને હિતકારક ભિક્ષા**

**બળરામમુનિનું દૃષ્ટાંત —** જંગલમાં રથકારોને જોઈને હરણે આવી બળરામમુનિને જણાવ્યું. તેના આગ્રહથી તે મહામુનિ ધ્યાનમાંથી જાગ્રત થયા અને તે રથકારો જ્યાં ભોજન કરવા બેઠા હતા ત્યાં મુનિને તે મૃગ લઈ આવ્યું. તે રથકારોનો જે અગ્રેસર હતો તે બળદેવમુનિને જોઈને ઘણો હર્ષ પામ્યો અને વિચારવા લાગ્યો કે 'અહો ! આ અરણ્યમાં સાક્ષાત્ કલ્પવૃક્ષ જેવા આ કોઈ મુનિ છે. અહો ! કેવું એમનું રૂપ ! કેવું તેજ ! અને કેવી મહાન સમતા ! આ મુનિરૂપ અતિથિ મળવાથી હું તો કૃતાર્થ થઈ ગયો, આ પ્રમાણે




મુનિને દાન આપતો કઠિયારો અને તેની અનુમોદના કરતું હરણ



ચિંતવીને તે રથકાર પાંચે અંગે ભૂમિનો સ્પર્શ કરી (પંચાગ પ્રણામ કરી) તેમને ભાતપાણી આપવા લાગ્યો.

તે વખતે બળરામમુનિએ વિચાર્યું કે 'આ શુદ્ધ બુદ્ધિવાળો શ્રાવક છે તે જે કાર્ય વડે સ્વર્ગનું ફળ ઉપાર્જન થઈ શકે એવી આ ભિક્ષા મને આપવાને ઉદ્યુક્ત થયો છે તે જો હું નહીં લઉં તો એની સદ્ગતિમાં મેં અંતરાય કરેલો ગણાશે, માટે હું આ ભિક્ષા ગ્રહણ કરું.' આ પ્રમાણે વિચારી કરુણાના ક્ષીરસાગર એવા તે મુનિ જે પોતાના શરીરમાં પણ નિરપેક્ષ હતા, એક મહિનાના ઉપવાસ થયેલા હતા એવા તેમણે તેની પાસેથી ભિક્ષા ગ્રહણ કરી. પેલો મૃગ મુનિને અને વનને છેદનારા રથકારને જોઈ મુખ ઊંચુ કરી નેત્રમાં અશ્રુ લાવી ચિંતવવા લાગ્યો કે 'અહો! તપના આશ્રયભૂત અને શરીરને વિષે પણ નિઃસ્પૃહ એવા આ મહામુનિ ખરેખરા કૃપાનિધિ છે કે જેમણે આ રથકારની ઉપર અનુગ્રહ કર્યો, અને અહો! આ વનને છેદનાર રથકારને પણ ધન્ય છે કે જેણે આ ભગવંત મહામુનિને અન્નપાનથી પ્રતિલાભિત કરીને પોતાના મનુષ્યજન્મનું મહાફળ પ્રાપ્ત કર્યું. માત્ર હું જ એક મંદભાગી છું કે જે એવું મહાતપ કરવાને કે આવા મુનિને પ્રતિલાભિત કરવાને સમર્થ નથી, તેથી તિર્યંચપણાથી દૂષિત એવા મને ધિક્કાર છે.'

આવી રીતે તે ત્રણ જણ જેવા ધર્મધ્યાનમાં તત્પર થઈને રહ્યા હતા, તેવામાં તેઓ જે વૃક્ષ નીચે ઊભા હતા તે વૃક્ષનો અર્ધ ભાગ છેદેલો હોવાથી મોટા પવનથી બાકીનો ભાગ ભાંગી જઈ તે વૃક્ષ તેમના ઉપર પડ્યું. તે પડવાથી તે ત્રણે તત્કાળ મૃત્યુ પામ્યા અને પાંચમા બ્રહ્મ દેવલોકને વિષે પદ્મોતર નામના વિમાનમાં ત્રણે દેવતા થયા. (પૃ.૩૬૦)

માટે સ્વપરને હિતકારક એવી ભિક્ષાચરી યાચના મુનિઓ સેવે છે.

## ૫૯૪. ચતુર્માસે પ્રવાસ કરું નહીં.

મુનિ ભગવંતો ચાતુર્માસમાં પ્રવાસ કરે નહીં. તેમ ચોમાસાના ચાર મહિનામાં શ્રાવક છું તો પણ પ્રવાસ એટલે બહાર ફરવા જઉં નહીં તેવો વિચાર રાખું. કારણ ભૂમિ જીવાકુળ હોવાથી આપણા નિમિત્તે જીવોનો ઘાત થાય. કોઈ અનિવાર્ય સંજોગે જવું પડે તો મનમાં ખેદ રાખું કે મારે ચોમાસામાં બહાર જવું પડે છે. પણ તે યોગ્ય નથી.

**'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૮'માંથી :–**

**શ્રી કૃષ્ણનું દૃષ્ટાંત –** ''અન્યદા વર્ષાઋતુના મેઘની જેમ જગતને તૃપ્ત કરનારા શ્રી નેમિનાથ પ્રભુ દ્વારકા સમીપે આવીને સમવસર્યા. શ્રી કૃષ્ણ ભગવંત પાસે આવી સેવા કરતા સતા પ્રભુને પૂછ્યું , 'હે નાથ! તમે અને બીજા સાધુઓ વર્ષાઋતુમાં કેમ વિહાર કરતા નથી?' પ્રભુ બોલ્યા : 'વર્ષાઋતુમાં બધી પૃથ્વી વિવિધ જંતુઓથી વ્યાપ્ત થાય છે, તેથી જીવોને અભય આપનારા સાધુઓ તે સમયમાં વિહાર કરતા નથી.' કૃષ્ણે કહ્યું કે, 'ત્યારે હું પણ પરિવાર સહિત વારંવાર ગમનાગમન કરીશ તો તેથી ઘણા જીવોનો ક્ષય થશે, માટે હું પણ વર્ષાકાળમાં રાજમંદિરની બહાર નીકળીશ નહીં.' આવો અભિગ્રહ લઈને કૃષ્ણે ત્યાંથી જઈ પોતાના રાજમંદિરમાં પ્રવેશ કર્યો, અને દ્વારપાળોને આજ્ઞા કરી કે, વર્ષાઋતુના ચાર માસ પર્યંત કોઈને પણ રાજમહેલમાં પ્રવેશ કરવા દેવો નહીં. (પૃ.૩૪૬)

## ૫૯૫. જેની તેં ના કહી તે માટે શોધું કે કારણ માગું નહીં.

સત્પુરુષે જેની ના કહી હોય તેના વિષે કારણ શોધું નહીં કે તેનું કારણ માગું નહીં. સત્પુરુષે જે કહ્યું



તે મારા હિતને માટે જ હોય એમ વિચારી મનમાં દૃઢ શ્રદ્ધા રાખું.

**એક શિષ્યનું દૃષ્ટાંત – ગુરુ આજ્ઞામાં પ્રશ્ન નહીં.** ગુરુએ શિષ્યની પાસે હરડેનું ફળ મંગાવ્યું. શિષ્ય તે લઈ આવ્યો અને ગુરુ આગળ ધર્યું. ત્યારે ગુરુએ કહ્યું કે તને વિચાર ન આવ્યો કે આ તો સચિત્ત ફળ છે માટે લેવાય નહીં. જવાબમાં શિષ્યે કહ્યું કે આપે જે આજ્ઞા કરી તેમાં મારે વિચાર કરવાનું હોય નહીં. **'ગુરુણામ્ આજ્ઞા અવિચારણીયા'** મારું તો આપની આજ્ઞા ઊઠાવવામાં જ કલ્યાણ છે એમ માનું છું.

## ૫૯૬. દેહઘાત કરું નહીં.

'આપઘાતી મહાપાપી' આપઘાત કરનાર મહાપાપી ગણાય છે. માટે ગમે તેવા દુઃખના પ્રસંગ આવે તો પણ મરવાના ભાવ કરું નહીં. એકવાર જીવ જો આપઘાત કરે તો તેને જન્માન્તરમાં અનેકવાર આપઘાત કરવાનો અવસર આવે છે માટે દેહઘાત કરું નહીં.

**ભાવસાર જેઠાલાલ વસોવાળાના પ્રસંગમાંથી :–**

**શ્રી જેઠાલાલ ભાવસારનું દૃષ્ટાંત –** ''અમીન છોટાભાઈ ચતુરભાઈના બંગલે કૃપાળુશ્રીના સમાગમમાં હું ગયેલો હતો. તે વખતે મેં પ્રશ્ન કર્યો હતો કે આ જીવ કર્મ સહિત હોવાથી તેનો અધ્યાસ દેહ જેવો થઈ ગયો છે. તેને કર્મથી જાુદો કરવાનો રસ્તો પુરુષાર્થથી થઈ શકે છે, પણ આ દેહને એકદમ ઝટકેથી પાડી નાખીએ તો જલ્દીથી તેનો પાર આવે કે નહીં?

પૂજ્યશ્રી – આ દેહને એકદમ પાડવાથી આત્માની ઘાત થાય છે. મતલબ કે મનુષ્યભવે કરીને અનંતાકર્મો ક્ષય થાય. સમજીને કરવાને બદલે એકદમ કંટાળીને દેહ પાડી નાખવાનો નથી. તેમ થાય તો જીવ મહાનીચ ગતિને પાત્ર થાય. મનુષ્યભવ તો બહુ જ પુણ્યનો થોક ભેગો થવાથી પ્રાપ્ત થાય છે. માટે કર્મની નિર્જરા ધીમેધીમે દેહને દમવાથી અને ઇંદ્રિયોને નિયમમાં લાવવાથી થાય છે''; તે કર્તવ્ય છે.

## ૫૯૭. વ્યાયામાદિ સેવીશ.

કસરત કરવાથી કે શરીરના હલનચલન આદિથી પાચનશક્તિ સતેજ રહે છે. તેથી શરીરના અવયવો સ્વસ્થ રહે અને શરીરમાં સ્ફુર્તિ બની રહે છે; જે આત્મકલ્યાણ કરવામાં પુરુષાર્થીને સહાયરૂપ છે. માટે વ્યાયામાદિ દ્વારા આવશ્યક શ્રમ શરીરને આપવા યોગ્ય છે.

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :–** શ્રાવકે અંગકસરત અવશ્ય કરવી. કસરતના અનેક પ્રકાર છે. તે બરાબર સમજીને પોતાના શરીરને માફક આવે તેવી કસરત કરવી. કસરત કરવાથી શરીર હલકું થાય છે, દુઃખ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે, જઠરાગ્નિ વૃદ્ધિ પામે છે જેથી ખોરાક પચે છે. વૃદ્ધાવસ્થા મોડી આવે છે, શરીરનું ભારેપણું દૂર થાય છે. માટે વ્યાયામાદિ સેવવા યોગ્ય છે. (પૃ.૬૩)

## ૫૯૮. પૌષધાદિક વ્રત સેવું છું.

મહિનામાં બે આઠમ, બે ચૌદશ આદિ દિવસોમાં ઘરની સર્વ પ્રકારની ઉપાધિનો ત્યાગ કરી એકાંત સ્થાનમાં રહી ભક્તિ, સ્વાધ્યાય, નિત્યક્રમમાં દિવસ રાત શ્રાવક ગાળે છે તેને પૌષધવ્રત કહેવામાં આવે છે. તે દિવસે મુનિ જેવી ચર્યા સેવે છે. ભવિષ્યમાં મુનિ થવાના અભ્યાસરૂપ એ ક્રિયા છે.

**'સહજસુખ સાધન'માંથી :–** (૨) **પ્રોષધોપવાસ** – એક માસમાં બે આઠમ અને બે ચૌદશ



પ્રોષધ દિન છે. તે દિવસે ઉપવાસ કે એકાસણું કરીને ધર્મધ્યાનમાં સમય વ્યતીત કરવો તે પ્રોષધોપવાસ છે. (પૃ.૫૪૮)

ભરતમહારાજા પણ મહિનામાં ચાર દિવસ પ્રોષધવ્રત કરીને રાતદિવસ ધર્મધ્યાન કરતા હતા.

## ૫૯૯. બાંધેલો આશ્રમ સેવું છું.

ચાર પ્રકારના આશ્રમના બાંધાને સેવું. (૧) બ્રહ્મચર્યાશ્રમ (૨) ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ (૪) સંન્યાસાશ્રમ.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''આર્ય ગ્રંથકર્તાઓએ બાંધેલા ચાર આશ્રમ જે કાળમાં દેશની વિભૂષારૂપે પ્રવર્તતા હતા તે કાળને ધન્ય છે!

ચાર આશ્રમમાં પ્રથમ બ્રહ્મચર્યાશ્રમ, પછી ગૃહસ્થાશ્રમ, પછી વાનપ્રસ્થાશ્રમ અને પછી સંન્યાસાશ્રમ, એમ અનુક્રમે છે. પણ આશ્ચર્ય એ કહેવું પડે છે કે, તેવો અનુક્રમ જો જીવનનો હોય તો ભોગવવામાં આવે. સરવાળે સો વર્ષના આયુષ્યવાળો, તેવી જ વૃત્તિએ ચાલ્યો આવ્યો તો તે આશ્રમનો ઉપભોગ લઈ શકે. પ્રાચીન કાળમાં અકાળિક મોત ઓછાં થતાં હોય એમ એ આશ્રમનાં બાંધા પરથી સમજાય છે.'' (વ.પૃ.૨૦૮)

''આર્યભૂમિકા પર પ્રાચીન કાળમાં ચાર આશ્રમ પ્રચલિત હતા, એટલે કે, આશ્રમધર્મ મુખ્ય કરીને પ્રવર્તતો હતો. પરમર્ષિ નાભિપુત્રે ભારતમાં નિર્ગ્રંથધર્મને જન્મ આપવા પ્રથમ તે કાળના લોકોને વ્યવહારધર્મનો ઉપદેશ એ જ આશયથી કર્યો હતો. કલ્પવૃક્ષથી મનોવાંછિતપણે ચાલતો તે લોકોનો વ્યવહાર હવે ક્ષીણ થતો જતો હતો; તેઓમાં ભદ્રપણું અને વ્યવહારની પણ અજ્ઞાનતા હોવાથી, કલ્પવૃક્ષની સમૂળગી ક્ષીણતા વેળા બહુ દુઃખ પામશે એમ અપૂર્વજ્ઞાની ઋષભદેવજીએ જોયું. તેમની પરમ કરુણાદૃષ્ટિથી તેમના વ્યવહારની ક્રમમાલિકા પ્રભુએ બાંધી દીધી.

તીર્થંકરરૂપે જ્યારે ભગવંત વિહાર કરતા હતા, ત્યારે તેમના પુત્ર ભરતે વ્યવહારશુદ્ધિ થવા માટે તેમના ઉપદેશને અનુસરી, ચાર વેદની તત્સમયી વિદ્વાનો સમીપે યોજના કરાવી; ચાર આશ્રમના ધર્મ તેમાં દાખલ કર્યા તેમજ ચાર વર્ણની નીતિરીતિ તેમાં દાખલ કરી. પરમ કરુણાથી ભગવાને જે લોકોને ભવિષ્યે ધર્મપ્રાપ્તિ થવા માટે વ્યવહારશિક્ષા અને વ્યવહારમાર્ગ બતાવ્યો હતો તેમને ભરતજીના આ કાર્યથી પરમ સુગમતા થઈ.'' (વ.પૃ.૨૦૮)

## ૬૦૦. અકરણીય ક્રિયા, જ્ઞાન સાધું નહીં.

જે ક્રિયા કરવા યોગ્ય નથી તે કરું નહીં, અને જે જ્ઞાન સાધ્ય કરવા યોગ્ય નથી તે સાધ્ય કરું નહીં. જે ક્રિયા કે જ્ઞાનથી મોહની વૃદ્ધિ થાય તે સર્વ અકરણીય ક્રિયા કે જ્ઞાન છે; તેને સાધું નહીં.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''(૭) **અકરણીય વિલાસ** - જરૂરત ઉપરાંતની વસ્તુઓને વિલાસ કહે છે. જ્ઞાનીપુરુષોએ ન કરવાનું કહ્યું હોય તે કરે તે અકરણીય વિલાસ અથવા ન કરવા યોગ્ય એવા બિનજરૂરી ભોગ તે અકરણીય વિલાસ. નહીં કરવા જેવા વિલાસ - મોજશોખમાં ખોટી થાય તો આત્માનું કરવાનું રહી જાય. જેની જરૂર નથી તેવી વસ્તુઓ ચા, પાનસોપારી, વધારે પડતું નાહવું, ધોવું, સિનેમા, ફરવા જવું વગેરે એ મુમુક્ષુને જરૂરનાં નથી. એવા કામોની ટેવ પડે તો પછી આત્માનું કામ ન



થાય. સાતે વ્યસન, કુટેવો અને બધાં પાપ તે અકરણીય વિલાસ છે. (પૃ.૨૧૮)

## ૬૦૧. પાપ વ્યવહારના નિયમ બાંધું નહીં.

જે વ્યવહારની પ્રવૃત્તિ કરવાથી પાપનો બંધ થાય તેવા પાપરૂપ વર્તન કરવાના નિયમો બાંધું નહીં. પણ તેથી દૂર રહેવા પ્રયત્ન કરું. જેમકે કાલસૌકરિક કસાઈએ ૫૦૦ પાડા મારવાનો જાણે નિયમ બાંધ્યો હોય તેમ રોજ મારતો હતો. એક દિવસ શ્રેણિક રાજાએ તેને કુવામાં ઉતાર્યો છતાં ત્યાં પણ પાણીમાં પાડાઓ ચીતરીને માર્યા હતા. એવા કોઈ પાપ વ્યવહારના એટલે વર્તનનાં નિયમો બાંધું નહીં.

## ૬૦૨. દ્યુતરમણ કરું નહીં.

જુગાર રમું નહીં. જુગારની રમતમાં ભાનભૂલી ધર્મરાજા યુધિષ્ઠરે પોતાની પત્ની દ્રૌપદીને પણ દાવમાં મૂકી દીધી. એવા ભાન ભૂલાવનાર દ્યુત એટલે જુગાર વ્યસનને જીવનમાં કદી સેવું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''મુંબઈમાં નાણાંભીડ વિશેષ છે. સટ્ટાવાળાઓને ઘણું નુકશાન ગયું છે. તમને સૌને ભલામણ છે કે સટ્ટા જેવે રસ્તે ન ચડાય તેનું પૂરતું ધ્યાન રાખશો.'' (વ.પૃ.૪૫૬)

**'ઉપદેશામૃત'માંથી :–** ''નાનપણમાં કામ શીખવાની આવડત લાવે, ઉપયોગી બાબતોમાં વખત ગાળવાની કાળજી રાખે, તે આગળ જતાં મોટાં કામ કરી શકે તેવો હોંશિયાર બને છે. પણ જો નાનપણમાં મોજશોખની અને આળસુ બની ગપ્પા મારવાની ટેવ પડે કે ગંજીફા જેવી રમતો, નાટક, સિનેમા, સરકસ કે જુગાર વગેરેની લતે ચડી જાય તો તેનાથી કંઈ મોટું કામ કરવાની શક્તિ પ્રાપ્ત થતી નથી. ઊલટો ઉડાઉ બની દુઃખમાં જુવાનીનો વખત ગુમાવે છે; અને વૃદ્ધાવસ્થામાં ગરીબાઈ અને રોગના દુઃખથી બેવડો દુઃખી થાય છે તથા પરભવમાં અધોગતિએ જાય છે. 'જેને જેવો સંગ, રંગ પણ તેવો બેસે' એમ કહ્યું છે; તેથી જેની સોબતે આપણે સારા બનીએ એટલે કામગરા, ભક્તિવાળા બનીએ તેની સોબત વધારે રાખવી; પણ જેની સોબતે ચા પીવાની, દારૂ પીવાની, તોફાન કરવાની, નાટક જોવાની, જુગાર રમવાની, અવિવેકી વર્તન કરાવે તેવાં વચન બોલવાની, ગમે ત્યાં હરવા ફરવાની, વિષયવિકાર, ગાનતાનથી લહેર કરવાની ટેવ પડે તેવી સોબત દૂરથી તજી દેવી, ગમે તેટલી સારી લાગતી હોય તો પણ તેવી સોબત ઝેર જેવી જાણી તેથી દૂર રહેવું.'' (પૃ.૯૯)

**'બોધામૃત'ભાગ-૩'માંથી :–**

**એક મુમુક્ષુનું દૃષ્ટાંત –** ''એક મુમુક્ષુભાઈએ બધી ભરસભામાં ઊભા થઈ પોતે પ.પૂ.પ્રભુશ્રીજી પાસે સટ્ટા નહીં કરવાનો નિયમ લીધેલો છતાં સટ્ટા કરી સર્વ મિલકત ખોઈ ઘરભંગ થયા છે તેનો પશ્ચાત્તાપ કરી, ફરી કદી સટ્ટા નહીં કરવાનો નિયમ-નિશ્ચય કરી, લીધેલું વ્રત તેમણે તૂટેલું અનુસંધાન કરી જોડી દીધું છે. લક્ષ્મી ખોઈને પણ શિખામણ લઈ પાછા વળ્યા તો તેમને ધન્ય છે! શ્રી રથનેમિ અને શ્રીમતી રાજુલના પ્રસંગમાં શ્રી ઉત્તરાધ્યયનમાં શ્રી રથનેમિનાં ભગવાને વખાણ કર્યાં કે તેમણે ફરી ચારિત્ર લઈ મોક્ષ સાધ્યો. બધાને અસર થાય તેવો આ પ્રસંગ હતો. તે સહજ જાણવા અને શિખામણ લેવા જણાવ્યો છેજી. હાર્યો જુગારી બમણું રમે એમ લોકોમાં કહેવાય છે તેમ આ જીવ અનાદિકાળથી જન્મમરણની બાજી રમતો આવ્યો છે. ઘણી ખોટ ગઈ, પામર થઈ ગયો છે, કર્મનો ગુલામ બની ગયો છે તો પણ તે બાજી ફેંકી દઈ, હવે નથી રમવી એમ આ અભાગિયો જીવ નિશ્ચય કરતો નથી. ''ભવે ખેદ પ્રાણીદયા ત્યાં આત્માર્થનિવાસ.'' એમ આત્માર્થીના લક્ષણમાં કહ્યું છે છતાં હજી આ જીવને ભવનો ખેદ પ્રગટ્યો નથી.'' (પૃ.૩૧૪)



**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– જુગાર રમવાથી મતિ ભ્રષ્ટ પુરંદરરાજાનું દૃષ્ટાંત –** પુરંદર નામે એક રાજા હતો. તે દ્યુત રમવામાં બહુ આસક્ત હતો. તેથી મંત્રીઓ વગેરેએ તેને રાજ્ય પરથી ઉઠાડી દીધો, અને તેના પુત્રને રાજ્ય પર સ્થાપન કર્યો. રાજા પોતાની સ્ત્રીને લઈ બહાર નીકળી ગયો. ફરતો ફરતો ભીલોની પલ્લીમાં આવ્યો. ત્યાં ભીલ્લપતિ સાથે જુગાર રમતાં શરત કરી કે હું હારી જાઉં તો મારું મસ્તક આપું. તું હારી જાય તો તારી સ્ત્રીને લઉં. દ્યુત રમતાં રાજા જિત્યો તેથી ભીલની સ્ત્રીને લઈ તે આગળ ચાલ્યો. રસ્તામાં જતાં કાળી મેશ જેવી આ ભીલડીએ રાજાની રાણીને કંઈ કારણ બતાવી કુવામાં નાખી દીધી અને રાજાને કહ્યું: તે તો કોઈ બીજાની સાથે ચાલી ગઈ છે. તેથી રાજા બહુ દુઃખી થયો. રાજા ભીલડીને લઈ નદી ઊતરતો હતો ત્યાં રાજાને મત્સ્ય ગળી ગયો અને ભીલડી મરીને નરકે ગઈ. રાજા પણ નરકે ગયો. માટે કોઈપણ વ્યસન સેવવું નહીં. વ્યસન જીવને દુઃખનું જ કારણ થાય છે.

## ૬૦૩. રાત્રે ક્ષૌરકર્મ કરાવું નહીં.

વાળ કપાવવા તે ક્ષૌરકર્મ કહેવાય છે. તે રાત્રે કપાવું નહીં. રાત્રે કપાવવાથી નાહવું પડે તે હિંસાનું કારણ છે. રાત્રિમાં ભક્તિ કે ધર્મધ્યાન કરવાનો ભગવાનનો ઉપદેશ છે.

## ૬૦૪. ઠાંસોઠાંસ સોડ તાણું નહીં.

મોઢું ઉપરથી ઢાંકી પગ સુધી સોડ તાણીને સુઉં નહીં. પણ બને તો તાજી હવા લેવા માટે નાકને ખુલ્લુ રાખું; જેથી શરીરની સ્વસ્થતા જળવાય. સ્વસ્થ શરીર વડે ધર્મધ્યાન સુખે કરી શકાય.

## ૬૦૫. અયોગ્ય જાગૃતિ ભોગવું નહીં.

રાત્રે મોડા સુધી પત્તાબાજી વગેરે કોઈપણ જાતની રમત રમવી કે બાર બે વાગ્યા સુધી ટી.વી. જોયા કરવું વગેરે બધી અયોગ્ય જાગૃતિ છે. તેથી શારીરિક અને માનસિક બન્ને પ્રકારે જીવને નુકશાન થાય છે. રાત્રિ તો ધર્મધ્યાન માટે છે, એમ જ્ઞાનીપુરુષોએ કહ્યું છે. તેથી રાત્રે શાંત વાતાવરણમાં આત્મચિંતન કરી મારા આત્માની શ્રદ્ધા દૃઢ કરું.

## ૬૦૬. રસસ્વાદે તનધર્મ મિથ્યા કરું નહીં.

જીભના રસાસ્વાદમાં પડી શરીરધર્મને બગાડું નહીં. પણ જીભની લંપટતાને જીતવાનો પ્રયત્ન કરું.

**'બોધામૃત' ભાગ-૧'માંથી :–** ''પ્રશ્ન - આયંબિલ કર્યું હોય અને રસવાળા પદાર્થોમાં મન જતું હોય તો શા વિચાર કરવા કે જે વિચારથી મન ત્યાં ન જાય?

પૂજ્યશ્રી - ઘણું ખાધું છે. ખાધેલું શું થાય છે? - વિષ્ટા. જગત એંઠવાડા જેવું છે. ''સકલ જગત તે એઠવત્'' આત્માનું હિત થાય એવું વિચારવું. ઘીથી હિત છે કે જ્ઞાનીનાં વચનોથી? જ્ઞાનીના વચનોથી આત્માનું હિત છે તો મારે ઘી નથી ખાવું. શું કરવા આવ્યો છું અને શું કરું છું? એ વિચારવું. જીવને ટેવ પડી ગઈ છે, પણ એનું ફળ શું આવશે એની ખબર નથી. કલ્પનાએ કે લોકના કહેતા કહેતી રસમાં લુબ્ધાય છે. રસને જીતે તો જ્ઞાનીના વચનોમાં રસ આવે.

**અભયદેવસૂરિનું દૃષ્ટાંત –** અભયદેવસૂરિને આયંબિલ કરવું ઠીક પડ્યું. બાર અંગની ટીકા લખતાં સુધી આયંબિલ જ કર્યાં. આત્મા ભણી જાય તો લાભ થાય. ભારે ખાધું હોય તો પચાવવા મહેનત



કરવી પડે. આ આયંબિલનું ભોજન તો વહેલું ઠેકાણે પડી જાય. લોલુપતા છે એ જીવને નીચે લઈ જાય છે, અધોગતિ થાય છે.'' (બો.૧ પૃ.૨૧૯)

**'બોધામૃત' ભાગ-૩'માંથી :–** સાધુજીવનમાં રસ ઘટાડવો મુશ્કેલ છે, કારણ કે ગામમાં ગમે તે ઘરે જઈ શકે અને સારામાં સારો ખોરાક ફરી ફરીને મેળવી શકે. પણ તેમ નહીં કરતાં જે કંઈ સારો ખોરાક શ્રાવકો આગ્રહ કરીને પાત્રામાં નાખી દેતા તે બીજા સાધુઓને પ્રભુશ્રીજી આપી દેતા અને પોતે લૂખોસૂકો નીરસ આહાર જીવન ટકે તે પૂરતો જ લેતા.

ઉપવાસ આદિ કરવા કરતાં આહારમાં મજા ન પડે તેવો આહાર રસરહિત, મોળો, કે ઘી આદિ ઓછાં વપરાય તેવો લેવો છે. ફળ વગેરેમાં પણ રસ પોષાય તેવું કરવું નથી. ખાવા માટે જીવવું નથી પણ જીવવા પૂરતું જ ખાવું છે. ''નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.'' (૧૫) વિષય એટલે પાંચ ઇન્દ્રિયોની મીઠાશ અને પરિગ્રહ એટલે ધન, અલંકાર, સગાં આદિની મમતા. તે અર્થે દેહ ધર્યો નથી. આમ પર ચીજો ઉપરનો રાગ ઘટે અને સાદા ખોરાકથી જિવાય તો વૈરાગ્ય વધે, આત્મહિત સાચા દિલથી સાધવા જિજ્ઞાસા વધતી રહે અને સત્પુરુષનાં વચનો સમજાય અને સમજાય તેટલું થોડું થોડું અમલમાં આચરણમાં મુકાય.'' (બો.૩ પૃ.૬૯૬)

**'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧૦'માંથી :– સ્વાદ લંપટતાથી કોઢની વ્યાધિ વળગી**

**સેડુકવિપ્રનું દૃષ્ટાંત –** સેડુકવિપ્રના અમુક કાર્યથી પ્રસન્ન થઈ શતાનીકરાજાએ તેને બોલાવીને કહ્યું કે, કહે, 'તને હું શું આપું?' વિપ્ર બોલ્યો કે - 'મારી સ્ત્રીને પૂછીને પછી માગી લઈશ.' ''ગૃહસ્થોને ગૃહિણી વિના વિચાર કરવાનું બીજું સ્થાન નથી.'' ભટજી ખુશી થતા થતા ઘેર આવ્યા અને બ્રાહ્મણીને બધી વાર્તા કહી સંભળાવી. બુદ્ધિશાળી બ્રાહ્મણીએ મનમાં વિચાર્યું કે, 'જો હું રાજા પાસેથી ગામ ગરાસ મગાવીશ તો વૈભવના મદથી આ બ્રાહ્મણ જરૂર બીજી સ્ત્રી પરણશે.' આવો વિચાર કરીને તે બોલી કે - 'હે નાથ! તમારે પ્રતિદિન જમવાને ભોજન અને દક્ષિણામાં એક સોનામહોર રાજા પાસેથી માગી લેવી.' આ પ્રમાણે તેણે પોતાના પતિને સમજાવ્યું. એટલે તેણે જઈને તે પ્રમાણે રાજા પાસેથી માગી લીધું. રાજાએ તે આપ્યું. ''ગાગર સમુદ્રમાં જાય તોપણ પોતાને યોગ્ય હોય તેટલું જ જળ પામે છે.'' હવે પ્રતિદિન તે સેડુક બ્રાહ્મણ તેટલો લાભ તેમજ સન્માન પામવા લાગ્યો. 'આ રાજાનો માનીતો છે' એમ ધારી લોકો નિત્ય તેનું આમંત્રણ કરતા હતા.'જેની ઉપર રાજા પ્રસન્ન હોય, તેનો સેવક કોણ ન થાય?'' આ પ્રમાણે એકથી વધારે આમંત્રણો આવવાથી તે પ્રથમ જમ્યો હોય તો પણ દક્ષિણાના લોભથી પ્રતિદિન પહેલાં જમેલું વમી નાખીને પાછો અનેકવાર જમતો હતો. ''બ્રાહ્મણોના લોભને ધિક્કાર છે.'' વિવિધ દક્ષિણાના દ્રવ્યથી તે બ્રાહ્મણ દ્રવ્ય વડે વધી ગયો અને વડવાઈઓથી વડના વૃક્ષની જેમ પુત્રપૌત્રાદિકના પરિવારથી પણ વૃદ્ધિ પામ્યો. પરંતુ નિત્ય અજીર્ણ અન્નના વમનથી આમ (અપક્વ) રસ ઊંચે જતાં તેની ત્વચા દૂષિત થઈ ગઈ, તેથી તે લાખવડે પીપળાના વૃક્ષ જેવો વ્યાધિગ્રસ્ત થઈ ગયો. અનુક્રમે તેના નાક, ચરણ અને હાથ સડી ગયા અને તે કુષ્ટી થઈ ગયો, તથાપિ અગ્નિની જેમ અતૃપ્ત થઈને તે રાજાની આગળ જઈ દરરોજ ભોજન કરતો હતો. એકદા મંત્રીઓએ રાજાને કહ્યું કે, ''હે દેવ! આ કુષ્ટીનો રોગ સંપર્કથી ફેલાશે, માટે હવે તેને ભોજન કરાવવું યોગ્ય નથી. તેના ઘણા પુત્રો નિરોગી છે, તેમાંથી કોઈ એકને તેના વતી જમાડો, કેમકે જ્યારે કોઈ પ્રતિમા ખંડિત થાય ત્યારે તેને ઠેકાણે બીજી પ્રતિમા સ્થપાય છે.'' રાજાએ તેમ કરવું સ્વીકાર્યું, એટલે મંત્રીઓએ તે બ્રાહ્મણને તેમ કહ્યું; તેણે પણ પોતાને સ્થાને પોતાના પુત્રનું સ્થાપન



કર્યું અને પોતે ઘેર રહ્યો. મધપુડાની જેમ ક્ષુદ્ર મક્ષિકાઓની જાળથી ભરપૂર એવા તે બ્રાહ્મણને તેના પુત્રોએ પણ ઘરની બહાર એક ઝુંપડી બાંધી દઈને તેમાં રાખ્યો. (પૃ.૧૪૪)

એમ રસાસ્વાદમાં લંપટ બની શરીરના ધર્મને મિથ્યા કરું નહીં. પણ અલ્પ આહાર વડે સંયમી બની આત્મધર્મની પુષ્ટિ કરું.

## ૬૦૭. એકાંત શારીરિક ધર્મ આરાધું નહીં.

એકાંત એટલે માત્ર શરીરની સંભાળ રાખું નહીં. ગમે તેટલું ખવડાવવાં છતાં કે આરામ આપવા છતાં એક દિવસે એ શરીર દગો દેનાર છે એમ માનું. શરીરની યથાયોગ્ય સંભાળ રાખી એના વડે આત્મધર્મ પ્રગટ કરવાનો પુરુષાર્થ કરું.

**'બોધામૃત ભાગ-૩'માંથી :—**

**જેસીંગભાઈનો પ્રસંગ —** ''પ.ઉ.પ.પૂ.કરુણાસાગર પ્રભુશ્રીજીએ આ આશ્રમ - જીવન સમાધિમરણને પોષે તેવું યોજ્યું છે. તેનો અનેક ભવ્ય જીવોએ લાભ લઈ સમાધિમરણ સાધ્યું છે, સાધે છે અને ભવિષ્યમાં સાધશે; તો તમારા જેવા તેથી દૂર રહે તે ઘટતું તો નથી, પણ આપ જેવા સમજુને શું કહેવું? બધી દવા વગેરેની કે શારીરિક અનુકૂળતાઓ શહેરમાં સુલભ હોય તે ગૌણ કરી, સમાધિમરણનું મહત્વ જો હૃદયમાં વસે તો અહીંના વાસ જેવું ઉત્તમ સ્થળ આખર અવસ્થામાં ક્યાં મળે? પૈસાદારને વિલાયત જવું ગમે, પણ પરમકૃપાળુદેવના ઉત્તમ ભક્તને તો આ આશ્રમ વિલાયત કરતાં વધારે હિતકારી મારી અલ્પમતિમાં સમજાય છે. દવા માટે મુંબઈ જવું પડે, દવાખાનામાં રહેવું પડે, તો પરમકૃપાળુદેવની દવા જ્યાં વધારે ગુણ કરે તે લક્ષ હવે તો વિશેષ વિશેષ વિચારી, લોકલાજ મૂકી, બીજી મુશ્કેલીઓ વેઠી, જ્યાં આત્મા ઠરે એવા સત્સંગની સહેજે જોગવાઈ પરમકૃપાળુ પરમપૂજ્ય પ્રભુશ્રીજીના અથાગ શ્રમ અને યોગબળે વિદ્યમાન છે, તો આ પાછલા દિવસો તેવા ઉત્તમ વાતાવરણમાં શા માટે ન ગાળવા? બીજાને રાજી રાખવા ઘણું આ ભવમાં કર્યું, હવે તે ગૌણ કરી આત્માની પ્રસન્નતા થાય તેવી કંઈ ગોઠવણ કરવાના નિર્ણય ઉપર આવો તો સ્વપરના હિતનું કારણ સમજાય છે.'' (પૃ.૬૦૭)

**''દોડ દવા કરવા કરું, ઢીલ ધર્મમાં થાય;**
**મહા મોહ મુઝવે મને, સ્વામી ! કરો સહાય.''** -સ્વદોષદર્શન

## ૬૦૮. અનેક દેવ પૂજું નહીં.

સાચા દેવ વીતરાગ છે. **'વીતરાગ સમો દેવો ન ભૂતો ન ભવિષ્યતિ'** વીતરાગ સમાન બીજો કોઈ દેવ થયો નથી અને થવાનો પણ નથી. વીતરાગ પરમાત્મા તે દેવોના પણ દેવ છે.

બાકીના દેવો દેવગતિમાં રહેલા હોવાથી દેવ કહેવાય છે, પણ રાગદ્વેષથી યુક્ત હોવાથી તેઓ પણ સંસારી જ છે. માટે વીતરાગ સિવાય કોઈ પણ દેવને પૂજું નહીં.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૧'માંથી :—** ''ગુણદોષ જાણ્યા વિના જે મનુષ્ય સર્વ દેવોને વિષે પ્રથમાવસ્થામાં શ્રીધરની જેમ ભક્તિમાન થાય છે તે પરિણામે સુખ પામતા નથી.''

**શ્રીધરનું દૃષ્ટાંત —** ગજપુરમાં શ્રીધર નામે એક વણિક રહેતો હતો. તે સ્વભાવથી જ ભદ્રિક હતો. તેણે એકદા એક મુનિ પાસે જૈન ધર્મનું શ્રવણ કર્યું, ત્યારથી તે હમેશાં શ્રી જિનેશ્વરની ત્રિકાળ પૂજા




કરવા લાગ્યો. એકદા શ્રી પ્રભુ પાસે ધૂપ કરીને તેણે અભિગ્રહ કર્યો કે - ''આ ધૂપ જ્યાં સુધી બળે ત્યાં સુધી મારે નિશ્ચલ બેસી રહેવું, ખસવું નહીં.'' દૈવયોગે ત્યાં એક સર્પ નીકળ્યો તથાપિ શ્રીધર નિશ્ચલ જ રહ્યો; એટલે સર્પ તેની પાસે આવી ડસવા જાય છે, તેટલામાં તે શ્રીધરના સત્ત્વથી તુષ્ટમાન થયેલી દેવીએ તે દુષ્ટ સર્પને દૂર કરીને તેના મસ્તકનો મણિ લઈ શ્રીધરને આપ્યો. તે મણિના પ્રભાવથી શ્રીધરના ઘરમાં વૃષ્ટિથી લતાની જેમ લક્ષ્મી વૃદ્ધિ પામવા લાગી.

એકદા તેના કુટુંબમાં કોઈ પ્રકારનો વ્યાધિ આવવાથી કોઈએ તેને કહ્યું કે - ''ગોત્રદેવીની પૂજા કરવાથી ગોત્રમાં કુશળતા રહે છે.'' તે સાંભળીને ભદ્રિક શ્રીધરે ગોત્રદેવીની પૂજા કરી. દૈવયોગે વ્યાધિ નિવૃત્ત થયો. અન્યદા પોતાને કાંઈ વ્યાધિ ઉત્પન્ન થયો, ત્યારે કોઈના કહેવાથી તેણે યક્ષની પૂજા કરી. એ પ્રમાણે લોકોના કહેવાથી શાંતિના લાભને માટે તેમજ ભાવીરોગની નિવૃત્તિ માટે તે હમેશાં અન્ય અન્ય દેવોની પૂજા કરવા લાગ્યો. 'ભાવિકજનો સત્સંગથી ગુણ અને અસત્સંગથી દોષને પામે છે.' કહ્યું છે કે -

તુંબડા તો બધાએ એકજ જાતિના હોય છે; પરંતુ તેમાં કેટલાએક તુંબડા કે જેઓ યતિ-મુનિના હાથમાં આવે છે તે પાત્રની શોભાને પામે છે, કેટલાક (ગવૈયા પાસે જવાથી) શુદ્ધ વાંસની સાથે જોડાઈને સરસ અને મધુર ગાયન કરે છે, કેટલાએક સારા દોરડાથી ગુંથાઈને દુસ્તર એવા સમુદ્રથી મનુષ્યોને તારે છે અને તેમાંનાજ કેટલાએક તુંબડા (કાપાલીકના હાથમાં જવાથી) જ્વલિત (દુષ્ટ) છે હૃદય-મધ્યભાગ જેનો એવા થઈને લોહીનું પાન કરે છે, અર્થાત્ તે કાર્યમાં કામે લાગે છે.''

એકદા તે શ્રીધરના ઘરમાં પ્રવેશ કરીને ચોરલોકોએ તેનું સર્વ ધન ચોરી લીધું; તેથી તે શ્રીધર અત્યંત ખેદ પામવા લાગ્યો, અનુક્રમે તેની એવી સ્થિતિ થઈ ગઈ કે ઘરમાં કાંઈપણ વસ્તુ ન રહી અને ભોજનનો પણ સંદેહ થઈ પડ્યો. છેવટે અત્યંત દુઃખી થવાથી તેણે અઠ્ઠમ કરીને સર્વ દેવની આરાધના કરી. ત્રીજે દિવસે દેવતાઓ બોલ્યા કે ''અરે! તેં શા માટે અમારું સ્મરણ કર્યું?'' શ્રીધર બોલ્યો કે -''મને સમૃદ્ધિ આપો.'' ત્યારે તેઓ બોલ્યા કે -''તારી કુળદેવી પાસે જા, તે આપશે.'' એટલે શ્રીધર કુળદેવી પાસે જઈ અઠ્ઠમ કરીને બેઠો. ત્રીજે દિવસે તે પણ સમૃદ્ધિ માગવાથી બોલી કે - ''હે દુષ્ટ! મારી પાસેથી જલદી ઊભો થા, તું તારા ઘર આગળ જે દેવીની પૂજા કરે છે તે તને આપશે, તેમની પાસે જા.'' તે સાંભળીને શ્રીધરે ગૃહદેવીની આરાધના કરી. ત્યારે અંદર અંદર હસીને તેઓ બોલવા લાગ્યા. ગણપતિએ ચંડિકાદેવીને કહ્યું કે ''હે ચંડિકા! તારા ભક્તને મનવાંછિત આપ.'' ચંડિકા બોલી ''તેને તો પેલો યક્ષ મનવાંછિત આપશે, કેમકે જુઓને તેને તેણે ઊંચા આસન પર બેસાડ્યો છે અને વળી મારા પહેલાં તે હમેશાં તે યક્ષની જ પૂજા કરે છે.'' ત્યારે યક્ષ બોલ્યો કે ''એનું મનવાંછિત શાસનદેવતા આપશે.'' આ પ્રમાણે સર્વ દેવોએ તેનું હાસ્ય કરીને ઉપેક્ષા કરી. ત્યારે તે શાસનદેવીની આરાધના કરવા લાગ્યો. શાસનદેવી બોલી કે - ''હે મૂર્ખ! તેં આ બધું શું કર્યું? ઘણી ભૂલ કરી, હવે વિકથા અને હાસ્યમાં તત્પર એવા કુદેવોને મૂકીને જે દેવોના પણ દેવ છે, જેનાં આઠે કર્મો ક્ષીણ થયાં છે અને જે કૃપાના જ અવતાર છે, એવા ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞની અર્ચા કર કે જેથી બન્ને ભવમાં સુખસંપત્તિની પ્રાપ્તિ થાય.'' તે સાંભળી શ્રીધરે તે પ્રમાણે કરવા માંડ્યું. પછી તેને આકાંક્ષારહિત દૃઢ નિશ્ચયવાળો જાણીને શાસનદેવીએ ફરીથી મણિ આપ્યો; તેથી પાછો સમૃદ્ધિવાન થયો અને પરભવમાં આસન્નસિદ્ધ થયો, અર્થાત્ થોડા કાળમાં સિદ્ધિપદને પામ્યો. ''હે ભવ્ય જીવો! શાસ્ત્રનિંદ્ય એવા આકાંક્ષા દોષનું સેવન કરનાર મનુષ્ય શ્રીધરની જેમ હાસ્યનું પાત્ર થાય છે, માટે જિનશાસનને જાણનારાએ એ દોષ સેવવો નહીં.'' (પૃ.૭૦)


શ્રીધરની
પ્રભુ ધ્યાનમાં
નિશ્ચલતા
શ્રીધરના ઘરમાં ચોરી
અન્યદેવતાને પૂજતો શ્રીધર
ફરીથી તપ કરી અન્ય
દેવોની ઉપાસના
શ્રીધરને શાસનદેવીનો ઉપદેશ
શાસનદેવીએ
શ્રીધરને એક
જિનેશ્વરદેવ ઉપર જ
શ્રદ્ધા રાખવા કહ્યું



નિષ્કામભાવે માત્ર આત્માર્થે વીતરાગદેવને જ પૂજું, અન્યને નહીં.

## ૬૦૯. ગુણસ્તવન સર્વોત્તમ ગણું.

પ્રભુના ગુણસ્તવનથી પોતાના પાપ ધોવાય છે અને મન નિર્મળ-પવિત્ર બને છે, તેમજ તે ગુણો ગ્રહણ કરવાનો ભાવ ઊપજે છે. માટે પ્રભુ ગુણસ્તવનને સર્વોત્તમ ગણું.

સૌધર્મેન્દ્ર, પ્રભુને ઈશાન ઇંદ્રના ઉત્સંગમાં આપી સ્નાન, અર્ચન અને આરતિ કરી આ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો.

**'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર ભાગ-૨' માંથી :–** ''હે ભગવન્! વિશ્વનું પ્રતિપાલન કરનાર! મોટી સમૃદ્ધિઓ સહિત અને ત્રીજા ''તીર્થનાથ એવા સંભવનાથ ભગવંતને હું નમસ્કાર કરું છું. હે વિભો! જન્મથી જ પ્રાપ્ત થયેલાં ''ત્રણ જ્ઞાન અને ચાર અતિશયોથી તમે જગતમાં વિલક્ષણ છો અને તમારામાં સ્ફુટ રીતે એક ''હજાર લક્ષણો રહેલા છે. હમેશાં પ્રમાદી પુરુષોના પ્રમાદના છેદનું કારણ એવું આ તમારું ''જન્મકલ્યાણક આજે મારા જેવાના કલ્યાણને માટે જ થયું છે. હે જગત્પતિ! આ રાત્રિ આખી ''પ્રશંસા કરવાને યોગ્ય છે; કારણકે જેમાં નિષ્કલંક ચંદ્રરૂપ તમે પ્રગટ થયા છો. હે ''પ્રભો! તમને વંદન કરવાને જા આવ કરતાં અનેક દેવતાઓથી આ મનુષ્યલોક હમણા ''સ્વર્ગલોકના જેવો જણાય છે. હે દેવ! તમારા દર્શનરૂપ અમૃતના સ્વાદથી જેઓનાં ચિત્ત ''સંતુષ્ટ થયેલા છે એવા અમૃતભોજી  દેવતાઓને હવેથી જીર્ણ થયેલા સ્વર્ગના અમૃતની કાંઈ જરૂર નથી. આ ભરતક્ષેત્રરૂપી સરોવરમાં કમળરૂપ એવા હે ભગવન્! તમારામાં ભમરાની પેઠે ''મારો પરમલય થઈ જાઓ. હે અધીશ! જેઓ હમેશાં તમારું દર્શન કરે છે તે મનુષ્યોને ધન્ય છે, કારણ કે તમારા દર્શનનો ઉત્સવ સ્વર્ગના રાજ્યથી પણ અધિક છે.'' (પૃ.૯)

''હે નાથ! મારા નેત્રો સર્વદા તમારા મુખને જોઈ વિલાસ પામો. મારા હાથ તમારી ઉપાસના કરો અને મારા કાનો તમારા ગુણના શ્રોતા થાઓ. હે દેવાધિદેવ! કુંઠિત એવી મારી બુદ્ધિ જો તમારા ગુણને ગ્રહણ કરવા તરફ ઉત્કંઠાવાળી હોય તો તેનું કલ્યાણ થાઓ. કેમકે તેને બીજાથી શું થવાનું છે? હે નાથ! હું તમારો શિષ્ય, દાસ, સેવક અને કિંકર છું. એ પ્રમાણે તમે સ્વીકાર કરો; એથી વધારે બીજું કાંઈપણ હું કહેવા ઇચ્છતો નથી.'' (પૃ.૨૧)

**'ઉપદેશામૃત'માંથી :–** ''હે પ્રભુ! તમારાં વચનને ધન્ય છે! હે માવીતર! તમારો આધાર છે. હે પ્રભુ! આપનાં અમૃતતુલ્ય વચનનો આ રંકને જોગ મળ્યો તેથી કરીને હે પ્રભુ! જરા શાંતિ થઈ. નહીં તો હે નાથ! મારી કોઈ ગતિ નહોતી. હે પ્રભુ! તમારું શરણું ભવોભવ હજો. હે નાથ! નોંધારાના આધાર, હે પ્રભુ! એક જ્યારે આપનું શરણું ગ્રહણ કરું છું ત્યારે સંકલ્પ-વિકલ્પ બંધ પડે છે, અને તે પરમ શાંતિને આપે છે. તેથી વૈરી માત્રનો નાશ થાય છે અને મને ત્યારે સારું લાગે છે. જ્યાં તકરારવાળી વૃત્તિઓમાં મને કંઈ કળ ન પડે ત્યાં એક ધ્યાનથી પ્રભુનું શરણું ગ્રહણ કરું છું, ત્યાં સુખ થાય છે. વળી ચિત્ત પણ ફરતું હોય છે ત્યાં પણ એક પ્રભુનું શરણું જેટલી વાર સ્મૃતિમાં રહે છે તેટલી વાર આનંદ થાય છે. વળી કષાયાદિ જે વિષાદ કોઈ વચન સાંભળ્યેથી ઊઠે તેને ભૂલી જવાતું ન હોય અને ખેદ આવ્યા કરે તેમ હોય તેનો ઉપાય પણ હે પ્રભુ! એકચિત્તે કરી જ્યાં પ્રભુમાં ચિત્ત કરું છું એટલે શાંતિ થાય છે. હે નાથ! એવી અપૂર્વ વસ્તુ તમોએ મને આપી છે. હે નાથ! તે વિના મારો કોઈ પ્રકારે બચાવ થતો નથી. તમારું ભવોભવ હજો શરણું, પ્રભુ તમારું. એ જ વિનંતિ.'' (પૃ.૪)



**'બોધામૃત' ભાગ-૩ માંથી :–** ''અહો! મૌન મુનિવર! આટઆટલી સમૃદ્ધિ છતાં શી તારી ગંભીરતા! અહો! તારી સમતા! અહો! પરમકૃપાળુ તારી પરમોત્કૃષ્ટ કરુણા! એવો દિવસ પ્રભુ ક્યારે આવશે કે તારા શુદ્ધ સ્વરૂપનું નિરંતર ભાન અખંડ જાગ્રત રહે !'' (બો.૩ પૃ.૨૦)

## ૬૧૦. સદ્ગુણનું અનુકરણ કરું.

પ્રથમ સર્વમાં સદ્ગુણ જોવાનો પ્રયત્ન કરું. પછી તે સદ્ગુણનું અનુકરણ કરું. સદ્ગુણનું અનુકરણ કરનાર સ્વયં અનેક ગુણનો ભંડાર થાય છે.

**'દૃષ્ટાંતશતક'માંથી :– સદ્ગુણ વગર સાધુપણું નથી**

**ધોબી અને સાધુનું દૃષ્ટાંત –** ''કોઈ એક સાધુ શૌચથી પરવારીને એક ધોબીની વસ્ત્ર ધોવાની શિલા ઉપર ધ્યાન ધરીને ઊભો રહ્યો. કેટલીક વારે રાજાનો ધોબી તે શિલા ઉપર લૂગડાં ધોવા આવ્યો. તેણે મુનિને ધ્યાન ધરી ઊભેલા જોઈને વિચાર્યું કે આ કોઈ સાધુ પરમેશ્વરની ભક્તિ કરે છે, તે થોડીવારમાં કરી રહેશે એટલે હું લૂગડાં ધોઈશ.

એમ ઘણીવાર સુધી રાહ જોઈ, પણ મુનિ તો ઊભા જ રહ્યા. તે જોઈને ધોબી બોલ્યો કે 'બાપજી! તમે લગાર દૂર ઊભા રહીને ધ્યાન ધરો તો સારું. મારે રાજાના કપડાં ધોવાની ઉતાવળ છે.' મુનિ કાંઈ બોલ્યા નહિ, ત્યારે વળી થોડી વાર રાહ જોઈને ફરી કહ્યું. તથાપિ મુનિએ તે તરફ લક્ષ આપ્યું નહીં.

ત્યારે ધોબીએ છેવટે થાકીને તે સાધુનો હાથ ઝાલી તેને નીચે ઉતાર્યા. સાધુને આથી ક્રોધ ચડ્યો અને ધોબીને ધક્કો માર્યો. સાધુને ક્રોધી જોઈ ધોબીની શ્રદ્ધા ઊઠી ગઈ, તેથી તેણે પણ સાધુને ધક્કો માર્યો. એમ કરતાં કરતાં બંને બાથંબાથે આવ્યા. કોઈ કોઈને છોડે નહીં. છેવટે ધોબીએ જોર કરી સાધુને ભોંય ઉપર નાખી દીધો અને તેના છાતી પર બેસી ગયો.

તે વખતે સાધુએ કાયર થઈ દેવતાની સ્તુતિ કરી કહ્યું કે, 'હે દેવ! હું આટઆટલી ભક્તિ કરું છું તેમ છતાં તમે મને આ ધોબી પાસેથી કેમ છોડાવતા નથી? આવા મારા સંકટ વખતે તમે ક્યાં ગયા? તે સાંભળી દેવે આકાશમાંથી જવાબ આપ્યો કે અમે હાજર છીએ, પણ ધોબી કોણ અને સાધુ કોણ તે ઓળખાતું નથી; તો પછી અમારે કોને સહાય કરવી? દેવનું આવું વચન સાંભળી સાધુ સમજી ગયો અને ધોબીને હાથ જોડી ક્ષમા માગી તેનાથી છૂટો થયો. પછી ક્ષમા વગેરે સાધુના લક્ષણ પ્રમાણે વર્તવા લાગ્યો.

આ દૃષ્ટાંતનો સાર એ છે કે બાહ્ય આકારે તે બધાંય મનુષ્યો સરખાં છે, પણ ગુણે કરીને ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ભેદ પડે છે. માટે જેણે ઉત્તમ થવું હોય તેણે અધમનાં લક્ષણો તજી ઉત્તમનાં લક્ષણો રાખવાં; પણ જે અધમના જેવા આચરણ રાખી પોતાને ઉત્તમ કહેવડાવવા ઇચ્છે છે, તેને લોકો દંભી માની ઉત્તમ જેવું માન મનથી આપતા નથી. (પૃ.૧૨૨)

## ૬૧૧. શૃંગારી જ્ઞાતા પ્રભુ માનું નહીં.

શૃંગારી ધર્મના જ્ઞાતા એવા ધર્મગુરુ ગમે તેટલા લોકોમાં મોટા ગણાતા હોય પણ તેને પ્રભુ માનું નહીં. અનાદિથી જીવોને શૃંગારરસ પ્રિય છે અને વળી શૃંગારને ધર્મનું સ્વરૂપ આપવામાં આવે તો તે વધારે પ્રિય લાગે. પણ શૃંગાર એ રાગ છે, અને રાગ છે ત્યાં સંસાર છે. જ્યાં સંસાર છે ત્યાં આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ ક્લેશ છે. અને જ્યાં ક્લેશ છે ત્યાં કર્મબંધન છે. અને જ્યાં કર્મબંધન છે ત્યાં ચારગતિમાં



રઝળવાપણું છે; પણ મુક્તિ નથી. માટે શૃંગારી ધર્મના જ્ઞાતાને પ્રભુ માનું નહીં; પણ ધર્મથી વિપરીત માર્ગના જાણનાર અને પ્રરૂપનાર માનું.

## ૬૧૨. સાગર પ્રવાસ કરું નહીં.

પહેલાંના વખતમાં બહાર દેશ જવા સ્ટીમરોમાં બેસવાનો રિવાજ હતો. સમુદ્રમાં ૧-૨ મહિને પોતાના ગંતવ્ય સ્થાને પહોચાતું હતું. સમુદ્રમાં જો તોફાન આવી જાય તો આખી સ્ટીમર ડૂબી જાય અને આપણને મળેલો અતિ દુર્લભ એવો મનુષ્યભવ હારી જવાય; અર્થાત્ આ દેહે કરવા યોગ્ય આત્માનું કલ્યાણ રહી જાય. વળી માછલા મરે, પાણીના જીવોની ઘાત થાય અને પાપનો બાપ જે લોભ છે તેને વશ થઈને સાગર પ્રવાસ કરું નહીં; પણ અહીં જે મળે તેમાં સંતોષ માની જીવું.

## ૬૧૩. આશ્રમ નિયમોને જાણું.

વેદાંતમાં ચાર આશ્રમ કહ્યા છે તે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યસ્થાશ્રમ છે. તે આશ્રમોના નિયમોને જાણી જે જે ભૂમિકામાં પોતે હોય તેને શુદ્ધ રીતે પાળવાનો પ્રયાસ કરું. અથવા વર્તમાનમાં પ.પૂ.પ્રભુશ્રીજીના નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસની સ્થાપના થઈ તેના અમુક પ્રકારના મુખ્ય નિયમોની યોજના પ.પૂ.પ્રભુશ્રીજીની હાજરીમાં થયેલ છે તેને પ્રથમ જાણું; પછી શ્રદ્ધા કરી તે પ્રમાણે વર્તવાનો પુરુષાર્થ કરું.

### નિયમાવલી

આ આશ્રમમાં સર્વ મુમુક્ષુ ભાઈ-બહેનોએ નીચેના નિયમોનું પાલન કરવું આવશ્યક છે.

(૧) આ આશ્રમમાં આવનાર અને રહેનાર ભાઈ-બહેનોએ લક્ષમાં રાખવાનું છે કે આશ્રમમાં સૌએ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રનો બોધ ઉત્તમ રીતે પામી શકાય તે માટે માત્ર આત્માર્થે સત્સંગ, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ આદિ કરી રહેવાનું છે. કોઈ પણ વિષયકષાય કે પ્રમાદ અર્થે આશ્રમમાં રહેવાની મનાઈ છે.

(૨) સદાચાર ધર્મનું મૂળ છે, તેથી નીચેના દુર્વ્યસનો તેમજ અભક્ષ્ય વસ્તુઓ આ આશ્રમમાં વર્જ્ય છે.

(અ) સાત વ્યસનો - જુગાર, માંસ, મદિરાપાન, પરસ્ત્રીસેવન, વેશ્યાગમન, ચોરી અને શિકાર.

(બ) સાત અભક્ષ્ય ફળો - વડના ટેટા, પીપળના ટેટા, પીપળાના ટેટા, ઉંબર ફળ, અંજીર (સુકા-લીલા) મધ અને માખણ.

(ક) કંદમૂળ - ડુંગળી, લસણ, બટાટા, શક્કરિયાં, ગાજર, રતાળુ, મૂળા, આદુ, લીલી હળદર વગેરે.

(૩) રાત્રિ ભોજનનો આશ્રમમાં સર્વથા ત્યાગ રાખવો.

(૪) બ્રહ્મચર્યપાલન આશ્રમમાં રહેનાર અને આવનાર ભાઈ-બહેનો માટે અનિવાર્ય અને અવશ્યનું છે. આ આશ્રમનો મૂળભૂત પાયો છે.

(૫) આશ્રમમાં યોજાયેલ ભક્તિ સ્વાધ્યાયના કાર્યક્રમોમાં દરેકે હાજરી આપી ભાગ લેવો જરૂરનો છે.

(૬) આશ્રમમાં થતા ભક્તિ, વાંચન, પૂજા ઇત્યાદિ નિયમિત કાર્યક્રમ તેમજ ટ્રસ્ટીઓની રજા લઈને કરવામાં આવતા વિશેષ કાર્યક્રમ સિવાય અન્ય કોઈપણ કાર્યક્રમ જેવા કે સ્વાગત-સમારંભ, વ્યાખ્યાન, ચર્ચા, વાંચન, ભાષણ, ઊજવણી આદિ કરવાની સદંતર મનાઈ છે.



(૭) આશ્રમમાં રહીને પરમાર્થ સિવાયની કોઈપણ પ્રવૃત્તિ, જેવી કે વેપાર, ખેતી, નોકરી આદિ કરવાની સદંતર મનાઈ છે.

(૮) આરોગ્ય હેતુએ આશ્રમમાં આવવાનો અને રહેવાનો પ્રતિબંધ છે.

(૯) નાના બાળકો ભક્તિ-સ્વાધ્યાયના કાર્યક્રમો વખતે અંતરાય, અશાતના કે વિક્ષેપ ન કરે તેની ખાસ સંભાળ રાખવી.

(૧૦) રજસ્વલા સ્ત્રીએ આશ્રમના મંદિર, સભામંડપ અને અન્ય દર્શનીય સ્થળોના ચોગાનમાં ચાર દિવસ સુધી આવવું નહીં અને અશાતનાથી બચવું.

(૧૧) તંબાકુ, બીડી, સિગરેટ, હૂકો વગેરે ધુમ્રપાન આશ્રમના મંદિરવાળા ચોકમાં કરવું નહીં. તેમજ મળ-મૂત્ર વગેરે બીજી કોઈપણ પ્રકારની ગંદકી અને અશુચિ તે ચોકમાં કરવી નહીં અને અશાતનાથી બચાય તેની પૂરેપૂરી સાવચેતી અને કાળજી રાખવી.

## ૬૧૪. ક્ષૌરકર્મ નિયમિત રાખવું.

હજામત નિયમિત રીતે કરાવું. નહીં તો વિશેષ વાળ વધવાથી જૂ વગેરે પડવાનો સંભવ રહે.

## ૬૧૫. જ્વરાદિકમાં સ્નાન કરવું નહીં.

તાવ આવતો હોય ત્યારે દરદીએ સ્નાન કરવું નહીં. જ્વરમાં સ્નાન કરવાથી તાવની વૃદ્ધિ થવા સંભવ છે.

## ૬૧૬. જળમાં ડૂબકી મારવી નહીં.

**''નદિયનિ બિચ ચીર ધુવાયે, કોસનકે જીવ મરાયે''** -આલોચના

નદી, તળાવ કે સમુદ્ર વગેરેમાં વસ્ત્રો ધોવાથી કે ડૂબકી મારી સ્નાન કરવાથી અનેક કોશ એટલે ગાઉ સુધીના જીવોની હિંસા થાય છે. જ્યાં સુધી શરીરનો મેલ પાણીમાં વહ્યા કરે ત્યાં સુધી તેના સ્પર્શથી જળકાયના જીવોની હિંસા થાય છે. માટે કદી જળમાં ડૂબકી મારું નહીં.

## ૬૧૭. કૃષ્ણાદિ પાપ લેશ્યાનો ત્યાગ કરું છું.


લેશ્યાઓ છ પ્રકારે છે. તેમાં કૃષ્ણ,નીલ અને કાપોત એ ત્રણ અશુભ અને પીત, પદ્મ અને શુક્લ એ ત્રણ શુભ છે. તેનું વર્ણન નીચે પ્રમાણે —

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :—**

**પ્રિયંકરરાજાનું દૃષ્ટાંત —** ''પ્રિયંકર રાજાએ ગુરુને કહ્યું કે - ''હે સ્વામી ! કોઈ વખત ન જોયેલું, ન સાંભળેલું અને ન ઇચ્છેલું એવું પરભવમાં ગમન સર્વ જીવો પામે છે, જેમ મારા પિતા કીડાનો ભવ પામ્યા; તો તેવી ગતિમાં આત્મા શા હેતુ વડે જતો હશે?'' ગુરુએ કહ્યું કે - ''જીવોને જેવી લેશ્યાના પરિણામ હોય તેવી ગતિ તેને પ્રાપ્ત થાય છે.'' રાજાએ પૂછ્યું કે — ''હે સ્વામી ! લેશ્યા કેટલા પ્રકારની છે?'' ત્યારે ગુરુએ છ લેશ્યાનું સ્વરૂપ કહ્યું કે —''હે રાજા ! આત્માના પરિણામ વિશેષને લેશ્યાઓ કહે છે તે છ પ્રકારની છે.''

### છ લેશ્યાઓનું સ્વરૂપ

''જે માણસ મહા રૌદ્રધ્યાની હોય, સદા ક્રોધી હોય, સર્વ ઉપર દ્વેષી હોય, ધર્મથી વર્જિત હોય, નિર્દય હોય અને નિરંતર વૈર રાખનારો હોય તેને વિશેષે કરીને કૃષ્ણલેશ્યાવાળો જાણવો.''


છ લેશ્યાઓનું સ્વરૂપ
૨ નીલ લેશ્યા
૪ પીત લેશ્યા
૩ કાપોત લેશ્યા
જંબૂ વૃક્ષ
૫ પદ્મ લેશ્યા
૧ કૃષ્ણ લેશ્યા
૬ શુક્લ લેશ્યા



''નીલ લેશ્યાવાળો જીવ આળસુ, મંદબુદ્ધિ, સ્ત્રીમાં લુબ્ધ, પરને છેતરનાર, બીકણ અને નિરંતર અભિમાની હોય છે.''

''નિરંતર શોકમાં મગ્ન રહેનાર, સદા રોષવાળો, પરની નિંદા કરનાર, આત્મ-પ્રશંસા કરનાર, રણસંગ્રામમાં ભયંકર અને દુઃખી અવસ્થાવાળા માણસની કાપોત લેશ્યા કહેલી છે.''

''વિદ્વાન, કરુણાવાન્, કાર્યાકાર્યનો વિચાર કરનાર અને લાભમાં કે અલાભમાં સદા આનંદી એવા માણસને પીત (તેજો) લેશ્યા અધિક હોય છે.''

''ક્ષમાયુક્ત, નિરંતર ત્યાગવૃત્તિવાળો, દેવપૂજામાં તત્પર, અહિંસા સત્યાદિ પાંચ મહાવ્રતને ધારણ કરનાર, પવિત્ર અને સદા આનંદમાં મગ્ન એવો મનુષ્ય પદ્મલેશ્યાવાળો હોય છે.''

''રાગદ્વેષથી મુક્ત, શોક અને નિંદાથી રહિત તથા પરમાત્મભાવને પામેલો મનુષ્ય શુક્લ લેશ્યાવાળો કહેવાય છે.'' આ છ લેશ્યામાં પ્રથમની ત્રણ લેશ્યાઓ અશુભ છે અને બીજી ત્રણ શુભ છે. તે છએનું વિસ્તારથી સ્વરૂપ જણાવવા માટે જાંબુ ખાનારા તથા ગામ ભાંગનારા છ છ પુરુષનાં દૃષ્ટાંત નીચે પ્રમાણે છે.

## છ લેશ્યાવાળા જીવોના ભિન્ન ભિન્ન પરિણામ

**છ લેશ્યાવાળા પુરુષોનું દૃષ્ટાંત –** કોઈ એક અરણ્યમાં ક્ષુધાથી કૃશ થયેલા છ પુરુષોએ પાકેલાં અને રસવાળાં જાંબુના ભારથી જેની સર્વ શાખાઓ નમી ગઈ છે એવું કલ્પવૃક્ષના જેવું એક જાંબુનું વૃક્ષ જોયું. તે જોઈને સર્વ હર્ષિત થઈને બોલ્યા કે - ''અહો ! ખરે અવસરે આ વૃક્ષ આપણા જોવામાં આવ્યું છે, માટે હવે સ્વેચ્છાએ તેનાં ફળ ખાઈને આપણે ક્ષુધાનો નાશ કરીએ.'' પછી તેમાં એક ક્લિષ્ટ પરિણામવાળો હતો તે બોલ્યો કે - ''આ દુરારોહ એટલે મુશ્કેલીથી ચઢી શકાય એવા વૃક્ષ ઉપર ચડવાથી જીવનું પણ જોખમ થાય તેવું છે, માટે તીક્ષ્ણ કુહાડાની ધાર વડે મૂળમાંથી કાપી નાખી તેને આડું પાડી દઈએ અને પછી નિરાંતે તેનાં સમગ્ર ફળો ખાઈએ.'' આવા પરિણામ પુરુષને કૃષ્ણ લેશ્યાથીજ થાય છે. (૧) પછી બીજો તેના કરતાં કાંઈક કોમળ હૃદયવાળો બોલ્યો કે - ''આવાં મોટા વૃક્ષને કાપવાથી આપણને શું વધારે લાભ છે ? માત્ર એક મોટી શાખા તોડી પાડીને તેની ઉપર રહેલા ફળો ખાઈએ.'' આ પુરુષ નીલ લેશ્યાના પરિણામવાળો જાણવો. (૨) પછી ત્રીજો બોલ્યો કે - ''એવડી મોટી શાખાને કાપવાથી શું ? માત્ર તેની એક પ્રશાખાનેજ કાપીએ.'' આ પુરુષ કાપોત લેશ્યાવાળો જાણવો. (૩) પછી ચોથો બોલ્યો કે - ''તે બિચારી નાની શાખાને કાપવાથી શું વિશેષ લાભ છે ? માત્ર તેના ગુચ્છા તોડવાથીજ આપણું કાર્ય સિદ્ધ થશે.'' આ માણસ પીત (તેજો) લેશ્યાવાળો જાણવો. (૪) પછી પાંચમો બોલ્યો કે - ''ગુચ્છા તોડવાથી પણ શું ? માત્ર પાકેલાં અને ભક્ષણ કરવા લાયક જોઈએ તેટલાં ફળોનેજ તોડીએ.'' આ પુરુષ પદ્મલેશ્યાવાળો જાણવો. (૫) હવે છઠ્ઠો બોલ્યો કે - ''ફળો તોડવાથી પણ શું ? આપણને જેટલાં ફળોની જરૂર છે તેટલાં તો આ વૃક્ષની નીચે પડેલા જ મળી શકે તેમ છે. તો તેનાથી જ પ્રાણનો નિર્વાહ કરવો તે શ્રેષ્ઠ છે. માટે આ વૃક્ષને કાપી નાખવા વિગેરેના વિચારો શા માટે કરવા જોઈએ ?'' આ છેલ્લો શુક્લ લેશ્યાના પરિણામવાળો જાણવો.

## જુદી જુદી લેશ્યાના કારણે ભાવોમાં ભયંકરપણું

**છ ધાડપાડુઓનું દૃષ્ટાંત –** ધનધાન્યાદિકમાં લુબ્ધ થયેલા ચોરોના છ અધિપતિઓએ એકત્ર થઈને એક ગામમાં ધાડ પાડી. તે સમયે તેમાંથી એક જણ બોલ્યો કે - ''આ ગામમાં મનુષ્ય, પશુ, પુરુષ, સ્ત્રી, બાળક, વૃદ્ધ વિગેરે જે કોઈ નજરે પડે તે સર્વને મારી નાખવા.'' આ પ્રમાણે કૃષ્ણ લેશ્યાના



સ્વભાવવાળાનું વાક્ય સાંભળીને બીજો નીલ લેશ્યાવાળો બોલ્યો કે - ''માત્ર મનુષ્યનેજ મારવા, પશુઓને મારવાથી આપણને શું ફળ છે? ત્યારે ત્રીજો કાપોત લેશ્યાવાળો બોલ્યો કે - ''સ્ત્રીઓને શા માટે મારવી જોઈએ? માત્ર પુરુષોને જ મારવા.'' ત્યારે ચોથો તેજો લેશ્યાવાળો બોલ્યો કે - ''પુરુષમાં પણ શસ્ત્રરહિતને મારવાનું શું કામ? માત્ર શસ્ત્રધારીનેજ મારવા.'' તે સાંભળી પાંચમી પદ્મ લેશ્યાવાળો બોલ્યો કે - ''શસ્ત્રધારીમાં પણ જેઓ આપણી સામા યુદ્ધ કરવા આવે તેને જ મારવા. બીજા નિરપરાધિને શા માટે મારવા જોઈએ? છેવટે છઠ્ઠો શુક્લ લેશ્યાવાળો બોલ્યો કે - ''અહો! તમારો કેવો ખોટો વિચાર છે? એક તો દ્રવ્યનું હરણ કરવા આવ્યા છો અને વળી બિચારા પ્રાણીઓને મારવા ચાહો છો; માટે જો તમે દ્રવ્ય લેવા આવ્યા છો તો ભલે દ્રવ્ય લ્યો, પરંતુ તેમના પ્રાણનું તો રક્ષણ કરો.'' આ પ્રમાણેની છ લેશ્યાવાળા જીવો મરીને જુદી જુદી ગતિને પામે છે. કહ્યું છે કે -

''કૃષ્ણ લેશ્યાવાળો નરકગતિ પામે છે, નીલ લેશ્યાવાળો થાવરપણું પામે છે, કાપોત લેશ્યાવાળો તિર્યંચ થાય છે, પીત લેશ્યાવાળો મનુષ્યગતિ પામે છે, પદ્મ લેશ્યાવાળો દેવલોકમાં જાય છે અને શુક્લ લેશ્યાવાળો જીવ શાશ્વત સ્થાન પામે છે. આ પ્રમાણે ભવ્ય જીવોએ લેશ્યાનો વિચાર જાણવો.''

ગુરુના મુખથી ઉપર પ્રમાણે લેશ્યાનું સ્વરૂપ જાણીને પ્રિયંકર રાજા પ્રતિબોધ પામ્યો અને નિરંતર શુભ લેશ્યામાં વર્તી શ્રાવકધર્મને અંગીકાર કરી અંતે સદ્ગતિ પામ્યો.'' (પૃ.૬૪)

## ૬૧૮. સમ્યક્ સમયમાં અપધ્યાનનો ત્યાગ કરું છું.

સમ્યક્ સમય એટલે સ્વાધ્યાય, ધ્યાન, પૂજા, સામાયિક વગેરેના સમયમાં અપધ્યાન એટલે આર્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ કરું.

ચાર ઘડી એટલે ૯૬ મિનિટ સૂર્યોદય પહેલાં સવારે ઊઠી બ્રહ્મમુહૂર્તમાં દોઢ કલાક ધર્મધ્યાન કરું. બ્રહ્મમુહૂર્તમાં જે સૂઈ રહે તે આળસુ અને રોગી થાય છે. સવારમાં ઊઠીને પહેલા ઘરના કે સંસારના આરંભ સમારંભના વિચાર કરું નહીં. કેમકે એ બધા પાપના કામો છે. પણ સવારમાં વહેલા ઊઠી સ્મરણમંત્ર, ભક્તિ, સ્વાધ્યાય વગેરે કરું.

**''શ્રાવક તો ઊઠે પરભાત, ચાર ઘડી લે પાછલી રાત;**
**મનમેં સુમરે શ્રી નવકાર, વહ ઊતરે ભવજળસેં પાર.''**

## ૬૧૯. નામભક્તિ સેવીશ નહીં.

માત્ર શબ્દો બોલી ભક્તિ કરી લીધી એમ માનીશ નહીં. પણ, ભક્તિ સાથે ભાવ લાવવા પ્રયત્ન કરીશ. ખાલી દ્રવ્ય ભક્તિ કરીને સંતોષ માનું નહીં. પણ સાથે ભાવભક્તિ કરવાનો લક્ષ રાખીશ; અર્થાત્ ઉપયોગપૂર્વક ભાવથી ભક્તિ કરવાનો પ્રયત્ન કરીશ.

**'મોક્ષમાળા પ્રવેશિકા'માંથી :–** ''વીતરાગ ભક્તિ એટલે જેના રાગ દ્વેષ મોહ ક્ષય પામ્યા છે એવા ઉત્તમ પુરુષની ભક્તિ. જગતમાં ઘણા ભક્તો ભક્તિ કરે છે અને ભક્તિને મુક્તિનું કારણ માને છે, તો પણ વીતરાગ ભક્તિ કહેવાનું કારણ શું છે?

જેણે આ સંસારનું સ્વરૂપ ભયંકર જાણ્યું છે, જન્મ, જરા અને મરણનાં દુઃખ સર્વોપરી માન્યા છે, ઇન્દ્રિયોનાં સુખને દુઃખના કારણ માન્યાં છે તથા જન્મ, મરણનાં કારણ જે કર્મ તે કેમ બંધાય છે અને તેથી કેમ મુક્ત થવાય તેનો જેને નિર્ણય થયો છે અને તે નિર્ણયને આરાધી જે પરમ સુખી બન્યા છે તેવા



વીતરાગ ભગવંતનું દર્શન, તેમનાં વચન અને તેમની દશા સર્વ જીવોને કલ્યાણનું કારણ હોવાથી તે જિનેશ્વરોની જ ભક્તિ કર્તવ્ય છે.

પ્રશ્ન – ત્યારે જે લોકો ડાકોર દ્વારકાદિની યાત્રાએ જાય છે, ધર્મને નામે દાનાદિક કરે છે, મંડળીઓ કાઢીને સપ્તાહ આદિ ભક્તિ રાતદિવસ કરે છે, તે ભક્તિ મોક્ષનું કારણ બને કે કેમ?

ઉત્તર – જેમની તે ભક્તિ કરે છે તેમના જો રાગદ્વેષ અને મોહ ક્ષય થયા ન હોય તો તેમનો મોક્ષ સંભવતો નથી, તો જે તેમને ભજે તેને મોક્ષ ક્યાંથી મળે?

''ઘણું કરીને મનુષ્યાત્મા કોઈને કોઈ ધર્મમતમાં હોય છે, અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે; પણ એનું નામ 'મુમુક્ષુતા' નથી.'' -શ્રીમદ્ રાજચંદ્ર

પ્રશ્ન – ભક્તિના કોઈ પ્રકાર હશે કે કેમ? ઉત્તર – નવધા ભક્તિ મનાય છે.

પ્રશ્ન – તે નવ પ્રકાર કયા?

ઉત્તર– ''श्रवण, कीरतन, चिंतवन, वंदन, सेवन, ध्यान;
लघुता, समता, अेकता, नवधा भक्ति प्रमान.'' - श्री बनारसीदास

(૧) **શ્રવણ :** ગુરુદેવ ભગવંતની કથા સાંભળવી તે શ્રવણ ભક્તિ છે; તેમના ગુણો સાંભળી તેમનું માહાત્મ્ય હૃદયમાં વસવાથી આપણી વૃત્તિ તેવા બનવા પ્રેરાતી જાય છે. (૨) **કીર્તન :** તેમના ગુણગ્રામ કરતાં તેમના સ્વરૂપમાં મન જોડાય છે અને ઉત્તમ ભાવના પોષાય છે. શ્રવણ કીર્તનનો ક્રમ ઘણા આરાધે છે પણ આગળનો ક્રમ આરાધનાર બહુ વિરલ જીવો હોય છે. (૩) **ચિંતવન :** ચિંતવન એટલે મનન કરવું; કથાદિ સાંભળીને સ્તવન કરીને, તે ઉપરથી આપણા આત્મવિકાસનો માર્ગ વિચારવો જરૂરનો છે. (૪) **વંદન :** વંદન એટલે નમસ્કાર આદિ વિનય ભક્તિ કરવી. (૫) **સેવન :** સેવન એટલે ગુરુ આદિ પૂજ્યજનોની સેવાચાકરી, તેમનાં વચનામૃતોનું, આજ્ઞાનું ઔષધની સમાન સેવન કરવું અને આત્મભ્રાન્તિરૂપ રોગ દૂર કરવો. (૬) **ધ્યાન :** ધ્યાન એટલે મનોવૃત્તિ જ્ઞાનીપુરુષની આજ્ઞામાં એકાગ્ર કરવી અથવા ધર્મધ્યાન આદિ વડે ધર્મમૂર્તિ બનવું. (૭) **લઘુતા :** પોતાનામાં ગુણોની વૃદ્ધિ થયા છતાં છલકાઈ ન જવું; બાહ્ય પદાર્થોનું, શાસ્ત્રજ્ઞાન આદિનું માહાત્મ્ય ન લક્ષમાં રાખતાં, ફળ બેસતાં વૃક્ષની ડાળ નમે તેવા નમ્રભાવે વર્તવું તે. (૮) **સમતા :** ''સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.'' સર્વ જીવને પોતાના સમાન માની રાગદ્વેષ ન થવા દેવા, તે પરમાત્મદશા પામવાનો માર્ગ છે. (૯) **એકતા :** એકત્વ ભાવના, અસંગ દશા; ઇષ્ટદેવમાં તલ્લીન થઈ જવું તે.'' (પૃ.૩૯) એમ ઉપયોગપૂર્વક નવધાભક્તિ કરીશ. પણ નામભક્તિ સેવીશ નહીં.

## ૬૨૦. ઊભા ઊભા પાણી પીઉં નહીં.

શાંતિથી બેસીને પાણી પીઉં અને તે પીતા વિચારું કે પાણી પીવાનો મારા આત્માનો સ્વભાવ નથી. એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે આ પાણી પીવા વગેરેની ઉપાધિમાંથી સર્વકાળને માટે હું મુક્ત થઈશ; અને આ જળકાયના જીવોને અભયદાન દઈશ.

## ૬૨૧. આહાર અંતે પાણી પીઉં નહીં.

આહાર કર્યા પછી તુરત પાણી પીવાથી પાચનશક્તિમાં મંદતા આવે છે. માટે આહાર કર્યા પછી



બે કલાકે પાણી પીવું જોઈએ એવો આયુર્વેદનો પણ મત છે.

## ૬૨૨. ચાલતાં પાણી પીઉં નહીં.

ચાલતાં ચાલતાં પાણી પીવાથી કોઈ વાર શ્વાસ નળીમાં પાણી ચાલ્યું જાય તો શરીરને નુકસાન થાય. માટે ચાલતા ચાલતા પાણી પીઉં નહીં, પણ સ્થિર બેસીને પાણી પીઉં.

## ૬૨૩. રાત્રે ગળ્યા વિના પાણી પીઉં નહીં.

રાત્રે પાણી પીવું જ નહીં એવી જ્ઞાનીપુરુષોની આજ્ઞા છે. છતાં ન છૂટકે પીવું પડે તો ગાળીને પાણી પીવું જેથી અણગળ પાણીનો દોષ ન લાગે.

## ૬૨૪. મિથ્યા ભાષણ કરું નહીં.

અસત્ય વચન બોલું નહીં. સત્ય વચન બોલવાનો જ હમેશાં લક્ષ રાખું.

**'મોક્ષમાળા પ્રવેશિકા'માંથી :–** ''સંસાર ઉપર અભાવ રાખનાર હોવા છતાં પૂર્વકર્મથી, અથવા બીજા કારણથી સંસારમાં રહેનાર ગૃહસ્થે દેશથી સત્ય વચન બોલવાનો નિયમ રાખવા યોગ્ય છે. તે મુખ્ય આ પ્રમાણે :–

(૧) કન્યાલીક, મનુષ્યસંબંધી અસત્ય; (૨) ગોવાલિક, પશુ સંબંધી અસત્ય; (૩) ભૌમાલીક, ભૂમિ સંબંધી અસત્ય; (૪) ખોટી સાક્ષી; (૫) થાપણ મૃષા, એટલે વિશ્વાસથી રાખવા આપેલા દ્રવ્યાદિ પદાર્થ તે પાછા માગતાં, તે સંબંધી ઇનકાર જવું તે.

આ પાંચ સ્થૂળ પ્રકાર છે. આ સંબંધમાં વચન બોલતાં પરમાર્થસત્ય ઉપર ધ્યાન રાખી, યથાસ્થિત એટલે જેવા પ્રકારે વસ્તુઓનાં સમ્યક્ સ્વરૂપ હોય તેવા પ્રકારે જ કહેવાનો નિયમ, તેને દેશથી વ્રત ધારણ કરનારે અવશ્ય કરવા યોગ્ય છે. આ કહેલા સત્ય વિષે ઉપદેશ વિચારી તે ક્રમમાં અવશ્ય આવવું એ જ ફળદાયક છે.'' (પૃ.૬૭૭) - શ્રીમદ્ રાજચંદ્ર -ખંભાતમાં કરેલા ઉપદેશનો સાર

## ૬૨૫. સત્‌શબ્દોને સન્માન આપું.

અવિનાશી એવા આત્માની શ્રદ્ધા કરાવે તેવા શબ્દો અથવા આત્માને જન્મમરણનો ભય ટાળી નિર્ભય બનાવે એવા જ્ઞાનીપુરુષોના જે શબ્દો છે તે બધા સત્‌શબ્દો છે. તેથી જ્ઞાનીપુરુષોના વચનામૃતોને સન્માન આપું.

**પ.પૂ.પ્રભુશ્રીજીનું દૃષ્ટાંત –** પરમકૃપાળુદેવનો જ્યારે પત્ર આવે ત્યારે પ.પૂ.પ્રભુશ્રીજી તે પત્રને ઊંચે આસને મૂકી પ્રથમ વારંવાર નમસ્કાર કરે. પછી પત્ર ખોલે અને જાણે અમૃતના ઘૂંટડા પીતા હોય તેમ તેને પ્રેમપૂર્વક વાંચે. એમ વચનામૃતોને સન્માન આપવાથી તે જીવનમાં પરિણમે. માટે સત્પુરુષોના સત્શબ્દોને સન્માન આપું.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''ઘણા કાગળો જાય ત્યારે કોઈક દિવસે ઉત્તર મળતો. પણ જે દિવસે પત્ર આવે તે દિવસે જાણે સોનાનો સૂર્ય ઊગ્યો તેમ લાગતું. પત્ર વાંચ્યા પહેલાં તો પત્રનાં દર્શનથી જાણે સાક્ષાત્ સત્પુરુષનાં દર્શન થયાં એમ લાગતું. સંઘાડામાં બીજા વિરોધી સાધુઓ હોવાથી કોઈ બીજાના સિરનામે પત્ર મંગાવવો પડતો. તે પત્ર મળે એટલે તુર્ત તો વંચાય નહીં. પાછો તેવો અનુકૂળ વખત મળે કે જંગલમાં સ્વાધ્યાય વગેરે અર્થે જાય ત્યારે નમસ્કાર આદિ વિનય કરી ઉલ્લાસભેર પત્ર



ઉઘાડી મોતીના દાણા જેવા પરમકૃપાળુદેવના સ્વહસ્તાક્ષરો જોઈ રોમાંચ થઈ આવતો. ધીમે ધીમે અમૃતના ઘૂંટડા ભરે તેમ બધો પત્ર સહર્ષ વાંચી, ફરી વાંચતા, વળી ફરી ફરી વાંચી વિચારતા; સત્પુરુષના પરમ ઉપકારને, તેની નિષ્કારણ કરુણાને હૃદયમાં ખડી કરી અત્યંત ભક્તિભાવે તે પત્રના આશયને હૃદયમાં ઉતારતા.'' (પૃ.૨૧૯)

**દુર્યોધનનું દૃષ્ટાંત –** યુધિષ્ઠિર સત્યવક્તા હતા. મહાભારતનું યુદ્ધ વિરામ પામ્યું ત્યારે દુર્યોધન યુધિષ્ઠિર પાસે ગયો અને કહ્યું કે કાલે મારે ભીમ સાથે લડવાનું છે. એની પાસે ગદા છે તેથી હું જીતી શકું તેમ નથી; માટે કંઈ ઉપાય હોય તો બતાવો. ત્યારે યુધિષ્ઠિર જે સત્યવક્તા હતા તેણે કહ્યું કે જો તારી માતા ગાંધારી આંખનો પાટો ખોલી તારા શરીરનું નિરીક્ષણ કરે તો તારી કાયા વજ્રમય બની જાય. એ સાંભળીને દુર્યોધન રાજી થતો પોતાની માતાના મહેલ તરફ ચાલ્યો. તે જોઈ કૃષ્ણ વચ્ચે આવીને ઊભા અને પૂછ્યું કે કેમ દુર્યોધન! આજે બહુ આનંદમાં છો. ત્યારે તેણે કહ્યું—યુધિષ્ઠિરે કહ્યું છે કે તારી માતાની દૃષ્ટિ તારા શરીર ઉપર પડશે તો તું વજ્રમય થઈ જઈશ. તેથી હું જાઉં છું. ત્યારે કૃષ્ણે કહ્યું કે તું મૂર્ખો છે. તારી માતા પાસે નગ્ન થઈશ તો તારી માતા તારી સામે જોશે નહીં. તેથી તેણે સાથળથી લગાવીને કમર સુધી ઢાંકી દીધું. પછી એની માતાએ તેને જોયો તેથી એનું શરીર વજ્રમય થઈ ગયું. કારણ કે એ સતી હતી. પછી કૃષ્ણે ભીમને કહ્યું કે હવે તું ધ્યાન રાખજે. બીજે ક્યાંય એને વાગશે નહીં; એક સાથળ અને કમરે વાગશે. આ કથાનો સારાંશ એ કે વૈરી એવો દુર્યોધન પણ સત્યવક્તા એવા યુધિષ્ઠિરના સત્ય શબ્દોને સન્માન આપે છે.

## ૬૨૬. અયોગ્ય આંખે પુરુષ નીરખું નહીં.

કુદૃષ્ટિથી કોઈને જોઉં નહીં. તેમ કરવાથી ખોટા ભાવ વડે કર્મ બાંધી જીવ સંસારમાં રઝળે છે.

**'શ્રી જૈન હિતોપદેશ'માંથી :–** વિષમ દૃષ્ટિથી કે મોહદૃષ્ટિથી કોઈને જોઉં નહીં. સમ (સરલ) દૃષ્ટિથી જોઉં, એમાં અનેક લાભ સમાયેલા છે. એમ કરવાથી આપણા પ્રત્યે શંકાશીલતા ટળે, લોક વિશ્વાસ બેસે અને લોકાપવાદ થવા ન પામે. વિષમ દૃષ્ટિના કારણે વાંકુ બોલી, વાંકુ ચાલી, જીવો બહુ દુઃખી થાય છે. છતાં એ અનાદિ કુચાલ સુધારવી જીવને મુશ્કેલ પડે છે. જેની ભાગ્યદશા જાગી કે જાગવાની હોય તે જ સીધે રસ્તે ચાલી શકે છે; એમ સમજી ધુમાડાના બાચકા ભરવા જેવો મિથ્યા પ્રયાસ નહીં કરતાં સીધી સડકે ચાલી, સ્વહિત સાધવા સદ્વિચારમાં પ્રવર્તવું. આવી રૂડી મર્યાદા સાચવીને ચાલતાં કોપેલાં દુર્જનો પણ શું વિરુદ્ધ બોલી શકે? કંઈ પણ છિદ્ર નહિ દેખાવાથી આડું અવળું બોલી શકે નહીં, માટે નિરંતર શુભ દૃષ્ટિ રાખી ચાલવું, બોલવું જેથી કોઈને ટીકા કરવાનો અવસર સાંપડે નહીં. (પૃ.૫૩)

## ૬૨૭. અયોગ્ય વચન ભાખું નહીં.

જે વચન બીજાને સુખકર ન લાગે અથવા બોલવા જોઈએ નહીં તેવા વચન બોલું નહીં.

**'સમાધિસોપાન'માંથી :–** ''પરમાગમ ઉપદેશે છે કે આ જીવ અનંતાનંત કાળ તો નિગોદમાં જ રહ્યો. ત્યાં વચનરૂપ કર્મ-વર્ગણા જ ગ્રહણ કરી નથી. કારણ કે પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય અને વનસ્પતિકાયમાં અનંત કાળ કે અસંખ્યાત કાળ રહ્યો ત્યાં તો જિહ્વા ઇન્દ્રિય જ પામ્યો નહીં, બોલવાની શક્તિ પણ પામ્યો નહીં. બેઇન્દ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય એ ચાર વિકલ ચતુષ્ક અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ (પશુ,પક્ષી)માં જિહ્વાઇન્દ્રિય તો પામ્યો, પણ અક્ષરસ્વરૂપ શબ્દો



બોલવાની શક્તિ પ્રાપ્ત થઈ નહીં. મનુષ્યપણામાં વચન બોલવાની શક્તિ પ્રગટ થાય છે. આવી દુર્લભ વચનશક્તિ અસત્ય બોલીને બગાડી દેવી એ મહા અનર્થ છે. મનુષ્યભવનો મહિમા તો વચન વડે જ છે. નાક, કાન, જીભ, આંખ તો પશુને પણ હોય છે; ખાવું-પીવું, કામ-ભોગ આદિ પુણ્ય-પાપ પ્રમાણે ઢોરને પણ પ્રાપ્ત થાય છે; આભરણ, વસ્ત્ર આદિ, કૂતરાં, વાંદરા, ગધેડાં, ઘોડા, ઊંટ, બળદ ઇત્યાદિને પણ પ્રાપ્ત થાય છે. પરંતુ વચન બોલવાની શક્તિ, સાંભળીને સમજવાની શક્તિ તથા ઉત્તર દેવાની શક્તિ તેમજ ભણવા, ભણાવવામાં ઉપયોગી વચનશક્તિ તે મનુષ્ય જન્મમાં મળે છે. માટે મનુષ્ય જન્મ પામીને જેણે વચન બગાડ્યું તેણે આખો ભવ બગાડ્યો. મનુષ્ય જન્મમાં લેવું-દેવું, કહેવું-સાંભળવું, પ્રતીતિ-પરીક્ષા, ધર્મ-કર્મ પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વગેરે કાર્યો વચનને આધીન છે. જેણે વચન બગાડ્યું તેણે તો બધો મનુષ્ય જન્મનો વ્યવહાર બગાડી દૂષિત કર્યો. માટે પ્રાણ જતાં પણ પોતાનું વચન દૂષિત ન કરો. (પૃ.૨૭૮)

## ૬૨૮. ઉઘાડે શિરે બેસું નહીં.

વડીલોની મર્યાદા અર્થે ઉઘાડે શિરે બેસું નહીં.

## ૬૨૯. વારંવાર અવયવો નીરખું નહીં.

શરીરના અવયવો એટલે હાથ, મોઢું વગેરે વારંવાર જોઉં નહીં. કારણ મોહ થવાનું તે નિમિત્ત છે. ઘણા પોતાના શરીરને અરીસામાં નીરખ્યા કરે. તેથી શરીર પ્રત્યેની આસક્તિ વધે. માટે વારંવાર શરીરના અવયવોને નીરખું નહીં.

## ૬૩૦. સ્વરૂપની પ્રશંસા કરું નહીં.

પોતાનું સુંદરરૂપ હોય તો પણ તેની પ્રશંસા કરું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–**

**સનત્કુમાર ચક્રવર્તીનું દૃષ્ટાંત –** ''ચક્રવર્તીના વૈભવમાં શી ખામી હોય? સનત્કુમાર એ ચક્રવર્તી હતા. તેના વર્ણ અને રૂપ અત્યુત્તમ હતા. એક વેળા સુધર્મ સભામાં તે રૂપની સ્તુતિ થઈ. કોઈ બે દેવોને એ વાત રુચિ નહીં. પછી તેઓ તે શંકા ટાળવાને વિપ્રરૂપે સનત્કુમારના અંતઃપુરમાં ગયા. સનત્ કુમારનો દેહ તે વેળા ખેળથી ભર્યો હતો. તેને અંગ મર્દનાદિક પદાર્થોનું માત્ર વિલેપન હતું. એક નાનું પંચિયું પહેર્યું હતું અને તે સ્નાનમંજન કરવા માટે બેઠા હતા. વિપ્રરૂપે આવેલા દેવતા તેનું મનોહર મુખ, કંચનવર્ણી કાયા અને ચંદ્ર જેવી કાંતિ જોઈને બહુ આનંદ પામ્યા અને માથુ ધુણાવ્યું એટલે ચક્રવર્તીએ પૂછ્યું; તમે માથું શા માટે ધુણાવ્યું? દેવોએ કહ્યું, અમે તમારું રૂપ અને વર્ણ નિરીક્ષણ કરવા માટે બહુ અભિલાષી હતા. સ્થળે સ્થળે તમારા વર્ણરૂપની સ્તુતિ સાંભળી હતી; આજ તે અમે પ્રત્યક્ષ જોયું એથી અમને પૂર્ણ આનંદ ઊપજ્યો. માથું ધુણાવ્યું એનું કારણ એ કે જેવું લોકોમાં કહેવાય છે તેવું જ રૂપ છે; એથી વિશેષ છે પણ ઓછું નથી. સનત્કુમાર સ્વરૂપવર્ણની સ્તુતિથી પ્રભુત્વ લાવી બોલ્યા, તમે આ વેળા મારું રૂપ જોયું તે ભલે, પરંતુ હું રાજસભામાં વસ્ત્રાલંકાર ધારણ કરી કેવળ સજ્જ થઈને જ્યારે સિંહાસન પર બેસું છું, ત્યારે મારું રૂપ અને મારો વર્ણ જોવા યોગ્ય છે. અત્યારે તો હું ખેળભરી કાયાએ બેઠો છું. જો તે વેળા તમે મારા રૂપ, વર્ણ જુઓ તો અદ્ભુત ચમત્કારને પામો અને ચકિત થઈ જાઓ. દેવોએ કહ્યું, ત્યારે



પછી અમે રાજસભામાં આવીશું. એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા.'' (પૃ.૧૦૯) સ્વરૂપ પ્રશંસા કરવાથી સનત્કુમાર ચક્રવર્તીની કાયા પણ ઝેરમય બની ગઈ માટે સ્વરૂપની પ્રશંસા કરું નહીં.

## ૬૩૧. કાયા પર ગૃદ્ધભાવે રાચું નહીં.

ગીધ પક્ષી માંસ ઉપર ગૃદ્ધભાવે રાચે છે, તેમ અજ્ઞાની જીવ આ શરીર ઉપર ગૃદ્ધભાવે એટલે અત્યંત આસક્તભાવે રાચે છે; તેમ રાચું નહીં પણ જેમ બને તેમ શરીરની આસક્તિનો ત્યાગ કરી દેહાધ્યાસ ઘટાડું અને આત્મભાવને પોષણ આપું.

## ૬૩૨. ભારે ભોજન કરું નહીં.

મિષ્ટાન્ન, દૂધપાક વગેરે ભારે ભોજન કરવાથી પ્રમાદ થાય, બ્રહ્મચર્યને હાનિ પહોંચે, માટે ભારે ભોજન કરું નહીં. સાદું ભોજન પણ અલ્પ કરી પ્રમાદનો જય કરું. જેથી ધર્મધ્યાન વિશેષ કરી મોક્ષ પુરુષાર્થ સાધી શકું.

## ૬૩૩. તીવ્ર હૃદય રાખું નહીં.

કઠોર હૃદય રાખું નહીં અથવા નાની વાતમાં પણ શીઘ્ર ઉત્તેજિત થઈ જાઉં એવું ઉતાવળીયું મન રાખું નહીં. પણ ખમી ખૂંદવાની કે સહન કરવાની શક્તિ કેળવું.

## ૬૩૪. માનાર્થે કૃત્ય કરું નહીં.

દાન વગેરે કોઈપણ કામ, માન મેળવવા માટે કરું નહી; પણ આત્માર્થે કરું.

## ૬૩૫. કીર્ત્યર્થે પુણ્ય કરું નહીં.

માન મોટાઈ મેળવવા માટે પુણ્ય કરું નહીં. દાન વગેરે કરું તે પણ પુણ્યની ઇચ્છાથી નહીં પણ જન્મમરણથી મુક્ત થવા અર્થે લોભનો ત્યાગ કરવા કરું.

## ૬૩૬. કલ્પિત કથાદૃષ્ટાંત સત્ય કહું નહીં.

મનની કલ્પનાથી કથાઓ કે દૃષ્ટાંતોને ઘડે તેને સત્ય ઠરાવું નહીં.

જેમકે સાપ, શિયાળ અને સસલું ત્રણેને ભાઈબંધી હતી. એ કલ્પિત દૃષ્ટાંત ઉપદેશામૃતમાં આપ્યું છે. તેને સત્ય કહું નહીં. પણ એના ઉપરથી મહાપુરુષોને જે બોધ આપવો છે તેને ગ્રહણ કરું.

તેમજ કલ્પિત કથાઓ મોહી જન જોડે, તેને વાંચીને સત્ય માની મોહ વધારું નહીં.

## ૬૩૭. અજાણી વાટે રાત્રે ચાલું નહીં.

જે રસ્તાની મને ખબર ન હોય તે રસ્તે રાત્રે ચાલું નહીં. કારણ ક્યારેક મુશ્કેલીમાં મુકાઈ જાઉં. માટે એવી હિંમત કદી કરું નહીં.

## ૬૩૮. શક્તિનો ગેરઉપયોગ કરું નહીં.

જે આપણને શક્તિ મળી છે, તેનો બીજાને પીડવામાં, દુઃખી કરવામાં કે માયા પ્રપંચ કરવામાં દુરઉપયોગ કરું નહીં. પણ એ શક્તિનો ઉપયોગ ભગવાનની ભક્તિ કરવામાં, કોઈનો ઉપકાર કરવામાં કે વ્રત સંયમ પાળવામાં કરું કે જેથી જીવનું કલ્યાણ થાય.



**'આલોચાનાદિ પદ સંગ્રહ'માંથી :–** "તારા પસાયથી મન, વચન ને શરીર આદિ જે શક્તિ હું પામ્યો છું તે સર્વે શક્તિ હું ખોટા વા પાપના કામમાં ન વાપરું અને ફોગટ વખત ન ગુમાવું એ બુદ્ધિ આપ. તારા પસાયથી હું સર્વેને સુખનું કારણ થાઉં, કોઈને દુઃખનું કારણ ન થાઉં. માટે મને સત્ય અને દયાથી ભરપૂર કર અને જે મને યોગ્ય હોય તે આપ. ખોટા મનોરથ અને વ્યર્થ વિચારથી હમેશાં બચાવ." (પૃ.૨૪)

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–**

**ચંદ્રસિંહરાજાનું દૃષ્ટાંત –** "રાજા - હે મુનિરાજ! આજે હું આપના દર્શન કરીને કૃતાર્થ થયો છું. એક વાર મારું અબઘડીએ બનેલું, તેમજ અગાઉ બનેલું સાંભળવા યોગ્ય ચરિત્ર સાંભળી લઈને પછી મને આપના પવિત્ર જૈનધર્મનો સત્ત્વગુણી ઉપદેશ કરો. આટલું બોલ્યા પછી તે બંધ રહ્યો.

મુનિ - હે રાજા! ધર્મને લગતું તારું ચરિત્ર હોય તો ભલે આનંદ સહિત કહી બતાવ.

રાજા - (મનમાં) અહો! આ મહા મુનિરાજે હું રાજા છું એમ ક્યાંથી જાણ્યું! હશે. એ વાત પછી. હમણાં તો પરણે તેને જ ગાઉં. (પ્રસિદ્ધ) હે ભગવન્! મેં એક પછી એક એમ અનેક ધર્મો અવલોકન કર્યા. પરંતુ તે પ્રત્યેક ધર્મમાંથી મારી કેટલાંક કારણોથી આસ્થા ઊઠી ગઈ. હું જ્યારે દરેક ધર્મ ગ્રહણ કરતો ત્યારે તેમાં ગુણ વિચારીને, પરંતુ પાછળથી કોણ જાણે શુંય થાય કે જામેલી આસક્તિ એકદમ નાશ થઈ જાય. જો કે આમ થવાનાં કેટલાંક કારણો પણ હતાં. એક મારી મનોવૃત્તિ એવી જ હતી એમ નહોતું. કોઈ ધર્મમાં ધર્મગુરુઓનું ધૂર્તપણું દેખીને તે ધર્મ છોડીને મેં બીજો સ્વીકૃત કર્યો. વળી તેમાં કોઈ વ્યભિચાર જેવી છીટ દેખીને તે મૂકી દઈને ત્રીજો ગ્રહણ કર્યો. વળી તેમાં હિંસાયુક્ત સિદ્ધાંતો દેખવાથી તે તજી દઈને ચોથો ગ્રહણ કર્યો. વળી તે તજી દેવાની કોઈ કારણથી ફરજ પડવાથી તે મૂકીને પાંચમો ધર્મ ગ્રહણ કર્યો. એમ અનેક ધર્મ જૈનધર્મ સિવાયના લીધા અને મૂક્યા. જૈનધર્મનો એકલો વૈરાગ્ય જ દેખીને મૂળથી તે ધર્મ પર મને ભાવ ચોંટ્યો જ નહોતો. ઘણા ધર્મની લે-મેલમાં મેં છેવટે એવો સિદ્ધાંત નક્કી કર્યો કે બધા ય ધર્મ મિથ્યા છે. ધર્માચાર્યોએ જેને જેમ રુચ્યું તેમ પોતાની રુચિ માફક પાખંડી જાળો પાથરી છે. બાકી કશુંયે નથી.

જો ધર્મ પાળવાનો સૃષ્ટિનો સ્વાભાવિક નિયમ હોત તો આખી સૃષ્ટિમાં એક જ ધર્મ કાં ન હોત? આવા આવા તરંગોથી હું કેવળ નાસ્તિક થઈ ગયો. સંસારીશૃંગાર એ જ મેં તો મોક્ષ ઠરાવ્યું. પાપ નથી, પુણ્ય નથી, ધર્મ નથી, કર્મ નથી, સ્વર્ગ નથી, નરક નથી, એ સઘળાં પાખંડો છે. જન્મ પામવાનું કારણ માત્ર સ્ત્રી પુરુષનો સંયોગ છે, અને જરેલું વસ્ત્ર જેમ કાળે કરીને નાશ પામે છે તેમ આ કાયા હળવે હળવે ઘસાઈ છેવટે જીવનરહિત થઈ જઈ નાશ પામે છે. બાકી સઘળું મિથ્યા છે. આવું મારા અંતઃકરણમાં દૃઢ થવાથી મને જેમ રુચ્યું, મને જેમ ગમ્યું અને મને જેમ પાલવ્યું તેમ વર્તવા માંડ્યું. અનીતિનાં આચરણ કરવા માંડ્યાં. રાંકડી રૈયતને પીડવામાં કોઈ પણ પ્રકારની કચાશ મેં રાખી નહીં. શિયળવંતી સુંદરીઓના શિયળભંગ કરાવીને મેં આકરા કેર બોલાવી દેવામાં કોઈ પણ પ્રકારની ખામી રાખી નહીં. સજ્જનોને દંડવામાં, સંતોને રિબાવવામાં અને દુર્જનોને સુખ દેવામાં મેં એટલાં પાપ કર્યા છે કે એ પાપનો એક પ્રબળ પર્વત બાંધ્યો હોય તો તે મેરુથી પણ સવાયો થાય! આ સઘળું થવાનું કારણ માત્ર લુચ્ચા ધર્માચાર્યો હતા. આવી ચંડાળમતિ મારી હમણાં સુધી રહી." (વ.પૃ.૨૨) આવી રીતે શક્તિનો ગેર ઉપયોગ કદી કરું નહીં.



## ૬૩૯. સ્ત્રીપક્ષે ધન પ્રાપ્ત કરું નહીં.

પોતાના સ્ત્રી પક્ષે અર્થાત્ સાસરાથી ધન પ્રાપ્ત કરવાની આશા રાખું નહીં. પોતાની પુત્રીને તેઓ પ્રેમથી કે વ્યવહારથી જે આપે તે યોગ્ય ગણું. પણ પોતે આળસુ બની સ્ત્રી સાથે કંકાસ કરી તેના પિયરથી ધન લાવવા માટે કદી કહું નહીં. પણ સ્વયં પુરુષાર્થી બની જાત મહેનત કરી ધન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરું.

## ૬૪૦. વંધ્યાને માતૃભાવે સત્કાર દઉં.

વંધ્યા એટલે પુત્ર વગરની. તેનો તિરસ્કાર કરું નહીં, પણ તેને માતા સમાન ગણી તેનો સત્કાર કરું.

## ૬૪૧. અકૃતધન લઉં નહીં.

અકૃત એટલે મહેનત કર્યા વિના ચોરી કે બીજી કોઈ અયોગ્ય રીતે કોઈનું ધન લઉં નહીં.

## ૬૪૨. વળદાર પાઘડી બાંધુ નહીં.

અર્થાત્ વળ વગરની પાઘડી બાંધું.

## ૬૪૩. વળદાર ચલોઠો પહેરું નહીં.

ચલોઠો એટલે ખેસ. તે વળ આપીને પહેરું નહીં.

## ૬૪૪. મલિન વસ્ત્ર પહેરું.

મુનિના મલિન વસ્ત્ર એ એની શોભા છે. 'નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે.' એમનો ઉપયોગ વસ્ત્રમાં હોય નહીં, પણ આત્મામાં હોય.

## ૬૪૫. મૃત્યુ પાછળ રાગથી રોઉં નહીં.

કોઈ મરી ગયું હોય તેની પાછળ રાગથી વિલાપ કરી રડું નહીં. કારણ કે ગયેલ વ્યક્તિ પાછી આવનાર નથી. માટે રાગથી રડી નવા કર્મ ઉપાર્જન કરું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''વિચારવાન પુરુષોને તે ખેદકારક પ્રસંગનો મૂર્છાભાવે ખેદ કરવો તે માત્ર કર્મબંધનો હેતુ ભાસે છે, અને વૈરાગ્યરૂપ ખેદથી કર્મસંગની નિવૃત્તિ ભાસે છે અને તે સત્ય છે. મૂર્છાભાવે ખેદ કર્યાથી પણ જે સંબંધીનો વિયોગ થયો છે, તેની પ્રાપ્તિ થતી નથી, અને જે મૂર્છા થાય છે તે પણ અવિચારદશાનું ફળ છે, એમ વિચારી વિચારવાન પુરુષો તે મૂર્છાભાવ પ્રત્યયી ખેદને શમાવે છે, અથવા ઘણું કરીને તેવો ખેદ તેમને થતો નથી. કોઈ રીતે તેવા ખેદનું હિતકારીપણું દેખાતું નથી, અને બનેલો પ્રસંગ ખેદનું નિમિત્ત છે, એટલે તેવે અવસરે વિચારવાન પુરુષોને જીવને હિતકારી એવો ખેદ ઉત્પન્ન થાય છે. સર્વસંગનું અશરણપણું, અબંધવપણું, અનિત્યપણું અને તુચ્છપણું તેમ જ અન્યત્વપણું દેખીને પોતાને વિશેષ પ્રતિબોધ થાય છે કે હે જીવ, તારે વિષે કંઈ પણ આ સંસારને વિષે ઉદયાદિ ભાવે પણ મૂર્છા વર્તતી હોય તો તે ત્યાગ કર, ત્યાગ કર, તે મૂર્છાનું કંઈ ફળ નથી, સંસારમાં ક્યારેય પણ શરણત્વાદિપણું પ્રાપ્ત થવું નથી, અને અવિચારપણા વિના તે સંસારને વિષે મોહ થવા યોગ્ય નથી, જે મોહ અનંત જન્મમરણનો અને પ્રત્યક્ષ ખેદનો હેતુ છે, દુઃખ અને ક્લેશનું બીજ છે, તેને શાંત કર, તેનો ક્ષય કર. હે જીવ, એ વિના બીજા કોઈ હિતકારી ઉપાય નથી, એ વગેરે ભાવિતાત્મતાથી વૈરાગ્યને શુદ્ધ અને નિશ્ચલ કરે છે. જે કોઈ જીવ યથાર્થ વિચારથી જાુએ છે, તેને આ જ પ્રકારે ભાસે છે.'' (વ.પૃ.૫૦૧)



''હે આર્ય માણેકચંદાદિ, યથાર્થ વિચારના ઓછાપણાને લીધે, પુત્રાદિ ભાવની કલ્પના અને મૂર્છાને લીધે, તમને કંઈ પણ ખેદવિશેષ પ્રાપ્ત થવો સંભવિત છે, તોપણ તે ખેદનું બેયને કંઈ પણ હિતકારી ફળ નહીં હોવાથી, હિતકારીપણું માત્ર અસંગ વિચાર વિના કોઈ અન્ય ઉપાયે નથી એમ વિચારી, થતો ખેદ યથાશક્તિ વિચારથી, જ્ઞાનીપુરુષોના વચનામૃતથી, તથા સાધુપુરુષના આશ્રય, સમાગમાદિથી અને વિરતિથી ઉપશાંત કરવો, એ જ કર્તવ્ય છે.'' (વ.પૃ.૫૦૨)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''રડવાથી અશાતાવેદની બંધાય છે. આપણને વિચાર નથી આવતો. કાલે શું થશે તેની શી ખબર છે? કૃપાળુદેવનું શરણું રાખવું તો બધાનું કલ્યાણ થવાનું છે. કોઈનું દુઃખ લેવાય નહીં. આપણું સુખ કોઈને દેવાય નહીં. આપણને પણ મરણ આવવાનું છે. આપણે ગભરાઈ જઈએ તો તે વખતે મરણ બગડી જાય. જે થવાનું છે તે તલભાર આઘુપાછું થવાનું નથી. આપણા મનને દૃઢ કરવું. મંત્રમાં ચિત્ત રાખવું. કૃપાળુદેવનું શરણ છોડવા જેવું નથી. મનુષ્યભવ રડવા માટે નથી મળ્યો. આખું જગત આપણને કર્મ બંધાવી લૂંટી લે એવું છે. જે થવાનું હશે તે થશે, રૂડા રાજને ભજીએ. ગમે તેવું દુઃખ પડે તો પણ રડવું નથી. રડવાથી કોઈને લાભ નથી. જેનો દેહ છૂટી ગયો હોય તેને પણ રડવાથી લાભ નથી. હરતાં ફરતાં **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** કરવું. એથી બળ મળે. શૂરવીર થાય તો કર્મ આવતાંય ડરે. ''ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.'' (૮૧૯) ખેદ કરવાથી કંઈ કલ્યાણ થતું નથી. રોજ મરણ સંભારવું. મહેમાન જેવા છીએ. જેનું આયુષ્ય પૂરું થાય તેને જવું પડે.'' (પૃ.૩૩૫)

## ૬૪૬. વ્યાખ્યાનશક્તિને આરાધું.

વ્યાખ્યાનશક્તિને ખીલવું. જેથી પોતાનો ઉપયોગ ભગવાનના વચનોમાં સ્થિર રહે અને બીજાને પણ લાભ થવાનો હોય તો થાય.

**'ઉપદેશામૃત'માંથી :–** ''એક વખત વાંચી, પછી યાદ રહેલું વિસ્તારથી કહી જવું. એવો અભ્યાસ પાડવો. એ સ્વાધ્યાય છે. એ તપ છે. એથી વાક્યલબ્ધિ વધે છે.'' (ઉ.પૃ.૩૫૪)

''મનમાં એમ રહે કે ''આ મહારાજ પધાર્યા એટલે એ બોલશે; એ કેમ બોલતા નથી? શું ઓછું થઈ જવાનું છે? એ બોલે તો સારું, મારે બોલવું ના પડે.' એ બધું છોડવા જેવું છે. ઊલટું બોલવાથી સ્વાધ્યાય થાય, લબ્ધિ વધે, પ્રમાદ જાય. બે બોલ બોલવાથી કંઈ બગડી જવાનું હતું? કોઈનું અહિત થઈ જવાનું હતું? પરિણામ ઉપર મોટો આધાર છે. તમે અને હું અહીં બેઠા છીએ પણ જેના પરિણામ આગળ ગયાં તે મોટો.'' (ઉ.પૃ.૩૩૦)

''કોઈ પ્રશ્ન કરે તો ધીરજથી જે આપણને ઉત્તર સૂઝે તે કહેવામાં શી અડચણ છે? મરને પછી તર્કથી ગમે તેવો પ્રશ્ન કરેને. ખોટે ખોટો પ્રશ્ન ઊભો કર્યો હોય; તો પણ તેનો સરળતાથી પોતાને સમજાય તેવો દિલ ખોલીને ખુલાસો થાય તો સત્સંગમાં રંગ આવે. નહીં તો સત્સંગ શાનો? આપણે ક્યાં પકડ રાખવી છે? સમજમાં આવે તે કહેવું અને છેવટનું તો તે જ્ઞાની જ જાણે છે.'' (ઉ.પૃ.૨૯૦)

''પ્રભુશ્રી – જો ઉપદેશ દેવા જાય તો તો બંધ છે જ. પણ સ્વાધ્યાયની ખાતર પોતાને જે યાદ હોય તે કહી જતાં તાજું થાય, ભૂલી ન જવાય અને તેમાં કાળ જાય. બાકી તો ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે એ યાદ છે ને? તમે કહ્યું તે પણ ન્યાય છે. પણ અલ્પત્વ, લઘુત્વ અને પરમ દીનત્વ ક્યારે આવે? હજી એકડો



ઘૂંટવો પડશે. પોતે જાણે છે તે સાચવીને ગોપવી રાખે તેનો કે જે યાદ હોય તે સરળતાથી બોલી જાય તેનો કે જે યાદમાં હોય કે સ્મૃતિમાં હોય તેનો – એકેનો ગર્વ કરવા જેવું ક્યાં છે? એનું શું મહત્વ છે? પણ આપણા સ્વાધ્યાયમાં કોઈ સાંભળી જાય તો કાંઈ નુકસાન થવાનું છે? ભલેને બધાય વહેલા વહેલા મોક્ષે જતા. કોઈ અધિકારી જીવ હોય તેનું કલ્યાણ થાય. કાંઈ ગર્વ કરવા જેવું નથી. કોઈ કોઈ તો નિકટભવી આમ કાને વાત પડતાં પકડ કરી મોક્ષે ચાલ્યા જાય છે. અને કેટલાકને કેટલુંય સંઘર સંઘર કર્યું હોય છતાં પરિભ્રમણ કરવું પડે છે.'' (ઉ.પૃ.૨૯૭)

## ૬૪૭. ધર્મે નામે ક્લેશમાં પડું નહીં.

ધર્મના નામે ક્લેશ કરવાની ભગવાનની આજ્ઞા નથી. જેમકે કોઈ કહે સંવત્સરી ચોથની કરવી અને કોઈ કહે પાંચમની કરવી. પણ તેના નિમિત્તે કષાય ક્લેશ કરવા નહીં. ધર્મના નિમિત્તે જ કષાય ક્લેશ જીવ કરે તો પછી છૂટવાનો આરો ક્યાં રહ્યો. માટે ધર્મના નામે ક્લેશમાં પડું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''સંવત્સરીનો દિવસ કંઈ સાઠ ઘડીથી વધતો ઓછો થતો નથી; તિથિમાં કંઈ ફેર નથી. પોતાની કલ્પનાએ કરી કંઈ ફેર થતો નથી. ક્વચિત્ માંદગી આદિ કારણે પાંચમનો દિવસ ન પળાયો અને છઠ પાળે અને આત્મામાં કોમળતા હોય તો તે ફળવાન થાય. હાલમાં ઘણા વર્ષો થયાં પર્યુષણમાં તિથિઓની ભ્રાંતિ ચાલે છે. બીજા આઠ દિવસ ધર્મ કરે તો કંઈ ફળ ઓછું થાય એમ નથી. માટે તિથિઓનો ખોટો કદાગ્રહ ન રાખતાં મૂકવો. કદાગ્રહ મુકાવવા અર્થે તિથિઓ કરી છે તેને બદલે તે જ દિવસે કદાગ્રહ વધારે છે.

ઢુંઢિયા અને તપા તિથિઓનો વાંધો કાઢી–જુદા પડી – 'હું જુદો છું' એમ સિદ્ધ કરવા તકરાર કરે છે તે મોક્ષ જવાનો રસ્તો નથી. ઝાડને ભાન વગર કર્મ ભોગવવાં પડે છે તો મનુષ્યને શુભાશુભ ક્રિયાનું ફળ કેમ નહીં ભોગવવું પડે?

જેથી ખરેખરું પાપ લાગે છે તે રોકવાનું પોતાના હાથમાં છે, પોતાથી બને તેવું છે તે રોકતો નથી; ને બીજી તિથિ આદિની ને પાપની ભળતી ફિકર કર્યે જાય છે. અનાદિથી શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શનો મોહ રહ્યો છે. તે મોહ અટકાવવાનો છે. મોટું પાપ અજ્ઞાનનું છે.'' (વ.પૃ.૭૦૭)

''વાડામાં કલ્યાણ નથી; અજ્ઞાનીના વાડા હોય. ઢુંઢિયા શું? તપા શું? મૂર્તિ માને નહીં ને મુમતિ બાંધે તે ઢુંઢિયા; મૂર્તિ માને ને મુમતિ ન બાંધે તે તપા; એમ તે કંઈ ધર્મ હોય! એ તો લોઢું પોતે તરે નહીં, અને બીજાને તારે નહીં તેમ. વીતરાગનો માર્ગ અનાદિનો છે. જેનાં રાગ, દ્વેષ અને અજ્ઞાન ગયાં તેનું કલ્યાણ; બાકી અજ્ઞાની કહે કે મારા ધર્મથી કલ્યાણ છે તો તે માનવું નહીં, એમ કલ્યાણ હોય નહીં. ઢુંઢિયાપણું કે તપાપણું માન્યું તો કષાય ચઢે; તપો ઢુંઢિયા સાથે બેઠો હોય તો કષાય ચઢે; અને ઢુંઢિયો તપા સાથે બેઠાં કષાય ચઢે; આ અજ્ઞાની સમજવા. બન્ને સમજ્યા વગર વાડા બાંધી કર્મ ઉપાર્જન કરી રખડે છે. વહોરાના નાડાની માફક મતાગ્રહ પકડી બેઠા છે. મુમતિ આદિનો આગ્રહ મૂકી દેવો.

જૈન માર્ગ શું? રાગ, દ્વેષ અને અજ્ઞાનનું જવું તે. અજ્ઞાની સાધુઓએ ભોળા જીવોને સમજાવી તેને મારી નાખ્યા જેવું કર્યું છે. પોતે જો પ્રથમ વિચાર કરે કે મારા દોષ શું ઘટ્યા છે? તો તો જણાય કે જૈન ધર્મ મારાથી વેગળો રહ્યો છે. જીવ અવળી સમજણ કરી પોતાનું કલ્યાણ ભૂલી જઈ, બીજાનું અકલ્યાણ કરે છે. તપા ઢુંઢિયાના સાધુને, અને ઢુંઢિયા તપાના સાધુને અન્નપાણી ન આપવા માટે પોતાના શિષ્યોને



ઉપદેશ આપે છે. કુગુરુઓ એકબીજાને મળવા દેતા નથી; એકબીજાને મળવા દે તો તો કષાય ઓછા થાય, નિંદા ઘટે. (પૃ.૭૩૦)

સંવત્સરીના દિવસસંબંધી એક પક્ષ ચોથની તિથિનો આગ્રહ કરે છે અને બીજો પક્ષ પાંચમની તિથિનો આગ્રહ કરે છે. આગ્રહ કરનાર બન્ને મિથ્યાત્વી છે. જે દિવસ જ્ઞાનીપુરુષોએ નિશ્ચિત કર્યો હોય છે તે આજ્ઞાનું પાલન થવા માટે હોય છે. જ્ઞાનીપુરુષ આઠમ ના પાળવાની આજ્ઞા કરે અને બન્નેને સાતમ પાળવાની કહે અથવા સાતમ આઠમ વળી ભેગી કરશે એમ ધારી છઠ કહે અથવા તેમાં પણ પાંચમનો ભેગ કરશે એમ ધારી બીજી તિથિ કહે તો તે આજ્ઞા પાળવા માટે કહે. બાકી તિથિબિથિનો ભેદ મૂકી દેવો. એવી કલ્પના કરવી નહીં, એવી ભંગજાળમાં પડવું નહીં. જ્ઞાની પુરુષોએ તિથિઓની મર્યાદા આત્માર્થે કરી છે. જો ચોક્કસ દિવસ નિશ્ચિત ન કર્યો હોત, તો આવશ્યક વિધિઓનો નિયમ રહેત નહીં. આત્માર્થે તિથિની મર્યાદાનો લાભ લેવો.'' (વ.પૃ.૭૦૩)

## ૬૪૮. તારા ધર્મ માટે રાજદ્વારે કેસ મૂકું નહીં.

તારા ધર્મ સંબંધી કોઈ વિક્ષેપનું કારણ ઊભું થાય તો પણ રાજદ્વારે કેસ મૂકું નહીં. પણ પરસ્પર સમાધાન કરવાનો પ્રયાસ કરું.

## ૬૪૯. બને ત્યાં સુધી રાજદ્વારે ચઢું નહીં.

બને ત્યાં સુધી કોઈપણ કાર્ય નિમિત્તે રાજદ્વારે ચઢું નહીં.

## ૬૫૦. શ્રીમંતાવસ્થાએ વિ૰ શાળાથી કરું.

શ્રીમંત અવસ્થામાં વિનય, વિવેક પ્રગટે એવી ધાર્મિક વિદ્યાશાળાઓ સ્થાપી લોકોનું હિત કરું. પૈસાનો સદ્ઉપયોગ કરું. 'सा विद्या या विमुक्तये' સાચી વિદ્યા તે જ કે જેથી મુક્તિ પ્રાપ્ત થાય. એ વિષે પરમકૃપાળુદેવ જણાવે છે -

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જે વિદ્યાથી ઉપશમ ગુણ પ્રગટ્યો નહીં, વિવેક આવ્યો નહીં કે સમાધિ થઈ નહીં તે વિદ્યાને વિષે રૂડા જીવે આગ્રહ કરવા યોગ્ય નથી.'' (વ.પૃ.૩૯૦)

''સર્વજ્ઞ ભગવાનનું કહેલું ગુપ્ત તત્ત્વ પ્રમાદસ્થિતિમાં આવી પડ્યું છે, તેને પ્રકાશિત કરવા તથા પૂર્વાચાર્યોનાં ગૂંથેલા મહાન શાસ્ત્રો એકત્ર કરવા, પડેલા ગચ્છના મતમતાંતરને ટાળવા તેમજ ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા એક મહાન સમાજ સદાચરણી શ્રીમંત અને ધીમંત બન્નેએ મળીને સ્થાપન કરવાની અવશ્ય છે એમ દર્શાવું છું.'' (વ.પૃ.૧૨૭)

## ૬૫૧. નિર્ધનાવસ્થાનો શોક કરું નહીં.

પૂર્વકર્મના ઉદયે ધન વગેરે જતું રહ્યું હોય તો પણ ખેદ કરું નહીં. કારણ લક્ષ્મી વગેરે બધું નાશવંત છે. રાજા હોય તે રંક થઈ જાય અને રંક હોય તે રાજા થાય એવું સંસારનું સ્વરૂપ છે. માટે તેમાં શું શોક કે હર્ષ કરવો. જે થાય તે સમભાવે ભોગવું, જેથી નવા કર્મ બંધાય નહીં અને જૂના છૂટી જાય.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''પ્રાણીમાત્ર પ્રાયે આહાર, પાણી પામી રહે છે. તો તમ જેવા પ્રાણીના કુટુંબને માટે તેથી વિપર્યય પરિણામ આવે એવું જે ધારવું તે યોગ્ય જ નથી. કુટુંબની લાજ વારંવાર આડી આવી જે આકુળતા આપે છે, તે ગમે તો રાખીએ અને ગમે તો ન રાખીએ તે બન્ને સરખું



છે, કેમ કે જેમાં પોતાનું નિરુપાયપણું રહ્યું તેમાં તો જે થાય તે યોગ્ય જ માનવું એ દૃષ્ટિ સમ્યક્ છે. જે લાગ્યું તે જણાવ્યું છે.'' (વ.પૃ.૩૧૪)

**એક નિર્ધન મનુષ્યનું દૃષ્ટાંત – સર્વથી શ્રેષ્ઠ ધન સંતોષધન.** એક મહાત્મા ધ્યાનમાં બેઠા હતા. ત્યાં એક નિર્ધન માણસે આવી મહાત્માને કહ્યું કે મહાત્મા! હું બહુ દુઃખી છું, તેનો કોઈ ઉપાય બતાવો. મહાત્માએ કહ્યું : જા સામે તળાવના કાંઠે રત્નચિંતામણિ પડ્યો છે તે લઈ લે. ત્યાં જઈ તેણે તે રત્નચિંતામણિ લીધો અને તે વડે ઇચ્છિત વસ્તુ મેળવી પણ તેને વિચાર આવ્યો કે આ મહાત્માએ તે કેમ ન લીધો? પછી મહાત્મા પાસે જઈ પૂછ્યું કે આપે તે રત્નચિંતામણિ કેમ ન લીધો? ત્યારે મહાત્માએ કહ્યું : અમારી પાસે તેથી પણ વિશેષ સંતોષરૂપ ધન છે, જેથી એ ધન અમને ધૂળસમાન લાગે છે. એમ કર્મ ઉદયે નિર્ધનાવસ્થા પામું તો હું પણ ભૌતિક સામગ્રીને તુચ્છ ગણી સંતોષભાવ કેળવવા પ્રયત્ન કરું.

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :–** ''ઉત્તમ મનુષ્ય કદી લાભાંતરાયનો ઉદય થવાથી પ્રાપ્ત થયેલ ધન ખોવે તો પણ દિલગીર ન થાય, તેના કારણોનો વિચાર કરી તેવા તેવા કારણ તજે અને લક્ષ્મી મેળવવાના સદુપાયો ચિંતવી તે માટે પ્રયત્ન કરે; કારણ કે લક્ષ્મી ઉદ્યમવંતની દાસી છે. ઉદ્યમવંત જ તે મેળવી શકે છે; પરંતુ તે ઉદ્યમ ધર્મી જીવોને સત્વર ફળીભૂત થાય છે, માટે દરેક રીતે ધર્મ કરવો.

જે વખતે સંપત્તિ ઘટે ત્યારે વિચાર કરે કે 'કાપેલું વૃક્ષ પણ પાછું ફળે છે-વધે છે; ચંદ્ર કૃષ્ણપક્ષમાં ક્ષીણ થયેલો શુક્લપક્ષમાં પાછો વધે છે; તેમ આપત્તિ પણ આવેલી પાછી જાય છે ને સંપત્તિ પ્રાપ્ત થાય છે.' માટે ઉત્તમ પુરુષે તો આપત્તિમાં ને સંપત્તિમાં બંનેમાં સમાન વૃત્તિ રાખવી. સંપત્તિ આવ્યે હરખાઈ જવું નહીં અને વિપત્તિ આવ્યે અકળાઈ જવું નહીં.

વળી આપત્તિ ને સંપત્તિ બંને મોટાને જ હોય છે. ગ્રહણ ચંદ્ર ને સૂર્યનું જ થાય છે, બીજા જ્યોતિષ-ચક્રનું થતું નથી. મૂળથી દરિદ્રીને આપત્તિ કે સંપત્તિ હોતી નથી. વળી ચિંતા પણ સુજ્ઞને હોય છે, મૂર્ખને હોતી નથી. મૂર્ખ તો સદા નિશ્ચિંત જ હોય છે. આના વિષે દૃષ્ટાંત નીચે પ્રમાણે –

**આભડશેઠનું દૃષ્ટાંત –** પાટણશહેરમાં શ્રીમાળી જ્ઞાતિના નાગરાજ નામે શેઠ હતા. લોકો તેને કોટીધ્વજ કહેતા હતા. તેને મેલાદેવી નામે સ્ત્રી હતી. અન્યદા તે સગર્ભા થઈ, તેવામાં નાગરાજ શેઠ મૃત્યુ પામ્યા, એટલે રાજાએ તેને અપુત્રીઓ જાણીને તેનું સર્વ દ્રવ્ય લઈ લીધું. મેલાદેવી પોતાને પિયર ધોળકે ગઈ. ત્યાં તેને અમારી પડહ વગડાવવાનો દોહલો થયો. તેના પિતા દ્રવ્યવાન હોવાથી તેણે અમારી પડહ વગડાવી, જીવહિંસા અમુક દિવસો સુધી બંધ રખાવી, તેનો દોહલો પૂર્યો. અનુક્રમે તેને પુત્રનો પ્રસવ થયો. તેનું નામ તેના માતામહે અભય રાખ્યું, પરંતુ લોકોમાં તો તે આભડ નામથી પ્રસિદ્ધ થયો.

પછી આભડ માતાની રજા લઈને યોગ્ય ઉંમરે પાટણ ગયો. ત્યાં પોતાના જીર્ણ ગૃહમાં રહેતાં તેમાંથી તેના પુણ્યયોગે દ્રવ્ય પ્રગટ થયું. તે દ્રવ્યવાન થઈને વ્યાપાર કરવા લાગ્યો, અને લાછલદે નામની સ્ત્રી પરણ્યો. અનુક્રમે કોટીધ્વજ થયો અને તેને પુત્ર થયા. વળી પાછો અશુભ કર્મનો ગાઢ ઉદય થવાથી તે નિર્ધન થઈ ગયો, એટલે તેની સ્ત્રી ત્રણે પુત્રોને લઈને પોતાને પિયર ગઈ. આભડ ઘરમાં એકલો રહ્યો. તે પોતાને ન છાજે તેવા ચર્મની કોથળી ઘસવી વિગેરે ઉદ્યોગ પેટને માટે કરવા લાગ્યો. એમ કરતાં એક માણું અનાજ મળે એટલે તે પોતાને હાથે દળે, હાથે રાંધે અને એકલો જમે. આ પ્રમાણે દુઃખમાં દિવસો વ્યતિક્રમાવવા લાગ્યો. કર્તા કહે છે કે -



ચંદ્રમા એક દિવસ ખાંડો, એક દિવસ ગોળ, એક દિવસ લાંબો ને એક દિવસ માત્ર લીટી જેવો દેખાય છે; તેના પણ સરખા દિવસો જતા નથી. તેમ આભડશેઠ પણ કોટીધ્વજ હતો, છતાં નિર્ધન થઈ જવાથી જ્યાં ત્યાં ભટકે છે; માટે હે પુરુષ! માન કરીશ નહીં, કેમકે જેવી કાલ તેવી આજ નથી.

અન્યદા આભડશેઠ હેમચંદ્રાચાર્ય પાસે ગયા અને તેમની પાસે શ્રાવકનાં બાર વ્રત ઉચ્ચર્યા. તેમાં પાંચમા વ્રતમાં પરિગ્રહનું પરિમાણ કરતાં તેણે સો પચાસ રૂપિયા રાખવા ધાર્યું. ગુરુમહારાજે કહ્યું કે - ''આટલા દ્રવ્યથી તારું મન સ્થિર નહીં રહે; કારણ કે આગળ ઉપર તને ઘણી લક્ષ્મી મળવાની છે.'' તેણે હજાર રાખવા કહ્યું, ગુરુએ તો પણ ના કહી, એટલે લાખ રાખવા ઇચ્છા જણાવી, લોકો હસવા લાગ્યા. પણ ગુરુમહારાજે 'તેટલાથી પણ નહીં સરે' એમ કહ્યું, એટલે નવલાખ રાખ્યા અને 'તેનાંથી વધારે થાય તો પુણ્યકાર્યમાં ખર્ચીશ' એમ કહ્યું. ગુરુએ તેને તે પ્રમાણે નિયમ કરાવ્યો.

હવે તેની પાસે પાંચ દામ હતા. તેટલા વડે એક બકરીના ગળામાં ઇંદ્રનીલ બાંધેલું હતું તે ખરીદ્યું. પછી તેના ઘણા માણેક કર્યા અને લાખ લાખ રૂપિયે એકેક મણકો વેચાણો, તેથી તેની પાસે ઘણું દ્રવ્ય થયું. પાછો અનુક્રમે કોટીધ્વજ થયો, એટલે સ્ત્રી પુત્ર પણ આવીને મળ્યા. તેણે નગરમાં દુઃખીઓનું દુઃખ ટાળવા પડહ વગડાવ્યો અને મુનિરાજને ઘૃત વિગેરેનું દાન દેવા લાગ્યો.

આભડશેઠ લક્ષ્મી મળી એટલે આનંદથી સ્વામીવત્સલ કરવા લાગ્યા. જિનેશ્વરની પૂજા-ભક્તિ કરવા લાગ્યા. દાનશાળા મંડાવી. શ્રી સંઘની (તમામ જૈનબંધુની) વર્ષમાં બે વાર ભક્તિ કરવા લાગ્યા. જિર્ણોદ્ધાર, ચૈત્યોનો તેમજ પુસ્તકોનો કરાવ્યો. આ પ્રમાણે તેના ૮૪ વર્ષના આયુષ્યમાં કુલ સરવાળો કરતાં તેણે ૯૮લાખ દ્રવ્ય ખર્ચ્યું. અંતસમયે તે સરવાળો જાણી તેને ખેદ થયો કે 'હું એક કરોડ પૂરા ખર્ચી ન શક્યો?' તે સાંભળીને તેના પુત્રે તેના શ્રેયાર્થે આઠ લાખ બીજા ખર્ચવાનું કબુલ કર્યું, અને દશ લાખ ખર્ચી એક ક્રોડ ને આઠ લાખનો સરવાળો કર્યો. આભડ શેઠ અનશન કરી મૃત્યુ પામીને સ્વર્ગે ગયા.

આ પ્રમાણે આભડશેઠનો પ્રબંધ સાંભળીને ઉત્તમ પુરુષે ધન જાય ત્યારે ધૈર્ય અને ધર્મ છોડવો નહીં અને ધન આવે ત્યારે ગર્વ કરવો નહીં. કદી પાછું ન આવે તોપણ હૃદયમાં ખેદ કરવો નહીં, સમભાવમાં રહેવું, કારણ કે જગતમાં સંતોષ જ સર્વ કરતાં વડો છે, શ્રેષ્ઠ છે, કલ્પવૃક્ષ સમાન છે. માટે નિર્ધન અવસ્થા આવ્યે પણ શોક કરવો નહીં. (પૃ.૧૧૩)

## ૬૫૨. પરદુઃખે હર્ષ ધરું નહીં.

બીજાનું દુઃખ દેખી આનંદ માનું નહીં; પણ તેનું દુઃખ નિવારવા યથાશક્તિ મદદ કરું. પરદુઃખે હર્ષ ધરવાથી પરભવમાં પોતે પણ તેવા દુઃખનો ભોક્તા થાય. માટે સર્વ જીવો સદા સુખી રહો, નિરોગી રહો એવી ભાવના કર્યા કરું.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૫'ના આધારે :–**

**બ્રાહ્મણનું દૃષ્ટાંત –** હસ્તિનાપુરમાં એક દિવસ મુનિ મહાત્મા ભિક્ષા માટે પધાર્યા. ત્યાં એક શેરી હતી. તેમાં કોઈ ચાલતું તો તરત મૃત્યુ પામતું. કારણ કે તે શેરી કોઈ વ્યંતરના ઉપદ્રવથી અગ્નિ જેવી તપેલી રહેતી. તે શેરી માણસના સંચાર વિનાની જોઈને મુનિએ ત્યાં ઊભા રહેલ બ્રાહ્મણને પૂછ્યું કે 'આ શેરીમાં માણસો ચાલે છે કે નહીં?' તેણે 'ભલે આ મુનિ બળી જાય' એવા દુષ્ટ આશયથી કહ્યું કે 'હા ચાલે



છે.' તે સાંભળી મુનિ તે શેરીમાં ઈર્યાપથિકી પૂર્વક ચાલવા લાગ્યા. પણ તેમના તપના પ્રભાવથી તે શેરી શીતળ થઈ ગઈ. તે જોઈ બ્રાહ્મણને થયું કે 'અહો! આ કોઈ તપસ્વી છે' એમ જાણી વિસ્મય પામ્યો અને મુનિ પાસે આવી કહ્યું - મેં આપને એ શેરીમાં જવાની આજ્ઞા આપી તે પાપથી હું કેવી રીતે છુટીશ? ત્યારે મુનિએ કહ્યું - દીક્ષા ગ્રહણ કર. તે સાંભળી તેણે દીક્ષા લીધી. પણ બ્રાહ્મણ હોવાથી જાતિમદ કર્યો. ત્યાંથી દેહ છોડી સ્વર્ગે ગયો. પણ જાતિમદના કારણે દેવલોકથી ચ્યવી ચંડાળને ઘેર ઉત્પન્ન થયો. ત્યાં ફરી દીક્ષા લઈ હરિકેશી મુનિ બની અનુક્રમે કર્મનો ક્ષય કરી પરમપદને પામ્યા. કથાના સારરૂપે, બીજા દુઃખી થાય તે જોઈ પરના દુઃખે હર્ષ માનું નહીં; પણ કોઈનું દુઃખ દૂર થાય એવો યથાશક્તિ પ્રયત્ન કરું.

## ૬૫૩. જેમ બને તેમ ધવળ વસ્ત્ર સજું.

જેમ બને તેમ ધવળ એટલે સફેદ વસ્ત્ર પહેરું. સાદગી સાથે તે પહેરવાથી મનની પવિત્રતા ઉપર તેની સારી અસર થાય છે. સફેદ કપડા સાદગી સૂચવે છે. રંગબેરંગી કપડાં પહેરવાનો મોહ ઓછો થાય તો સફેદ કપડા પહેરવાનું બની શકે એમ છે.

## ૬૫૪. દિવસે તેલ નાખું નહીં.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** 'દિવસે તેલ નાખું નહીં'=પુરુષે દિવસેય માથામાં તેલ નાખવું નહીં, એટલે કે નાખવું જ નહીં; કારણકે હજામત, સ્નાન વગેરે સાધનોથી શિર સ્વચ્છ રહેવાનું કારણ પુરુષને બને છે.'' (પૃ.૪૨૮)

## ૬૫૫. સ્ત્રીએ રાત્રે તેલ નાખવું નહીં.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** 'રાત્રિએ તેલ નાખનાર એટલે વેશ્યાદિ તથા અત્યંત મોહાસક્ત સ્ત્રીઓ હોય. સામાન્ય સ્ત્રીઓ તો દિવસે શરીર-સંસ્કાર કરી લે છે.'' (પૃ.૪૨૮)

## ૬૫૬. પાપપર્વ સેવું નહીં.

હોળી વગેરે પર્વો પાપપર્વો છે. તે લૌકિક અને ભવની પરંપરાને વધારનાર હોવાથી ધર્મને જાણનાર એવા ઉત્તમ જીવોએ તે પર્વનો ત્યાગ કરવો. એની કથા નીચે પ્રમાણે —

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૫'માંથી :–**

**હોળીકાનું દૃષ્ટાંત – એક પાપમાંથી અનેક પાપ થતાં સંસારની વૃદ્ધિ.** હોળીકા મનોરથ શ્રેષ્ઠીની પુત્રી હતી. તે બાળ વિધવા થઈ. 'નવરો બેઠો નખોદ વાળે'તેમ તે પણ નવરી બેઠી ખોટા વિચાર કર્યા કરતી. એક દિવસ તે ગોખમાં બેઠેલી હતી. ત્યાંથી કામપાલ નામના પુરુષને જતા જોયો. તેને જોઈ તેનો કામવિકાર જાગૃત થયો. ઢૂંઢા નામની પરિવ્રાજીકાએ તે બન્નેનો મેળાપ કરાવી દીધો.

એકવાર હોળીકા તથા કામપાલે વિચાર્યું કે આપણી ગુપ્તવાત આ ઢૂંઢા જ જાણે છે. કાલે ઊઠીને આપણી વાત તે બહાર પાડી દેશે માટે એને જ મારી નાખીએ; એમ વિચારી જે ઝૂંપડીમાં ઢૂંઢા સૂતી હતી તે ઝૂંપડીને જ સળગાવી દીધી. ઢૂંઢા મરીને વ્યંતરી થઈ અને હોળીકા કામપાલ સાથે ઘરથી ભાગી ગઈ. પણ લોકોએ એમ જાણ્યું કે હોળીકા બળીને સતી થઈ છે માટે હોળીનું પર્વ ઉજવી તેને પૂજવા લાગ્યા. હવે પેલી ઢૂંઢા તાપસી જે મરીને વ્યંતર જાતિમાં દેવી થઈ તેણે વિભંગ જ્ઞાનથી જોયું કે ''અહો! આ લોકો મહા



અસતી એવી જીવતી હોળીકાને પૂજે છે, તેની સ્તુતિ કરે છે પણ મને કોઈ સંભારતું પણ નથી. ''એમ વિચારીને તે ગામ ઉપર એક મોટી શિલા વિકુર્વીને તે બોલી કે ''મને સંતોષ આપનાર એક મનોરથ શ્રેષ્ઠી વિના બીજા સર્વને હમણાં જ આ શિલાથી ચૂર્ણ કરી નાખીશ.'' તે સાંભળીને રાજા વિગેરે સર્વ લોક, ભય પામી મનોરથ શ્રેષ્ઠીને શરણે ગયા. ત્યારે તે શ્રેષ્ઠીએ પૂજા વિગેરે કરીને કહ્યું કે ''દેવ કે દાનવ જે હોય તે પ્રગટ થઈને જે ઇચ્છા હોય તે કહો, અમે નગરના સર્વ લોકો તે પ્રમાણે કરીશું' તે સાંભળીને ઢૂંઢા વ્યંતરી પૂર્વનો સર્વ વૃત્તાંત કહીને બોલી કે ''હોળીનું પર્વ આવે ત્યારે સર્વ પૌરજનો ભાંડચેષ્ટા કરે, પરસ્પર ગાળો દે, ધૂળ ઉછાળે, શરીરે કાદવ ચોળે ઇત્યાદિ કરે તો આ ઉપદ્રવ હું શાંત કરું.'' તે સાંભળીને લોકોએ તે પ્રમાણે અંગીકાર કર્યું. ત્યારથી ધૂળેટીનું પર્વ સર્વત્ર પ્રસર્યું. ''લોકો ગાડરિયા પ્રવાહ જેવા છે, તે પરમાર્થને સમજતા નથી.''

અહીં ઉપદેશવચન આ પ્રમાણેના ધારી રાખવાં કે ''એક અસંબંધ વાક્ય બોલવાથી, ગાળી પ્રદાનાદિ કરવાથી જીવ અનેક ભવમાં ભોગવવું પડે તેવું પાપકર્મ બાંધે છે, માટે અશુભ પ્રલાપનો ત્યાગ કરીને દ્રવ્યથી હુતાશિની પર્વને (હોળીપર્વને) સર્વથા તજવું અને ભાવથી બુદ્ધિપૂર્વક શુભ વાક્યને અંગીકાર કરી સ્વપરને હિતકારી વાક્યો બોલવાં.''

''દુષ્ટ વાક્યના વિસ્તારવાળું, મિથ્યાત્વથી ભરેલું અને સંસારસાગરમાં ડુબાવનારું આ હોળી લૌકિક પર્વ શ્રી જિનેન્દ્ર આગમના તત્ત્વની ઇચ્છાવાળા લોકોએ અવશ્ય ત્યાગ કરવું. (પૃ.૨૦૭ના આધારે)

**'શ્રી પર્યુષણાદિ પર્વોની કથા'માંથી :–** વળી ગુરુ કહે છે કે ''જે પ્રાણી બળતી હોળીની ઝાળમાં એક મુષ્ટિ ગુલાલ નાખે તેને દશ ઉપવાસનું આલોચણ આવે તથા જો એક લોટો પાણીનો રેડે તો એકસો ઉપવાસનું આલોચણ આવે, છાણાં નાખે તો પચીસ ઉપવાસ, એક ગાળ બોલે તો પંદર ઉપવાસ, હોળીના ગીત ગાય તો દોઢસો ઉપવાસ, છાણાનો હાર કરી નાખે તો સો વાર બળી મરવું પડે, શ્રીફળ નાખે તો હજાર વાર બળી મરવું પડે, એક સોપારી નાખે તો પચાસ વખત બળી મરવું પડે, હોળી સળગાવે તો હજાર વખત ચંડાળના કુળમાં ઊપજવું પડે, વળી જે પુરુષ હોળીમાં ભૂખ્યો રહી વ્રત કરે તે એક હજાર વખત મ્લેચ્છના કુળમાં ઊપજે.

માટે આવા મિથ્યાત્વને ગાઢ કરનારા પર્વનો ભાવથી ત્યાગ કરું. (પૃ.૫૯)

## ૬૫૭. ધર્મી, સુયશી એક કૃત્ય કરવાનો મનોરથ ધરાવું છું.

દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મમાંથી ઉત્તમ પ્રકારનું દાન આપીને કે મુશ્કેલીના વખતમાં પણ અખંડ શીલ પાળીને કે ઇચ્છાઓને રોકી તપ આરાધીને કે રાગદ્વેષના ભાવ ઘટાડવા માટે આત્મધર્મ પ્રબળપણે આરાધવાનો મનોરથ ધરાવું છું. જેનો સુયશ સહેજે ફેલાય પણ તેની ઇચ્છા ખરા આરાધકને હોતી નથી.

## ૬૫૮. ગાળ સાંભળું પણ ગાળ દઉં નહીં.

કર્મના ઉદયે કોઈ મને ગાળ દે તો શાંતિથી સાંભળું પણ સામી ગાળ દઉં નહીં.

**ગૌતમબુદ્ધનું દૃષ્ટાંત – કોઈ ગાળો આપે પણ પોતે ન લે તો?** એક વખત ગૌતમ બુદ્ધને કોઈએ ગાળો આપી. ત્યારે બુદ્ધે કહ્યું કે ભાઈ! કોઈ વસ્તુ આપે પણ સામો વ્યક્તિ ન લે તો તે કોની પાસે રહે? તે ભાઈ કહે તે તો તેની પાસે જ રહે. ત્યારે બુદ્ધે કહ્યું કે તમે મને જે ગાળો આપી, તેમાંથી મેં કાંઈ



લીધી નથી માટે તે બધી તમારી પાસે જ રહી.

**ગુરુ નાનકનું દૃષ્ટાંત – ગુરુનાનકે સવળું લીધું.** ગુરુનાનક સંત હતા. તેમના શિષ્યને કોઈએ કહ્યું – તારા ગુરુ તો કૂકડા જેવા છે. શિષ્યે ગુરુનાનકને વાત કહી. ત્યારે ગુરુનાનક કહે – એણે બરાબર કહ્યું છે. કૂકડો સવારમાં સુતેલાને જગાડે છે તેમ હું પણ મોહનિદ્રામાં સુતેલા જીવોને જગાડું છું.

## ૬૫૯. શુક્લ એકાંતનું નિરંતર સેવન કરું છું.

જે વડે મારું અંતઃકરણ શુક્લ એટલે પવિત્ર થાય તેવા એકાંતનું નિરંતર સેવન કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''તત્ત્વજ્ઞાનીઓએ મુખ્ય બોધ એવો કર્યો છે કે, સર્વ સંગ પરિત્યાગ કરી, અંતરમાં રહેલા સર્વ વિકારથી પણ વિરક્ત રહી એકાંતનું સેવન કરો. તેમાં સત્સંગની સ્તુતિ આવી જાય છે. કેવળ એકાંત તે તો ધ્યાનમાં રહેવું કે યોગાભ્યાસમાં રહેવું તે છે, પરંતુ સમસ્વભાવીનો સમાગમ, જેમાંથી એક જ પ્રકારની વર્તનતાનો પ્રવાહ નીકળે છે તે, ભાવે એક જ રૂપ હોવાથી ઘણાં માણસો છતાં અને પરસ્પરનો સહવાસ છતાં તે એકાંતરૂપ જ છે; અને તેવી એકાંત માત્ર સંતસમાગમમાં રહી છે. કદાપિ કોઈ એમ વિચારશે કે, વિષયીમંડળ મળે છે ત્યાં સમભાવ હોવાથી એકાંત કાં ન કહેવી? તેનું સમાધાન તત્કાળ છે કે, તેઓ એક-સ્વભાવી હોતા નથી. પરસ્પર સ્વાર્થબુદ્ધિ અને માયાનું અનુસંધાન હોય છે; અને જ્યાં એ બે કારણથી સમાગમ છે તે એક સ્વભાવી કે નિર્દોષ હોતા નથી. નિર્દોષ અને સમસ્વભાવી સમાગમ તો પરસ્પરથી શાંત મુનીશ્વરોનો છે; તેમજ ધર્મધ્યાનપ્રશસ્ત અલ્પારંભી પુરુષનો પણ કેટલેક અંશે છે.'' (વ.પૃ.૭૫)

## ૬૬૦. સર્વ ધાક મેળાપમાં જઉં નહીં.

ધાક એટલે ભય અથવા બીક. જ્યાં ભયના સ્થાન હોય તેવા સર્વ મેળાવડામાં જઉં નહીં. જ્યાં આત્મધર્મને પોષણ મળે તે સિવાય બીજા મેળાવડામાં જઉં નહીં. જ્યાં ખાવું, પીવું, રંગરાગ, ગાનતાન હોય અર્થાત્ જ્યાં ધર્મના નામે પણ મોહનું વાતાવરણ જામ્યું હોય તેવા મેળાવડામાં જઉં નહીં અથવા જ્યાં તાળીઓ પાડીને ગમે તેમ ગાતા હોય અથવા જ્યાં મોટા મેળામાં કોઈ માણસ પગ નીચે દબાઈને મરી પણ જાય એવા ગાડરીયા પ્રવાહરૂપ મેળામાં જઉં નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા'માંથી :–**

**શ્રી મનસુખભાઈ કીરતચંદનો પ્રસંગ –** શ્રીમદ્ કહે—મેળામાં ગયા હતા? ત્યાં શું જોયું?

મનસુખભાઈ કહે—સાહેબ, ઘણું જોયું, વૃત્તિને ચંચળ કરે એવા પ્રસંગ વિશેષ છે, તે જોયા.

શ્રીમદ્ કહે—લૌકિક મેળામાં વૃત્તિને ચંચળ કરે એવા પ્રસંગો વિશેષ હોય. સાચો મેળો સત્સંગનો. એવા મેળામાં વૃત્તિની ચંચળતા ઓછી થાય, દૂર થાય. માટે સત્સંગ મેળાને જ્ઞાનીઓએ વખાણ્યો છે, ઉપદેશ્યો છે. (પૃ.૧૫૮)

## ૬૬૧. ઝાડ તળે રાત્રે શયન કરું નહીં.

ઝાડ નીચે સૂવાથી ઝાડ ઉપર બેઠેલ પક્ષી આપણા ઉપર વિષ્ટા કરે અથવા ઝાડની ડાળી તૂટી જાય તો મરણનો ભય રહે, તેમજ રાત્રે ઝાડમાંથી એક પ્રકારનો ખરાબ વાયુ છૂટે છે જે શરીરને પણ નુકસાન કર્તા છે માટે રાત્રે ઝાડ તળે શયન કરું નહીં.



## ૬૬૨. કૂવા કાંઠે રાત્રે બેસું નહીં.

રાત્રે કૂવાના કાંઠે બેસે અને ઊંઘનું ઝોકું આવી જાય તો કૂવામાં જઈ પડે. માટે રાત્રે કૂવાના કાંઠે બેસુ નહીં.

## ૬૬૩ ઐક્ય નિયમને તોડું નહીં.

ધાર્મિક સ્થાનોમાં કે સમાજમાં અથવા કોઈપણ સ્થાને ઐક્ય એટલે એકતા માટે જે નિયમો ઘડ્યા હોય તે નિયમોને તોડું નહીં; પણ એકતા કેમ વધે તેમ કરું. કારણ કે એકતામાં બળ છે, એકલપણામાં બળ નથી.જેમ કે એક લાકડીને તોડી શકે પણ લાકડીનો ભારો હોય તો તોડી શકે નહીં.

## ૬૬૪. તન, મન, ધન, વચન અને આત્મા સમર્પણ કરું છું.

મન, વચન અને કાયા તેની આજ્ઞાએ પ્રવર્તાવું, ધનનો પણ તેના કહ્યાં પ્રમાણે સદ્‌ઉપયોગ કરું તેમજ આત્માનો ઉપયોગ પણ સત્પુરુષના સ્વરૂપમાં કે વચનમાં રાખું તો તન, મન, ધન, વચન અને આત્મસમર્પણ થયું ગણાય.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''કોઈપણ પ્રકારે સદ્‌ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું; અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું.'' (વ.પૃ.૨૪૬)

**''તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વ-આત્મ બસે;**
**તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો.''** (વ.પૃ.૨૯૬)

## ૬૬૫. મિથ્યા પરદ્રવ્ય ત્યાગું છું.

કોઈએ થાપણ મુકી હોય અથવા ચોરી કરીને કે કોઈને ઠગીને અથવા હિસાબમાં ચૂકવીને કે રસ્તામાં પડેલું દ્રવ્ય મળ્યું હોય તે પારકું દ્રવ્ય લઉં નહીં. એવા મિથ્યા પરદ્રવ્યનો ત્યાગ કરું છું.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– પુત્ર વિના મરેલાનું પરદ્રવ્ય લેવાનો ત્યાગ**

**કુમારપાળરાજાનું દૃષ્ટાંત –** એક વખતે રાજાની સભામાં ચાર મહાજનના મુખ્ય પુરુષો આવ્યા. રાજાને નમી વિલખા થઈને બેઠા. એટલે કુમારપાળ રાજાએ પૂછ્યું કે - ''આજે સભામાં આવવાનું શું કારણ છે? અને તમે કેમ આમ વિલખા થઈ ગયા છો? શું કોઈની તરફથી તમારો પરાભવ તો નથી થયો? મહાજન બોલ્યા કે, ''હે રાજેંદ્ર! આપના જેવા પ્રજાવત્સલ અને દયાળુ રાજા પૃથ્વી પર રાજ્ય કરતા સતા અમને પરાભવ કે દુઃખ શેનું હોય? પણ એક હકીકત નિવેદન કરવાની છે તે માટે અમે આવેલા છીએ. તે હકીકત એ છે કે - આપણા ગુર્જરદેશનો નિવાસી કુબેરદત્ત નામે એક મુખ્ય શ્રેષ્ઠી સમુદ્રમાર્ગે વ્યાપારાર્થે ગયેલો તે પાછો આવતાં માર્ગમાં મૃત્યુ પામી ગયો છે. તેથી તેનો પરિવાર તે શ્રેષ્ઠીને પુત્ર ન હોવાથી રુદન કરતો અમારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે જો તેના ઘરનું દ્રવ્ય રાજા સંભાળી લઈને પોતાને સ્વાધીન કરે તો પછી અમે તેની મરણોત્તર ક્રિયા કરીએ. હે રાજન! તેનું ધન અગણિત છે.'' ગુર્જરપતિ બોલ્યા કે, 'મહાજનો! મેં તો પુત્ર વિના મરેલાનું ધન લેવાનો ત્યાગ કર્યો છે; પરંતુ ચાલો, તેના ઘરનો સાર તો જોઈએ, એમ કહી રાજા કુમારપાળ મહાજન વર્ગને સાથે લઈ તેને ઘેર ગયા. તે કુબેરશ્રેષ્ઠીનું ઘર કે જેના શિખર ઉપર સુવર્ણકલશની શ્રેણી હતી. શબ્દ કરતી ઘૂઘરીઓના નાદથી



દિગ્મંડળને વાચાળ કરતી કોટીધ્વજપણાની નિશાનીરૂપ ધ્વજાઓ ફરકતી હતી, એક તરફ હસ્તિશાળા અને અશ્વશાળા શોભી રહી હતી. આવું રાજ્યદ્વાર જેવું કુબેરદત્તનું ઘર જોઈ ગુર્જરપતિ વિસ્મય પામ્યા. પછી તેની અંદર આવેલા ઉજ્જ્વળ સ્ફટિક મણિથી રચેલા ચૈત્યગૃહમાં ગયા. તેમાં મરકતમણિમય શ્રી નેમિનાથની મૂર્તિ બિરાજતી હતી, તેને નમસ્કાર કર્યા.તેની આગળ રત્ન તથા સુવર્ણના કલશ, થાળ, આરતી અને મંગલદીપ વિગેરે પૂજાની સામગ્રી જોવામાં આવી. પછી ત્યાંથી બહાર નીકળી તેની વ્રતોની ટીપ વાંચવા લાગ્યા. તેમાં પરિગ્રહ પરિણામવ્રત વિષે જોતાં આ પ્રમાણે લખ્યું હતું - ''છ કોટી સુવર્ણ, આઠ કોટી રૌપ્ય દ્રવ્ય, મોટા મહામૂલ્યવાન દશ મણિ, ધૃતના બે હજાર કુંભ, ધાન્યના બે હજાર મોટા માપ, પચાસ હજાર ઘોડા, એક હજાર હાથી, એંસી હજાર ગાયો, પાંચસો હળ, પાંચસો દુકાનો, પાંચસો ઘર, પાંચસો વહાણ અને પાંચસો ગાડાં, આટલી સમૃદ્ધિ મારે ઘેર વડીલોપાર્જિત છે, તે રહેવા દેવી અને હવે જે લક્ષ્મી હું મારે હાથે ઉપાર્જન કરીશ તે બધી હું પુણ્યધર્મમાં જ વાપરીશ.'' આ પ્રમાણે સમૃદ્ધિપત્ર વાંચી રાજા હર્ષ અને વિસ્મય પામી જેવામાં તેના ઘરના દ્વાર પાસે આવ્યા તેવામાં કુબેરદત્તની માતા ગુણશ્રી આ પ્રમાણે રુદન કરતી બોલી કે, ''હે પુત્ર! તું સમુદ્રમાર્ગે ગયો છું, તે પાછો ક્યારે આવી ઉત્તર આપીશ. તું આવીને તો જો, તારા વગર આ બધી લક્ષ્મી રાજ્યદરબારે જાય છે.'' તે સાંભળી રાજાએ ચિંતવ્યું કે, ''ઉત્તમ પુરુષો કહે છે કે, રાજ્યને અંતે નરક છે તે સત્ય છે; અને તે આવી રુદન કરતી સ્ત્રીઓના દ્રવ્ય લેવાના પાપથી જ છે.''

કુમારપાળ રાજાએ તેની માતાને શાંતિ પમાડવા કહ્યું કે - તમારો પુત્ર આવશે, તમે તમારું દ્રવ્ય ધર્મના કામમાં વાપરો. તેટલામાં કુબેરશ્રેષ્ઠી વિદ્યાધરની પુત્રી સાથે લગ્ન કરીને વિમાનમાં બેસીને ત્યાં આવ્યો. તે જોઈ કુમારપાળરાજા વગેરે સર્વ વિસ્મય પામી ગયા. (પૃ.૬૪)

## ૬૬૬. અયોગ્ય શયન ત્યાગું છું.

અયોગ્ય રીતે સૂવું નહીં કે જેથી શરીરને નુકસાન થાય કે મનને વિકાર થાય. રાત્રે સીધા શવાસનમાં સૂવું હિતકારી ગણેલ છે. તેમજ જમ્યાં પછી સૂતા હોય તો ડાબે પડખે સૂવાનો આયુર્વેદનો મત છે.

## ૬૬૭. અયોગ્ય દાન ત્યાગું છું.

કુપાત્રને, ધર્મબુદ્ધિએ દાન આપવું તે અયોગ્ય દાન છે. માટે ત્યાગુ છું.

**એક બ્રાહ્મણનું દૃષ્ટાંત** – એક બ્રાહ્મણે, ધર્મબુદ્ધિએ એક લાખ બ્રાહ્મણોને જમાડવાનું નક્કી કર્યું. ત્યારે પોતાની પાડોશમાં રહેલ એક જણને કહ્યું કે તું મારે ત્યાં કામમાં રહીશ? તેણે કહ્યું : હા રહીશ પણ મને તમારી વધેલી ભોજન સામગ્રી આપો તો રહું. બ્રાહ્મણે તે કબૂલ કર્યું. હવે કામ કરવા રહેલ પાડોશી વધેલું ભોજન ઘરે લાવી મુનિઓને ભાવપૂર્વક વહોરાવવા લાગ્યો. તેથી તે પાડોશી મરીને સ્વર્ગે ગયો અને લાખ બ્રાહ્મણોને ધર્મબુદ્ધિએ જમાડનાર બ્રાહ્મણ અનેક યોનિમાંથી ભટકી સેચનક નામનો હાથી થયો. કુપાત્રે દાન દેવાનું ફળ આ મળ્યું અને વળી સંસારમાં પરિભ્રમણ કરવું પડ્યું. જ્યારે સત્પાત્રે દાન આપનાર પાડોશી સ્વર્ગમાંથી આવી શ્રેણિકરાજાનો પુત્ર નંદિષેણ થયો.

એક વખત સેચનક હાથીએ આલાનસ્થંભ ઉખેડી તાપસોનો આશ્રમ તોડી નાખ્યો. તે હાથીને પકડવા માટે રાજાએ નગરમાં પડહ વગડાવ્યો. નંદિષેણકુમાર રાજાની આજ્ઞા લઈ તેને દમન કરવા ગયો.



તે સેચનક હાથી નંદિષેણને જોઈ વિચારવા લાગ્યો કે આ કુમાર મારો કોઈ સંબંધી જણાય છે. એમ વિચારતાં તેને જાતિસ્મરણજ્ઞાન થયું. એટલે તે તરત જ શાંત થઈ નંદિષેણ પાસે આવીને ઊભો રહ્યો. તેને આલાનસ્તંભે બાંધી દીધો.


જ્યારે ભગવાન પધાર્યા ત્યારે શ્રેણિક રાજા પૂછે છે કે આ હાથી નંદિષેણની પાસે આવીને શાંતિથી કેમ ઊભો રહ્યો? ત્યારે ભગવાને ઉપર પ્રમાણે તેનો પૂર્વભવ કહ્યો.

**નંદિષેણ –** શ્રેણિકરાજાએ ફરી પૂછ્યું કે હવે એઓનું ભવિષ્યમાં શું થશે? ભગવાને કહ્યું સુપાત્રદાનના ફળમાં નંદિષેણ દિવ્ય ભોગ ભોગવી ચારિત્ર લઈ સ્વર્ગે જશે. અને અનુક્રમે મોક્ષપદને પામશે. તથા હાથી મરીને પહેલી નરકે જશે. પછી નંદિષેણે શ્રાવકધર્મ અંગીકાર કર્યો. અન્યદા વૈરાગ્ય પામી ચારિત્ર લેવા તૈયાર થયો ત્યારે શાસનદેવીએ ના પાડી કે તારે હજી ભોગાવલી કર્મ બાકી છે. તો પણ માન્યું નહીં. ચારિત્ર લઈ ભગવાન સાથે વિચરવા લાગ્યા.

કેટલાક કાળે તીવ્ર ભોગાવલી કર્મનો ઉદય થવાથી પહાડ ઉપરથી પડતું મૂકવા ગયા. ત્યાં શાસનદેવીએ ઉપાડી લીધો. દેવીએ કહ્યું કે ભોગાવલી કર્મ પૂર્ણ કર્યા વિના મરણ થવાનું નથી.



છઠ્ઠના પારણે ગામમાં ફરતા અજાણ્યે ગણિકાના ઘરમાં જઈ ધર્મલાભ આપ્યો ત્યારે વેશ્યા બોલી અમારે ધર્મલાભનું કાંઈ કામ નથી, અર્થલાભ જોઈએ. મુનિએ ઉપરથી ઝાડનું એક તરણું ખેચ્યું કે લબ્ધિવડે દશ કરોડ સુવર્ણની વૃષ્ટિ થઈ. તે જોઈ વેશ્યા આશ્ચર્ય પામી તેમના ચરણે વળગી પડી અને બોલી તમને જવા નહીં દઉં. અનેક પ્રકારે પ્રાર્થના કરવાથી દેવીનું વચન યાદ આવ્યું કે ભોગાવલી કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી.



છતાં એવો અભિગ્રહ લીધો કે અહીં આવતા દશજણને પ્રતિબોધ કરી ભગવાન પાસે ચારિત્ર લેવા મોકલવા; ત્યારપછી જ આહાર લેવો. એવો અભિગ્રહ ધારણ કરીને રહ્યા. એવી રીતે બાર વર્ષ વ્યતીત થયા. એક દિવસ નવ જણા બોધ પામ્યા પણ દશમો બોધ પામ્યો નહીં. વેશ્યાએ બે વાર રસોઈ બનાવી પણ એ દશમો બોધ ન પામે ત્યાં સુધી જમે નહીં.



ત્યારે વેશ્યા હસતી હસતી બોલી દશમાં તમે; એટલે તે તરત સાધુના કપડાં પહેરી રવાના થયા. વેશ્યા પગમાં પડી ઘણી વિનવવા લાગી કે મારી ભુલ થઈ છતાં તેણે માન્યું નહીં. એમ સત્પાત્રે દાન આપવાનું ફળ મોક્ષ જાણી, અયોગ્ય દાનનો ત્યાગ કરું.



**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૩'માંથી :–**

**શુભંકર શ્રેષ્ઠીનું દૃષ્ટાંત –** શુભંકર શ્રેષ્ઠી પોતાના જન્મમાં એક લાખ જ્ઞાતિબંધુઓને ભોજન, એક લાખ કન્યાદાન, એક લાખ ગોદાન અને એક લાખ બ્રાહ્મણોને ભોજન એમ ચાર લાખ પૂરાં કરી મૃત્યુ પામ્યો. મૃત્યુ પામીને પોતાના ઘરની ભૂમિમાં જ્યાં દ્રવ્ય દાટેલું હતું ત્યાં સર્પ થયો. પછી દરરોજ પોતાના પુત્રાદિકને તે બીવરાવવા લાગ્યો. તેના ઘરની પડખે ધર્મદાસ નામે એક શ્રાવક હતો. તે શુભંકર શ્રેષ્ઠી જેવો ધનવાન નહોતો. તેથી વર્ષમાં એકવાર એક મુનિ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકાને ભાવપૂર્વક દાન આપતો હતો. તે પુણ્યથી તેને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું હતું. એક દિવસે શુભંકર શ્રેષ્ઠીના પુત્રોએ પોતાને સર્પ બીવરાવે છે એ વાત ધર્મદાસને જણાવી. તેથી ધર્મદાસે તે પુત્રોને કહ્યું - 'એ સર્પ તમારો પિતા છે. તેણે પૂર્વભવે લક્ષ જ્ઞાતિભોજન વગેરે કરી ષટ્ કાયનો આરંભ કરેલો છે. જ્ઞાતિભોજન કરાવતાં અનેક પત્રાવળીઓના ઢગલા ઉકરડા ઉપર થયા, તેમાં દ્વીંદ્રિય વગેરે અનેક જીવોની વિરાધના થયેલી છે. એ પ્રમાણે ચાર લાખનું દાન કરતાં તેણે મહાપાપ ઉપાર્જન કરેલું છે તે તમે સ્વયમેવ સમજી લેજો. તે પાપથી આ ભવમાં તે સર્પ થયેલ છે; તેમજ વળી તેણે મારા ધર્મકૃત્યોની નિંદા કરી છે તેથી એ દુર્લભબોધી જીવ છે. અહીંથી મૃત્યુ પામીને તે નરકે જશે.' આવા ધર્મદાસનાં વચન સાંભળી શુભંકર શ્રેષ્ઠીના પુત્રો પ્રતિબોધ પામ્યા અને શ્રાવક થયા. ધર્મદાસ તે જ ભવે મુક્તિને પામ્યા.

''પોતાના ત્રીજા ભવમાં શ્રી સંભવનાથનો જીવ, શ્રી દંડવીર્ય રાજા અને ધર્મદાસ સાધર્મી બંધુઓની સેવાથી પરમ સુખના સ્થાનને પ્રાપ્ત થયા.'' (પૃ.૮૮)

## ૬૬૮. બુદ્ધિની વૃદ્ધિના નિયમો તજું નહીં.

બુદ્ધિનો વિકાસ થાય તેવા નિયમોને વળગી રહું, પણ ત્યાગુ નહીં. બુદ્ધિની વૃદ્ધિ કરવા અલ્પ આહાર કરું. વારંવાર ભોજન કરું નહીં, સમયસર સૂઉં અને સમયસર ઊઠું કે જેથી બુદ્ધિનો વિકાસ થાય. બુદ્ધિ વૃદ્ધિના નિયમો પાળી પ્રતિદિન સત્પુરુષોના વચનોના વિચારમાં નિયમિતપણે રહું કે જેથી વસ્તુસ્વરૂપ જાણી સંસારનો મોહ મટી જઈ મારા આત્માનું કલ્યાણ થાય.

બુદ્ધિના આઠ ગુણો — (૧) શુશ્રુષા (૨) શ્રવણ (૩) ગ્રહણ (૪) ધારણ (૫) વિજ્ઞાન (૬) ઉહા (૭) અપોહ (૮) તત્ત્વાભિનિવેશ. એ આઠ ગુણો વડે બુદ્ધિનો વિકાસ થાય છે.

## ૬૬૯. દાસત્વ-પરમ-લાભ ત્યાગું છું.

દાસપણું કરીને ઘણો લાભ થતો હોય તો પણ તેનો ત્યાગ કરું. કારણ દાસત્વ-દાસપણું તે પરાધીનતા છે. કહ્યું છે કે 'પરાધીન સપને હું સુખ નાહી.' પરાધીન વ્યક્તિને સ્વપ્નમાં પણ સુખ નથી. શ્રી યશોવિજયજી મહારાજે પણ આઠ દૃષ્ટિની સજ્ઝાયમાં કહ્યું કે -

''સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ.'' તેમજ ''ધન ખેતી ધિક્ ચાકરી, ધન ધન હો વ્યાપાર.'' માટે દાસત્વપણામાં પરમ લાભ થતો હોય તો પણ તેને ત્યાગું અને સ્વતંત્ર જીવન જીવવા માટે ઉદ્યમ કરું.

**'શ્રી જૈનહિતોપદેશ'માંથી :– કોઈની પાસે દીનતા દાખવું નહીં**

તુચ્છ સ્વાર્થની ખાતર અન્ય પાસે દીનતા કરવી યોગ્ય નથી. જો દીનતા-નમ્રતા કરવા ચાહો તો



સર્વ શક્તિવંત સર્વજ્ઞની કરો. જેઓ પોતે પૂર્ણ સમર્થ છે, તેઓ સ્વ-આશ્રિતની ભીડ ભાંગી શકે છે; પરંતુ જેઓ પોતેજ અપૂર્ણ, અશક્ત હોય તેઓ શરણાગતની શી રીતે ભીડ ભાંગી શકે? સર્વજ્ઞ પ્રભુની પાસે પણ વિવેકપૂર્વક યોગ્ય માગણી જ કરવી ઘટે. વીતરાગ પરમાત્માની કે નિર્ગ્રંથ અણગારની પાસે તુચ્છ સાંસારિક સુખની પ્રાર્થના કરવી ઉચિત નથી. તેમની પાસે તો જન્મમરણનાં દુઃખ દૂર કરવાની અથવા ભવભવનાં દુઃખ જેથી ટળે એવી ઉત્તમ સામગ્રીની જ પ્રાર્થના કરવી ઘટે છે. યદ્યપિ વીતરાગ પ્રભુ રાગદ્વેષ રહિત છે તો પણ પ્રભુ પ્રત્યેનો શુદ્ધ ભક્તિરાગ ચિન્તામણિ રત્નની પેઠે ફળીભૂત થયા વગર રહેતો નથી. શુદ્ધ ભક્તિ એ એક અપૂર્વ વશીકરણ છે. ભક્તિથી કઠીન કર્મનો પણ ક્ષય થઈ જાય છે, અને તેથી સર્વ સંપદા સહજ આવી મળે છે. આવો અપૂર્વ લાભ મૂકી બાવળે બાથ ભરવા જેવી તુચ્છ વિષયોની પ્રાર્થના પ્રભુ પાસે કે અન્યત્ર પાસે કરવી તે શાણા સજ્જનોને ઘટિત નથી. સર્વ શક્તિવંત સર્વજ્ઞ પ્રભુની પાસે પૂર્ણ ભક્તિરાગથી વિવેકપૂર્વક એવી ઉત્તમ પ્રાર્થના કરો, યાવત્ પરમાત્મ પ્રભુની પવિત્ર આજ્ઞાને અનુસરવા એવો તો ઉત્તમ પુરુષાર્થ સ્ફુરાવો કે, જેથી ભવભવની ભાવઠ ભાગી પરમ આનંદ પ્રગટે. અર્થાત્ અનંત અવ્યાબાધ અક્ષય સહજ સુખ પ્રાપ્ત થાય. સેવા કરવી તો એવા જ સ્વામીની કરવી કે જેથી સેવક પણ સ્વામીને બરાબર થાય.'' (પૃ.૫૭)

## ૬૭૦. ધર્મધૂર્તતા ત્યાગું છું.

ઉપરથી ધર્માત્માનો દેખાવ કરવો અને અંદરથી બીજાને છેતરવાનો ભાવ રાખવો તે ધર્મના નામે ધૂર્તપણું છે તેનો ત્યાગ કરું છું.

**'વિક્રમાદિત્ય'માંથી :– ધર્મના નામે લોકોને ઠગતા એવા ધૂર્ત પાખંડી**

**ધૂર્તતાપસનું દૃષ્ટાંત –** ''દેશાટન કરવાથી બુદ્ધિ તીવ્ર થાય અને અવનવા અનુભવો થાય એમ વિદ્વાનોના મોઢેથી સાંભળી મહારાજા વિક્રમને દેશાટન કરવાની ઇચ્છા થઈ. તેમણે રાજકાજથી નિવૃત્ત થઈ, ભંડારમાંથી પાંચ રત્ન લીધા અને પ્રયાણ કર્યું. અનેક શહેરો, પહાડો અને નદીઓ ઓળંગી તે પદ્મપુર નામના શહેરમાં આવી પહોંચ્યા. આ શહેર સાચે જ સુંદર હતું. પણ એ શહેરમાં વસનારા બધા જ ધુતારા-ઠગ હતા. આ શહેરના રાજાનું નામ હતું અન્યાયી અને મંત્રીનું નામ હતું સર્વભક્ષી અને પાષાણહૃદયી.

શહેરથી પરિચિત થવા મહારાજા ફરતા ફરતા એક શાહુકારની દુકાને જઈ ચઢ્યા, ત્યારે એક તાપસ ત્યાં આવ્યો ને તેણે એક શેર ઘીની માંગણી કરી. તાપસની માંગણી સાંભળી શાહુકારે શેરને બદલે બશેર ઘી આપ્યું. ઘી લઈ તાપસ પોતાના ગુરુ પાસે આવ્યો. ને ઘી ગુરુ પાસે મૂક્યું. ગુરુની ઘી પર દૃષ્ટિ પડતાં જ પૂછ્યું, ''આ ઘી કેટલું છે? જવાબમાં શિષ્યે કહ્યું, ''બશેર છે.''

આ સાંભળી ગુરુ કર્કશ અવાજે બોલ્યા, ''વધારે ઘી શું કરવા લાવ્યો? ચોરીરૂપી પાપવૃક્ષનું ફળ આ ભવમાં વધ-ફાંસી, બંધન-કારાવાસ છે અને પરભવમાં નરકની વેદનાઓ છે, માટે પાછે પગલે જઈ વધારાનું ઘી પાછું આપી આવ.''

ગુરુની આજ્ઞા સાંભળતા જ શિષ્ય ઘી લઈ શાહુકારની દુકાને પાછો આવ્યો ને વધારાનું ઘી પાછું લેવા આગ્રહ કરવા લાગ્યો. આ જોઈ વિક્રમાદિત્ય નિર્લોભી ગુરુની મનમાં પ્રશંસા કરતા, શિષ્યની પાછળ પાછળ ચાલ્યા. આશ્રમમાં પહોંચતા જ ગુરુને નમસ્કાર કરી પોતાની પાસેના પાંચ રત્ન તેમની સમક્ષ મૂકી



પ્રાર્થના કરતા કહ્યું, ''હે મહાત્મા! હું દેશાટન કરવા નીકળ્યો છું. આપની કીર્તિની સુવાસથી આકર્ષાઈ અહીં આવ્યો છું. આ રત્નો સાથે દેશાટન કરવું ભયકારક થઈ પડ્યું છે, તેથી રત્નોને આપની પાસે રાખો. વિદ્વાનો કહે છે, જ્યાં મનુષ્યમાં સુંદર આકૃતિ-રૂપ છે ત્યાં ગુણો પણ હોય છે અને જ્યાં ધન હોય ત્યાં ભય જરૂર હોય છે. તેથી આ રત્નો અહીં મૂકી જવા ઇચ્છુ છું, તો કૃપા કરી તે આપની પાસે રાખો અને મને નિર્ભય બનાવો.''



મહારાજાના શબ્દો સાંભળી તાપસે મોઢેથી ન બોલતાં હાથથી ઇશારો કરતાં કહ્યું, ''ધનને દેખવાની વાત તો દૂર રહી પણ અમે તેને સ્પર્શ પણ કરતા નથી, કારણ કે સાધુ માટે દ્રવ્ય સંગ્રહ એ દોષ છે.'' કહેતા ગુરુએ રત્નો રાખવા આનાકાની કરતા કહ્યું જો ભાઈ, તારે રત્નો સાથે લઈ જવા ન હોય તો તારા જ હાથે પેલા નાળામાં તે મૂકી દે.''

તાપસની નિર્લોભી વૃત્તિની પ્રશંસા કરતા મહારાજાએ તાપસે બતાવેલા નાળામાં રત્નો મૂકી પ્રણામ કરી સંસારનાં કૌતુકો જોવા આગળ પ્રયાણ કર્યું.

વિક્રમના ગયા પછી તાપસે લોકોને આવી રીતે ઠગી ઘણું ધન એકઠું કર્યું અને અલકાપુરીના મહેલ જેવો મઠ બંધાવી તેમાં રહી સાધુ વેશથી બધાને છેતરતો સમય વિતાવવા લાગ્યો.

કેટલાક દિવસો પછી અનેક દેશો જોઈ જ્યાં તાપસ હતો ત્યાં મહારાજા આવ્યા ને આશ્રમને બદલે સુંદર મઠ જોઈને વિચારમાં પડ્યા. તપાસ કરતાં 'એ તાપસે જ મઠ બંધાવ્યો છે' એવું જાણ્યું. એટલે તાપસ પાસે જઈ પ્રણામ કરી રત્નોની માગણી કરી. જવાબમાં તાપસે કહ્યું, ''અરે, આ તું શું બોલે છે? કોની પાસે રત્ન માંગે છે? તેં કોને રત્ન આપ્યા છે? તું કોણ છે? મેં તને ક્યારે જોયો હોય તેવું યાદ આવતું નથી. તારી બુદ્ધિ હરામ છે.'' આ પ્રમાણે તાપસ 'ચોર કોટવાળને દંડે' તે કહેવતાનુસાર વિક્રમ સાથે લડવા લાગ્યો. આ જોઈ મહારાજા મનમાં વિચારવા લાગ્યા કે, ''આ ઢોંગી ધુતારો-ઠગ તાપસ મારા રત્નો હજમ કરી જવા ઇચ્છે છે. સાચે જ ઠગ, દુર્જન, લુચ્ચા અને ક્રુર માણસો બહુ જ સાવધાન હોય છે.'' આમ મનમાં વિચારતા મહારાજાને સરોવર કિનારે જોયેલા બગલાનું દૃશ્ય મનમાં યાદ આવ્યું કે જાણે માછલી કહી રહી હોય કે, 'મહારાજ, આપ આ બગલાને ધાર્મિક વૃત્તિવાળો માનો છો, પણ તે દુષ્ટ છે. તેણે તો અમારા કુટુંબનો નાશ કર્યો છે. ઊજળું એટલું દૂધ એમ ક્યારે પણ માનતા નહીં.'

ક્ષણો પસાર થતાં મહારાજાએ ફરીથી નમ્રતાપૂર્વક કહ્યું, ''આપના દર્શનથી પવિત્ર થઈ અહીંથી જતાં મેં પાંચ રત્નો નાળામાં તમારા કહેવાથી મૂક્યા હતા તે હવે કેમ ના પાડો છો? જવાબમાં તાપસ બોલ્યો, ''ઓ ભાઈ, તારી ક્યાંક ભૂલ થાય છે, મારી પાસે નહિ કોઈ બીજા પાસે મૂક્યા હશે.''

તાપસના શબ્દો સાંભળી મહારાજા વિક્રમને, ધર્મના નામે કેવું ધૂર્તપણું જીવો કરી શકે છે તેનું ભાન થયું. (પૃ.૪૫૫)

**વેશ્યાએ કરેલ યુક્તિ –** પછી તે રાજા વિચાર કરી એક વેશ્યાને મળ્યો. તેણે કહ્યું—હું યુક્તિ વડે તમને રત્નો પાછા અપાવીશ. પછી વેશ્યાએ એક દિવસે રત્નોનો થાળ ભરી સંન્યાસીની પાસે આવી કહ્યું કે મારી પુત્રી મારું માનતી નથી માટે આ બધા રત્નોનો થાળ આપને આપવા ઇચ્છું છું. તે જ સમયે સંકેત



પ્રમાણે રાજા વિક્રમે સાદા વેષમાં આવી પોતાના પાંચ રત્નો માંગ્યા. ત્યારે સંન્યાસીએ વિચાર્યું કે એ પાંચ રત્નો જો ન આપીશ અને આ વ્યક્તિ કાંઈ બોલશે તો વેશ્યાને પણ મારા ચરિત્ર પ્રત્યે અવિશ્વાસ ઉત્પન્ન થશે અને આ રત્નોનો થાળ આપશે નહીં. માટે તરત જ તે રત્નો વિક્રમને પાછા આપી દીધા. પછી વેશ્યાની દાસીએ આવીને તુરંત કહ્યું કે હવે તમારી પુત્રી સમજી ગઈ છે, હવે તે બધું તમારું કહેલું માનશે. માટે રત્નોનો થાળ પાછો લઈ આવો. એમ યુક્તિ કરી ધર્મને નામે ધૂર્તતા કરનારા પાસેથી પણ રત્નો પાછા કઢાવી લીધા. માટે પાપના કારણરૂપ ધર્મધૂર્તતાને ત્યાગું છું.



## ૬૭૧. માયાથી નિવર્તું છું.

માયાનો ત્યાગ કરું. મોક્ષે જવું હશે તો માયાનો ત્યાગ કરી સરળતા લાવવી પડશે. કારણ મોક્ષના દ્વારમાં પ્રવેશ કરવો હોય તો સીધા થવું પડે. વક્રપણું હોય તો મોક્ષના દ્વારમાં પ્રવેશ કરી શકાય નહીં. સરળતા એ ધર્મના બીજસ્વરૂપ છે. માયાથી સ્ત્રીપર્યાય મળે છે, અથવા તિર્યંચગતિમાં જવું પડે છે. માટે મરણાંત કષ્ટ આવી પડે તો પણ માયા કરું નહીં એવો ભાવ કેળવું.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''કપટ રહિત આચાર પાળવો.'' લોકને દેખાડવા કરે તે કપટ છે. તે યોગ્ય નથી. આત્માર્થે કપટ રહિત આચાર પાળે તે યોગ્ય છે. ઉપરથી લોકને દેખાડવા કરે પણ અંતરમાં ભાવ ન હોય, વાસના બીજી હોય તો તે ક્રિયા કપટવાળી છે. (પૃ.૧૬૭)

''માયામાં વર્તવાનું કારણ શું? કંઈક લોભ હોય-યશનો, સારું દેખાડવાનો, તો માયા થાય. હોય એના કરતાં બીજો દેખાવ કરે તે માયા. માયાને શલ્ય કહે છે. માયા, મિથ્યાત્વ અને નિદાન એ ત્રણમાંથી એક શલ્ય હોય તો પણ તે વ્રતાદિ સાચા ન કહેવાય. વૃત્તિ રોકે તો વ્રત કહેવાય. માયાને લીધે વૃત્તિ રોકાય નહીં. માયાનું આવરણ નથી તૂટતું, એટલી નિર્બળતા છે. હિંમત કરે તો સાચું કહી દે. પ્રજ્ઞાસહિત સરળતા હોય, તો યોગ થાય.'' (પૃ.૧૬૯)

## ૬૭૨. પાપમુક્ત મનોરથ સ્મૃત કરું છું.

સર્વ પ્રકારના પાપોથી મુક્ત થવાનો મનોરથ નિરંતર સ્મૃતિમાં રાખું. કારણ આ જીવ સવારથી તે રાત્રે ઊંઘમાં પણ પાપ જ કર્યા કરે છે. માટે 'હું તે સર્વ પાપથી મુક્ત થાઉં એ મારી અભિલાષા છે.' અથવા આ મારો મનોરથ છે તેને હે નાથ! પૂર્ણ કરો.

**'યોગશાસ્ત્ર ભાષાંતર'માંથી :– શ્રાવકોએ નીચેના મનોરથો કરવા**

જૈનધર્મથી રહિત થઈ ચક્રવર્તી પણ હું ન થાઉં; પણ જૈનધર્મથી વાસિત દાસ કે દરિદ્ર થાઉં તો તે પણ મને સંમત છે.

અહો! હું આ સર્વ સંયોગોનો ત્યાગ કરી, જીર્ણપ્રાય વસ્ત્રવાળો થઈ, મળથી ભિંજાયેલા શરીરવાળો છતાં શરીર ઉપરથી નિરપેક્ષ બની માધુરી વૃત્તિવાળી મુનિચર્યાનો ક્યારે આશ્રય કરીશ? દુઃશીલોની સોબતનો ત્યાગ કરી, ગુરુ મહારાજની પાદરજને સ્પર્શ કરતો, યોગનો અભ્યાસ કરી આ સંસારનો નાશ


શ્રી આનંદઘનજીની લબ્ધિઓ
સભામાં શ્રી આનંદઘનજી અને શેઠ વગેરે
શેઠ સાથે વાર્તાલાપ
બાદશાહના હુકમથી ઘંટી ફેરવતા શ્રાવકો
શ્રી આનંદઘનજીએ આપેલ સોટીથી ઘંટીઓ ચોંટી ગઈ
શ્રી આનંદઘનજી અને બાદશાહનું મિલન
શ્રી આનંદઘનજીના પ્રભાવે પીંજારો નીચે પડ્યો



કરવાને હું ક્યારે સમર્થ થઈશ? મધ્યરાત્રિએ શહેરની બહાર કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાનમાં રહેલા મને સ્તંભ જાણી બળદો પોતાના સ્કંધનું ક્યારે ઘર્ષણ કરશે? શત્રુ અથવા મિત્ર ઉપર, તૃણ કે સ્ત્રીના સમુદાય ઉપર, સોના કે પત્થર ઉપર, મણિ કે માટી ઉપર, મોક્ષ કે સંસાર ઉપર, એક સરખી બુદ્ધિવાળો રાગદ્વેષ વિનાનો હું ક્યારે થઈશ? આ પ્રમાણે મોક્ષ મહેલ ચઢવાને ગુણઠાણાની શ્રેણિરૂપ નિસરણી સરખા તથા પરમ આનંદરૂપ લતાના કંદ સરખા મનોરથો શ્રાવકોએ કરવા. (પૃ.૧૮૫)

અપૂર્વ અવસરમાં ગુણસ્થાન આરોહણ ક્રમ અથવા પરમપદ પ્રાપ્તિની ભાવના પ્રતિદિન કરવા માટે પરમકૃપાળુદેવે પાપમુક્ત ઉત્તમ પ્રકારના મનોરથોની સ્મૃતિ આપી છે.

## ૬૭૩. વિદ્યાદાન દેતાં છલ ત્યાગું છું.

કોઈને પણ વિદ્યા શિખવવામાં છળ કરું નહીં. સ્કૂલોમાં પણ વિદ્યાર્થીઓને પ્રત્યેક વિષય સ્પષ્ટ સમજાવવા કોશિશ કરું. પણ તે મારી પાસે ઘરે ટ્યુશન લેવા આવે એવો ભાવ રાખી છળ કરું નહીં.

**પૂ.શ્રી બ્રહ્મચારીજીનું દૃષ્ટાંત – કાળજીપૂર્વક ભણાવવું.** પૂ.શ્રી બ્રહ્મચારીજી સ્કૂલમાં વિદ્યાર્થીઓને ભણાવતાં એવા તલ્લીન થઈ જતાં કે પિરીયડ પૂરો થયાની ઘંટડી પણ તેમને સંભળાતી નહીં. પણ બીજા માસ્તરને દ્વાર પર ઊભેલા જાણી ભણાવવાનું બંધ કરતા હતા.

## ૬૭૪. સંતને સંકટ આપું નહીં.

સંત એવા મહાત્માપુરુષોને કોઈ દિવસ સંકટ આપું નહીં. એમાં મારું જ મહાન અહિત છે એમ માનું. સંતોને સંકટ આપવા તે નરકનું દ્વાર શોધવા બરાબર છે.

**'ઉપદેશામૃત'માંથી :–**

**શ્રી આનંદઘનજીનું દૃષ્ટાંત –** ''આનંદઘનજીને વ્યાખ્યાન વંચાવવા સંઘે તેમના ગુરુ પાસે માગણી કરી. તે વૈરાગ્યમાં વિશેષ હતા. તેથી બધાને પ્રિય હતા. કોઈ કારણસર આગેવાન શેઠ મોડા આવ્યા તોપણ આનંદઘનજીએ બીજા બધાને આવેલા જાણી વ્યાખ્યાન શરૂ કર્યું. પછી શેઠ આવ્યા. તેની સાથે વાતચીત થતાં 'અમે છીએ તો તમે છો', એમ શેઠે કહ્યું એટલે કપડાં મૂકી નગ્ન થઈ ગુરુ પાસે જઈ તે ચાલી નીકળ્યા. કોઈનું કહ્યું માન્યું નહીં.

તેમના ગુરુ કાળ કરી ગયા પછી એક પીંજારો વિદ્યાના બળે આકાશમાં રહી બોલતો કે હે બાદશાહ! એક કર, એક કર. તેથી બધાને મુસલમાન કરવા બાદશાહે લોકોને કનડવા માંડ્યા. સંઘે મુસલમાન થવા ના પાડી, તેથી કેદમાં નાખી તેમની પાસે દળણાં દળાવવાં માંડ્યા. પછી બધા સાધુઓએ વિચાર કરી આનંદઘનજીને આ વાતની જાણ કરી. જેમ લબ્ધિધારી વિષ્ણુકુમારે બધાને ધર્મમાં પડતી મુશ્કેલી દૂર કરી હતી અને પછી પ્રાયશ્ચિત્ત લીધું હતું તેમ શાસનને નિર્વિઘ્ન કરવા આનંદઘનજીને તેમણે વિનંતી કરી. તે તેમણે સ્વીકારી અને એક સોટી આપીને કહ્યું કે તે ઘંટીને અડાડજો, તેથી ઘંટીઓ ચોટી જશે. ''આમ કોણે કર્યું?'' એમ પૂછે, તો એમ કહેવું કે અમારા ગુરુએ. અને જણાવ્યું કે અમુક જગાએ હું બપોરે બાર વાગે આવીશ. ત્યાં બાદશાહને આવવા જણાવજો. બાદશાહ ત્યાં આવ્યો પણ તેણે આનંદઘનજી પાસે પોળિયા જેવા બે વાઘ દીઠા. તેથી તે આગળ જઈ શક્યો નહીં. તેને બોલાવ્યો તો પણ ન જઈ શક્યો. એટલે વાઘની પાસે થઈ આનંદઘનજી બાદશાહ પાસે ગયા અને કહ્યું, બધાને કેમ પીડે છે? તેથી બાદશાહે



કહ્યું, બાર વાગે ખુદાનો હુકમ સંભળાય છે. એટલામાં તો બાર વાગ્યા અને આકાશમાંથી અવાજ આવ્યો એટલે આનંદઘનજીએ એક વસ્ત્ર ઊંચુ કર્યું કે પીંજારો નીચે પડ્યો અને કરગરવા લાગ્યો. તેમણે બાદશાહને કહ્યું, આ તો તારા ગામનો પીંજારો છે, હવે કોઈને ધર્મ બાબત કનડીશ નહીં, અને પીંજારાને કહ્યું આમાં તારું કલ્યાણ નથી.'' (પૃ.૩૨૧)

આમ અજ્ઞાનવશ સંતોને સંકટ આપું નહીં પણ તેમની રક્ષા કરું.

## ૬૭૫. અજાણ્યાને રસ્તો બતાવું.

કોઈ અજાણ્યો હોય અને રસ્તો ભૂલી ગયો હોય તો તેને રસ્તો બતાવું. જેમ મહાવીર ભગવાનના જીવે નયસારના ભવમાં, મુનિઓ જંગલમાં ભૂલા પડી ગયા હતા તેમને પોતે રસ્તો દેખાડી રાજમાર્ગ ઉપર છોડીને પાછા વળતાં નમસ્કાર કર્યા ત્યારે તેમણે પણ મોક્ષના માર્ગમાં અનાદિથી ભૂલા પડેલા એવા મહાવીર ભગવાનના જીવને ધર્મ સમજાવી મોક્ષનો અંતરંગ માર્ગ બતાવ્યો હતો.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''ગીચ ઝાડીમાં ભૂલા પડેલા માણસને વનોપકંઠે જવાનો માર્ગ દેખાડે કે 'જા, નીચે નીચે ચાલ્યો જા. રસ્તો સુલભ છે.' 'આ રસ્તો સુલભ છે.' પણ એ ભૂલા પડેલા માણસને જવું વિકટ છે; એ માર્ગે જતાં પહોચશું કે નહીં એ શંકા નડે છે. શંકા કર્યા વિના જ્ઞાનીઓનો માર્ગ આરાધે તો તે પામવો સુલભ છે.'' (વ.પૃ.૬૬૮)

## ૬૭૬. બે ભાવ રાખું નહીં.

દુકાન ઉપર નાનો કે મોટો ગમે તે આવે પણ બધા માટે એક જ ભાવ રાખું. બે ભાવ રાખું નહીં. બે ભાવ રાખવાથી લોકોનો વિશ્વાસ ઊઠી જાય.

## ૬૭૭. વસ્તુમાં સેળભેળ કરું નહીં.

લોભવશ વસ્તુમાં સેળભેળ કરી વેચું નહીં. જેમકે ઘીમાં ડાલડા કે ઢોરોની ચરબીનો ભેળ કરે અથવા ગમે તે વસ્તુમાં બીજી હલકી વસ્તુનો ભેળ કરી વેચે તેમ કરું નહીં. તેના ઉપર વંચકશેઠનું દૃષ્ટાંત નીચે પ્રમાણે છે —

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– અન્યાયોપાર્જિત દ્રવ્ય કોઈ પ્રકારે નાશ પામે**

**વંચકશેઠનું દૃષ્ટાંત –** કોઈ નગરમાં હેલાક નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને હેલી નામે સ્ત્રી અને ચાલક નામે પુત્ર હતો. તે શ્રેષ્ઠી મધુર ભાષણ, ખોટા તોલ માપની રચના, નવી જુની વસ્તુઓને ભેગી કરવી, રસપદાર્થોમાં સેળભેળ કરવી, ચોરીથી લાવેલ ચીજ વેચાણ લેવી વિગેરે પાપવ્યવહારના પ્રકારોથી ગામના મુગ્ધ લોકોને છેતરી ધનોપાર્જન કરતો હતો. જો કે તે બીજાની વંચના કરતો હતો, તથાપિ પરમાર્થથી તો તે પોતાના આત્માનેજ વંચતો હતો.

આ પ્રમાણે હેલાકશેઠે ઘણું દ્રવ્ય મેળવ્યું, પણ દરેક વર્ષને અંતે અન્યાયોપાર્જિત હોવાને લીધે ચોર, અગ્નિ અને રાજા વિગેરેથી હરાઈ જવા લાગ્યું. અનુક્રમે તેનો પુત્ર યૌવન વયને પ્રાપ્ત થયો, એટલે કોઈ પરગામના શુદ્ધ શ્રાવક શ્રેષ્ઠીની પુત્રી સાથે તેને પરણાવ્યો. પુત્રવધૂ શુદ્ધ શ્રાવિકા અને ધર્મની જ્ઞાતા હતી તે શેઠને ઘેર આવી. હેલાકશેઠની દુકાન તેના ઘરની નજીક હતી. જ્યારે કોઈ ગ્રાહક આવે ત્યારે તેને આપવા તથા લેવામાં પુર્વે સંકેત કરી રાખેલા નામથી પુત્રની પાસે તોલના કાટલાં મંગાવે. જ્યારે લેવું હોય ત્યારે તે પાંચ પોષ્કર માગે, એટલે પુત્ર સવાશેરી આપે અને આપવું હોય ત્યારે ત્રિપોષ્કર માગે એટલે



પોણોશેર આપે. આ સંકેતની વાત લોકોમાં જાહેર થવાથી લોકોએ હેલાકશ્રેષ્ઠીનું નામ વંચકશ્રેષ્ઠી એવું પાડ્યું.

એક વખતે ધર્મજ્ઞ પુત્રવધૂએ પોતાના સ્વામીને પૂછ્યું કે, 'તમારા પિતા તમને બીજા નામથી કેમ બોલાવે છે?' શ્રેષ્ઠીપુત્રે તેના ઉત્તરમાં વ્યાપાર સંબંધી સર્વ હકીકત પોતાની સ્ત્રીને નિવેદન કરી. તે સાંભળી ધર્માર્થી વધૂએ પોતાના સ્વસુર હેલાકશ્રેષ્ઠીને વિજ્ઞપ્તિ કરી કે, 'હે તાત! આવા પાપવ્યાપારથી ઉપાર્જન કરેલું દ્રવ્ય ધર્મકાર્યમાં અને શારીરિક ઉપભોગમાં વપરાશે નહીં, તેમજ તે ઘરમાં પણ રહેશે નહીં, તેથી ન્યાયમાર્ગે દ્રવ્ય ઉપાર્જન કરવું ઉત્તમ છે.' શ્રેષ્ઠીએ કહ્યું કે, 'જો સાચા વ્યવહારથી ચાલીએ તો ઘરનો નિર્વાહ કેમ ચાલે? વધૂએ કહ્યું કે, 'ન્યાયથી મેળવેલું ધન અલ્પ હોય તો પણ તે વ્યવહારશુદ્ધ હોવાથી તેના વડે બીજું ઘણું મળે અને તે ઘરમાં પણ રહે. જેમ સારા ક્ષેત્રમાં વાવેલું બીજ, ઘણાં ફળવાળું હોઈ નિઃશંકપણે ભોગાદિકની પ્રાપ્તિને માટે થાય. કહ્યું છે કે, કૂટ માપ તોલ વિગેરેથી જે ધન ઉપાર્જન કરાય છે તે તપાવેલા પાત્ર પરના જળબિંદુની જેમ નાશ પામતું જોવામાં આવે નહીં, પરંતુ નાશ પામે જ છે. વળી અન્યાયવડે મેળવેલું દ્રવ્ય અશુદ્ધ, તેનાથી લાવેલું અન્નાદિ અશુદ્ધ, તે અન્નનો આહાર અશુદ્ધ, તે વડે શરીર અશુદ્ધ અને તેવા શરીર વડે કરેલું કૃત્ય પણ ઉખર ભૂમિમાં વાવેલા બીજની જેમ સફળ થતું નથી. જો આ વિષે પ્રતીતિ ન આવતી હોય તો છ માસ સુધી કૂટ વેપારની વૃત્તિ છોડી ન્યાયવૃત્તિથી વ્યાપાર કરો, એટલે ખબર પડશે.' વધૂનાં આવાં વચનથી શ્રેષ્ઠીએ તેમ કર્યું, તો છ માસમાં તેણે પાંચ શેર સુવર્ણ ઉપાર્જન કર્યું.

સત્ય વ્યવહારથી લોકો પાછો તેનો જ વિશ્વાસ કરીને તેને ત્યાંથી જ લેવા દેવા લાગ્યા અને સર્વત્ર તેની કીર્તિ પ્રસાર પામી. શેઠે તે સુવર્ણ લાવી વધૂને અર્પણ કર્યું. વધૂએ ન્યાયોપાર્જિત દ્રવ્યની પરીક્ષા કરવાને માટે તે સુવર્ણની એક પાંચશેરી કરાવી. પછી તેની ઉપર ચામડું મઢાવી પોતાના સસરાના નામની મહોર કરી બે ત્રણ દિવસ ચૌટામાં રખડતી મૂકી, પણ કોઈએ તે લીધી નહીં. એક દિવસ તેને ઉપાડીને એક વ્યક્તિએ જળાશયમાં નાખી દીધી. ત્યાં એક મત્સ્ય તેને ગળી ગયો. તે મત્સ્ય ભારે થઈ જવાથી કોઈ ઢીમરની જાળમાં આવ્યો. તેને ચીરતાં પાંચશેરી નીકળી. તેને અમુક તોલું જાણી માછી એજ શ્રેષ્ઠીને દુકાને વેચવા લાવ્યો. શ્રેષ્ઠીએ તેના પર પોતાનું નામ હોવાથી થોડું દ્રવ્ય આપી તેની પાસેથી વેચાતી લીધી. પછી તેના પરથી ચામડું કાઢીને જોતાં પોતાના સોનાની પાંચશેરી જાણી તેને વધૂનાં વચન ઉપર ઘણી પ્રતીતિ આવી. પછી શુદ્ધ વ્યવહાર વડે તેણે ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું અને સાતે ક્ષેત્રમાં અનેક પ્રકારે વાપર્યું. અનુક્રમે તેનો યશ ઘણી પ્રૌઢતાને પ્રાપ્ત થયો. ત્યારપછી સર્વ લોકો તે હેલાક શેઠના દ્રવ્યને શુદ્ધ માની વ્યાપાર માટે તેનું જ દ્રવ્ય લેવા લાગ્યા. વહાણોમાં પણ નિર્વિઘ્નતાને માટે તેનું દ્રવ્ય લઈને જ મુસાફરી કરવા લાગ્યા. આથી તેના દ્રવ્યની ઘણી વૃદ્ધિ થઈ અને તેનું નામ મંગલિક ગણાવા લાગ્યું. અદ્યપિ વહાણ ચલાવતી વખતે ખલાસી લોકો હેલાસા, હેલાસા એમ કહે છે. એ પ્રમાણે તે હેલાક શેઠનું પવિત્ર નામ અદ્યપિ જગતપ્રસિદ્ધ છે. (પૃ.૬૮)

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :–** ''વસ્તુનુ મૂલ્ય કદી બહુ જ વધી ગયું હોય તો પણ શ્રાવકે ત્રણગણાથી વધારે કિંમત લેવી નહીં. અને વેચી નાખેલા કરિયાણાના વખાણ કરવા નહીં કે ઓછે વેચી નાખ્યાનો પશ્ચાત્તાપ કરવો નહીં. તોલા માપાં કમી કે જાસ્તી રાખવા નહીં. ત્રાજવાના પાસંગ બે બાજુના નીચા ઊંચા રાખવા નહીં. હલકા ભારે રાખવા નહીં, ડાંડી મરડીને તોલમાં ફરક પાડી દેવો નહીં.



રસ પદાર્થ વિગેરેમાં બીજી વસ્તુનો ભેળસેળ કરવો નહીં, ખોટા વાંધા પાડવા નહીં, લાંચ ખાવી નહીં. સાટું કરવામાં વચ્ચેથી ખાઈ જવું નહીં, કરેલ સાટું ખોટું બોલીને ભાંગવું નહીં, ખોટું નાણું આપવું નહીં, પારકા ઘરાક ભાંગવા નહીં, વચન ફેર કરવું નહીં, અંધારે એકની બીજી અથવા ભારેને બદલે હલકી વસ્તુ આપવી નહીં, અક્ષર ભેદ કરવો નહીં, લખેલા અક્ષર ફેરવવા નહીં, પરવંચના કરવી નહીં, કોઈને ઠગવું નહીં, પરને ઠગનાર માણસ ખરી રીતે પોતે જ ઠગાય છે, સંસારમાં તેની હલકાઈ થાય છે અને સ્વર્ગ કે મોક્ષની તેવા માયાવી મનુષ્યને પ્રાપ્તિ થતી નથી; માટે કદિ પણ પરવંચના કરવી નહીં. સત્ય માર્ગે ચાલવું. સત્ય માર્ગે ચાલતાં અવશ્ય પુષ્કળ ધનની પ્રાપ્તિ થાય છે.'' (પૃ.૧૨૫)

## ૬૭૮. જીવહિંસક વ્યાપાર કરું નહીં.

જે વ્યાપાર કરવાથી જીવોની હિંસા થાય તેવા વ્યાપાર કરું નહીં. અનાજનો વ્યાપાર કે ખેતી વગેરેના ધંધામાં ઘણી જીવ હિંસા થતી હોવાથી તેવા વ્યાપાર કરું નહીં.


**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :–** અનાજનો વ્યાપાર જો કે શ્રાવકે બનતા સુધી તેમાં હિંસા વિશેષ હોવાથી કરવા યોગ્ય નથી, છતાં આજીવિકા નિમિત્તે કરવો પડે તો પણ દુષ્કાળ પડે તો ઠીક, એમ ચિંતવવું નહીં. વૈદ્યનો વ્યાપાર કરવો ઘટિત નથી, છતાં વૈદ્ય કે ડૉક્ટર થાઓ તો ' રોગની વૃદ્ધિ કે રોગની ઉત્પત્તિ થયે આનંદ માનવો નહીં.' વસ્ત્રાદિકના વ્યાપારમાં પણ જેથી ઘણા મનુષ્યોને ગેરલાભ કે હાનિ થાય તેવું મોંઘાપણું ચિંતવવું નહીં; કારણ કે મોંઘુ થવાનું હોય તો અણચિંતવ્યું પણ થાય છે. માત્ર તેવા સંકલ્પ વિકલ્પથી જીવ ફોગટ કર્મ બાંધે છે. આવી બાબતમાં જેનું મન નિશ્ચળ છે તે પ્રશંસનીય છે અને જેનું મન માઠા વિચારવાળું છે તેને જોવાથી પણ પાપ લાગે છે. (પૃ.૧૨૩)

## ૬૭૯. ના કહેલા અથાણાદિક સેવું નહીં.

ભગવાને જે અથાણા, મુરબ્બા વગેરેની ના કહી છે તેનું સેવન કરું નહીં.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''લીલોતરીનો ત્યાગ કર્યો છે તેમાં અથાણાનો સમાવેશ થતો નથી. લીલોતરીમાં તો સચિત્ત ઊગેલી કે ઊગતી વનસ્પતિ સમાય છે અને અથાણામાં અચિત્ત થઈ ગયેલી વસ્તુઓ મુખ્યપણે હોય છે. એટલે કોઈ જીવોને મારે મારા આહાર અર્થે હણવા નથી એવી ભાવના લીલોતરીના ત્યાગીને હોય છે; કારણ કે બીજા જીવોને હણવાથી મારા આત્માને સંસાર-પરિભ્રમણનું કારણ રાગદ્વેષ છે તેમાં પ્રવૃત્તિ થાય છે, તે રાગદ્વેષ ટાળવા આ લીલોતરીના જીવો પ્રત્યે દયા રાખું છું એટલે મારા જીવને જ બચાવું છું. રસમાં લુબ્ધ થવાથી ઘણી વખત આ જીવ છેદાયો છે, ભેદાયો છે, શેકાયો છે, તળાયો છે અને વારંવાર સંતાપ પામ્યો છે, તે ભાન નહોતું; પણ પરમકૃપાળુદેવની કૃપાથી આ જીવની હવે તેવી દશા ન થાય તે અર્થે બીજા જીવો પ્રત્યે તેવા દુઃખની આ જીવને હવે ઇચ્છા નથી. બીજું અથાણામાં ફૂગ આવે છે તે વનસ્પતિકાયના જીવો છે, અને ન સચવાય તો લીધેલા વ્રતમાં દોષ થવાનો સંભવ છેજી. જે વિચારવાન જીવો લીલોતરીનો ત્યાગ કરી શકતા નથી તેવા જીવો પણ અથાણાનો ત્યાગ એવી ભાવનાથી કરે છે કે એકેંદ્રિય જીવો બધા બચાવી શકાય તેમ હાલ લાગતું નથી, પણ બેઇંદ્રિય આદિ ત્રસ (હાલતાં-ચાલતાં) જીવો અથાણામાં પડે છે તે એક જાતનો કહોવારો છે તે ખાવો ઘટતો નથી; તથા રસના લોભી જીવ અથાણા કરી રાખી, શાક ન મળી શકે તેવી મોસમમાં અથાણાથી રસ પોષવાનું કરે છે

# શ્રી વસ્તુપાલ તેજપાલ





તે રસ ઘટાડવાને અથાણાનો ત્યાગ કરે છેજી. જેમ જેમ દયાની લાગણી વધતી જાય તેમ તેમ જીવ પોતાના આત્માને પાપના કારણોથી બચવા થોડી વસ્તુઓથી પેટ પૂરતો ખોરાક નિર્દોષપણે લેવાની યોજના કરીને જીવે છેજી. (પૃ.૨૩૪)

## ૬૮૦. એક કુળમાં કન્યા આપું નહીં, લઉં નહીં.

કન્યાને પોતાના જ કુળમાં આપું નહીં અથવા પોતાના કુળની કન્યાને પુત્રવધૂ તરીકે લઉં નહીં.

## ૬૮૧. સામા પક્ષનાં સગાં સ્વધર્મી જ ખોળીશ.

પુત્ર કે પુત્રીના લગ્ન માટે સામા પક્ષના સગાં સ્વધર્મના જ શોધીશ. કારણ કે પુત્રી જૈનધર્મી હોય અને એના સાસરા પક્ષવાળા વૈષ્ણવ વગેરે હોય તો તેને ધર્મક્રિયા કરવામાં બાધા આવે, માટે સામા પક્ષવાળા સ્વધર્મી જ ખોળીશ.

**'શ્રી જૈન હિતોપદેશ'માંથી :–** સરખા ધર્મ આચરણવાળા સાથે વિવાહ કરવો; પણ ગોત્રીય સાથે કરવો નહીં. શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં એક ગોત્રવાલા સાથે વિવાહ કરવાનો નિષેધ કર્યો છે. સ્ત્રી અને ભર્તારનો ધર્મ એક જ હોય તો ધર્મ સંબંધી તકરાર ઊઠવાનો સંભવ રહે નહીં. પણ ધર્મકાર્ય કરવામાં પરસ્પર એકબીજાને સહાયભૂત થાય. (પૃ.૧૨૦) માટે સામા પક્ષનાં સગાં સ્વધર્મી જ ખોળીશ.

## ૬૮૨. ધર્મકર્તવ્યમાં ઉત્સાહાદિનો ઉપયોગ કરીશ.

દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારે ધર્મ કહ્યો છે. અથવા ક્ષમા આદિ દશલક્ષણરૂપ ધર્મ કહ્યો છે. તે ધર્મ કર્તવ્યમાં વિનય, વિવેક સહ ઉત્સાહપૂર્વક પ્રવર્તીશ જેથી શીઘ્ર કર્મોનો નાશ થાય.

**વસ્તુપાલ તેજપાલનું દૃષ્ટાંત –** મહા ગુજરાતના મહામંત્રી વસ્તુપાલ તેજપાલ થઈ ગયા. જેમણે ધર્મના અનેક કર્તવ્યો ઉત્સાહપૂર્વક કર્યાં. તે નીચે પ્રમાણે :–

(૧) જેણે અનેક સાધુ સંતોને દાન આપ્યા. (૨) જેણે અનેક ગરીબોના દુઃખ ફેડ્યા. (૩) જેણે અનેક યાત્રીઓના પગ ધોયા. (૪) જેણે સિદ્ધગિરીના ૧૩ યાત્રાસંઘ કાઢ્યા. (૫) જેણે અનેક જ્ઞાનભંડારો માટે શાસ્ત્રો લખાવ્યા. (૬+૭) તથા આબુ માઉન્ટ ઉપર જેણે ભવ્ય અદ્ભુત જિનાલયોનું નિર્માણ કર્યું. જે આજે પણ જગત પ્રસિદ્ધ છે. એમ ધર્મકર્તવ્યો કરવામાં સદા ઉત્સાહ આદિનો ઉપયોગ કરીશ.

## ૬૮૩. આજીવિકા અર્થે સામાન્ય પાપ કરતાં પણ કંપતો જઈશ.

પોતાની આજીવિકા પ્રાપ્ત કરતાં સામાન્ય પાપ થાય તો પણ કંપારી છૂટે કે આ પાપ મારે કરવા પડે છે એનો અંતરમાં પશ્ચાત્તાપ કરીશ, અને તે પાપ પણ છૂટે એવી ભાવના રાખીશ.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જેનું સારી રીતે ઉપજીવન ચાલે છે, તેણે કોઈ પણ પ્રકારના અનાચારથી લક્ષ્મી મેળવવી ન જોઈએ. મનને જેથી સુખ હોતું નથી તેથી કાયાને કે વચનને ન હોય. અનાચારથી મન સુખી થતું નથી, આ સ્વતઃ અનુભવ થાય તેવું કહેવું છે.

ન ચાલતાં ઉપજીવન માટે કંઈ પણ અલ્પ અનાચાર (અસત્ય અને સહજ માયા) સેવવો પડે તો મહાશોચથી સેવવો, પ્રાયશ્ચિત્ત ધ્યાનમાં રાખવું. સેવવામાં નીચેના દોષ ન આવવા જોઈએ –

| | |
|---|---|
| ૧. કોઈથી મહા વિશ્વાસઘાત | ૨. મિત્રથી વિશ્વાસઘાત |
| ૩. કોઈની થાપણ ઓળવવી | ૪. વ્યસનનું સેવવું |



૫. મિથ્યા આળનું મુકવું ૬. ખોટા લેખ કરવા
૭. હિસાબમાં ચુકવવું ૮. જુલમી ભાવ કહેવો
૯. નિર્દોષને અલ્પ માયાથી પણ છેતરવો ૧૦. ન્યૂનાધિક તોળી આપવું
૧૧. એકને બદલે બીજું અથવા મિશ્ર કરીને આપવું ૧૨. કર્માદાની ધંધો - એ વાટેથી
૧૩. લાંચ કે અદત્તાદાન કંઈ રળવું નહીં.

એ જાણે સામાન્ય વ્યવહારશુદ્ધિ ઉપજીવન અર્થે કહી ગયો.'' (વ.પૃ.૧૭૯)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :–** ''ખર કર્મો તજીને, ન્યાયવૃત્તિ મૂક્યા સિવાય, શુદ્ધ વ્યવસાયવડે ગૃહસ્થ દ્રવ્યવૃદ્ધિ કરે.'' ખર કર્મ એટલે નિર્દય જનોને ઉચિત એવા કોટવાલ, ગુપ્તિપાલ (જેલર) અને સીમપાલ (સીમાનો રક્ષક) વિગેરેની નોકરી કે જે અત્યંત પાપવ્યાપાર વાળી છે તે શ્રાવકે ન કરવી અને સજ્જનોને સ્તુતિ કરવા યોગ્ય એવી ન્યાયવૃત્તિ રાખવી. કહ્યું છે કે —

''ડાહ્યા માણસો ન્યાયપરાયણપણે જ દ્રવ્ય ઉપાર્જન કરવાનો યત્ન કરે છે; કારણ કે સંપદા મેળવવાનો કષ્ટ વિનાનો ઉપાય ન્યાય જ છે.'' અનુચિત એવા વ્યાપાર કરવા વડે દ્રવ્ય મેળવવું તે પણ અન્યાયવૃત્તિ છે. (પૃ.૧૮૯)

## ૬૮૪. ધર્મમિત્રમાં માયા રમું નહીં.

ધર્મમિત્રોમાં કોઈ દિવસ માયા કરું નહીં. મહાપુરુષો માયા કરવાની જ ના પાડે છે તો પછી ધર્મમિત્રમાં તો માયા કેમ કરું? ન જ કરું.

**'સમાધિસોપાન'માંથી :–** ''સર્વ અનર્થોનું મૂળ કપટ છે; પ્રીતિ અને પ્રતીતિનો તે નાશ કરે છે. કપટીમાં અસત્ય, છળ, નિર્દયતા, વિશ્વાસઘાત આદિ ઘણા દોષો વસે છે. કપટીમાં ગુણો રહેતા નથી, માત્ર દોષોનો ભંડાર તે બને છે. માયાવી આ લોકમાં અપયશ પામે છે અને મરીને તિર્યંચ-નરક આદિ ગતિ પામે છે; ત્યાં અસંખ્યાત કાળ સુધી પરિભ્રમણ કરે છે. માયાચાર રહિત આર્જવધર્મ-સરળતા ધારે તેનામાં સર્વ ગુણો આવીને વસે છે; તે સર્વની પ્રીતિ, પ્રતીતિને પાત્ર બને છે; પરલોકમાં દેવોને પૂજ્ય ઇંદ્ર-પ્રતીંદ્ર આદિ થાય છે. માટે સરળ પરિણામ જ આત્માને હિતકારી છે. (પૃ.૩૧૫)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :–**

**ધર્મબુદ્ધિ તથા પાપબુદ્ધિનું દૃષ્ટાંત –** ભીમપુર નામના નગરથી પાપબુદ્ધિ અને ધર્મબુદ્ધિ નામે બે મિત્ર દ્રવ્ય કમાવાને માટે દેશાંતરે ગયા. ત્યાં દ્રવ્ય ઉપાર્જન કરી પાછા પોતાને ઘેર ત્વરાથી આવતા હતા. બોજો વધારે હોવાથી તેઓ કેટલુંક દ્રવ્ય ગામની બહાર દાટીને ઘેર આવ્યા.

એક વખત પેલા બે મિત્રમાંથી પાપબુદ્ધિ રાત્રે જઈને દાટેલું દ્રવ્ય કાઢી લઈ તે ખાડો કાંકરાથી પૂરી ઘેર આવ્યો. અન્યદા ધર્મબુદ્ધિએ પાપબુદ્ધિ પાસે આવીને કહ્યું કે, 'હું દ્રવ્ય વિના દુઃખી થાઉં છું, માટે ચાલો, પેલું દ્રવ્ય કાઢી લાવીએ.' પાપબુદ્ધિ બોલ્યો - 'ચાલો જઈએ'. પછી બંને દ્રવ્ય લેવા ગયા. ત્યાં ખાડો ખોદીને જોતાં દ્રવ્ય રહિત જોઈ પેલો દાંભિક પાપબુદ્ધિ કપટથી માથું કૂટવા લાગ્યો અને બોલ્યો - ''અરે ધર્મબુદ્ધિ! આમાંથી તું જ ધન કાઢી ગયો છે.'' ધર્મબુદ્ધિએ કહ્યું કે, ''મેં લીધું નથી પણ તેં લીધું છે, અને આ ખોટી માયા કરે છે; મેં તો દંભવૃત્તિ કરવાના પચ્ચખાણ લીધા છે.'' આ પ્રમાણે વાદ-વિવાદ કરતાં બંને રાજદ્વારમાં ફરિયાદે ગયા. બંને પરસ્પર એક બીજાના દૂષણ કહેવા લાગ્યા. તે સાંભળી



ન્યાયાધિકારીઓએ કહ્યું કે, 'તમે બંને દિવ્ય કરી બતાવો.' એટલે પાપબુદ્ધિ બોલ્યો : ''તમે અમારો ન્યાય બરાબર કર્યો નહીં. કેમકે ન્યાયમાં પ્રથમ દિવ્ય હોય જ નહીં. કહ્યું છે કે-પ્રથમ તો વાદ-વિવાદ સાંભળીને ન્યાય આપવો, અને જો તે બરાબર ન જણાય તો પછી સાક્ષીઓ લઈને ન્યાય આપવો, અને જો સાક્ષીનો અભાવ હોય તો પછી છેવટે દિવ્ય કરાવવું-એમ વિદ્વાનો કહે છે. આ વાતમાં તો અમારે જ્યાં દ્રવ્ય હતું, તે વનની દેવી સાક્ષી છે, તે જે ચોર હશે તેનું નામ આપશે.'' અધિકારીઓએ કહ્યું. ''તે વાત સત્ય છે. કહ્યું છે કે, જો વાદ-વિવાદમાં એક ચંડાલ પણ સાક્ષી મળે તો ત્યાં દિવ્ય કરાવવું નહીં; તો જ્યાં દેવતા સાક્ષી હોય ત્યાં તો વાત જ શી કરવી?'' આ પ્રમાણે ન્યાયાધિકારીઓએ માન્ય કરીને ઠરાવ્યું કે, 'કાલે સવારે ત્યાં જઈ વનદેવતાને પૂછવું.'

પાપબુદ્ધિ ઘેર આવ્યો અને રાત્રે પોતાના પિતાને કોઈ ખીજડીના વૃક્ષના કોટરમાં ગોપવ્યો. પછી તે વૃક્ષની આસપાસ સિંદુર અને તેલ લગાવ્યું. તેણે પોતાના પિતાને શિખવાડ્યું કે 'અહીં જ્યારે વનદેવીને પૂછવામાં આવે ત્યારે તમારે સ્વર બદલાવીને કહેવું કે, ધર્મબુદ્ધિ ગોમુખી વાઘ છે, તેણે આવીને ધન કાઢી લીધું છે.' આમ શીખવીને તે ચાલ્યો ગયો. બીજે દિવસે ધર્મબુદ્ધિ, પાપબુદ્ધિ, રાજા અને અધિકારી પ્રમુખ લોકો વનમાં ગયા. પછી વનદેવીની પૂજા કરીને પૂછ્યું કે, ''હે વનદેવતા! આ દ્રવ્ય કોણે લીધું છે તે કહો.'' એટલે ખીજડીના કોટરમાંથી એવો શબ્દ નીકળ્યો કે, ''ગોમુખી વાઘ ધર્મબુદ્ધિ દ્રવ્ય લઈ ગયો છે''.



પછી અધિકારીઓ ધર્મબુદ્ધિને કહેવા તત્પર થયા કે, 'આ દ્રવ્ય તેં લીધું છે.' તેવામાં ધર્મબુદ્ધિએ સર્વની સમક્ષ તે ખીજડીના વૃક્ષને અગ્નિ લગાડ્યો, જેથી તે વૃક્ષ બળવા માંડ્યુ, એટલે જેનું અર્ધું અંગ દગ્ધ થયેલું છે અને જેની આંખો ફૂટી ગઈ છે તેવો પાપબુદ્ધિનો પિતા તેના કોટરમાંથી નીકળ્યો. તે જોઈ અધિકારીઓ આશ્ચર્ય પામીને બોલ્યા કે - ''અરે શ્રેષ્ઠિ! આ શું? તેં વૃદ્ધાવસ્થામાં આવું પાપ કેમ કર્યું? શ્રેષ્ઠી બોલ્યો - ''આ પાપ મને પુત્રે કરાવ્યું.'' ત્યારથી તે બંને લોકમાં ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ એવા નામથી પ્રસિદ્ધ થયા. રાજાએ દાંભિક પાપબુદ્ધિનું સર્વસ્વ લૂંટી લઈને તેને પોતાના દેશમાંથી કાઢી મૂક્યો.

રાજાએ શુદ્ધધર્મી ધર્મબુદ્ધિનાં ઘણાં વખાણ કર્યાં અને તે સુખી થયો.

''આ બંને મિત્ર (ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ) ની વાર્તા સાંભળીને ગૃહસ્થ વ્રતધારીઓએ દંભ છોડીને વ્યવહાર કરવો, જેથી સૌભાગ્ય અને લક્ષ્મી પ્રાપ્ત થાય.'' (પૃ.૨૦૧)

માટે માયા કરું નહીં, પણ ધર્મમિત્રમાં તો કદી માયા કરું જ નહીં એવો દૃઢ નિશ્ચય રાખું.

## ૬૮૫. ચતુર્વર્ણી ધર્મ વ્યવહારમાં ભૂલીશ નહીં.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર આ ચાર વર્ણ છે. તેમાં પોતે જે વર્ણમાં જન્મ ધારણ કર્યો હોય તે વર્ણના ધર્મ એટલે કર્તવ્યને, વ્યવહારમાં ભૂલું નહીં. જેથી પોતાના સમાજમાં ટીકાને પાત્ર ન થાઉં. પણ



મુક્તિ અર્થે આત્મધર્મ તો વીતરાગ પ્રરૂપિત સિદ્ધાંત અનુસાર જ ઉપાસવા યોગ્ય છે.

## ૬૮૬. સત્યવાદીને સહાયભૂત થઈશ.

સત્યવાદીનો જ પક્ષ કરીશ. જે સત્યવાદી હોય તેને સહાયભૂત થઈશ.

**ગાંધીજીનું દૃષ્ટાંત –** જેમ મહાત્મા ગાંધીજીએ સત્યનો આગ્રહ રાખ્યો તો ભારત દેશના લોકોએ તેમને સહાય આપી. તેમાં માર પણ ખમવા પડ્યા. સત્યને માટે અનેક લોકોએ પોતાના પ્રાણ પણ આપી દીધા. એમ હું પણ સત્ય છે મત જેનો તેને મદદરૂપ થઈશ પણ સ્વાર્થવશ બની અસત્યવાદીઓને ટેકો આપીશ નહીં.

## ૬૮૭. ધૂર્ત્ત ત્યાગને ત્યાગું છું.

સાધુપણું લઈ લોકોને ઠગવાથી દુર્ગતિનું કારણ થાય. આવા ધૂર્ત્ત ત્યાગને ત્યાગું છું.

**'ધર્મામૃત'માંથી :–**

**મરુભૂતિનું દૃષ્ટાંત –** ''જ્યારે પાર્શ્વનાથ મરુભૂતિના ભવમાં હતા ત્યારે કમઠનો જીવ તેમનો મોટો ભાઈ હતો. મરુભૂતિ પ્રધાન થયો અને રાજા અરવિંદ સાથે લડાઈમાં ગયો, ત્યારે મોટા ભાઈએ પોતાની સત્તાને બળે મરુભૂતિની સ્ત્રી સાથે દુષ્ટ આચરણ કર્યું તેથી રાજાએ તેને રાજ્યમાંથી કાઢી મૂક્યો. પછી તે ક્રોધથી હાથ પર શિલા રાખી તપસ્યા કરતો હતો. ત્યાં મરુભૂતિ તેની માફી માગવા ગયો ત્યારે શિલા તેના ઉપર નાખી તેને મારી નાખ્યો.'' (પૃ.૧૨૩)

કમઠનો ત્યાગ તે ધૂર્ત ત્યાગ હતો, સાચો ત્યાગ નહોતો. માટે આવા ધૂર્ત ત્યાગનો ત્યાગ કરું.

## ૬૮૮. પ્રાણી પર કોપ કરવો નહીં.

કોઈપણ પ્રાણી ઉપર ક્રોધ કરવો નહીં. ક્રોધ કરવાથી પોતાનો આત્મા પહેલો દુઃખી થાય છે. પછી બીજાને પણ દુઃખી કરવાનું કારણ ઉપસ્થિત કરે છે. ક્રોધ પરસ્પર પ્રીતિનો નાશ કરે છે. માટે કોપ એટલે ક્રોધને જીતવાનો પ્રયાસ કરું, જેથી હું સુખી થાઉં અને સામાવાળો જીવ પણ સુખી થાય.

**'સમાધિસોપાન'માંથી :–** ''ક્રોધ વેરીને જીતવો તે જ ઉત્તમ ક્ષમા છે. ક્રોધશત્રુ કેવો છે? આ જીવને વસવાના સ્થાનરૂપ સંયમભાવ, સંતોષભાવ, નિરાકુળતાભાવ, તે સર્વેને બાળનાર અગ્નિ સમાન છે; સમ્યક્દર્શન આદિ રત્નોના ભંડારને તે લૂંટી લે છે; યશનો નાશ કરે છે, અપયશરૂપ કલંકને ફેલાવે છે, ધર્મ-અધર્મના વિચારનો વિનાશ કરે છે.

ક્રોધીને પોતાનાં મન, વચન, કાયા પોતાને વશ રહેતા નથી. ઘણા કાળની પ્રીતિ ક્ષણ માત્રમાં તોડી તીવ્ર વેર બાંધે છે. ક્રોધરૂપ રાક્ષસ જેને વળગ્યો હોય તે અસત્ય વચન, ભીલ, ચંડાળ આદિ બોલે તેવાં લોકનિંદ્ય વચન બોલે છે. ક્રોધને વશ જીવ પિતાને, માતાને, પુત્રને, સ્ત્રીને, બાળકને, સ્વામીને, સેવકને, મિત્રને મારી નાખે છે; સર્વ ધર્મનો લોપ કરે છે. તીવ્ર ક્રોધી જીવ વિષથી, કે શસ્ત્રથી પોતે આપઘાત પણ કરે છે; ઊંચાં મકાન કે પર્વત ઉપરથી પડતું મૂકીને કે કૂવામાં પડીને આપઘાત કરે છે. કોઈ રીતે ક્રોધીનો વિશ્વાસ રાખવા યોગ્ય નથી. ક્રોધી જીવ યમરાજ જેવો છે. ક્રોધી જીવ બીજા જીવોની ઘાતાદિ કરવા ઇચ્છે છે પણ તેથી તે પ્રથમ તો પોતાનાં જ્ઞાન, દર્શન, ક્ષમા આદિ ગુણોની ઘાત કરે છે, પછી સામા જીવનાં કર્મ પ્રમાણે બીજાની ઘાત તો થાય કે ન પણ થાય. ક્રોધના પ્રતાપે મહા તપસ્વી, નગ્ન વનવાસી



મુનિઓ પણ ધર્મથી ભ્રષ્ટ થઈ નરકે ગયા છે. ક્રોધ બન્ને લોકનો નાશ કરે છે; મહા પાપ બંધાવી નરકે પહોંચાડે છે, બુદ્ધિ ભ્રષ્ટ કરે છે, નિર્દયી બનાવે છે, બીજાએ આપણા ઉપર કરેલા ઉપકાર ભુલાવી કૃતઘ્રી કરે છે, તેથી ક્રોધ સમાન પાપ નથી. ક્રોધાદિ કષાય સમાન આત્માની ઘાત કરનાર કોઈ નથી. જગતમાં જે પુણ્યવાન, મહા ભાગ્યશાળી હોય છે, અને જેનું આ ભવ તથા પરભવમાં ભલું થવાનું હોય છે તેને જ ક્ષમા નામનો ગુણ પ્રગટે છે.'' (પૃ.૨૬૦)

**ક્રોધ જીતવાની ભાવના** - ''કોઈ દુર્વચન આદિથી દુઃખી કરે, ગાળો દે, ચોર, અન્યાયી, પાપી, દુરાચારી, દુષ્ટ, નીચ, ચંડાળ, કૃતઘ્રી એવાં અનેક કુવચન કહે, ત્યારે જ્ઞાની એવો વિચાર કરે કે મેં આનો અપરાધ કર્યો છે કે નહીં? જો અપરાધ કર્યો હોય તથા રાગ, દ્વેષ, મોહને લઈને તેને કોઈ વાતે દુઃખી કર્યો હોય, તો હું અપરાધી છું. મને ગાળ દે છે, ધિક્કારે છે, નીચ, ચોર, કપટી, અધર્મી કહે છે વ્યાજબી છે; એથી વધારે દંડ દે તોપણ વ્યાજબી છે. મેં અપરાધ કર્યો છે તેથી મારે ગાળ સાંભળીને ક્રોધ કરવા યોગ્ય નથી, અપરાધીને નરકમાં શિક્ષા ભોગવવી પડે છે, તો મારા નિમિત્તે એને દુઃખ થયું એટલે ક્રોધમાં આવીને તે કડવાં વચન કહે છે; આવો વિચાર કરીને જ્ઞાની ક્ષમા કરે છે; ક્રોધ કરતા નથી.'' (પૃ.૨૬૨)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :–**

**કુરુડ અને ઉકુરુડમુનિનું દૃષ્ટાંત –** કુણાલાનગરીના દરવાજાની ખાળ પાસે કુરુડ અને ઉકુરુડ નામના બે મુનિ કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા હતા. તેમના પ્રભાવથી 'તેઓને જળનો ઉપસર્ગ ન થાય' તેમ ધારી મેઘ નગરની બહાર વરસતો હતો. તે હકીકત જાણીને લોકોએ એકઠા થઈ તેમને ઉપદ્રવ કરવા માંડ્યો અને કહેવા લાગ્યા કે, ''તમારા બન્નેના મહિમાથી નગરમાં વરસાદ થતો નથી, તેથી અમને ઘણો પરિતાપ રહે છે, અને એ અમારે મોટા અરિષ્ટ-વિઘ્નરૂપ છે. માટે તમે અહીંથી નીકળો.'' આ પ્રમાણે વારંવાર કહેવાથી તે બન્નેના ધ્યાનમાં ભંગ થયો અને તેમને તે લોકોની ઉપર રૌદ્રધ્યાન ઉત્પન્ન થયું. તેથી તે બન્ને આ પ્રમાણે શ્લોક બોલ્યા -

वर्ष मेघ! कुणालायां, दिनानि दश पंच च ।
नित्यं मुसलधाराभि-र्यथा रात्रौ तथा दिने ॥१॥

ભાવાર્થ - ''હે મેઘ! કુણાલાનગરીમાં મુશળધારાએ જેવો રાત્રીએ તેવો જ દિવસે એમ પંદર દિવસ સુધી રોજ વરસ.''

આટલું કહેતા મેઘ વરસવા લાગ્યો. તે એટલો વરસ્યો કે તેના જળપ્રવાહમાં આખું નગર તણાઈને સમુદ્રમાં ચાલ્યું ગયું. તેમાં તે બન્ને મુનિ પણ અશુભ ધ્યાનમાં વર્તતા સતા તણાઈ ગયા.

''આર્ત્તાદિ અપધ્યાનથી મેઘની વૃષ્ટિ કરાવીને ક્ષમારહિતપણે આખા નગરને તણાવી તે બન્ને મુનિ અનર્થદંડ વડે નરકગતિને પ્રાપ્ત થયા.'' (પૃ.૨૧૧)

## ૬૮૯. વસ્તુનું તત્ત્વ જાણવું.

વસ્તુનું તત્ત્વ એટલે વાસ્તવિક સ્વરૂપ જાણવું. જીવ કે અજીવ વસ્તુનું સત્ય સ્વરૂપ જાણવાથી પોતાને પોતાનું ભાન થાય છે. અનાદિકાળથી આત્મવસ્તુના તત્ત્વને ન જાણવાથી જીવ ચાર ગતિમાં રઝળ્યા કરે છે. માટે હવે વસ્તુના વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન મેળવું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''નવ તત્ત્વનું કાળભેદે જે સત્પુરુષો ગુરુગમ્યતાથી શ્રવણ, મનન



અને નિદિધ્યાસનપૂર્વક જ્ઞાન કરે છે, તે સત્પુરુષો મહાપુણ્યશાળી તેમજ ધન્યવાદને પાત્ર છે. પ્રત્યેક સુજ્ઞ પુરુષોને મારો વિનયભાવભૂષિત એ જ બોધ છે કે નવ તત્ત્વને સ્વબુદ્ધિ અનુસાર યથાર્થ જાણવાં.'' (પૃ.૧૧૯)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''તત્ત્વ એટલે પદાર્થ. પદાર્થ એટલે કોઈ પણ વસ્તુ. તત્ત્વ એટલે સ્વરૂપ. ભગવાનનાં વચનો વડે રૂપી અરૂપી પદાર્થો જણાય છે. મુનિઓ આગમરૂપી આંખોથી આખા જગતને જાણે છે. શાસ્ત્ર ભણવાં એ પ્રવચન-ભક્તિ છે. આખા વિશ્વનું કેવું સ્વરૂપ છે તેને છ દ્રવ્ય અને નવતત્ત્વમાં કહ્યું છે.'' (પૃ.૧૧૩)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''અનંતકાળથી જીવ જન્મમરણ કર્યા કરે છે, પરંતુ શુભ સંયોગો પામીને સત્સંગયોગે જીવને પોતાના વિષે વિચાર કરવાની વૃત્તિ જાગે છે. 'હું હું હું કરું છું તેમાં હું કોને કહું છું? તેનો વિચાર ઉદ્ભવતાં સત્પુરુષની શોધ કરી તેનો નિર્ણય તે જ્ઞાની દ્વારા કરી લે છે એટલે જ્ઞાનીએ કહેલું આત્માનું સ્વરૂપ તેને માન્ય થાય છે —

**''છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ - મૂળ૦**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ - મૂળ૦''**

મૂળમાર્ગમાં કહેલાં જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ આત્મા એ સાત તત્ત્વનું પહેલું તત્ત્વ છેજી. તે જીવને કર્મનો સંગ છે તેથી બંધ દશામાં છે; તે કર્મનું મૂળ કારણ જીવના અશુદ્ધ ભાવ અને તેથી પુદ્ગલ વર્ગણા (જડ સૂક્ષ્મ પરમાણુઓના જથ્થા) નું આવવું થાય છે તે તે જડ પુદ્ગલ દ્રવ્ય અજીવ છે. તેવાં જ બીજાં આકાશ, કાળ, ધર્મ (ગતિમાં સહાયક), અધર્મ (સ્થિતિમાં સહાયક) અજીવ દ્રવ્યો છે. આમ [૧]પુદ્ગલ (રૂપ, રસ, ગંધ, સ્પર્શ ને શબ્દવાળા પદાર્થો) [૨]આકાશ, [૩]કાળ, [૪]ધર્મ અને [૫]અધર્મ - આ પાંચ અજીવ છે તે બીજું તત્ત્વ છે. જીવના અશુદ્ધભાવ અને તે નિમિત્તે આવતા પરમાણુઓના સમૂહને આસ્રવ નામનું ત્રીજું તત્ત્વ કહે છે તે અશુદ્ધભાવને લઈને આવેલાં પરમાણુ આત્માના પ્રદેશોની સાથે દૂધ ને પાણીની પેઠે એકમેક થઈને રહે છે, તેને ચોથું બંધ તત્ત્વ કહે છે. મૂળમાર્ગમાં કહેલા ખાસ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ સ્વભાવમાં જીવ રહે છે ત્યારે સંવર નામનું પાંચમું તત્ત્વ પ્રાપ્ત થયું એમ કહ્યું છે; તેથી નવાં કર્મ-પરમાણુ આવતા નથી કે બંધાતા નથી. સંવરના પ્રભાવે પૂર્વે બાંધેલા કર્મો પણ આત્માની સાથેનો સંબંધ છોડીને અનુક્રમે ખરી જાય છે. દૂધપાણીને ઉકાળી પાણી બાળી મૂકીએ તેમ પૂર્વ કર્મ ધીમે ધીમે બળી જાય છે તેને નિર્જરા નામનું છઠ્ઠું તત્ત્વ કહે છે. બધાં કર્મ છૂટી જાય તેવો ભાવ થયે આઠે કર્મ આત્માથી છૂટાં પડી જાય અને શુદ્ધ આત્મદશા સદા કાળ રહે તે અવસ્થાને મોક્ષ નામનું સાતમું તત્ત્વ કહ્યું છે. આમ સાત તત્ત્વમાં પુણ્ય અને પાપ બે તત્ત્વો ઉમેરીને કોઈ કોઈ આચાર્યો નવ પદાર્થની સંખ્યા પણ કરે છે. આત્માને જાણવો અને આત્મારૂપ વર્તવું એ સર્વ તત્ત્વોનો સાર છે; તેથી મોક્ષ-નિજશુદ્ધતા પ્રાપ્ત થાય છે.'' (પૃ.૧૮૬)

## ૬૯૦. સ્તુતિ, ભક્તિ, નિત્યક્રમ વિસર્જન કરું નહીં.

ભગવાનની સ્તુતિ તથા ભક્તિ કરવાનો જે નિત્યક્રમ છે. તેને કોઈ દિવસ ભૂલું નહીં. નિત્યક્રમ સદૈવ કરવાથી ધર્મ પ્રત્યેની લાગણી સદા બની રહે છે. નહીં તો આત્મધર્મનો લક્ષ ભૂલાઈ જાય અને આત્મા દુર્ગતિમાં પણ જઈ પડે. માટે ભક્તિ સ્વાધ્યાયનો નિત્યક્રમ વિસર્જન કરું નહીં.



## ૬૯૧. અનર્થ પાપ કરું નહીં.

અનર્થ એટલે પ્રયોજન વગર કોઈ પાપ કરું નહીં અથવા પાપયુક્ત વચન પણ બોલું નહીં. જેમકે આને તો મારવો જ જોઈએ તો જ સીધો થાય. દુષ્ટને શિક્ષા અને સજ્જનોની રક્ષા કરવી જોઈએ. એવું વચન પણ તીવ્ર ભાવો વડે બોલવાથી દુઃખ ભોગવવા પડે છે. તેનું દૃષ્ટાંત નીચે મુજબ છે —

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૩'માંથી :— કોઈને મારવાનું વચન પણ બોલવું નહીં**

**શૂરસેન અને મહિસેનનું દૃષ્ટાંત —** બંધુરા નામની નગરીમાં શૂરસેન અને મહિસેન નામે બે રાજપુત્ર હતા. તેઓ હમેશાં સદાચારવાળા અને પરસ્પર પ્રીતિવાળા થઈ સુખે રહેતા હતા. એક વખતે મહિસેનની જિહ્વા ઉપર અસાધ્ય રોગ ઉત્પન્ન થયો. વૈદ્યોએ તેને અસાધ્ય ધારી છોડી દીધો. એ રોગથી તેની જિહ્વા એવી ગંધાવા લાગી કે જેથી કોઈ તેની પાસે રહી શકતું નહીં. માત્ર તેનો બંધુ શૂરસેન જ સ્નેહથી તેની પાસે રહેતો હતો. રોગની તીવ્ર વેદનાથી જ્યારે મહિસેન 'અરે! અરે!' એવો પોકાર કરતો ત્યારે શૂરસેન કહેતો કે - 'હે બંધુ! શાંત થા અને સર્વ જગતને તારવા સમર્થ, તેમજ જ્ઞાનધ્યાનરૂપ અગ્નિથી આ ભવપ્રપંચ તથા કર્મજાલને ભસ્મ કરનાર શ્રી સર્વજ્ઞ પ્રભુનું સ્મરણ કર.'' બંધુના આવા ઉપદેશથી મહિસેને પંચપરમેષ્ઠીનું મનમાં ધ્યાન કરવા માંડ્યું. શૂરસેને પોતાના બંધુના જીવવાની આશા છોડી, પછી તેની પાસે પાપના અનેક નિયમો કરાવ્યા અને પ્રાસુકજળથી તેની જિહ્વા ઉપર જળસિંચન કરવા માંડ્યું. દૈવયોગે તે પ્રમાણે મંદમંદ જળસિંચન કરવાથી તેનો રોગ મૂળમાંથી ગયો. તેણે જે જે પચ્ચખાણ લીધા હતા તે તે પાળવા માંડ્યા.

એકદા ત્યાં શ્રી ભદ્રબાહુસ્વામી પધાર્યા. તેમનું આગમન સાંભળી તે બંને ભાઈ તેમને વંદન કરવા ગયા. દેશના સાંભળ્યા પછી મહિસેને શૂરસેનને રોગ થવાનું કારણ પૂછ્યું એટલે ગુરુ બોલ્યા - મણિપુર નગરમાં મદન નામના કોઈ સુભટને વીર અને ધીર નામે બે ધર્મીષ્ઠ પુત્ર હતા. એક વખતે તે બંને વનમાં ફરવા ગયા. ત્યાં પોતાના મામા વસંત નામના મુનિને પૃથ્વી ઉપર પડેલા જોઈ લોકોને તેનું કારણ પૂછ્યું, એટલે તેઓમાંથી કોઈએ કહ્યું કે - 'એક સર્પ, કાયોત્સર્ગે રહેલા આ મુનિને ડસીને રાફડામાં પેસી ગયો છે.' મામાના સ્નેહથી લઘુબંધુ ધીર બોલ્યો કે - 'અરે રાંક લોકો! તમે તે સર્પને નાસતાં મારી નાખ્યો કેમ નહીં?' તે સાંભળીને વીર બોલ્યો - 'હે ભ્રાતા! આમ બોલીને વૃથા કર્મ શા માટે બાંધે છે?' ત્યારે ધીરે કહ્યું : 'મુનિને ડસનારા સર્પને મારવાથી તો ધર્મ જ થાય. કહ્યું છે કે —

''दुष्टस्य दंडः स्वजनस्य पूजा, न्यायेन कोशस्य च संप्रवृद्धिः ।
अपक्षपातो रिपुराष्ट्रचिंता, पंचैव यज्ञा नृपपुंगवानां'' ।।१।।

''દુષ્ટને દંડ કરવો, સ્વજનની પૂજા કરવી, ન્યાયથી ભંડાર વધારવો, કોઈનો પક્ષપાત કરવો નહીં અને શત્રુના દેશની ચિંતા રાખવી- એ પાંચ ઉત્તમ રાજાઓને યજ્ઞ બરાબર છે.'' માટે આપણને ક્ષત્રિયોને તેમ કરવાથી કાંઈ દોષ લાગે નહીં.'' વીર બોલ્યો - ''હે બંધુ! આપણને જૈનને તે ઘટે નહીં, જૈનોને તો લાકડી ભાંગે નહીં, દૂધનું પાત્ર ફૂટે નહીં અને દૂધ ઢોળાય નહીં; તેવી રીતે જીવનો વધ થાય નહીં તેમ કરવું જોઈએ. જીવાનંદ વૈદ્યની જેમ જૈનોએ તો વચન પણ વિચારીને બોલવું જોઈએ.'' આ પ્રમાણેનું પોતાના બંધુનું વચન સત્ય માનીને તેમણે મુનિને યોગ્ય ઉપચાર વડે સજ્જ કર્યા. અનુક્રમે તે બંને



ક્ષત્રીપુત્ર મૃત્યુ પામીને તમે બે ભાઈ થયા છો. ધીરના જીવે તે ભવમાં બોલેલા અનર્થદંડરૂપ વાક્યની આલોચના કરેલી નહીં હોવાથી આ મહિસેન જિહ્વાના રોગથી પીડિત થયો અને મુનિને ઉપચારવડે જીવાડ્યા હતા તેથી પ્રાપ્ત થયેલ લબ્ધિથી તારા પ્રયાસવડે તે નિરોગી થયો. આ પ્રમાણેનો પૂર્વભવ સાંભળી બંને ભાઈઓને જાતિસ્મરણજ્ઞાન થવાથી અનર્થદંડને મૂળમાંથી નિવારી બંને જણે મુનિપણું ગ્રહણ કર્યું. આ શૂરસેન અને મહિસેનના દૃષ્ટાંતથી પાપનું મૂળ જે અનર્થદંડ તેનો મૂળમાંથી ત્યાગ કરવો. (પૃ.૨)

## ૬૯૨. આરંભોપાધિ ત્યાગું છું.

સર્વ પ્રકારના આરંભ તથા ઉપાધિનો ત્યાગ કરી મારા આત્માનું કલ્યાણ કરું. આરંભ ઉપાધિને લીધે ચિત્તની વૃત્તિ સ્થિર રહેતી નથી, તેમજ સત્સંગનો અવકાશ મળતો નથી; માટે પ્રવૃત્તિના મુખ્ય કારણભૂત એવા આરંભોપાધિને ત્યાગું છું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''ઉપાધિના યોગને લીધે શાસ્ત્રવાંચન જો ન થઈ શકતું હોય તો હમણાં તે રહેવા દેવું, પરંતુ ઉપાધિથી થોડો પણ નિત્ય પ્રતિ અવકાશ લઈ ચિત્તવૃત્તિ સ્થિર થાય એવી નિવૃત્તિમાં બેસવાનું બહુ અવશ્ય છે. અને ઉપાધિમાં પણ નિવૃત્તિનો લક્ષ રાખવાનું સ્મરણ રાખજો.

જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે તો મનુષ્યત્વનું સફળ થવું ક્યારે સંભવે? મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ કલ્યાણકારક છે; એવો નિશ્ચય કરવો જોઈએ. અને સફળપણા માટે જે જે સાધનોની પ્રાપ્તિ કરવી યોગ્ય છે, તે પ્રાપ્ત કરવા નિત્ય પ્રતિ નિવૃત્તિ મેળવવી જોઈએ. નિવૃત્તિના અભ્યાસ વિના જીવની પ્રવૃત્તિ ન ટળે એ પ્રત્યક્ષ સમજાય તેવી વાત છે.'' (વ.પૃ.૨૬૨)

''જેણે પોતાનાં ઉપજીવિકા જેટલાં સાધનમાત્ર અલ્પારંભથી રાખ્યાં છે, શુદ્ધ એકપત્નીવ્રત, સંતોષ, પરાત્માની રક્ષા, યમ, નિયમ, પરોપકાર, અલ્પરાગ, અલ્પદ્રવ્યમાયા અને સત્ય તેમજ શાસ્ત્રાધ્યયન રાખ્યું છે, જે સત્પુરુષોને સેવે છે, જેણે નિર્ગ્રંથતાનો મનોરથ રાખ્યો છે, બહુ પ્રકારે કરીને સંસારથી જે ત્યાગી જેવો છે, જેના વૈરાગ્ય અને વિવેક ઉત્કૃષ્ટ છે તે પવિત્રતામાં સુખપૂર્વક કાળ નિર્ગમન કરે છે.

સર્વ પ્રકારના આરંભ અને પરિગ્રહથી જેઓ રહિત થયા છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જેઓ અપ્રતિબંધપણે વિચરે છે, શત્રુ-મિત્ર પ્રત્યે જે સમાન દૃષ્ટિવાળા છે અને શુદ્ધ આત્મધ્યાનમાં જેમનો કાળ નિર્ગમન થાય છે, અથવા સ્વાધ્યાય ધ્યાનમાં જે લીન છે, એવા જિતેંદ્રિય અને જિતકષાય તે નિર્ગ્રંથો પરમ સુખી છે.'' (વ.પૃ.૧૦૬)

## ૬૯૩. કુસંગ ત્યાગું છું.

કુસંગ એટલે ખરાબ સંગ. જેનાથી આત્માનું અહિત થાય તેવો સંગ. જેવો સંગ તેવો રંગ લાગે છે. માટે હવે કુસંગને ત્યાગી સત્સંગ કરી આત્માનું કલ્યાણ કરું.

**'બોધામૃત ભાગ-૩'માંથી :–**

**''નિર્વાણ માર્ગે સુવહાણ જેવા, કુસંગ-કાર્યોય મુકાવનારા;**
**સન્માર્ગ આપીય ટકાવનારા, શ્રીમદ્ ગુરુ છે જગમાંહિ ન્યારા'' !**

ગઈ સાલની પેઠે તમને કુસંગનો વળગાડ લાગ્યો છે. સ્વચ્છંદે વર્તી કાર્ય કરવા નિર્ણય કરી આજ્ઞા માગો છો તે આગમ વિરુદ્ધ છેજી. ભલે તમે દેવ ગુરુ સાચા માનતા હો, પણ હજી પરમકૃપાળુદેવમાં



પરમેશ્વરબુદ્ધિ યથાર્થ થઈ જણાતી નથી, તેથી જ્યાં ત્યાં માથાં ભરાઈ જાય છે. આ કડક શબ્દો લખવાનું કંઈ કારણ હશે જાણી આત્મપરીક્ષા કરી પરમકૃપાળુદેવ સિવાય કોઈ ઉદ્ધાર કરે તેમ નથી એવો દૃઢ નિશ્ચય કરવા ભલામણ છેજી. જ્યાં આત્મજ્ઞાન નથી તે પાણી વગરના કૂવા છે. ત્યાં તરીલાં ચાકળા લઈને જાઓ, કૂવામાંથી પાણી કાઢવા પ્રયત્ન કરો તો ત્યાં કાદવ સિવાય કંઈ હાથ લાગશે નહીં, મહેનત વ્યર્થ જશે. કાગળ લખવા વિચાર નહોતો પણ એમ ને એમ માનમાં વહ્યા જશે, તેને કહેનાર કોઈ ત્યાં નથી એમ જાણી દયાભાવથી કાગળ લખ્યો છે. તેનો સવળો વિચાર કરી નમ્રતા ધારણ કરી, વીસ દોહાનો વારંવાર વિચાર અનુપ્રેક્ષા કરી એક ''સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ એ દૃઢતા કરી દે જ'' એ ભાવમાં આત્માને લાવશો અને અન્યજનોનાં વ્રતો અને પરમકૃપાળુ પ્રભુશ્રીજીને હાથે મળેલાં વ્રતોમાં આભજમીનનો ભેદ છે તે વિચારી બાહ્ય આશ્ચર્ય ભૂલી ભૂલેલા લોકોની પાછળ ભટકવાનું તજી ઘેર બેઠા બેઠા મંત્રની માળા ગણવાનો પુરુષાર્થ કરશો તો વહેલો નીવેડો આવશેજી. (બો.૩ પૃ.૭૮૩)

''મંત્રનું સ્મરણ-જાપ વિશેષ વિશેષ થાય તેમ કર્તવ્ય છેજી. જેને મતનો આગ્રહ હોય તેવાના કુસંગથી જીવને ખોટો આગ્રહ પકડાઈ જાય છે ને જીવ કલ્યાણ માનવા લાગે છે. માટે બાઈઓના સંગ કરતાં પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ માળા ફેરવવી એ વધારે હિતકારી છેજી. પરમકૃપાળુદેવનાં પદ શીખવાં.'' (બો.૩ પૃ.૭૫૫)

**શ્રી જેસીંગભાઈ શેઠનું દૃષ્ટાંત –** ''અસત્સંગમાં સત્સંગે ચઢેલી જીવની દશા લૂંટાઈ જાય છે, એ મોટો ગેરલાભ તથા પરિભ્રમણનો હેતુ છેજી. સમજવા માટે સદ્ગત શેઠ જેસંગભાઈ ઊજમશીભાઈ (અમદાવાદ) ના જીવનનો પ્રસંગ લખું છું –

પરમકૃપાળુદેવ મોક્ષમાળા છપાવવા અમદાવાદ ગયેલા ત્યારે તેમને શેઠના પ્રસંગમાં આવવાનું બનેલું, અને અતિશયધારી પરમકૃપાળુદેવની ચમત્કૃતિથી તે તેમના તરફ બહુમાન ધરાવતા થયા. તેમના ગચ્છમાં દિવાળીબાઈ આર્જાને પણ તેમણે પરમકૃપાળુદેવની પ્રશંસા સંભળાવી કે અમારા એક મહેમાન મુંબઈથી આવ્યા છે તે અમારા મનની વાતો જાણી કહી દેખાડે છે. પરંતુ વિચક્ષણ આર્યા સમજી ગઈ કે તે સાધુઓ કરતાં તેમના પ્રત્યે વિશેષ આકર્ષાયા છે. તેથી અસત્સંગરૂપ તે આર્યાએ કહ્યું કે ગમે તેવો ક્ષયોપશમ હોય પણ આખરે તો તે સંસારી જ ને? સાધુપણા વગર પૂજ્યતા ક્યાંથી હોય? આટલી ઝેરની કણી શેઠની શરૂઆતની કોમળ શ્રદ્ધાને નિર્જીવ બનાવવા સમર્થ થઈ પડી. પછી ઘણી વખત પરમકૃપાળુદેવને મળેલા, તેમણે જાતે પીરસી તેમને જમાડેલા પણ અસત્સંગનું ઝેર ન ગયું. સામાન્યપણું થઈ ગયું. આપણા ઓળખીતા છે, મેળાપી છે, એવો ભાવ પરમકૃપાળુદેવના દેહોત્સર્ગ પછી પણ રહ્યો. પરમકૃપાળુદેવે પરમશ્રુત પ્રભાવક મંડળમાં સારી રકમ તેમની પાસે લખાવેલી; તેથી પ્રથમાવૃત્તિ (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથની) છપાઈ ત્યારે શેઠને ભેટ મળી, પણ શ્રદ્ધા વિના તે કબાટમાં જ રહી. પણ ફરી સત્સંગનો યોગ પુણ્યના ઉદયે બન્યો ત્યારે તે પુસ્તક વાંચી આશ્ચર્ય પામ્યા અને પોતાની ભૂલ સમજાઈ. તે મુમુક્ષુઓને કહેતા કે ભાઈ, ભૂલેચૂકે પણ અસત્સંગના ફંદામાં ફસાશો નહીં. એ તો મહાભાગ્યશાળી કે પ.પૂ.પ્રભુશ્રીજીની કૃપાને પાત્ર તે થયા, નહીં તો ઉત્તમ યોગ મળવા છતાં મનુષ્યભવ વ્યર્થ જતો રહે.'' (બો.૩ પૃ.૭૭૫)

**શ્રી દામજીભાઈનો પ્રસંગ –** ''શરીર પ્રારબ્ધને આધારે પ્રવર્તે છે, પણ મન આપણા હાથમાં છે. તેને સદ્ગુરુના સત્સંગની ભાવનાથી રોકવું હોય તો રોકાય અને ભટકતું રાખવું હોય, અનાદિના સંસ્કારમાં, કુગુરુ આદિની સોબતમાં હજી રમાડવું હોય તો તેમ પણ બની શકે છે. પણ તેનું ફળ



પરિભ્રમણ ને પરિભ્રમણ જ છે. જે જીવ અસત્સંગથી ડરતો નથી, અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી તેને હજી લખચોરાશીમાં રખડવું છે એમ સમજાય છે. જ્ઞાનીપુરુષની આજ્ઞા મળ્યા પછી પૂર્વના પરિચયો પ્રત્યે ઉદાસીનતા ન આવે તો હજી તેને યથાર્થ જ્ઞાની પ્રત્યે શ્રદ્ધા થઈ નથી એમ મહાપુરુષો કહે છે. પરમકૃપાળુદેવનું માહાત્મ્ય કોઈ સમીપમુક્તિગામી જીવને લાગે છે. તેવા જીવોનો યોગ મળે તો સત્સંગ કરવો, નહીં તો સત્સંગને નામે કુસંગમાં જીવ પ્રેરાય તો પરાણે સંસારને કાંઠે આવેલો બિચારો જીવ પાછો ભરસમુદ્રમાં તણાઈ જતાં વાર ન લાગે તેવું મોહનું બળ છે. માટે ચેતીને ચાલવા જેવું છે. જેનો-તેનો સમાગમ કરવો અને તેને પરમકૃપાળુદેવના વચનો કહેવાના ગાંડપણમાં પડવા જેવું નથી. આપણું એવું ગજાું નથી કે પરમકૃપાળુદેવનો રંગ આપણા નિમિત્તે બીજાને લાગે. માટે આપણે તો હજી આપણું જ કરવાનું ઘણું છે. આપણું કલ્યાણ સાધવામાં મચ્યા રહીશું તો વગર પ્રયત્ને બીજા આવીને પૂછશે કે શું કરવાથી કલ્યાણ થાય તેની અમને ખબર નથી તો તેનો માર્ગ કંઈ તમે જાણ્યો હોય તો બતાવો. આવા જીવને સત્સંગધામ અગાસની વાત કરવી યોગ્ય છે. બાકી બીજા ગરજ વગરના જીવો આગળ કહે-કહે કરવાથી તેનું કલ્યાણ થાય નહીં અને આપણું હિત કરવાનું રહી જાય તે લક્ષમાં રાખવા લખ્યું છેજી. આ કાળમાં સાચા માર્ગની જિજ્ઞાસાવાળા જીવો હોય છે તેવાને મદદરૂપ થવાય એવી ભાવના રાખવી, પણ ભેંસ આગળ ભાગવત વાંચે તેમ અજ્ઞાની જીવોને આત્મસિદ્ધિ આદિ સંભળાવવાના મોહમાં તમે ન તણાશો એવી ભાવના છેજી.'' (બો.૩ પૃ.૭૪૧)

**'પ્રજ્ઞાવબોધ'માંથી -**

**''બળવું ભલું અગ્નિ વિષે કે ઝેર પી મરવું ભલું,**
**કે ડૂબવું દરિયે ભલું વા સિંહસંગે એકલું.**
**વસવું વને તે તો ભલું; પણ સેવવો કુસંગ ના,**
**સંકટ નડે સૌ એક ભવ, મિથ્યાત્વ નડતું ભવ ઘણા.'' ૧૫** -(પૃ.૪૬)

**'ચોસઠ પ્રકારી પૂજા'માંથી :— નીચના સંગથી મૃત્યુ**

**કાગડા અને હંસનું દૃષ્ટાંત —** એક વનમાં રાજા ક્રીડા કરવા માટે ગયો. ત્યાં એક વૃક્ષ નીચે આરામ કરવા બેઠો. તે વૃક્ષ ઉપર એક હંસ અને કાગડો બેઠા હતા. તે બન્નેની મિત્રાચારી હતી. કાગડાનો સ્વભાવ 'કા કા' કરવાનો હોવાથી તે મોટે સ્વરે 'કા કા' કરવા લાગ્યો અને રાજાના માથા ઉપર ચરક્યો. રાજા બહુ ગુસ્સે થયો અને તેના પર બાણ મૂક્યું. કાગડો ચાલાક હોવાથી ઊડી ગયો અને બાણ હંસને વાગ્યું, તેથી તે રાજા પાસે ભૂમિ પર પડ્યો. તેને શ્વેત વર્ણવાળો જોઈ રાજાને આશ્ચર્ય થયું અને બોલ્યો કે 'શું કાગડાઓ પણ શ્વેત હોય છે?' તે વખતે હંસ બોલ્યો કે - 'હે મહારાજ! હું કાગડો નથી, હું તો માનસરોવરના નિર્મળ જળમાં વસનારો હંસ છું, પરંતુ આ નીચ કાગડાના સંગથી હું આ મરણદશાને પામ્યો છું.'

આ દૃષ્ટાંતથી ઉત્તમ મનુષ્યે નીચનો સંગ કદાપિ કરવો નહીં. (પૃ.૭૮)

**'જૈન હિતોપદેશ'માંથી :— સત્સંગતિ સત્પુરુષની ઇચ્છો**

''મૂરખ સાથે ગોઠડી, પગ પગ હોય ક્લેશ'' એ ઉક્તિ અનુસારે મૂર્ખ, કુપાત્ર સાથે પ્રીતિ બાંધવી નહીં; તેમ કરતાં પોતાની પણ પત જાય. રાગ બાંધવા ચાહો તો વિવેકી હંસ, સંત-જ્ઞાનીપુરુષ સાથે જ બાંધો, જેથી તમે અનાદિ અવિવેકને ટાળી સુવિવેક ધારવા સમર્થ થઈ શકો. જ્ઞાનીપુરુષના સમાગમ



સમાન બીજાું કોઈ સુખ નથી, તો એવો કોણ મૂર્ખ શિરોમણિ હોય કે, જે અમૃત સમાગમ છંડી હલાહલ વિષ જેવી અવિવેકી-કુશીલની સંગતિ ઇચ્છે; શાણો નર તો ન જ ઇચ્છે. બાકી ભૂંડ જેવી વૃત્તિવાળો તો, જ્યાં ત્યાં અશુભ સ્થાનમાં જ ભટકે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. કેમકે તે તો તેનો જાતિ સ્વભાવ જ છે. આવા નીચ જનોની સોબતથી સારા સુશીલ માણસોને પણ ક્વચિત્ છાંટા લાગે છે. (પૃ.૬૬)

માટે કુસંગતિનો સર્વથા ત્યાગ કરું છું.

## ૬૯૪. મોહ ત્યાગુ છું.

મોહ એટલે રાગભાવ. રાગભાવ એ ચારિત્રમોહ છે. ચારિત્રમોહ, દર્શનમોહને લઈને રહેલ છે. કોઈ પ્રત્યે વિશેષ મોહ રાખવાથી, તેના વિયોગ સમયે ઘણું દુઃખ થાય છે. માટે જેમ બને તેમ મોહને ઓછો કરવા પ્રયત્ન કરું. **'ફૈલે પ્રેમ પરસ્પર જગમેં, મોહ દૂર પર રહા કરે.'**

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''મિથ્યાત્વ મુખ્ય મોહ છે. અવિરતિ ગૌણ મોહ છે. (વ.પૃ.૮૨૦)

''મોહાદિ વિકાર એવા છે કે સમ્યગ્દૃષ્ટિને પણ ડોલાયમાન કરી નાખે છે; માટે તમારે તો સમજવું કે મોક્ષમાર્ગ પામવામાં તેવા વિઘ્નો ઘણાં છે.'' (વ.પૃ.૭૦૪)

''(મિથ્યાત્વ) મોહનો ઉપશમ થવાથી અથવા ક્ષય થવાથી વીતરાગના કહેલા માર્ગને પ્રાપ્ત થયેલો એવો ધીર, શુદ્ધ જ્ઞાનાચારવંત નિર્વાણપુર પ્રત્યે જાય છે.'' (વ.પૃ.૫૯૦)

''જો કંઈપણ આ સંસારના પદાર્થોનો વિચાર કરવામાં આવે, તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં; કેમકે માત્ર અવિચારે કરીને તેમાં મોહબુદ્ધિ રહે છે. (વ.પૃ.૪૫૨)

''અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી. તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલ્યું આવે છે, કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મૂંઝાઈને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથિ છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણી વાર બન્યો છે, કેમકે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના, અલ્પ કાળમાં છોડી શકાય નહીં.'' (વ.પૃ.૪૫૩)

''મોહનીય કર્મ બે ભેદે છે – 'એક દર્શનમોહનીય' એટલે 'પરમાર્થને વિષે અપરમાર્થ બુદ્ધિ અને અપરમાર્થને વિષે પરમાર્થબુદ્ધિરૂપ'; બીજી 'ચારિત્રમોહનીય'; તથારૂપ પરમાર્થને પરમાર્થ જાણીને આત્મસ્વભાવમાં જે સ્થિરતા થાય, તે સ્થિરતાને રોધક એવાં પૂર્વસંસ્કારરૂપ કષાય અને નોકષાય' તે ચારિત્રમોહનીય.

દર્શનમોહનીયને આત્મબોધ અને ચારિત્રમોહનીયને વીતરાગપણું નાશ કરે છે. આમ તેના અચૂક ઉપાય છે, કેમકે મિથ્યાબોધ તે દર્શનમોહનીય છે; તેનો પ્રતિપક્ષ સત્યાત્મબોધ છે. અને ચારિત્રમોહનીય રાગાદિક પરિણામરૂપ છે, તેનો પ્રતિપક્ષ વીતરાગભાવ છે. એટલે અંધકાર જેમ પ્રકાશ થવાથી નાશ પામે છે, – તે તેનો અચૂક ઉપાય છે – તેમ બોધ અને વીતરાગતા દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ અંધકાર ટાળવામાં પ્રકાશસ્વરૂપ છે; માટે તે તેનો અચૂક ઉપાય છે.'' (વ.પૃ.૫૫૨)

'' 'મોહનીય'નું સ્વરૂપ આ જીવે વારંવાર અત્યંત વિચારવા જેવું છે. મોહિનીએ મહા મુનિશ્વરોને



પણ પળમાં તેના પાશમાં ફસાવી અત્યંત રિદ્ધિસિદ્ધિથી વિમુક્ત કરી દીધા છે; શાશ્વત સુખ છીનવી ક્ષણભુંગરતામાં લલચાવી રખડાવ્યા છે.'' (વ.પૃ.૫૬૮)

''કર્મ અનંત પ્રકારનાં છે. તેમાં મુખ્ય ૧૫૮ છે. તેમાં મુખ્ય આઠ કર્મપ્રકૃતિ વર્ણવવામાં આવી છે. આ બધાં કર્મમાં મુખ્ય, પ્રાધાન્ય એવું મોહનીય છે; જેનું સામર્થ્ય બીજાં કરતાં અત્યંત છે; અને તેની સ્થિતિ પણ સર્વ કરતાં વધારે છે.

આઠ કર્મમાં ચાર ઘનઘાતી છે. તે ચારમાં પણ મોહનીય અત્યંત પ્રબળપણે ઘનઘાતી છે. મોહનીયકર્મ સિવાય સાત કર્મ છે, તે મોહનીયકર્મના પ્રતાપથી પ્રબળપણે થાય છે. જો મોહનીય ખસે તો બીજાં નિર્બળ થઈ જાય છે. મોહનીય ખસવાથી બીજાઓનો પગ ટકી શકતો નથી.'' (વ.પૃ.૭૪૩)

''ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુગંછા, અજ્ઞાનાદિથી બોલાય છે; ક્રોધાદિ મોહનીયના અંગભૂત છે. તેની સ્થિતિ બીજાં બધા કર્મથી વધારે એટલે (૭૦) સિત્તેર કોડાકોડી સાગરોપમની છે. આ કર્મ ક્ષય વિના જ્ઞાનાવરણાદિ કર્મ સંપૂર્ણપણે ક્ષય થઈ શકતાં નથી; જો કે ગણિતમાં પ્રથમ જ્ઞાનાવરણાદિ કર્મો કહ્યાં છે; પણ આ કર્મની ઘણી મહત્ત્વતા છે, કેમકે સંસારના મૂળભૂત રાગદ્વેષનું આ મૂળસ્થાન હોવાથી ભવભ્રમણ કરવામાં આ કર્મની મુખ્યતા છે; આવું મોહનીયકર્મનું બળવાનપણું છે, છતાં પણ તેનો ક્ષય કરવો સહેલ છે; એટલે કે જેમ વેદનીય કર્મ વેદ્યા વિના નિષ્ફળ થતું નથી તેમ આ કર્મને માટે નથી. મોહનીયકર્મની પ્રકૃતિરૂપ ક્રોધ, માન, માયા અને લોભાદિ કષાય તથા નોકષાયના અનુક્રમે ક્ષમા, નમ્રતા, નિરભિમાનપણું, સરળપણું, નિર્દંભતા અને સંતોષાદિની વિપક્ષ ભાવનાથી એટલે માત્ર વિચાર કરવાથી ઉપર દર્શાવેલા કષાયો નિષ્ફળ કરી શકાય છે. નોકષાય પણ વિચારથી ક્ષય પમાડી શકાય છે; એટલે કે તેને સારું બાહ્ય કાંઈ કરવું પડતું નથી.'' (વ.પૃ.૬૭૬)

**'ઉપદેશામૃત'માંથી :–** ''આખું જગત મોહનિદ્રામાં સૂતું છે, ઊંઘે છે. સત્પુરુષનાં વચન તે ઊંઘમાંથી જાગૃત કરનાર છે. સત્સંગમાં તે વચનો-બોધ સાંભળતાં કોટિ ભવ નાશ પામે છે. પાપના દળિયાં સંક્રમી જઈ પુણ્યરૂપ થઈ જાય છે. 'ઝબકે મોતી પરોવી લે, નહીં તો ઘોર અંધાર.' માટે ચેતી લેવું. જ્ઞાનીને તો હવે તમને ઉઠાડવા છે, ઊંઘવા દેવા નથી. માટે જાગૃત થાઓ, ચેતી જાઓ, આત્માને ઓળખો.'' (પૃ.૩૬૦)

## ૬૯૫. દોષનું પ્રાયશ્ચિત્ત કરીશ.

જીવનમાં લાગેલા દોષોનું પ્રાયશ્ચિત્ત કરીશ. પ્રાયઃ એટલે અપરાધ અને ચિત્ત એટલે શુદ્ધિ. લાગેલા અપરાધની શુદ્ધિ કરવી તે પ્રાયશ્ચિત્ત છે.

પ્રથમ મારાથી સેવાયેલા અલ્પ પણ દોષોની સ્મૃતિ કરી ફરી ફરી તેનો પશ્ચાત્તાપ કરું. પછી તે દોષોથી નિવૃત્તવા માટે શ્રી ગુરુ આગળ જઈ થયેલ પાપને આલોચું; અર્થાત્ બાળકની જેમ બધા દોષો પ્રગટ કરું. પ્રત્યુત્તરમાં શ્રી ગુરુ મારી આત્મશુદ્ધિ અર્થે તે તે દોષોનું જે જે પ્રાયશ્ચિત્ત આપે તે આદરપૂર્વક અંગીકાર કરી દોષથી રહિત થાઉં. શ્રી ગુરુ આત્મજ્ઞાની હોવા જોઈએ. શિષ્યના દોષ કોઈને કહે નહીં તેવા હોવા જોઈએ. નહીં તો ભયંકર અનર્થ પણ થઈ જાય. આવા આત્મજ્ઞાની પ્રત્યક્ષ ન હોય ત્યારે ચિત્રપટ કે તેમની મૂર્તિને પ્રત્યક્ષ માની તે સમક્ષ પોતાના દોષ ભાવથી જણાવી ફરી તેવા દોષો ન કરવાની પ્રતિજ્ઞા લઈ આત્મશુદ્ધિ કરી શકાય. પણ ગમે તેવા પુરુષ આગળ દોષો જણાવવાથી આત્મશુદ્ધિ થઈ શકે નહીં.



**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''કંઈ અયોગ્ય થયું હોય તો પશ્ચાત્તાપ કર અને શિક્ષા લે.''

''કોઈને કાંઈ દ્વેષથી કહેવાઈ જવાય તો પશ્ચાત્તાપ ઘણો કરજો, અને ક્ષમાપના માગજો. પછીથી તેમ કરશો નહીં.'' (વ.પૃ.૧૨)

''સમજીને અલ્પભાષી થનારને પશ્ચાત્તાપ કરવાનો થોડો જ અવસર સંભવે છે.'' (વ.પૃ.૨૦૧)

''વીર સ્વામીનું બોધેલું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સર્વ સ્વરૂપ યથાતથ્ય છે, એ ભૂલશો નહીં. તેની શિક્ષાની કોઈ પણ પ્રકારે વિરાધના થઈ હોય, તે માટે પશ્ચાત્તાપ કરજો.'' (વ.પૃ.૧૬૯)

''પોતાને વિષે ઉત્પન્ન થયો હોય એવો મહિમાયોગ્ય ગુણ તેથી ઉત્કર્ષ પામવું ઘટતું નથી, પણ અલ્પ પણ નિજદોષ જોઈને ફરી ફરી પશ્ચાત્તાપમાં પડવું ઘટે છે, અને વિના પ્રમાદે તેથી પાછું ફરવું ઘટે છે; એ ભલામણ જ્ઞાનીપુરુષનાં વચનમાં સર્વત્ર રહી છે; અને તે ભાવ આવવા માટે સત્સંગ, સદ્ગુરુ અને સત્શાસ્ત્રાદિ સાધન કહ્યાં છે, જે અનન્ય નિમિત્ત છે.'' (વ.પૃ.૪૨૨)

''શુદ્ધભાવ વડે કરી પશ્ચાત્તાપ કરવાથી લેશ પાપ થતાં પરલોકભય અને અનુકંપા છૂટે છે; આત્મા કોમળ થાય છે. ત્યાગવા યોગ્ય વસ્તુનો વિવેક આવતો જાય છે. ભગવાન સાક્ષીએ અજ્ઞાન ઇ૦ જે જે દોષ વિસ્મરણ થયા હોય તેનો પશ્ચાત્તાપ પણ થઈ શકે છે. આમ એ નિર્જરા કરવાનું ઉત્તમ સાધન છે.'' (વ.પૃ.૮૭)

''નિકાચિત્ કર્મમાં સ્થિતિબંધ હોય તો બરોબર બંધ થાય છે. સ્થિતિકાળ ન હોય તો તે વિચારે, પશ્ચાત્તાપ, જ્ઞાનવિચારે નાશ થાય. સ્થિતિકાળ હોય તો ભોગવ્યે છૂટકો.'' (વ.પૃ.૭૩૪)

''અનંતા જ્ઞાનીપુરુષોએ જેનું પ્રાયશ્ચિત્ત કહ્યું નથી, જેના ત્યાગનો એકાંત અભિપ્રાય આપ્યો છે એવો જે કામ તેથી જે મૂંઝાયા નથી, તે જ પરમાત્મા છે.'' (વ.પૃ.૭૯૮)

**'ઉપદેશામૃત'માંથી :–** ''ચોરી કરી હોય; પાપ કર્યા હોય તે આ ભવનાં તો આપણને યાદ હોય તેનો વિચાર કરીને પશ્ચાત્તાપ કરે કે અરેરે! મેં ક્રોધ સેવીને, માન સેવીને, માયા સેવીને, લોભ સેવીને, આરંભપરિગ્રહ સેવીને, હિંસા કરીને ઘણા પાપ ઉપાર્જન કર્યા છે. એવા અનિષ્ટ દુઃખનાં કારણ હવે નથી સેવવાં એવો નિશ્ચય કરે અને જે ઉદરપોષણ નિમિત્તે પાપ કર્યાં હોય તેના પશ્ચાત્તાપમાં ઉપવાસ કરવા, ઊણોદરી કરવી, રસત્યાગ કરવો કે એવાં તપ આદરે તો જે પાપનું ફળ આવવાનું હતું તે નિકાચિત ન હોય તો તે નિર્જરી જાય અને ઉદય આવે તે પણ ઓછો રસ આપે. પરિણામ મોળાં પડવાથી નવો બંધ પણ નજીવો થાય.'' (ઉ.પૃ.૨૯૫)

''સમકિતી જીવ પશ્ચાત્તાપ કરે છે પણ ખેદ નથી કરતો. જે થયું તે અજ્ઞાનથી થયું, એમ યથાતથ્ય જુએ છે અને ફરી એમ ન થાય એ વિચારે છે. જેમ એક માણસ આખી રાત અંધારામાં ભટક્યો હોય અને સૂર્યોદય થતાં રસ્તો મળે તો વિચારે કે હું કેટલું નકામું આથડ્યો!'' (ઉ.પૃ.૪૧૬)

''મુમુક્ષુ – પાપ દોષ તો અનંતકાળથી અનેક પ્રકારના કર્યા છે, તે નાશ કરવાનો મુખ્ય ઉપાય કયો?

પ્રભુશ્રી – ભક્તિ, સ્મરણ. પશ્ચાત્તાપના ભાવ કરે તો સર્વ પાપનું નિવારણ થાય. ઉપવાસ આદિ તપ તો કોઈથી ન પણ થાય. કદાચ કષ્ટ આપે. પરંતુ સ્મરણ-ભક્તિ પ્રેમપૂર્વક કરે ને ભગવાનનું રટણ કરે, સદ્ગુરુમંત્રમાં રહે તો કોટિ કર્મનો ક્ષય થાય. એવો એ ભક્તિનો મહિમા છે.'' (ઉ.પૃ.૪૪૩)



**શ્રી પોપટભાઈ મહોકમચંદનો પ્રસંગ –** ''એકવાર કીડી ચંપાઈ જતાં પ્રાયશ્ચિત્તરૂપે બાર માસ સુધી દર માસે ૧-૨ એકાસણા કરવાની આજ્ઞા પરમકૃપાળુદેવે કરી.''

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૫'માંથી :–**

**પાપની ગુરુ પાસે આલોચનાથી શુદ્ધિ**

**ધર્મરાજાનું દૃષ્ટાંત –** ધર્મરાજાએ પૂર્વે પોતાના દ્રુમકના ભવમાં ઘણા સ્થાવર અને અનંતકાયાદિકનો વધ કર્યો હતો, તેથી તેને ઘણું દુઃખ પ્રાપ્ત થયું હતું. પછી તે પાપની ગુરુ પાસે આલોચના કરી. ગુરુએ કહેલું પ્રાયશ્ચિત્ત અંગીકાર કર્યું, તેથી તે જ ભવમાં પાછો મોટો શેઠ થયો હતો. લાખો સાધર્મિકોને અન્નદાન આપી સુખી કર્યા તેથી બીજો મનુષ્ય જન્મ પામતી વખતે તેના પ્રભાવથી બાર વર્ષનો દુકાળ પડવાનો હતો તે પડ્યો નહીં માટે તેનું નામ ધર્મરાજા રાખવામાં આવ્યું હતું.

**પ્રાયશ્ચિત્ત વિષેના દૃષ્ટાંતો**

**દોષનું પ્રાયશ્ચિત્ત ન કરવાના માઠા ફળ –** એક ગોવાળે બાવળની સૂળમાં જૂને પરોવી મારી નાખી, તેનું પ્રાયશ્ચિત્ત (પસ્તાવો) ન કરવાથી તે એકસોને આઠ ભવ સુધી સૂળીથી મરણ પામ્યો હતો.

મહેશ્વર નામના શ્રેષ્ઠીની સ્ત્રીએ એક જ જૂ મારી હતી, તે જાણીને કુમારપાળ રાજાએ તેનું સર્વસ્વ લઈ તેના વડે તે જૂના પ્રાયશ્ચિત્ત બદલ યૂકાવિહાર નામનું ચૈત્ય કરાવ્યું હતું.

શ્રી હરિભદ્રસૂરિએ પોતાના પ્રાયશ્ચિત્તને સ્થાને ચૌદશો ને ચુંમાલીશ ગ્રંથો બનાવ્યા હતા. (પૃ.૧૪)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૧' માંથી :–**

**શ્રી હરિભદ્રસૂરિનું દૃષ્ટાંત –** શ્રી હરિભદ્રસૂરિના હંસ અને પરમહંસ નામના બે વિદ્વાન શિષ્યો હતા. તેઓ ગુરુની આજ્ઞા લઈ બૌદ્ધ ધર્મના શાસ્ત્રો ભણવા વેષ પરિવર્તન કરીને ગયા. અભ્યાસ



કરી તેમના શાસ્ત્રના મર્મને જાણનાર થયા. તેમના ક્રિયા પ્રવૃત્તિથી આ શ્વેતાંબરી છે એવી શંકા આવી; તેની ખાતરી કરવા શાળાના દાદરના પગથિયા ઉપર ચોકથી અર્હંતનું બિંબ ચીતર્યું. ત્યારે તે બિંબના કંઠમાં ત્રણ રેખા કરી શરીરે વસ્ત્રનું આલેખન કરી પગથિયા ઉપર પગ દઈ તેઓ નીચે ઊતર્યા. પણ તેમને શંકા થઈ કે આપણી જાણ થઈ ગઈ છે માટે પોતાના પુસ્તકો લઈ ત્યાંથી નાઠા. તેથી ગુરુના કહેવાથી ત્યાંના બૌદ્ધરાજાએ પાછળ સૈન્ય મોકલ્યું. તેણે બેયને મારી નાખ્યા. આ સર્વ વૃત્તાંત જાણીને હરિભદ્રસૂરિને મહાકોપ થયો. તેથી ઉકાળેલા તેલના કડાઈમાં તે ૧૪૪૪ બૌદ્ધોને હોમવા માટે આકર્ષણ કરવા સારું તેઓ મંત્રજાપ કરવા લાગ્યા. તે વૃત્તાંત એમના ગુરુએ જાણ્યો. તેથી બે સાધુઓને મોકલી સમજાવ્યા. તેથી પાપકર્મના પ્રાયશ્ચિત્તરૂપે ગુરુ આજ્ઞાએ ૧૪૪૪ ગ્રંથો નવા રચવાનું કબૂલ કર્યું. તે શાસ્ત્રોમાં ષટ્દર્શન સમુચ્ચય, યોગદૃષ્ટિ સમુચ્ચય, સમરાદિત્ય કેવળી વગેરે છે. (પૃ.૧૧૯ના આધારે)



માટે કોઈ પણ દુઃખનો પ્રસંગ આવે તો પણ પાપના વિચાર કરું નહીં. કારણ એના ફળ ઘણા કડવા હોય છે. પછી રડતા પણ છૂટતા નથી. કદિ પાપના વિચારો આવી જાય તો તરત જ ભગવાન સમક્ષ ક્ષમાપના માંગી, પશ્ચાત્તાપ કરી પાપથી નિવૃત્ત થાઉં; કારણ સંસારથી છૂટવાનો એ જ ઉપાય છે.

**'ધર્મામૃત'ના આધારે :–**

**પ્રાયશ્ચિત્ત તપ –** પ્રાયશ્ચિત્ત તપ શા માટે કરવું? તો કે –પ્રમાદથી લાગેલા દોષોને દૂર કરવા માટે, વ્રતમાં જે જે દોષો લાગ્યા હોય તેનો ત્યાગ કરવા માટે અને ભાવની નિર્મળતામાં લાગેલા અતિચારરૂપ શલ્યથી રહિત થવા માટે.

**પ્રાયશ્ચિત્ત તપના દસ ભેદ -**

**૧. આલોચના -** ગુરુ આગળ બાળકની જેમ સરળતાથી પોતાના દોષનું કહેવું તે પ્રાયશ્ચિત તપનો પ્રથમ ભેદ છે.

**૨. પ્રતિક્રમણ -** જે પાપ કર્યા હોય તેનાથી પાછા હટવું. પશ્ચાત્તાપ કરીને ફરી તે પ્રમાણે ન કરવાનો સંકલ્પ કરવો તે પ્રતિક્રમણ નામનો બીજો ભેદ છે.

**૩. તદુભય -** આલોચના અને પ્રતિક્રમણ એક જ દોષને નિવારવા માટે બન્ને ક્રિયા કરે તે તદુભય.

**૪. વિવેક -** ભોજનમાં કંઈ જીવડું પડી ગયું હોય તેને કાઢી નાખે. ઈયળ વગેરે સાથે બફાઈ ગયેલ હોય તો તે ભોજનને દૂષિત જાણી તેનો ત્યાગ કરે. તે વિવેક નામનો પ્રાયશ્ચિત્તનો ભેદ છે.

**૫. વ્યુત્સર્ગ -** મળત્યાગ, દુઃસ્વપ્ન, દુઃચિંતન, મહા અટવી કે નદીને પાર ઊતરવા વગેરેથી અતિચાર લાગતાં અંતર્મુહૂર્તાદિ કાળ સુધી કાયોત્સર્ગ (દેહ મમત્વના ત્યાગ) પૂર્વક સ્થિતિ કરવી તે વ્યુતસર્ગ નામનું પ્રાયશ્ચિત્ત છે.

**૬. તપ -** ભગવાને કહેલા આચરણમાં જે કોઈ દોષ લાગ્યો હોય તે પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહેલી વિધિ અનુસાર જે ઉપવાસ, એકાસણું, આંબેલ વગેરેનું ગુરુ જે પ્રાયશ્ચિત્ત આપે તે કરવું તે તપ છે.

**૭. છેદ -** લાંબાકાળના દીક્ષા પર્યાયમાંથી એક દિવસ કે પક્ષાદિ વડે તેને છેદવી–ઓછી ગણવી તેને આચાર્ય છેદ કહે છે.

**૮. મૂળ -** દીક્ષા લીધા પછી એવા દોષો લગાડે કે ગુરુ તેની સર્વ દીક્ષા પર્યાયનો છેદ કરીને ફરી દીક્ષા આપે તે મૂળ છે.

**૯. પરિહાર -** પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે અમુક સમય માટે અપરાધી મુનિને સંઘમાંથી દૂર કરવો તે પરિહાર છે.

**૧૦. શ્રદ્ધાન -** સૌગતાદિ મિથ્યામતરૂપ મિથ્યાત્વ પ્રાપ્ત કરીને તેમાં સ્થિત રહેલા સાધુને ફરીથી દીક્ષા ગ્રહણ કરાવવી તે શ્રદ્ધાન નામનું પ્રાયશ્ચિત્ત છે.

આ પ્રમાણે વ્યવહારનયથી પ્રાયશ્ચિત્ત દશ ભેદવાળું છે અને ભાવથી દોષના પ્રકાર પ્રમાણે તે અસંખ્યાત લોક પ્રમાણ ભેદવાળું ભાવ પ્રાયશ્ચિત્ત થાય છે.

## ૬૯૬. પ્રાયશ્ચિત્તાદિકની વિસ્મૃતિ નહીં કરું.

થયેલા દોષો ગુરુ આગળ કહ્યાં પછી ગુરુ જે પ્રાયશ્ચિત્તાદિક આપે તેની વિસ્મૃતિ કરું નહીં. પણ તે



પ્રકારે વર્તી દોષોનું નિવારણ કરું.

દ્વાદશ પ્રકારના તપમાં પ્રાયશ્ચિત્ત નામનું એક અંતરંગ તપ છે. જેના વડે ગુરુ આજ્ઞાએ ઘણા પાપોથી હલકા થઈ શકાય અને નવીન કર્મ બંધ થતો અટકાવી શકાય.

**'ક્ષમાપના'માંથી :–** ''હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.''

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૫'માંથી :–**

**ભગવાન મહાવીરના જીવે પૂર્વભવમાં કરેલ આલોચના**

**નંદનઋષિનું દૃષ્ટાંત –** આ ભરતક્ષેત્રમાં છત્રિકા નામની નગરીમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની ભદ્રા નામની પટ્ટરાણીએ નન્દન નામના પુત્રને જન્મ આપ્યો. તે કુમાર અનુક્રમે યુવાવસ્થા પામ્યો, એટલે તેને પિતાનું રાજ્ય મળ્યું. રાજ્યનું પાલન કરતાં તે નન્દનરાજાને જન્મથી આરંભીને ચોવીશ લાખ વર્ષ વ્યતીત થયાં. એકદા પોટ્ટિલ નામના આચાર્ય વિહારના ક્રમથી તે નગરીમાં સમવસર્યા. તેમને વંદન કરવા માટે નન્દન રાજા ઉદ્યાનમાં ગયા. ત્યાં ગુરુને વિધિપૂર્વક વંદના કરી ધર્મ શ્રવણ કરવા બેઠા. ગુરુએ આ પ્રમાણે ઉપદેશ આપ્યો કે -

આત્મપ્રદેશની સાથે સંલગ્ન થઈને રહેલાં કર્મોને તપાવવા એવા સૂક્ષ્મ જ્ઞાનને પંડિત પુરુષો તપ કહે છે. તેમાં પ્રાયશ્ચિત્તાદિક અભ્યંતર એવું તપ ઇષ્ટ છે અને અનશનાદિક બાહ્ય તપ તે અભ્યંતર તપને વૃદ્ધિ પમાડનાર છે, એટલે દ્રવ્યતપ ભાવતપનું કારણ છે, તેથી બાહ્યતપ પણ ઇષ્ટ છે.

જે તપ કરવાથી દુર્ધ્યાન ન થાય, મન, વચન અને કાયાના યોગની હાનિ ન થાય તથા ઇન્દ્રિયો ક્ષીણ ન થાય તેવું જ તપ કરવું. ઇત્યાદિ ધર્મદેશના સાંભળીને પ્રતિબોધ પામેલા નન્દનરાજાએ વૈરાગ્યથી પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા લીધી.

પછી કલંકરહિત ચારિત્રનું પાલન કરીને આયુષ્યના અંતસમયે તેમણે નીચે પ્રમાણે આલોચના કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. કાળ, વિનય વિગેરે જે આઠ પ્રકારે જ્ઞાનાચાર કહેલો છે, તેમાં કાંઈપણ અતિચાર થયો હોય તેને હું ત્રિવિધે (મન,વચન,કાયાવડે) નિંદુ છું. નિઃશંકિત વિગેરે જે આઠ પ્રકારે દર્શનાચાર કહેલો છે. તેમાં મને જે કાંઈ અતિચાર લાગ્યો હોય તેને હું ત્રિવિધે વોસિરાવું છું. મોહથી અથવા લોભથી જે મેં સૂક્ષ્મ તથા બાદર પ્રાણીઓની હિંસા કરી હોય તેને પણ હું ત્રિવિધે વોસિરાવું છું. હાસ્ય, ભય, ક્રોધ કે લોભાદિકના વશથી મેં જે કાંઈ અસત્ય ભાષણ કર્યું હોય તે સર્વની નિંદા કરવાપૂર્વક હું આલોચના કરું છું. રાગથી અથવા દ્વેષથી થોડું કે ઘણું જે કાંઈ અદત્ત એટલે પરદ્રવ્યનું મેં ગ્રહણ કર્યું હોય તે સર્વનો હું ત્યાગ કરું છું. મેં પૂર્વે તિર્યંચ, મનુષ્ય કે દેવ સંબંધી મૈથુનનું મનથી વચનથી કે કાયાથી સેવન કર્યું હોય તેને હું ત્રિવિધે ત્રિવિધે તજું છું. લોભના દોષથી બહુ પ્રકારે મેં ધન, ધાન્ય અને પશુ વિગેરેનો જે સંગ્રહ કર્યો હોય તેને હું ત્રિવિધે તજું છું. સ્ત્રી, પુત્ર, મિત્ર, બન્ધુ, ધાન્ય, ઘર અને બીજી કોઈપણ વસ્તુમાં મેં જે કાંઈ મમતા કરી હોય તેનો હું ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરું છું. ઇન્દ્રિયોથી પરાભવ પામીને રસેંદ્રિયના પરવશપણાથી મેં જે ચારે પ્રકારનો આહાર રાત્રે ખાધો હોય તેને પણ હું ત્રિવિધે નિંદુ છું. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ક્લેશ, ચાડી, પરનિંદા, જુઠું આળ અને બીજું પણ જે કાંઈ ચારિત્રાચાર સંબંધી મેં દુષ્ટ આચરણ કર્યું હોય તે સર્વને હું ત્રિવિધે તજું છું. બાહ્ય તથા અભ્યંતર તપને વિષે જે કાંઈ અતિચાર



લાગ્યો હોય તેને હું ત્રિવિધે ત્રિવિધે નિંદુ છું. ધર્મક્રિયા કરવામાં મેં જે કાંઈ છતા વીર્યને ગોપવ્યું હોય તે વીર્યાચાર સંબંધી અતિચારની પણ હું ત્રિવિધે નિંદા કરું છું. જે કોઈ મારો મિત્ર હોય અથવા અમિત્ર હોય અને સ્વજન હોય અથવા શત્રુ હોય તે સર્વે મારા અપરાધને ખમો, હું તે સર્વને ખમું છું, સર્વની સાથે હું સમાન છું. મેં તિર્યંચના ભવમાં તિર્યંચોને, નારકીના ભવમાં નારકીઓને, મનુષ્યના ભવમાં મનુષ્યોને તથા દેવભવમાં દેવતાઓને જે કાંઈ દુઃખમાં સ્થાપન કર્યા હોય-દુઃખ આપ્યું હોય તે સર્વ મારો અપરાધ ક્ષમા કરો, હું તે સર્વને ખમાવું છું, અને મારો તે સર્વને વિષે મૈત્રીભાવ છે. આયુષ્ય, યૌવન, લક્ષ્મી, રૂપ અને પ્રિયજનનો સમાગમ, તે સર્વ વાયુએ ચલિત કરેલા સમુદ્રના તરંગની જેવા ચપળ છે. આ જગતમાં વ્યાધિ, જન્મ, જરા અને મૃત્યુથી ગ્રસિત થયેલા પ્રાણીઓને જિનેશ્વરે કહેલા ધર્મ વિના બીજું કોઈ શરણ નથી. સર્વ જીવો સ્વજન પણ થયેલા છે અને પરજન પણ થયેલા છે, તો તેમને વિષે કયો પંડિત પુરુષ જરા પણ પ્રતિબંધ કરે? કોઈ ન કરે. અરિહંતનું મારે શરણ હો, સિદ્ધનું મારે શરણ હો, સાધુ મુનિરાજનું મારે શરણ હો અને કેવળીએ કહેલો ધર્મ મને શરણભૂત હો. અત્યારથી જીવનપર્યંત હું ચતુર્વિધ આહારનો ત્યાગ કરું છું, અને છેલ્લા શ્વાસોશ્વાસે આ દેહને પણ હું તજું છું.

આ પ્રમાણે તે નન્દન મુનિએ દુષ્કર્મની નિંદા, સર્વ જીવોની ક્ષમાપના, શુભ ભાવના, ચાર શરણ, નમસ્કારનું સ્મરણ અને અનશન એ છએ પ્રકારની આરાધના કરીને ધર્મગુરુને તથા સાધુ સાધ્વીને ખમાવ્યા. પછી સમાધિમાં સ્થિત થયેલા તે મુનિ સાઠ દિવસનું અનશન પાળીને પચીશ લાખ વર્ષનું આયુષ્ય સંપૂર્ણ કરી, મમતારહિતપણે કાળધર્મ પામીને દશમા પ્રાણત નામના દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં વીશ સાગરોપમનું આયુષ્ય તેમણે પૂર્ણ કર્યું. આયુષ્યને અંતે પણ તેઓ અધિક અધિક કાંતિવડે દેદીપ્યમાન રહ્યા. બીજા દેવતાઓ છ માસ આયુષ્ય બાકી રહે ત્યારે અત્યંત કાંતિ હીન થાય છે અને વધારે મોહ પામે છે; પરંતુ તીર્થંકરોને તો પુણ્યનો ઉદય નજીક હોવાથી છ માસ અવશેષ આયુષ્ય રહે, ત્યારે પણ દેહ કાંતિ વિગેરે ઘટવાને બદલે ઊલટા અધિક વૃદ્ધિમાન થાય છે. તે દેવ ત્યાંથી ચ્યવીને શ્રી મહાવીરસ્વામી નામે ચરમ તીર્થંકરપણે ઉત્પન્ન થયા.

''શ્રી વર્ધમાન સ્વામીના જીવે સમકિત પામ્યા પછીના પચીશમા ભવે જે તપ કર્યું તે તપ અમારા જેવાને મહા ઉત્તમ ભાવમંગલરૂપ થઈ અક્ષય સુખ સંપત્તિને આપો.'' (પૃ.૧૭૦)

## ૬૯૭. સઘળાં કરતાં ધર્મવર્ગ પ્રિય માનીશ.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગ એટલે ચાર પ્રકાર છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારમાંથી ધર્મવર્ગને પ્રિય માનીશ, કારણ કે ધર્મ પુરુષાર્થ વડે જ જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જેણે મરણની છેલ્લી ઘડી સુધી સત્યધર્મનો આશ્રય ત્યાગ્યો નથી તેનો નિકટ ભવિષ્યમાં મોક્ષ નિશ્ચિત છે એમ જ્ઞાનીપુરુષોએ જણાવ્યું છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** '' 'ધર્મ'ને પહેલા મૂકવાનો હેતુ એટલો જ છે કે 'અર્થ' અને 'કામ' એવા હોવા જોઈએ કે 'ધર્મ' જેનું મૂળ હોવું જોઈએ. એટલા માટે જ 'અર્થ' અને 'કામ' પછી મૂકવામાં આવ્યા છે. ગૃહસ્થાશ્રમી એકાંત ધર્મસાધન કરવા ઇચ્છે તો તેમ ન થઈ શકે, સર્વ સંગ પરિત્યાગ જ જોઈએ. ગૃહસ્થને ભિક્ષા વગેરે કૃત્ય યોગ્ય નથી.'' (વ.પૃ.૨૦૭)



**'પૂ.શ્રી બ્રહ્મચારીજીની ડાયરી નં. ૧૯ ખ'માંથી :–** ''ધર્મ અર્થ કામ એ ત્રિવર્ગ છે. તેમાં જેથી અભ્યુદય એટલે સારી ગતિ અને મોક્ષ (અપવર્ગ) એ બેની સિદ્ધિ થાય તેને ધર્મ કહીએ. જેથી (સાંસારિક) સર્વ પ્રયોજનની સિદ્ધિ થાય તેને અર્થ કહીએ અને પોતાની કલ્પનાએ માની લીધેલા રસ સહિત (આસક્તિપૂર્વક) સર્વ ઇન્દ્રિયોની પ્રીતિ જેથી થાય તેને કામ કહીએ. ધર્મ અને અર્થની હાનિ કરીને કેવળ કામને વિષે તન્મય થયેલો વનના હાથીની પેઠે દુઃખી થાય છે. વળી ધર્મ તજીને ઉપાર્જન કરેલું ધન બીજા લોક ભોગવે છે અને પોતે તો કેવળ પાપનું પાત્ર થાય છે. જેમ હાથીને મારનાર સિંહ બધું માંસ ભોગવી શકતો નથી, પણ પાપી બને છે. વળી બીજને ખાઈ જનાર કણબીની પેઠે મનુષ્યજન્મરૂપ બીજ પાપ કરવામાં ગુમાવી દે તે દુઃખી થાય છે. (મનુષ્યભવરૂપ બીજને ધર્મરૂપ ખેતી કરવામાં વાવે તો તે સ્વર્ગ અને મોક્ષના ફળ મેળવી શકે છે.) જે પુરુષ પરલોક સંબંધી સુખનો વિરોધ ન થાય તેમ આ લોકને વિષે સુખનો અનુભવ કરે છે, તે પુરુષ નિશ્ચયે સુખી થાય છે. માટે ધર્મની હાનિ ન થાય તેમ કામ અને અર્થ એ બેને વિષે બુદ્ધિમાન તો વર્તે.'' (પૃ.૧૯૨)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :–** ત્રિવર્ગ એટલે ધર્મ અર્થ અને કામ તેને પરસ્પર બાધા થાય તેમ આસ્તિક પુરુષોએ કરવું નહીં. તે ત્રણમાં નિઃશ્રેયસ (કલ્યાણ) સુખને સાધનાર તે ધર્મ કહેવાય છે. સર્વ અર્થ (પ્રયોજન) ની સિદ્ધિ કરે તે અર્થ કહેવાય છે; અને શબ્દાદિ પાંચ ઇન્દ્રિયોને પ્રીતિ ઉપજાવે તે કામ કહેવાય છે. એ ત્રણમાંથી કોઈ પણ એકને આસક્તિવડે સેવવાથી બીજાઓને બાધા થાય છે. અતિમુક્તકુમાર તથા જંબુસ્વામીની જેમ કોઈ એકલા ધર્મનેજ સેવે છે.

**અહમદબાદશાહ અને દાસીનું દૃષ્ટાંત – બાદશાહની ધર્મ પ્રત્યે જાગૃતિ.** મ્લેચ્છ કુળમાં પણ કેટલાક લઘુકર્મી થાય છે. તે વિષે એક એવી કથા છે કે, અહમદ બાદશાહ દરરોજ સવામણની પુષ્પની શય્યામાં સૂતો હતો. એક વખતે કોઈ દાસી કૌતુકથી તે શય્યામાં સૂઈ ગઈ. તત્કાળ તે નિદ્રાવશ થઈ ગઈ. તેવામાં બાદશાહ અકસ્માત્ રાજસભામાંથી ત્યાં આવી ચઢ્યો, અને દાસીને સુતેલી જોઈ એક ચાબુક માર્યો. દાસી હસતી હસતી બેઠી થઈ ગઈ અને પૃથ્વી ઉપર ઊભી રહી. બાદશાહે આગ્રહથી તેને હાસ્ય કરવાનું કારણ પૂછ્યું. એટલે દાસી બોલી – ''સાહેબ! આપે મને એક પ્રહાર કર્યો તેથી ફૂલની શય્યામાં થોડીવાર સુવાનું મારું પાપ તો નષ્ટ થઈ ગયું, પણ આપ હમેશાં અનેક વૃક્ષોના ફૂલો મંગાવી તેની શય્યા કરાવીને તે પર નિદ્રા કરો છો, તે પાપનો દંડ કેટલો થશે? તે વિચારતાં મને હાસ્ય આવે છે.'' દાસીના આવા વચનો સાંભળીને બાદશાહે તે દિવસથી પુષ્પશય્યામાં સુવાનું છોડી દીધું.

**બાદશાહ અને ઊંટનું દૃષ્ટાંત – ઓહો! આવી રીતે ઓચિંતુ મરણ આવશે.** એક વખતે તે જ બાદશાહ ચતુરંગ સેના લઈ ઉપવનમાં જતો હતો. માર્ગમાં કોઈ ઊંટ મૃત્યુ પામ્યો, તેથી સર્વ સૈન્ય ઊભું થઈ રહ્યું. તે જોઈ બાદશાહે પૂછ્યું કે 'સૈન્ય આગળ કેમ ચાલતું નથી?' અમાત્યે આવીને ઊંટના મૃત્યુની વાત કહી. બાદશાહ મૃત્યુના તત્ત્વ વિષે કાંઈપણ જાણતો નહતો; તેથી પૂછ્યું કે, 'મૃત્યુ એટલે શું?' અમાત્યએ કહ્યું, 'સ્વામી! કાને સાંભળે નહીં, આંખે દેખે નહીં અને ખાય પીવે નહીં તે મૃત્યુ.' રાજા તે સાંભળી વિસ્મય પામ્યો; અને મૃત્યુ પામેલા ઊંટ પાસે જઈને કહ્યું કે – 'અરે પશુ! ઊઠ, ખાન પાન કર. ક્રોધથી આવી નિદ્રા ન કરીએ.' ત્યારે બીજાઓએ કહ્યું કે, 'સાહેબ! આ તો નિર્જીવ થયો છે.' એમ કહી ઘણી યુક્તિઓથી મૃત્યુનું સ્વરૂપ સમજાવ્યું. તે ઉપરથી બાદશાહ પોતે વિચાર કરવા લાગ્યા કે – 'અહો! આવું મૃત્યુ અણચિંતવ્યું આવશે ત્યારે આપણી કોણ રક્ષા કરશે? એમ વિચારી તત્કાળ સર્વનો ત્યાગ કરી પોતાની જાતિના શ્રેષ્ઠ ધર્મ (ફકીરી)નો સ્વીકાર કર્યો. (પૃ.૨૦૨)



"કોઈ ધર્મ અને કામને જ સેવે છે, અર્થને સેવતા નથી. અર્થાત્ દ્રવ્યોપાર્જન કરવાની ચિંતા કરતા નથી. પણ એવી રીતે ધર્મ અને કામની સેવા કરનારને કરજ વધે છે અને માનની હાનિ થાય છે. તેથી ગૃહસ્થે પ્રયત્નથી ધન ઉપાર્જન કરવું. કહ્યું છે કે, "એવું કોઈ પણ કાર્ય નથી કે જે અર્થ વિના સિદ્ધ થાય', તેથી મતિમાન્ પુરુષે યત્નથી અર્થને સાધવો." (પૃ.૨૦૫)

"કોઈ અર્થ અને કામની જ સેવા કરે છે, ધર્મને સેવતા નથી. સાગર શ્રેષ્ઠી અને ધવળ શ્રેષ્ઠીની જેમ; પરંતુ અધર્મીનું પરિણામ કાંઈ પણ કલ્યાણરૂપ આવતું નથી.

"આ પ્રમાણે ધર્મ, અર્થ અને કામની પરસ્પર અબાધાથી શુદ્ધપણે આરાધના કરનાર સુબુદ્ધિપુરુષ અનુક્રમે સ્વર્ગ અને મોક્ષનું સુખ પ્રાપ્ત કરે છે." (પૃ.૨૦૬)

## ૬૯૮. તારો ધર્મ ત્રિકરણ શુદ્ધ સેવવામાં પ્રમાદ નહીં કરું.

હે ભગવાન્! તેં જે મુનિધર્મ, ગૃહસ્થધર્મ કે આત્મધર્મ બોધ્યો, તે ધર્મનું હું ત્રિકરણ એટલે મન, વચન અને કાયાએ કરી ત્રણે યોગથી શુદ્ધપણે પાળવામાં પ્રમાદ નહીં કરું, પણ ઉત્સાહથી ભાવપૂર્વક તે ધર્મ આરાધવામાં મનને પરોવીશ, જેથી મારું શીઘ્રપણે કલ્યાણ થાય.

**'નિત્યનિયમાદિ પાઠ'માંથી :–**

**"પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;**
**ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર."** (વ.પૃ.૫૩૭)

**ભાવાર્થ –** "અનાદિકાળથી જીવ રખડ્યો તે સદ્ગુરુ યોગના અભાવે. તે યોગ આ ભવે પ્રાપ્ત થયો છે. એ કોઈ કાળે ન મળ્યો હોય એવો લાભ છે, આત્માને પરમ ઉપકાર કરનાર છે, તેથી તેને સફળ કરવા મન, વચન ને કાયા એ ત્રણે યોગથી તે સત્પુરુષની જ આજ્ઞામાં વર્તે.

**એક શેઠનું દૃષ્ટાંત –** એક શેઠને ત્રણ દુકાન - કાપડ, સોનાચાંદી ને ઝવેરાતની છે. ત્યાં કાપડની દુકાનમાં ખોટ આવે તે સોનાચાંદીની દુકાનમાં નફો હોય તો પૂરી પડે, ને સોનાચાંદીની દુકાનની ખોટ ઝવેરાતની દુકાનના નફાથી પૂરી પડે. પણ ઝવેરાતમાં ખોટ જાય તો સોનાચાંદીની દુકાનમાંથી પૂરી ન શકાય, ને સોનાચાંદીની દુકાનમાં નુકસાન આવે તે કાપડના વેપારથી પૂરી ન શકાય. તેવી રીતે શરીરથી કોઈને હાનિ કરી હોય તેની અસર સારાં વચનથી ટાળી શકાય, ને વચન ખરાબ બોલાઈ ગયું તો પશ્ચાત્તાપ વગેરેના ભાવ કરવાથી તેની અસર ન રહે; પરંતુ મનના ભાવ ખોટા થતા હોય તેની અસર-વચનથી મોઢે સારું બોલવાથી ટળે નહીં; તેમ વચન ખોટું બોલાયું હોય પછી શરીરથી કામ કરી આપે વગેરે મહેનત કરે પણ તેથી કંઈ વળે નહીં. આ રીતે પ્રથમ મન એટલે ભાવ સુધારવાની જરૂર છે. તેથી મનની વૃત્તિઓ સત્પુરુષની આજ્ઞામાં જોડેલી રાખે; સમકિતીને વૃત્તિરૂપી દોરી તેના હાથમાં હોય છે. બીજામાં મન જતું રોકીને સ્મરણમાં, ધ્યાનમાં, સ્વાધ્યાયમાં પ્રવર્તાવે. વચનને પણ સ્વાધ્યાયમાં, સ્મરણમાં, વિનયયુક્ત બોલવામાં આજ્ઞાપૂર્વક પ્રવર્તાવે. દેહને પણ સદ્ગુરુની ભક્તિ, સેવા, આસનની સ્થિરતા વગેરેમાં આત્માર્થે જ પ્રવર્તાવે. ત્રણેય યોગ સ્વચ્છંદે વર્તતા કર્મબંધ કરાવે છે તેને સદ્ગુરુની આજ્ઞામાં જોડીને આત્માર્થમાં વાપરે તો આ અમૂલ્ય જોગ સાર્થક થાય." (પૃ.૧૪૬)

માટે તારો એટલે આત્માનો ધર્મ પ્રગટ કરવામાં મન, વચન, કાયાથી શુદ્ધપણે પ્રમાદરહિત હું પ્રવર્તુ એવી આપ પ્રભુ પ્રત્યે મારી પ્રબળ પ્રાર્થના છે.

— સંપૂર્ણ —

# આ ગ્રંથમાં આવતા રંગીન ચિત્રો તથા રેખા ચિત્રોની નામાવલી


| રંગીન ચિત્ર | પૃષ્ઠ | રંગીન ચિત્ર | પૃષ્ઠ | રેખા ચિત્ર | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| શ્રીમદ્ રાજચંદ્ર | (૧૬) | શેઠ નાગદત્ત | ૩૮૨ | ઉદયન રાજા | ૧૬૭ |
| મહાનીતિનું સર્જન કરતા શ્રીમદ્ | ૧ | નિર્મોહી કુટુંબ | ૩૯૨ | પરદેશી માણસો | ૧૭૬ |
| સુમતિ અને નાગિલ | ૧૪ | ગુણગ્રાહી શ્રીકૃષ્ણ | ૪૧૮ | શ્રી ઋષભ પ્રભુને | |
| સતી સીતાજી | ૨૨ | સંપ્રતિરાજા | ૪૨૮ | પારણું કરાવ્યું | ૨૨૧ |
| નંદમણિકાર | ૩૨ | અકબર બાદશાહ અને શ્રી હીરસૂરિ | ૪૪૬ | બે બ્રાહ્મણ ભાઈઓ | ૨૨૩ |
| પ્રીતિંકરશેઠ | ૩૪ | બળરામ મુનિ, મૃગ અને કઠિયારો | ૪૪૮ | સુભદ્રા સતી | ૨૨૭ |
| પુણીઓ શ્રાવક | ૩૬ | શ્રીધરને શાસનદેવીનો ઉપદેશ | ૪૫૬ | નયસાર | ૨૩૦ |
| અષ્ટાપદ પર્વત | ૩૭ | છ લેશ્યાઓનું સ્વરૂપ | ૪૬૧ | ,, | ૨૩૧ |
| ધન્યકુમાર | ૬૦ | શ્રી આનંદઘનજીની લબ્ધિઓ | ૪૮૫ | સિકંદર બાદશાહ | ૨૩૫ |
| મમ્મણશેઠ | ૬૨ | શ્રી વસ્તુપાલ તેજપાલ | ૪૮૯ | વજ્રસ્વામીનાં ૨ ચિત્રો | ૨૪૨ |
| કુમારપાળ, ફકીર અને શેઠ | ૭૮ | **રેખા ચિત્રો –** | | મેઘકુમાર | ૨૮૬ |
| જનક વિદેહી | ૮૦ | પૃથ્વીચંદ્ર અને ગુણસાગર | ૨ | અચ્ચંકારીભટ્ટા | ૨૯૩ |
| વરદત્ત અને ગુણમંજરી | ૯૮ | ,, ,, | ૩ | પ્રસન્નચંદ્ર રાજર્ષિ | ૨૯૫ |
| સતી થવા તૈયાર થયેલ બાઈને | | તંદુલમત્સ્ય | ૧૩ | સુધર્માશ્રેષ્ઠિ | ૩૦૭ |
| શ્રી આનંદઘનજીનો ઉપદેશ | ૯૯ | ચિત્ર અને સંભૂતિ | ૧૭ | નંદિષેણમુનિ | ૩૧૧ |
| બાબરાભૂત | ૧૦૧ | અકબર અને બીરબલ | ૧૮ | શ્રી કુમારપાળ રાજા | ૩૧૫ |
| અનંગદેવ | ૧૦૪ | શીલવતીના બે ચિત્રો | ૨૦ | એક આચાર્ય | ૩૧૮ |
| ભગવાન મહાવીર | ૧૧૧ | અંજનચોર | ૨૧ | ,, ,, | ૩૧૯ |
| પુરોહિત અને મુનિ | ૧૪૪ | શ્રીમતી | ૨૮ | પાંચ આંધળા | ૩૨૧ |
| શ્રેણિકનો પૂર્વભવ | ૧૪૫ | સોમા સતી | ૨૯ | સિદ્ધસેનદિવાકર | ૩૨૬ |
| ચંડરુદ્રાચાર્ય | ૧૭૦ | વિશ્વનંદી | ૩૧ | કઠિયારામુનિ | ૩૨૭ |
| શ્રી શાંતિનાથ ભગવાન | ૧૭૪ | બ્રાહ્મણ | ૩૫ | શાલિભદ્રનો પૂર્વભવ | ૩૩૦ |
| શ્રી શુભચંદ્રાચાર્ય | ૧૮૧ | રાવણની ભક્તિ | ૩૭ | દરિદ્ર બનેલ શેઠ | ૩૩૨ |
| સમભાવનું ફળ | ૧૮૪ | રત્નાકરસૂરિ | ૪૦ | મેતાર્યમુનિ | ૩૩૯ |
| શ્રીપાલ અને ધવલશેઠ | ૧૮૬ | ધનપાળકવિ | ૪૧ | ,, | ૩૪૦ |
| ભીમસોની | ૧૯૬ | શુભંકર બ્રાહ્મણ | ૪૫ | શ્રી આનંદઘનજી | ૩૪૫ |
| સુલસ | ૨૦૮ | સ્થૂલિભદ્ર | ૮૧ | ગોશાળે મૂકેલ તેજોલેશ્યા | ૩૫૫ |
| શ્રી જંબુકુમાર | ૨૪૪ | ચારુદત્ત | ૮૭ | ધનપાળકવિના બે ચિત્રો | ૩૫૭ |
| એકલવ્ય અને ગુરુ દ્રોણાચાર્ય | ૨૫૮ | ,, | ૮૮ | અર્હન્નય | ૩૬૩ |
| મદનરેખા | ૨૭૧ | સિંહ શ્રેષ્ઠી | ૯૨ | બંગડીનો વેપારી | ૩૮૪ |
| ઈલાચીકુમાર | ૨૮૫ | ક્ષમા રાખનાર શેઠ | ૧૧૧ | રોહમુનિ | ૩૯૩ |
| શ્રીમદ્ રાજચંદ્ર | ૨૮૮ | શ્રેણિકરાજા | ૧૨૦ | સોમશ્રી | ૩૯૫ |
| સંસાર દર્શન (મધુબિંદુ) | ૨૮૯ | ત્રિપૃષ્ટ વાસુદેવના બે ચિત્રો | ૧૨૦ | સતી અંજના | ૩૯૫ |
| જન્મથી મરણ પર્યંતની અવસ્થાઓ | ૨૯૦ | આષાઢાભૂતિ મુનિના ૩ ચિત્રો | ૧૨૪ | કુમારપાળ રાજા | ૪૦૫ |
| કામ વિજેતા શ્રી સ્થૂલિભદ્ર | ૨૯૧ | બળભદ્રમુનિ | ૧૩૦ | સતી મદાલસા | ૪૨૨ |
| કુંદકુંદસ્વામીનો પૂર્વભવ | ૩૧૨ | ઢંઢણકુમારમુનિ | ૧૩૧ | ગુરુ શિષ્ય | ૪૨૬ |
| શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ | ૩૨૬ | અષાઢસૂરિનાં ૩ ચિત્રો | ૧૩૪ | નંદિષેણના ૩ ચિત્રો | ૪૮૦ |
| મુનિને દાન દેતો કઠિયારો | ૩૨૭ | કંદમૂળમાં અનંતજીવો | ૧૩૯ | ધૂર્ત તાપસ | ૪૮૩ |
| શેઠ જગડુશાહ | ૩૩૮ | ચંડ માતંગ | ૧૪૨ | ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ | ૪૯૧ |
| સુદર્શના | ૩૩૯ | શ્રી ઋષભદેવ ભરતાદિના પૂર્વભવ | ૧૫૨ | શ્રી હરિભદ્રસૂરિ | ૫૦૨ |